

# કવિશ્રી દુલા કાગ સ્મૃતિ-ગ્રંથ

928.91471
પંચોળી
670

# કવિશ્રી દુલા કાગ સ્મૃતિ-ગ્રંથ

સંપાદક મંડળ

શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'
શ્રી યશવંતભાઈ શુક્લ
શ્રી ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ'
શ્રી જ્યોતીન્દ્ર દવે
ડૉ. કુમારપાળ દેસાઈ

●

સહ સંપાદકો

શ્રી રામભાઈ કાગ
શ્રી નાનુભાઈ દુધરેજિયા
શ્રી મુકુંદભાઈ શાહ




પ્રથમ આવૃત્તિ
મે ૧૯૭૯

**પ્રકાશક**
શ્રી રામભાઈ કાગ
મજાદર
પો. વિકટર
જિ. અમરેલી

**મુદ્રક**
નરેન્દ્ર જે. સોની
દિલુ પ્રિન્ટરી
૨૬, સત્યમ્ સોસાયટી,
શાહપુર, અમદાવાદ-૧

**ટાયટલ અને આર્ટપ્લેટ**
નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ
રાયપુર
અમદાવાદ.

**આવરણ ચિત્ર**
જય પંચોલી

# અમૃતનો આસ્વાદ

**મનુભાઈ પંચોળી 'દર્શક'**

દુલાભાઈ સૌરાષ્ટ્રની સંપત્તિ હતા. કવિઓ પોતાના રાષ્ટ્રની રિદ્ધિસિદ્ધિ છે. કારણ કે તેમની વાણી દ્વારા તે દેશનું પ્રગટ-અપ્રગટ, જાગૃત કે સુપ્ત સ્વરૂપ દેશવાસીઓને જાણવા મળે છે. બધા લોકો આ દશ્ય કે અદશ્ય કે જાગૃત સુષુપ્ત શક્તિઓને આપમેળે જાણી જાય તેવું કદી બન્યું નથી અને બનવાનું પણ નથી. વનસ્પતિની આંતરચેતનાનો અનુભવ વનસ્પતિશાસ્ત્રીઓ દ્વારા જ જેમ આપણને થાય છે, દરેક માણસ જગદીશચંદ્ર બોઝ થઈ શકતો નથી; તેમ પોતાના દેશવાસીઓના વર્તમાન, ભૂત અને ભવિષ્યના સ્વરૂપની સામાન્ય જનને આપમેળે ખબર પડતી નથી. પણ, જે દેશવાસીઓને આની ખબર ન પડે તેઓ દુર્ભાગી છે, કારણ કે આવી અનુભૂતિ વિના તેઓ પોતાના સમાજની વિસ્તૃત ચેતનાના ભાગીદાર થઈ શકતા નથી અને આવી ચેતના તે જ અમૃતનો આસ્વાદ છે. ક્ષણભંગુર, સ્વાર્થી અને સીમીત જીવનમાં રહેલ અસીમ ચિદાનંદનો અનુભવ પોતાના દેશવાસીઓને કવિઓ કરાવે છે, એટલે જ ખુદ ભગવાને પોતાની વિભૂતિઓ વર્ણવતાં કવિઓમાં 'ઉશના' હું છું એમ કહ્યું છે.

દુલાભાઈ સોરઠી લોકજીવનના કવિ હતા અને તેઓ માત્ર ભૂતકાળના લોકજીવનના ગાનારા ન હતા પણ બદલાતા લોકજીવનના સૂરો તે સાંભળી શકતા અને સંભળાવતા હતા. તેમનાં ભૂદાન ઉપરનાં કાવ્યો તેની સાબિતી છે. જો કે તેમની આ જાગૃતિ એ પહેલાં પણ હતી, જેમણે 'કાગવાણી' ભાગ ૧-૨ વાંચ્યા હશે તેને આની ખાતરી થશે. તેમાં એમણે ગાંધીજી વિષે સૂક્ષ્મતાથી કાવ્યારાધન

કર્યું છે તેમ નથી, પણ પતનને આરે ઊભેલી રાજપુતીને પણ ચેતવણીના સૂરો વીરરસની કોટિએ પહોંચાડીને સંભળાવ્યા છે :

નાવ મધસાગરે આજ રજપૂતનું,
તોય રજપૂત હા ! લે'ર કરતો;
દેશ જેનો ગયો વેશ જેનો ગયો,
પણ હજી મૂછ પર હાથ ધરતો

ચારણોએ સામાન્ય રીતે પોતાને નભાવનારા રાજાઓની પ્રશંસા કરી છે, તે વાતમાં સારી પેઠે તથ્ય છે. આ જ વાત રાજગુરુ થતા બ્રાહ્મણોને પણ લાગુ નથી પડતી તેવું નથી. પણ દુલાભાઈ એ જુદી જાતના ચારણ હતા એટલે સાંભળનારાને ઊભા ને ઊભા વહેરી નાખે તેવા ચાબખા રાજપૂતોને લગાવતાં તેમને કોઈ સંકોચ નથી થયો :

ફક્ત રજપૂતનાં નામ ધારણ કરી,
માંસ વિધવિધ પશુનાં ઉડાવો;
દેશ હાલ્યો રસાતાળ ઓ ક્ષત્રિયો !
માંસનો કંઈક પરચો બતાવો.
વાંઝિયો શ્વાનનાં બાળ પંપાળતો,
પુત્રવાળા ! તમે કાં રમાડો ?

આ લીટીઓ જો તે વખતના રાજાઓએ સાંભળીને હૃદયમાં ઉતારી હોત તો તેમનું સ્થાન કંઈક અલગ જ હોત ! પણ આપણો પ્રશ્ન તો કવિની અંતર-ચેતના અને તેને પ્રગટ કરવાની ત્રેવડનો છે. દુલાભાઈ આવી ત્રેવડવાળા કવિ હતા. લોકજીવન એટલે દરિદ્રોનું જીવન એવું નથી. દુલાભાઈ દરિદ્રો કે દલિતોના કવિ નથી, પણ લોકજીવનમાં જ્યાં દરિદ્રતા જોઈ તેને કાવ્યમાં ઉતારતાં તેમને સંકોચ નથી થયો. એમનું 'હાથી' કાવ્ય વાંચતાં આ વાતનો ખ્યાલ આવશે.

લોકજીવનનો અર્થ જેમ દરિદ્રતાનું જીવન નથી, ભદ્ર લોકોની ઉપાસના પણ નથી, લોકજીવનને પોતાનો આધાર ને પોતાનું વાયુમંડળ છે. તેનો સાદો પાયો એક નાનકડો સમાજ જે પ્રકૃતિ, પશુ અને ખેતીની આજુબાજુના ઉદ્યોગો પર રચાયેલો છે, જે વૈજ્ઞાનિક રીતે બહુ આગળ વધેલો છે તેવું માનવાની કશી જરૂર નથી. પણ તેના વૈજ્ઞાનિક જ્ઞાનની ઉણપ તેની અનુભૂતિનાં ઊંડાણ સચ્ચાઈથી

પુરાયેલાં હોય છે. પશુનો સંપર્ક તેના પ્રેમનો વિસ્તાર કરે છે. મનુષ્યેતર સૃષ્ટિ તરફની પૂર્ણ બુદ્ધિ જગાડે છે. પરસ્પર પ્રત્યક્ષ સ્વરૂપે અવલંબતાં તેને સૌના સુખમાં આપણું સુખ, એવો અનુભવ કરાવે છે અને પ્રકૃતિ સાથેનું તેનું તાદાત્મ્ય તેને ઈશ્વર તરફ વાળે છે. કારણ, તે જુએ છે કે પ્રકૃતિ પર કેટલીક બાબતોમાં તેની સત્તા ચાલતી નથી, અને કર્મફળ પ્રાપ્ત કરવા માટે કેવળ પુરુષાર્થ બસ નથી. માણસ પૂરો સ્વાધીન પણ નથી અને છતાં પૂરો પરાધીન પણ નથી. આ અલૌકિક સત્યનો તેને નિત્ય અનુભવ થાય છે.

બર્ટ્રાન્ડ રસેલે એક જગ્યાએ વિજ્ઞાનના અતિરેકે મનુષ્યને પોતે ઈશ્વરની સમકક્ષ છે તેવો જે અહંકાર પેદા કર્યો છે, તેમાંથી નિપજતા ભય તરફ આંગળી ચીંધી છે. રસેલની કક્ષાનો વિચારક આ સૈકામાં બીજો થયો નથી. તે ધાર્મિક માણસ ન હતા. વિજ્ઞાનને તેમણે પોતાની અદ્ભુત ગાણિતિક મેધાથી પીધું હતું અને તે પછીથી તેમણે આ ચેતવણી ઉચ્ચારી હતી કે ઈશ્વરની સમકક્ષ પ્રતિભ્રમમાં હોવાનું અભિમાન મનુષ્ય જાતિ માટે એક શાપ સમાન નીવડી જશે. આને જ નવા સમાજશાસ્ત્રીઓ બીજી રીતે કહે છે: તેઓ કહે છે, સમાજ ફેઈસ ટુ ફેઈસ સોસાયટી હોવો જોઈએ.' એટલે કે નાનો, એક બીજાને રોજ મળતો, હળતો, એકબીજાના કામકાજમાં એકબીજા સાથે જોડાયેલો અને એ રીતે એકબીજાને ઓળખવાની સહજ પરિસ્થિતિવાળો હોવો જોઈએ. તો જ માણસ સ્વસ્થતા અને સુખનો અનુભવ કરી શકશે.

લોકજીવનનો મહિમા ગાનારાઓનું પણ આ જ કહેવું છે. તેઓ મનુષ્યને પ્રકૃતિથી અલગ કલ્પી શકતા નથી. ખેતરની ખુલ્લી હવા અને વનસ્પતિનો સહવાસ તેમને એક નરવી સમજ આપે છે. દુલાભાઈ આવા લોકજીવન વચ્ચે રહ્યા તેથી તેમની કવિતામાં પશુ, પંખી, બધાનો મહિમા ગાયો છે. ગમે તેટલું શોધીએ તો પણ તેમાં સીમેન્ટ, નાઈલોન કે રોકેટનો મહિમા શોધી શકાશે નહિ. આવો પાયામાં પડેલો નિત્ય અનુભવ, એક વ્યવહારુ હાથવગું તત્ત્વજ્ઞાન જાણ્યા પછી માણસને સાર સૂજ્યા વિના જંપ વળતો નથી. પણ આ સાર શોધવા માટેની અનુકૂળતા અતિ મોટા ઘટક કે અતિ જટિલ વ્યવસ્થામાં સામાન્ય માણસ માટે શક્ય નથી. નહિ કે ત્યાં સાર શોધવાનું અશક્ય છે! આખરે જટિલ સમાજમાં પણ કોઈ ને કોઈ પ્રકૃતિના કાચા મસાલા ઉપર જ ઉત્પાદન થતું હોય છે અને કોઈ ને કોઈ વહીવટકારો ત્યાં પણ હોય જ છે. પણ સામાન્ય જનને માટે તે તાંતણો પકડવો, સમજવો અને અનુભવવો તે જગ્યાએ મુશ્કેલ છે, તેથી તેમને નિરાંત મળતી હોતી નથી.

દુલાભાઈનાં કાવ્યોનો અભ્યાસ કરનારા જીવનના આવા સારરૂપ કાવ્યો સારી રીતે શોધી શકશે : 'કર્મ કરતાં રહે, કાંકરી, સ્વામી! ક્યાં શોધણ કરું,' 'કાયાનો ઘડનારો જાણ્યો ન જાય, કીડીનાં આંતર કેમ ઘડીયાં,' 'ગોપીયુંને ગમતું નથી રે ગોકુળ'માં વગેરે કાવ્યોમાં જોઈ શકશે. આવાં કાવ્યોમાં તેમની કવિપણાની સિદ્ધિ વર્ણનાત્મક કાવ્યો કરતાં પણ અદકેરી છે.

તળ ગુજરાતમાં લોકજીવન વહેલું વીલાતું ગયું, સૌરાષ્ટ્રમાં તે જીવતું રહ્યું અને હજુ પણ જીવે છે, તેવો અનુભવ થઈ શકે. એટલે સૌરાષ્ટ્રમાં જન્મેલા આ કવિએ સોરઠી ભાષામાં છંદો ને લઢણોમાં, સોરઠી ઉપમા ને અલંકારોમાં, અને સોરઠી આપસૂઝથી ગાયું તેમાં બિરદાવલિ પણ રચી, તેને ઠપકો પણ આપ્યો. ચારણી પરંપરામાં ઉછરેલા અને કવિતાની ઈમારતથી સંજોગોનાં કારણે દૂર રહેલા અને જેને આપણે શુદ્ધ કવિતા કહીએ છીએ, જેનું મુખ્ય લક્ષણ આકાર અને આંતરિક બંનેની સૌષ્ઠવતા માનવામાં આવી છે, તે આમાં ઝાઝી જોવા નહિ મળે. પણ એક મુખ્ય ગુણ અને તેમાંય શ્રાવ્ય કવિતાનો મુખ્ય ગુણ સચોટતા, દુલાભાઈની કવિતામાં ઠેર ઠેર આવી સચોટતા મોટા પ્રમાણમાં જોવા મળે છે. આ સચોટતાનું મૂળ તેમણે યોજેલા ભાષા પ્રયોગો, ઉપમા ને અલંકારો તથા લોકદષ્ટિના દૈવતમાં દેખાશે.

લોકજીવન રહેશે કે નહિ તે કહેવું મુશ્કેલ છે. ઉદ્યોગવાદનો જે પ્રવાહ ચાલ્યો છે, ભૌતિક સુખોની જે ઘેલછા આપણી સંસ્કૃતિએ પેદા કરી છે તે વાજબી ભૌતિક સુખોથી સંતુષ્ટ અને આંતરિક ચેતનાના અનુભવમાં પુષ્ટ એવી સમતુલિત લોકસૃષ્ટિને કદાચ ન પણ રહેવા દે! કદાચ ઉદ્યોગવાદ પણ પલટાય અને પ્રકૃતિ, મનુષ્ય અને પરામાત્મા વચ્ચેનું સમતોલન ઊભું કરવા માટે વિજ્ઞાન અને સમાજશાસ્ત્રીઓ આગળ આવે તેવા વખતે આ અનુભવ, કવિસંચિત વાણી, ઉપાસના, મદદગાર થશે અને તે વખતે દુલાભાઈની કેટલીક કૃતિઓ મૂલ્યવાન સંપત્તિ ગણાશે.

લોકભારતી
સણોસરા
૮-૨-'૭૯

## ગ્રંથના શુભેચ્છકો

**શ્રી હરજીવનદાસભાઈ બારદાનવાળા**
**શ્રી ધીરુભાઈ અંબાણી**
**શ્રી ઉત્તમચંદભાઈ દદિયા**

# અનુક્રમ


| | | |
|---|---|---|
| જીવન સંભારણાં | | ૯ થી ૪૬ |
| કવિશ્રી દુલાભાઈ કાગ : | દુલેરાય કારાણી | ૪૮ |
| કવિ કાગ અને મેરુભા ગઢવી : | જોરાવરસિંહ જાદવ | ૫૦ |
| પહેલી સરવાણી : | જયભિખ્ખુ | ૫૮ |
| લોકસાહિત્યની માળાનો મેર : | રતિકુમાર વ્યાસ | ૬૨ |
| સ્વમાની ચારણ દેવ : | જમિયત પંડયા | ૬૪ |
| ખલકને મોટી ખોટ : | દોલત ભટ્ટ | ૬૬ |
| શબ્દબ્રહ્મના ઉપાસક શેં ભૂલાય ? | અરવિંદ ધોળકિયા | ૬૭ |
| મજાદર સાહિત્ય રામારોહનાં મીઠાં સ્મરણો : | દક્ષિણકુમાર જોશી | ૬૯ |
| હવે સાંજ પડવા આવી છે : | જયંતીલાલ જોબનપુત્રા | ૭૩ |
| બાપુને વંદના : | કલ્યાણજીભાઈ મહેતા | ૭૬ |
| સત્ય કે પ્રિય સત્ય કે હિતકારી : | નાનુરામ દૂધરેજિયા | ૮૦ |
| સૌરાષ્ટ્રનું અણમોલ રત્ન : | છોટુભાઈ મહેતા | ૮૫ |
| સાચા લોક શિક્ષક : | કુંવરજી જી. ભટ્ટ | ૮૭ |
| એક બહુમુખી પ્રતિભા : | બચુભાઈ મહેતા | ૯૦ |
| કવિ કાગ અને હું : | શંભુપ્રસાદ હ. દેસાઈ | ૯૩ |
| સુમધુર સંસ્મરણોની યાદમાં : | ઇચ્છુભાઈ બ. શેઠ | ૧૦૧ |
| પ્રેરણાદાયી વાણી : | વજુભાઈ દુ. ગાંધી | ૧૦૩ |
| સનાતન સત્યના ઉપાસક : | કનુ બારોટ | ૧૦૭ |
| ગેબી આત્મા : | મૂળુભાઈ પાલિયા | ૧૦૮ |
| તુલસીશ્યામના માર્ગે : | મહંત હરિકૃષ્ણાચાર્ય | ૧૦૮ |
| ભગતબાપુ : | હરિસિંહજી ગોહિલ | ૧૧૩ |
| લોકસાહિત્યના સ્વામી ભગતબાપુ : | ભોગીલાલ તુ. લાલાણી | ૧૧૫ |
| પવિત્ર સંભારણાં : | મહંતશ્રી રામ સ્વરૂપદાસજી | ૧૧૭ |
| સારસ્વત પુત્રો સૂઈ ન રહે : | જયંતીલાલ ત્રિપાઠી | ૧૧૮ |
| પ્રિયદર્શીને કોણ પરાયું ? : | નિરંજન વ્યાસ | ૧૨૦ |
| કેટલાંક મીઠાં સ્મરણો : | ચિત્તરંજન રાજા | ૧૨૧ |
| ભારતના લોકકવિ : | યતિશ્રી જયંત મુનિ | ૧૨૩ |
| આજ મને મોજ આવી છે : | કાંતિભાઈ કારિયા | ૧૨૪ |
| સર્વ હિતકારી : | અમરદાસ બારાવાળા | ૧૨૮ |

**અંજલી** **૧૩૦ થી ૧૪૪**

જુગતરામ દવે, જયમલ્લ પરમાર, મહંત ત્રિકમદાસજી, સ્વામી આત્મસ્થાનંદ, કૃષ્ણરાજ ઠાકરશી, રતુભાઈ અદાણી, મદાલસા નારાયણ, ફતેહસિંહરાવ ગાયકવાડ, લલ્લુભાઈ શેઠ, શિવરાજકુમાર ખાચર, કે. પી. શાહ, રતિલાલ શેઠ, નરેન્દ્રસિંહ મહીડા, શ્રીકૃષ્ણ અગ્રવાલ, ડૉ. ઈશ્વરભાઈ દવે, શશિકાન્ત ભટ્ટ, બળવંતભાઈ ભટ્ટ, બચુભાઈ ગઢવી, પુંજાભાઈ, ભાણાભાઈ ગીડા, ન્યાલચંદ શેઠ, રામનારાયણ ના. પાઠક, દિવ્યકાન્ત નાણાવટી, ખોડીદાસ ઝુલા, મોરારીદાસ હરીયાણી, નિખિલ બક્ષી, નટવરસિંહ, માધુભાઈ દેવચંદ, પી. સી. ચેટરજી, ભોગીલાલ લાલાણી, પટેલ કાંતિલાલ ખેતાભાઈ, જી. ડી. વ્યાસ, ગિધુભાઈ કોટક, દક્ષિણભાઈ જોશી અને 'ધૂમકેતુ' પરિવાર, મંગળદાસ સંઘવી, છોટાલાલ, વજુભાઈ શાહ, વિજયકરણ કવિ, પિંગળશી પાયક, દેવેન્દ્ર વિજય, ઠાકોરભાઈ અમીન, વજુભાઈ ઉપાધ્યાય, વિનોદ મહેતા, જયંતીલાલ પારેખ, વૃજલાલ પ્રભુદાસ, પુરુષોત્તમ પારેખ, મહંત રામસ્વરૂપદાસજી, વેણીશંકર ઓઝા, કાળીદાસ વ્યાસ, નિરંજન વ્યાસ, સંતોકબહેન મહેતા, મનુભાઈ ગઢવી, એસ. વી. સોમૈયા, ચંદ્રકાન્ત ભટ્ટ, યુવક સેવા મંડળ, શારદાગ્રામ, આણદાબાવા સેવા સંસ્થા, ચારણ મિત્ર મંડળ, બોટાદકર કૉલેજ, કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, ગરાસિયા એસોશિયેશન, શાશ્વતી, (મોરબી) વિવેકાનંદ કૉલેજ, (અમદાવાદ) મૂળીના ચારણભાઈઓ, સૌરાષ્ટ્ર સાંસ્કૃતિક મંડળ, ડી. કે. વી. કૉલેજ (જામનગર), દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડા, ગંગાજળા વિદ્યાપીઠ (અલિયાબાડા) આર્ટ્સ-સાયંસ કોલેજ (મહુવા) લક્ષ્મણદાસ ચારણ બોર્ડિંગ (માંડવી-કચ્છ) લાયંસ કલબ (મહુવા) સોનલ શક્તિ ગઢવી સમાજ (આદીપુર કચ્છ) આકાશવાણી રાજકોટ કેન્દ્ર.

**કાવ્યાંજલિ** **૧૪૬ થી ૧૭૨**

દુલેરાય કારાણી, દિલીપ ભટ્ટ, પિંગળશી ગઢવી, કેશવ રાઠોડ, મીઠાભાઈ પરસાણા, હરકિશન જોશી, દેવીસંગ કેશરદાન, ગઢવી ભુરાભા, નારાયણદાસ બાલિયા, સૌરાષ્ટ્ર સાંસ્કૃતિક મંડળ (વલ્લભ વિદ્યાનગર), દયાશંકર નાયક, આપાભાઈ ગઢવી, શંભુપ્રસાદ હ. દેસાઈ. આપા હમીર, પ્રજાપતિ વલ્લભભાઈ, મનુભાઈ ચુડાસમા, દોલુભાઈ જોશી, કાન્ત, કવિ મહેશદાન, ભક્ત કવિ 'ઊર્મિલ', મનહરદાન બારહઠ, બચુભાઈ મહેતા, હરગોવિંદ રામી, ડૉ. ધીરજલાલ મુની, શામજી જેઠવા, કવિ જબ્બરદાન શિવાજી બારોટ, ગિધુ મહારાજ, સંતકવિ અમરદાસજી, શ્રીમાળી મગનલાલ, બાબુલાલ પરમાર, મીર કવિ નાનુ ફન્દા, મહંત શાંતિદાસજી, પ્રજાપતિ માધા વીરા, શાંતિલાલ ટપાલી, વજુ ગઢવી, કવિ અંબુ દવે, મગનલાલ મોતીવાળા, મહારાજ ત્રિકમદાસજી, બળદેવભાઈ મહેતા, કવિ 'કાન', વિદ્યારામ હરિયાણી.

**લેખો** **૧૮૨**

લોક સાહિત્ય અને સર્જાતું સાહિત્ય : પ્રમોદકુમાર પટેલ, ૧૭૮

આર્ષદૃષ્ટા ભક્ત કવિ : રામનારાયણ ના. પાઠક ૧૮૨

**કાગવાણી** **૧૮૬ થી ૨૧૬**



---

**આ ગ્રંથમાં કાગવાણીમાં પ્રસિદ્ધ થયેલાં કાવ્યો પ્રગટ કરવાની અનુમતિ આપવા માટે શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના સંચાલકોના આભારી છીએ.**


---




પ્રસન્ન મુદ્રામાં કાગબાપુ



કાગબાપુ : યુવાનવયે તેમના નિવાસસ્થાનના પ્રાંગણમાં




કાગબાપુની યુવાવસ્થાની તપશ્ચર્યા



મજાદરના નિવાસસ્થાનમાં લેખનકાર્ય કરતા કાગબાપુ



શ્રી રતિભાઇ અદાણી દ્વારા સન્માન સ્વીકારતા કાગબાપુ




સૌરાષ્ટ્ર અકાદમીના સન્માન પછી કાગબાપુને અભિનંદન આપતા પોરબંદરના યુવરાજશ્રી ઉદયભાણસિંહજી.



**ભક્ત કવિ દુલાભાઈ કાગ પ્રયોજિત**
**સરસ્વતી પુત્રોનો ડાયરો**

સ્વ. મેરૂભાભાઈને ધાબળો અને હોકો આપતા કાગબાપુ બાજુમાં : શ્રી જયમલ્લભાઈ



સ્વ. મેઘાણીજીના વતન બગસરામાં તેમનું સ્મારક રચવા મુંબઈમાં ષણ્મુખાનંદ હોલમાં સ્વ. મેરૂભા ગાતા હતા ત્યારે એકાગ્રચિત્તે સાંભળી રહેલા કાગબાપુ. તેમની સાથે શ્રી જયમલ્લ પરમાર, ડૉ. મગનભાઈ ગોંડલિયા અને નાનુરામ દૂધરેજિયા નજરે પડે છે.




ભક્ત કવિ દુલાભાઈ કાગ પ્રયોજિત
સરસ્વતી પુત્રોનો ડાયરો

મન્દરના ડાયરામાં કાગબાપુ સંબોધન કરે છે. બાજુમાં સુપ્રસિદ્ધ સાહિત્યકાર સ્વ. જયભિખ્ખુ



ભક્ત કવિ દુલાભાઈ કાગ પ્રયોજિત
સરસ્વતી પુત્રોનો ડાયરો


શું જમાડીશું ? ચર્ચા કરતા કાગબાપુ, 'જયભિખ્ખુ' અને શ્રી રતિકુમાર વ્યાસ




ગુજરાતના માજી મુખ્ય મંત્રી શ્રી. બળવંતરાય મહેતાના હસ્તે સન્માન સ્વીકારતા કાગબાપુ



બગસરામાં ડૉ. મગનલાલના નિવાસસ્થાન 'રામકૃપા'માં સર્વશ્રી વનેચંદભાઈ ડી. ઘેલાણી
પીંગળશીભાઈ ગઢવી, મગનલાલ ગોંડલિયા, શિવલાલ ગોંડલીયા અને જગદીશ ગોંડલીયા




કવિ દુલા કાગ : એક ભાવ-મુદ્રામાં




[ડાબી બાજુથી] શ્રી રતિકુમાર વ્યાસ, કાગબાપુ અને કાગબાપુના પુત્ર શ્રી રામભાઈ કાગ






સન્માન પછીની પ્રસન્ન મુદ્રામાં
બાપુ


૩૧-૫-૭૪ના રોજ
જૂનાગઢમાં કાગબાપુ




આઈ સોનબાઇ બાપુને →
આશીર્વાદ આપે છે.




કાગબાપુ એમની લાક્ષણિક પોરહભરી છટામાં




કાગબાપુ મજાદરના અતિથિગૃહના ફળિયામાં : બાજુમાં તેમના પુત્ર શ્રી રામભાઈના બન્ને પુત્રો




ભાવનગરના નીલમબાગ પેલેસમાં રાજકુટુંબ અને નિમંત્રિતોને રામાયણ વાંચી સંભળાવે છે.



કાગબાપુ એમના મજાદરના ડાયરા વચ્ચે : જમણીબાજુ આગલી હરોળમાં
શ્રી રતિકુમાર વ્યાસ, શ્રી કલ્યાણજીભાઈ અને શ્રી જેઠસૂર દેવ.



[ડાબી બાજુથી] શ્રી રામભાઇ કાગ, અમરબાઇ રા. કાગ, રાજુબેન દુ. કાગ, લક્ષ્મીબહેન દુ. કાગ, તેમના હાથમાં રાજવીર રા. કાગ.



વિરાભાઇ રામભાઇ કાગ, પૂ. રાજુબહેન દુલાભાઇ કાગ, બાબુભાઇ રામભાઇ કાગ



← કાગબાપુની સમીપે પુત્ર રામભાઇ



↓ મજાદરના પાદરમાં કાગબાપુના અગ્નિસંસ્કાર કરતા રામભાઇ



↑ અંતિમ સંસ્કાર પહેલાનું પવિત્ર સ્નાન કરાવતા સ્વજનો.



# ਸੁਪਨ

## જેમને

'ફાટેલ પિયાલાનો કવિ'
'કવિતા કંઠ કહેણીનો ત્રિવેણીસંગમ'
અને જેમના કૃતિત્વને–

'જૂનવટના સામર્થ્યના સુમેળવાળું નવપ્રયાણ'.
'જેનો પ્રાણ સચ્ચાઈ અને યથાભાષી–તથાકારી સૂત્ર છે'
'પ્રબોધક સ્વાતંત્ર્ય ઉષા ભવ્ય બોલી કાગવાણી.'

જેવા શબ્દોથી બિરદાવાયેલ છે એવા સૌરાષ્ટ્રના લોકસાહિત્યના કબીરવડ સમા દુલાભાઈ કાગનું આખું યે જીવન એક સંત કવિ અને સાધકનું જીવન હતું.

સંત અને કવિ સમાનગુણી હોય છે. સંત આઠે પહોર સંત છે, જ્યારે કવિ કાવ્યની રચના કરતી વખતે સંત હોય છે. કવિ કાવ્યો તો અનેક લખે છે, પરંતુ તેમાંનાં ચિરંજીવ એ જ બને છે, જે સંતભાવમાં પ્રવેશીને લખાયેલાં હોય !

કવિ ત્રિભુવન વ્યાસે ઘણાંય ગીતો લખ્યાં, પણ 'ધન્ય હો ધન્ય સૌરાષ્ટ્ર ધરણી!' અમર બન્યું. 'પ્રાણશંકર યોગી' નામના એક બીજા કવિએ પણ ઘણું લખ્યું, પણ લોકોને હૈયે સ્પર્શી ગયું એક જ –'મહેલોના મહેલથી વહાલી અમને અમારી ઝૂંપડી'. આનું કારણ એ કે આ કાવ્યો રચતી વખતે તેઓ જેટલા સંતપ્રકૃતિમાં ઊંડા પ્રવેશ્યા હશે, તેટલા અન્ય રચનાઓના સર્જન વખતે પ્રવેશ્યા નહિ હોય !

જ્યારે દુલાભાઈમાં તો આ બંને હતાં. એ તપઃપૂત સંત પણ હતા, અને સહજ સ્ફૂર્તિવાળા કવિ પણ હતા. એ જ કારણે લોકસાહિત્યના ક્ષેત્રે એમણે 'અરધમાં એકલા' તરીકે આપણે જોઈ શકીએ છીએ.

અભણ માવતરને ત્યાં જન્મ, જ્યાં કોઈ જ ભણેલું નહિ એવા ગામમાં નિવાસ, અને થોડું ભાંગ્યું તૂટયું ભણતર છતાં દુલાભાઈ 'પદ્મશ્રી' જેવી ભારતકક્ષાની શ્રેષ્ઠ વ્યક્તિ બન્યા. કશી તાલીમ વિના હજારો લાખો લોકોને પોતાની કાવ્યશક્તિ, કે'ણી અને સાગર શા ધીરગંભીર ગળાથી મુગ્ધ કરી શકયા, હજારો લોકો પર પોતાના વ્યક્તિત્વની છાપ ઉપસાવી અને એથીય વધુ લોકોને જીવનના સુપંથે વાળી શકયા. એ બધાને શું નાનું કાર્ય માની શકીશું ?

દુલાભાઈ જેવા પુરુષો વારંવાર મળવા મુશ્કેલ છે. સેંકડો વર્ષના ગાળે તેવા એકાદ જન્મતા હોય છે.

સ્વ. મેઘાણીએ લખ્યું છે : 'મારી નજરે દુલાભાઈની ખરી કવિતા એમના જીવનપંથમાં પડી છે.' એ આદર્શ અને ઉપાસનારત જીવનપંથ અને એ પંથે પ્રવાસ કરતા ટપકેલ કાવ્યમધુ અંગે પ્રસંગોપાત એમણે પોતે પોતાની જ કલમથી જે કંઈ લખ્યું છે, તે એમના જ શબ્દોમાં અહીં સંકલિત કરવા પ્રયાસ કર્યો છે.

"મારું જન્મસ્થાન મહુવા પાસે સોડવદરી ગામ."

દુલાભાઈના પિતા પોતાની બહેન વિધવા થતાં તેની ખેડ સંભાળવા થોડો વખત સોડવદરી જઈ ને રહેલા, તે દરમિયાન વિક્રમ સંવત ૧૯૫૯ના કારતક વદી–૧૧, ૨૫ નવેમ્બર ૧૯૦૩ના રોજ દુલાભાઈનો જન્મ એ સોડવદરી ગામે થયેલો.

શ્રી મેરુભાભાઈ એ એક વખત કહેલું : 'દુલાભાઈ જેવાં નરરત્નો ગમે તે પેટે ન પાકે. એને માટે તો મા ધાનબાઈ જેવી મા જોઈએ. ફળિયામાં વિંયાયેલ કૂતરી મરી ગઈ. ચાર પોટા જેવાં ગલૂડિયાં મા વિના ટળવળે. એક થાનોલે પુત્ર દુલાભાઈ અને બીજા થાનોલે એ ચાર માવિહોણાં ગલૂડિયાંને આઈએ ધવડાવીને મોટાં કરેલાં. આવા સાગરપેટા કરુણાસભર ઉરમાં દુલાભાઈ જેવું મોતી નીપજે.'

## માતૃપ્રેમ

આ મા આઈ ધાનબાઈ અંગેનો એક બનાવ તે દિવસોમાં મજાદરની આસપાસ સો સો ગાઉમાં લોકચર્ચાનો વિષય બનેલ.

૧૯૪૧-૪૨ના અરસાનો એ બનાવ. દુલાભાઈ કાગનાં મા ગુજરી ગયાં તે વખતે દુલાભાઈ બહારગામ હતા. તાબડતોબ માણસ મોકલીને તેમને બોલાવાયા. દુલાભાઈ આવે તે દરમિયાન સગાંવહાલાંઓએ અંતિમ-વિધિની તૈયારી ચાલુ રાખેલી. દુલાભાઈ મજાદર પહોંચ્યા ત્યારે માને નનામી પર લેવાની તૈયારી હતી. આવતાંવેંત દુલાભાઈ માના મૃતદેહ પાસે ગયા અને વિલાપ કરતા કરતા શબના કાન પાસે બાળક માફક 'મા ! મા !' એવા સાદ પાડવા માંડ્યા. થોડા રૂદન, આંસુ અને મા ! મા ! ના સાદ પછી મૃતદેહે આંખ ઉઘાડી, 'તું આવ્યો બેટા !' એમ કહી થોડી વાતો કરી.

આ વાત પર ત્યારે કેટલું તથ્ય ને કેટલી લોકવાયકા તેની ચર્ચા ચાલેલી. લોકોનો એક વર્ગ નજરે દેખાય, બુદ્ધિમાં ઊતરે એટલું જ ખરું; એમ માનતો થયો છે. પણ યથાર્થ ચિંતન કરતા એ સ્થિતિ કંઈ ખરી લાગતી નથી. ઈશ્વરે રચેલ સૃષ્ટિનો એકાદ અંશ જ તેણે આપણી સમક્ષ ગમ્ય કર્યો છે. અગમ્ય એવું પાર વિનાનું છે. તેથી, ન દેખાય કે બુદ્ધિમાં ન ઊતરે તે હોઈ જ ન શકે; એમ માનવું એ માનવી માટે ઘણી પ્રાથમિક દશાનું સૂચક છે. આ બનાવ અંગે કાગવાણી ભાગ-૭ની પ્રસ્તાવનામાં નોંધાયું છે કે; "ઉપરની વાત અંગે ધારું તો આજે પૂછી શકું તેમ છું. પરંતુ એવી પૂછવાની ઇચ્છા પણ થતી નથી. હું આ ગ્રંથના ફરમા જોતો હતો તે વખતે એક મિત્ર આવ્યા. તેમણે પહેલો ફરમો હાથમાં લઈને 'માના દુહા' વાંચ્યા અને તેમની આંખમાંથી ટપ ટપ આંસુ ખરવા માંડયાં. થોડી વારે એ બોલ્યા, 'ભાઈ, મને બહુ નાનો મૂકીને મારી બા ગુજરી ગયાં હતાં. એ 'કેવી હતી ને કેવી નહિ એની કશી સ્મૃતિ મારા મનમાં નથી. એને ગયાને પચાસ વર્ષ થવા આવ્યાં, પણ આજે આ દુહા વાંચતાં મને એની જેટલી યાદ આવી અને મારા મને એની સ્મૃતિમાં ડૂસકાં ભર્યાં', એટલાં અગાઉ કદી ભર્યાં નથી.'

**કિં કવેસ્તસ્ય કાવ્યેન કિં કાણ્ડેન ધનુષ્મતઃ ।**
**પરસ્ય હૃદયે લગ્નં ન ઘૂર્ણયતિ યચ્છિરઃ ॥**

કવિનું કાવ્ય અને ધનુર્ધરનું બાણ, જે સામાના હૃદયે ન ચોંટે તે કાવ્ય કે બાણ શા કામનાં ! પ્રાણના થીજી ગયેલા પોપડાને ઉષ્મા આપીને ઓગાળવાનું, પ્રવાહમાન કરવાનું કામ એ કાવ્યનું કામ છે.

જે દુહાઓના જડ (છપાયેલા) સ્વરૂપે એક અજાણ્યા માનવીની પચાસ વર્ષ અગાઉ મરી ગયેલ માતાને એક મનઃપટ પર જાગ્રત કરી; એ દુહા જે વખતે, જે માતાના વિરહથી, જે હૈયામાંથી નીકળ્યા હોય તેણે તે વખતે મડું બેઠું કર્યું હોય, તો તેમાં મને આજે કશું આશ્ચર્ય લાગતું નથી."

## દુલા કાગનાં પૂર્વજો

બીજમાં હોય તો જ વૃક્ષમાં આવે. ૧૩મી સદીમાં થઈ ગયેલ બીજલ કવિ દુલાભાઈના ૩૯મી પેઢીએ પૂર્વજ થાય. માથું માગો તો માથું મળે એવી પ્રાણવાન કવિતાના એ કવિ હતા. કવિતા કરીને રા' ડિયાસનું માથું લઈ આવેલ. સૌએ વાહ વાહ કરી, ત્યારે બીજલ કવિ એ માથા સાથે ચિતામાં પ્રવેશેલ.

કવિ બીજલને ત્રણ દીકરા. કાગ સુર એમાં નાનો. કાગ સુરના વંશમાં શામળા કાગ થયા. સો સો ઘોડાં ફેરવે, તલવારની રમઝટ ચલાવે, જેના ત્રાજવે બેસે એને તારી દે.

એક વાર એના સાથીઓ સાથે લૂંટે ચાલ્યા શેત્રુંજય તીર્થ લૂંટવાની સાથીદારોની મરજી. શામળો

કાગ કહે: 'કોઈની માની ઇજ્જત ન લેવાય, એમ કોઈના દેવસ્થાનનો મલાજો આપણાથી ન લૂંટાય.'

કાગ સુરની ૩૬મી પેઢીએ ઝાલા કાગ થયા. ગીરમાં રહે, ઢોર ચારે. દુકાળમાં ઢોર સાફ! ખાવા ટંકનાં ઠેકાણાં ન મળે. આવા ગરીબ ઝાલા કાગને કોણ દીકરી દે? બત્રીસ-તેત્રીસ વર્ષની ઉંમરે પંડ રળે ને પેટ ભરે એ સ્થિતિમાં ઝાલા કાગ મજાદર ગામે આવ્યા.

સાથે ઘરવખરીમાં બે ભેંસ ને એક પાડો: એ જ એનાં રાજ ને પાટ! પાડા પર ઘરવખરી, અને ભેંસ પર આજિવિકા!

અહીં ચારણની એક ગીયડ અરડુ શાખનાં ૨૫ ગામ. પણ નિયમ એવો કે એક શાખમાં દીકરી દેવાય નહિ, દીકરી લેવાય નહિ. મજાદરનો જહો અરડુ જાણીતો ભડ માણસ. એ ગઢવીની નજરમાં ઝાલો કાગ વસી ગયો. એણે એને ૪૦ વીઘાનું ખેતર ને દીકરી દીધાં. એના દીકરા ભાયા કાગ-દુલાભાઈના પિતા.

સૌરાષ્ટ્રના દક્ષિણ સાગરકાંઠે આવેલા પોર્ટ આલ્બર્ટ વિકટર નજીકના 'પીપા પાપ ન કીજીએ'નો ઉપદેશ આપનાર પીપા ભગતે સ્થાપેલ પીપાવાવના પ્રસિદ્ધ મંદિરથી દોઢેક માઈલના અંતરે આવેલું સત્તર ખોરડાની વસતીવાળું 'મજાદર' એ એમનું વતન.

## દુલાભાઈનું ઘડતર

વ્યક્તિના ઘડતર અને ચણતરમાં માતા-પિતાના સંસ્કારો, બાળપણના ભેરુબંધો, આસપાસનું વાતાવરણ, એમાંની નદીઓ, ડુંગરા, મંદિરો આ બધાંનો ફાળો હોય છે.

બાળપણની એમની તીવ્ર જિજ્ઞાસાવૃત્તિને પોષણ મળેલું વાર્તાઓમાંથી. ભાયા કાગ પણ વાર્તા સારી માંડી જાણતા. અવારનવાર આવતા મહેમાન ચારણો, બારોટોની વાર્તાઓ પણ કિશોર દુલાભાઈ રસથી સાંભળતા.

વિકટરની નિશાળ એ એમની નજીકની શાળા. તેમણે લખ્યું છે:

"હું ગુજરાતી પાંચ ચોપડી વિકટરની નિશાળે ભણેલો."

સંભવ છે કે એ વખતે નિશાળમાં એથી વધુ ભણવાની સગવડ નહિ હોય!

"તેર વરસની ઉંમરે હું ગાયો ચારતો હતો. મારા પિતાશ્રીને ત્યાં સાઠેક ગાયો હતી, ભેંસો પણ ત્રીશેક હતી. મને નાનપણથી જ ગાયો ચારવાનો શોખ લાગેલો. પગમાં જોડા વિના અને માથે પાઘડી વિના હું ગાયો ચારતો. મજાદરમાં ચરાણની તાણ જેથી પીપાવાવ, ઝોલાપર એ ગામોની સીમમાં પણ ગાયો ચરવા જતી. આખો દિવસ મારે વગડામાં જ વસવાનું હતું.

રામાયણનું પુસ્તક સાથે લઈ જતો અને આખો દિવસ વાંચતો. રામાયણ મને તો હાડોહાડ પહોંચી ગયેલ છે. નાની ઉંમર એટલે ગાયો પછવાડે ચાલી ચાલીને પગ થાકી જાય. પાણી પણ કૂવામાંથી સીંચીને જ પાવું પડે. જો કે મારા પિતાએ ગાયો ચારવાની ફરજ મને પાડેલ નહિ, એ તો મારો જ શોખ હતો."

પરંતુ દુલાભાઈની ગોસેવા અને રામયણનું આ અનુશીલન એમના પિતાને રુચિકર નહોતાં.

"મારા પિતાશ્રી તો એ વાતથી નારાજ હતા. કારણ કે ઘરનો વહીવટ ઘણો મોટો હતો. પાંચ સાંતી અમારે ઘેર ચાલતાં. નાનાં-મોટાં ઘોડાં, ભેંસો, ગાયો, ઊંટ, બકરાં, બળદ થઈને સવા સો જેટલાં માલઢોર હતાં. વહેવાર પણ ખૂબ વધારેલો. આસપાસમાં સંબંધ પણ ઘણા. મહેમાનો પણ

ઘણા. મહેમાનો પણ એકે દિવસ ન આવ્યા હોય એવું બનતું નહિ.

મારા પિતાશ્રી એ વખતના એક અડીખમ માણસ ગણાતા. એ વટદાર માણસ હતા. પોતાની શેહ બીજા માણસો પર પડે એવું એમનું વર્તન હતું. એ વખતમાં ઢોરની ચોરીઓ ઘણી જ થતી. કોઈ ગરીબનું ઢોર ચોરાઈ જાય, એટલે તુરત જ તે ધા નાખતો મજાદર આવે. મને બરાબર યાદ છે કે, એ વખતે વાવણી ચાલતી હોય કે લાણી ચાલતી હોય, અથવા ઘરમાં કોઈ બિમાર હોય, તે બધું છોડીને મારા પિતા તુરત જ ઘોડા પર ચડતા, અને એ ગરીબના ઢોરનો પત્તો ન લાગે ત્યાં સુધી એ પાછા ઘેર આવતા જ નહિ. એમનાથી મોટા મોટા ભારાડી માણસો પણ બીતા હતા. તેમ એવા એવા માણસો સાથે તેઓ સંબંધ પણ રાખતા હતા.

પિતાશ્રીની દિશા એ હતી જ્યારે મારી દિશા ગાયો ચારવાની અને રામાયણ વાંચવાની. એટલે એમના મનમાં મને જોઈ હર વખત ખેદ થતો. અને ક્યારેક એ કહેતા પણ ખરા કે 'મારું આવડું મોટું કમઠાણ એનું શું થશે? આ તો છતે દીકરે સીતારામ!'

આ બધા વિચારો ઘોળાતાં ઘોળાતાં એમને એક ઉપાય સૂઝ્યો કે, દીકરાને દારુ-માંસ ખવરાવું તો આ બધું છોડી દે. પણ મને દારૂ પીવાનું કહે કોણ? પોતે તો ઘણીવાર કહેલ, પણ કાંઈ ન વળ્યું. એટલે હવે કોઈ બીજા મારફત એ કામ કરાવવું એમ એમને લાગ્યું."

દુલાભાઈની આસપાસની સૃષ્ટિમાં આવા માણસોનો તોટો ન હતો.

"મારી આસપાસ એ જાતની સૃષ્ટિ હતી."

## આસપાસની સૃષ્ટિ

આહીર, ખસિયા, બાબરિયા, ગરાસિયા એ કોમમાં એ વખતે દારૂ પીવામાં-પાવામાં, એવી એવી મિજલસો કરવામાં, ચોરી કરવા-કરાવવામાં, બહારવટિયાઓને આશરો આપવામાં, પોતાથી બીજા માણસો થરથરે, એવું વર્તન રાખવામાં ગૌરવ મનાતું. એ માણસોમાં એ વખતનાં અનિષ્ટ તત્ત્વોમાંના ઘણાં જ પડ્યાં હતાં; પણ સાથોસાથ સાચી માણસાઈ ને છાજે એવાં સરસ તત્ત્વો પણ હતાં. ભોળપણ, હૃદયની નિખાલસતા, શૂરવીરતા, કોઈની બહેન-દીકરી સામે કૂડી નજર ન કરવી, ગમે તે અને ગમે તેટલી આંખની ઓળખાણ સિવાયના દેશીપરદેશી આવે તો તેમની મહેમાનગતી કરવી, ગરીબો તરફની ઉદાર વૃત્તિ, મિત્રતા સાચવવા માટે પ્રાણ સુદ્ધાં આપવાની ટેક પાળવી, એવાં એવાં ઊંચાં તત્ત્વો એમનામાં હતાં.

એ માણસો ખરે વખતે તોપના મોઢામાં ઓરાવા તૈયાર થાય એવા નીડર અને અડીખમ હતાં. આજે નવા જમાનામાં એ માણસો હોત તો એ ખરાબ તત્ત્વો નાશ પામીને તેઓ નવા યુગના સરસ માણસો બનત.

"મારી આસપાસના જગતમાં સાંગણીઆ, કંટાળા વગેરે ઠેકાણાં એવાં હતાં, કે જ્યાં સ્નેહીઓને અથવા કોઈ પણ માણસને નીમ હોય તો પણ જબરદસ્તીથી દારૂ પાવામાં આવતો હતો, એમાં મોટાઈ મનાતી."

## દારૂ-માંસની ટેવ પાડવાનો પ્રયાસ

દુલાભાઈના પિતાએ દુલાભાઈને દારૂ-માંસ પીતાં-ખાતા કરવાનું કામ સાંગણિયાના એક સંબંધી હીપા મોભને સોંપ્યું.

"મહુવા પાસે માલણ નદીને કાંઠે સાંગણિયા નામે ગામ છે, મારા ગામથી ૭ ગાઉ દૂર થાય. ત્યાંના

હીપા મોભને અને અમારે ત્રણ પેઢીનો સંબંધ. એ પણ બધા મર્દ માણસો. કોઈ પણ હલકાઈનું તત્ત્વ એમનામાં નહિ અને સાવ સાધુડિયા પણ નહિ.

## હીપો મોભ

હીપો મોભ મારા પિતાને કાકા કહેતો. પણ ઘણો જ સુખી માણસ. બાર સાંતી હંકાવે. બસો જેટલાં માલ–ઢોર રાખે. ઊંચી જાતના પંદર તો ઘોડા એને ત્યાં બાંધ્યા રહેતા. તેને ઘેર જઈએ ત્યારે છોટા શા દરબારનો અણસાર આવતો. એક દિવસ મારા પિતાએ હીપા મોભ સાથે મને દારૂ પાવા વિષે બધી વાત નક્કી કરી. હીપો મોભ મહિનામાં એક–બે વાર મજાદર આવે.

રાત્રે મને એણે બોલાવ્યો. પાદરમાં આવેલા અમારા ખેતરમાં જઈ અમો બન્ને બેઠા. ધીરે ધીરે એણે વાતની શરૂઆત કરી. મેં એને એટલું જ કહ્યું કે 'ભલા માણસ! તમારે અને અમારે ત્રણ પેઢીનો સંબંધ છે અને તારા જેવા ભડ માણસના મોઢામાંથી મને એક બાળક જેવા માણસને દારૂ પાવાના શબ્દો નીકળે, તે સારી વાત ન કહેવાય. સ્નેહી તો તે જ કહેવાય કે જે ખરાબ રસ્તેથી સારા રસ્તે લઈ જાય. વળી તું આહીરનો દીકરો અને મને ચારણને દારૂ પાવા ઊભો થયો, તે તને શોભતું નથી.'

મારા એટલા જ વેણની એને ઊંડી અસર થઈ ગઈ.

મારા પિતાને એણે તુરત જ કહ્યું કે, 'આ ચામડું આળું નથી, રંગાઈ ગયું છે. માટે હવે એને આપણે પંથે ચડવાનું કહેવું તે વ્યર્થ છે અને પાપ છે.'

ત્યાર પછી પણ દારૂ પાવા બાબત મારા પર ઘણીયે ઘડીઓ વીતી ગઈ અને હીપા મોભ સાથે મારી મિત્રતા દા'ડે દિવસે વધતી ગઈ.

હું કવિતા બનાવતાં તો શીખી ગયો હતો એટલે મનમાં એક નવો શોખ જાગ્યો હતો, કે કોઈ દરબારની કવિતા કરવી અને ઈનામ–અકરામ લેવું. ફરવા જવું, સારા સારા દરબારોને ત્યાં જવું પણ એ કાંટો ફૂટ્યો, ત્યાં જ મારા બાળમિત્ર હીપા મોભે એને મૂળમાંથી જ ખોદી નાખ્યો. મને બોલાવીને એણે કહ્યું : 'તારે કોઈ દિવસ ક્યાંય પણ પૈસાની માગણી કરવી નહિ. આપણું ઘર એક જ કહેવાય, માટે જ્યારે પૈસાની જરૂર પડે ત્યારે સાંગણિયે ચાલ્યા આવવું. ભાયા કાગનો દીકરો ડેલીએ ડેલીએ ભટકે, એ વાત સારી ન કહેવાય.'

મારા પિતાશ્રી મને વાપરવા પૈસા આપતા નહિ. મારે તો તીર્થયાત્રા કરવા જવું હતું. જૂનાં જૂનાં સ્થળો જોવા જવું, સાધુ–સંન્યાસી પાસે જવું, એટલે પૈસા વિના કેમ ચાલે? પછી તો હું સાંગણિયે મહિનાના મહિના રહેતો. રામાયણ મહાભારત વાંચ્યા કરું, પ્રભુસ્મરણ કર્યા કરું, અને મુસાફરીએ જવું હોય ત્યારે પૈસા ત્યાંથી લઈ જાઉં. મારી અયાચકતાનું મૂળ કારણ હીપો મોભ છે, કારણ કે નાનપણથી માગવાનો છંદ મને લાગ્યો હોત, તો કોણ જાણે આજે હું ક્યાં હોત!

આજે એ વાત સાંભરે છે, ત્યારે જીવ થંભી જાય છે. એ ગામડિયા માણસની રહેણીકરણી, એની મહેમાનગતી, વ્યવહાર–કુશળતા અને અડગપણું, એ બધું હજુ જાણે મારી સામે જ ઊભું છે.

હસતાં કે ગમ્મત કરતાં એ આહીર કોઈ દિવસ ખોટું બોલતો નહિ, અને જે બોલ્યા હોઈએ એ પાળવું જ જોઈએ, એ એનું જીવનતત્ત્વ હતું. મારાં આચરણ એને બહુ જ ગમી ગયાં હતાં એટલે અમારી મિત્રતા હાડોહાડ સુધી પહોંચી ગઈ હતી. પછી તો એમને ઘેર જવામાં બાઈઓ અને બહેનો મારી લાજ પણ કરતાં નહિ.

એક વખત મારા પિતાશ્રીએ, છેવટ થાકી જઈ, મારી આગળ એક હાથમાં પાઘડી ઉતારી અને બીજા હાથમાં દારૂની પ્યાલી લીધી. એ દેખાવ મારા

હૃદયમાંથી હજી પણ ભૂંસાયો નથી. હું દિગ્મૂઢ બની ગયો. ત્યાં હીપા મોભે ઊભા થઈ, દારૂની પ્યાલી ફગાવી દીધી અને પાઘડી મારા પિતાને માથે મૂકી. આવાં આવાં અનેક ધર્મસંકટોમાંથી મને એણે બચાવેલો. જો કે પોતે દારૂ–માંસ ત્યાગેલ નહિ, તો પણ મારા માટે આ જાતની એની મમતા બંધાઈ ગઈ હતી.

મારે અને હીપા મોભને નવ વરસ સાથે રહેવાનું બન્યું, અને જ્યારે જોઈએ ત્યારે એ એક જ માણસ એવો હતો કે જે મારી બધી જરૂરિયાતો પૂરી પાડતો. એટલે હું મોટો થયો ત્યાં સુધી બીજે ઠેકાણે મારે ભટકવું પડયું નહિ.

## એક સ્મરણ

મારા અયાચકવ્રતનો ઘડનાર એ માણસ હતો. પોતાના વચનની એને કેટલી કિંમત હતી એની એક વાત લખી દઉં.

ગીરની સરહદના ખાંભા જેવું કંટાળા ગામ છે. ત્યાં હું મારી ગાયો લઈને ચોમાસે જતો. ગાયો ચારવા સાથે મને ગીરમાં ફરવાના કોડ તો હતા જ. ત્યાં હું રામ નોળને ત્યાં રહેતો. રામ નોળને અને મારા પિતાને ઘણો જ સંબંધ હતો.

ચોમાસાના ચાર મહિનામાં હીપો મોભ મને મળવા આઠ–દસ આંટા કંટાળે આવી જતો. એક વખત અષાઢ મહિનામાં આવેલ. એને મેં કહ્યું કે આ વખતે જન્માષ્ટમી આપણે સાથે કરવી છે, માટે તે પર જરૂર આંહીં આવવું. એણે હા કહી.

પ્રસંગ એવો બન્યો કે બરાબર બળેવથી વરસાદ શરૂ થયો અને હેલી મંડાણી. ગીરના ગાંડા વરસાદ. એક દી, બે દી, એમ જન્માષ્ટમી સુધી વરસાદ બંધ ન થયો. નદી–નાળામાં પૂર ઊતરતાં જ નહિ. એ ડુંગરાની વસમી નદીઓ. જન્માષ્ટમીનો આખો દિવસ ગયો. મને મનમાં તો એમ થતું કે હીપો મોભ જરૂર આવશે, પણ જ્યાં વરસાદ સામું જોતો, ત્યાં જીવ ના પાડતો હતો. અમે રાતે જમીને સૂવાની તૈયારી કરતા હતા, વરસાદ હજી ચાલુ હતો, જમીન પર ચારે કોર પાણી પાણી થઈ ગયું હતું, પૃથ્વીથી વરસાદ સહન ન થતાં ખેતરોમાંથી સરવાણીઓ ચાલી નીકળી હતી અને ગીરની રાત તો હબસીના મોઢા જેવી જામી હતી. ઘટાટોપ વાદળાં આભમાં અથડાતાં હતાં. સાથોસાથ કડાકા કરતી આખે આભે વીજળી અને વીજળીના અજવાળામાં રાક્ષસની સેના ઊભી હોય એવા લાગતા એ ગીરના પહાડો. એ રાતમાં કયો માનવી પોતાના ઘર બહાર હોય?

અમે તો રામ નોળની ડેલીમાં હજુ લાંબાં ડિલ કરી સૂવાની તૈયારી કરતા હતા, ત્યાં બહારથી સાદ આવ્યો: 'ભક્તા! એ ભક્તા!' મને એ ક્યારેક ક્યારેક 'ભગત'ને બદલે 'ભક્તા' કહી બોલાવતો.

હોંકારો દઈ મેં ડેલીનાં બારણાં ઊઘાડયાં. 'અરે ભલા માણસ! અત્યારે અને આવા વરસાદમાં! વચ્ચે મેથાળો, રાયડી, ઝોલાપરી, ધાંત્રવડી, એ ભયંકર નદીઓમાં ઘોડો કેમ ઊતાર્યો? અને આટલું સાહસ ખેડવા કાંઈ કારણ ખરું?'

એક જ વેણ બોલ્યો: 'પ્રાણ જાઈ પર બચન ન જાઈ. ભાઈ, તું રામાયણ વાંચે છે ત્યારે આ ચોપાઈ તો મેં ઘણી વાર સાંભળી છે. માણસને પોતાના વચનથી જીવ પણ વહાલો ન હોવો જોઈએ.'

મારી અને એની વચ્ચે આવા અનેક પ્રસંગો પડ્યા છે. પોતાના વચનની એને એટલી કિંમત હતી! મારી સાથે એનો આત્મા રંગાઈ ગયો હતો. મારા દરેક આચરણનો એ ઉપાસક હતો. દારૂના કે એવા અનેક હલકા પ્રસંગોમાંથી એ માણસે મને તારી લીધેલો. આ રીતે અમારે નવ વરસ વીતી ગયાં. એની જગતની મુસાફરી પૂરી થઈ. સં. ૧૯૭૭-ના ભાદરવા વદ ૫ ગુરુવારે મને અયાચક ઘડનાર

એ મિત્ર આ જગતમાંથી અલોપ થયો. મને એના મરસિયા ગાવાનું મન કેમ ન થાય?

આવા આવા મારા જીવનના ઘણા જ પ્રસંગો છે. ગામડાંના માણસોમાં ઊંચી જાતનાં અજબ ખમીર ભર્યાં છે.

એ માણસ તો મરી ગયો. અને મારે એના મરસિયા જ ગાવા રહ્યા. આહીરોમાં વણાર શાખના આહીરો હોય છે. વણાર આહીરની વસ્તી ગીરથી માંડીને ઠેઠ ધોધાબારા સુધી છે. એની બીજી શાખ મોભ હતી અને અટક ચહુવાણ હતી.''

### સંતનો મેળાપ

દુલાભાઈ કહેતા: ''ભક્તિમાં મન તો સમજણો થયો ત્યારથી લાગી ગયેલું. પોષ મહિનો અને વદ તેરસ હતી, ગમે એવો ઠંડો વાયુ વાતો હતો, ઝોલાપરીમાં નાહીને બહાર આવ્યો ત્યાં કાંઠે એક તેજસ્વી સંત ઊભેલા દીઠા. ભવ્ય લલાટ, ભગવી કંથા: એમણે પૂછ્યું: 'બેટા, તારે કવિતા શીખવી છે?'

મેં હા કહી. એમણે મારો પરિચય પૂછ્યો, નાત પૂછી. મેં એને બધું કહ્યું. તેઓ કહે 'ચાલ, મારી સાથે. તને એરુ વીંછીના મંતર શીખવું.'

'મારાથી એમ ન અવાય. મારો બાપ ખીજે! મારી આ ગાવડિયું મારી વાંભ વિના ઝોકમાંથી બહાર પગ ન મૂકે.' મેં કહ્યું.

મરક મરક હસતાં એ કહે: 'તારી ગાયુંને તારાથી સવાયો ગોવાળ મળે ને તને તારો બાપુ પંડે મને સોંપી જાય તો?' ''

દુલાભાઈ ઘેર ગયા. એક ભાભો ગોવાળનું કામ માગવા આવેલો, ભાયા એની સાથે માથાકૂટ કરતા હતા. દુલાને જોઈને બોલ્યા: 'આ ગાયું છોડવી છે તારે?' 'હા' સાંભળી બાપને પણ નવાઈ લાગી.

થોડી વારે કહે: 'હાલ મારી હારે-પીપાવાવના ગીગારામજી પાસે. ત્યાં એક મોટા સંત આવ્યા છે. એને સોંપું એટલે આ સીંદરાં તાણતો મટય!'

બાપ-દીકરો મુક્તાનંદજી પાસે પહોંચ્યા ને આપા ભાયાએ દુલાભાઈને એ સંતના હાથમાં સોંપ્યા.

દુલાભાઈનું અટકેલું ભણતર પુનઃ શરૂ થયું. એમણે વિચારસાગર, પંચદશી ગીતા મોઢે કરવા માંડ્યાં અને એક દિવસ કહે: 'મારે કચ્છ ભૂજ જવું છે. ત્યાંની ગોરજીની પિંગળ પાઠશાળા-પોષાલમાં કવિ પાકે છે.'

મુક્તાનંદજીએ બે હાથ લાંબા કરી કહ્યું: 'અહીં જ ભૂજ છે, અહીં જ પોષાલ છે. ભૂજ જવાની જરૂર નથી.' એમણે કિશોર દુલાભાઈની દસ આંગળીઓમાં પોતાની દસ આંગળીઓ ભેરવી-આંખે આંખ મિલાવી. ગોઠણે-ગોઠણ અડકયા અને પછી કહ્યું: 'જા, સવૈયો લખી લાવ.'

દુલાભાઈએ લખ્યું:

**''દોડત હૈ મૃગ ઢૂંઢત જંગલ,**
**બંદ સુગંધ કહાં બન બાસે?**
**જાનત ના મમ નાભિમેં હૈ બંદ,**
**ત્યું હી બિચારી મન મૃગ ત્રાસે;**
**યું ત્યોં નર શઠ રહે હરિ ખોજત,**
**ભ્રમ થકી ચિત્ત ન ન ભાસે,**
**કાગ કહે યે ગુરુ મુક્તાનંદ,**
**આપ હી આતમ જ્ઞાન પ્રકાશે.''**

સત્તર વર્ષની વયે ફૂટેલું આ ઝરણું-આ સરવાણી પછી તો વિશાળ મહાનદ બની રહી.

ચારણો વીરરસના ગાયકો છે. પછી એ વીરત્વ કોઈ માનવીનું હોય કે અન્ય પ્રાણીનું! ચારણકવિ તેને બિરદાવવાનો. એવા એક શૌર્યને બિરદાવતાં તેઓ લખે છે:

### ભેંશ અને સિંહની લડાઈ

''મારી ગાયો લઈ હું ગીરમાં કંટાળા ગામે વરસોવરસ જતો. રામ નોળની સાથે તો ઘણી જ

ઓળખાણ થઈ ગયેલી. એટલે પછી તો હું ગીરના નેસડાઓમાં ખૂબ ભટકયો. કંટાળા રહું, તુલસીશ્યામ રહું, સરાકડિયા, મીંઢા, ખજૂરી, મવડા, લેરિયા, અરલ, શિખલકોબા એ બધા નેસડામાં રહેતો. એક દિવસ હું ખજૂરીને નેસ હતો. રાતે વાળુ કરી અમો એક ઝૂંપડામાં બેઠા હતા. રામ નોળની ભેંશો ત્યાં હતી. ઝોકમાં એંશીક જેટલી ભેંશો બેઠી હતી. ત્યાં સાવજે આવીને વાણ નાખી (સાવજ પોતાનું મોઢું ઉઘાડી અંદરથી દુર્ગંધી શ્વાસ બહાર કાઢે છે તેને 'વાણ નાખી' કહેવાય છે. તેનાથી સર્વે ભેંશો ઝોકમાંથી બહાર નીકળી જાય, એટલે એને જમવાની સગવડ પડે.)

પણ આ તો રામ નોળનું ખાડું; એ કાંઈ સાવજને ગણકારે નહિ. ભેંશો એકદમ ઊભી થઈ ગઈ અને ઝીણે ઝીણે અવાજે કણકવા માંડી. અમો ઝૂંપડામાંથી બહાર નીકળ્યા. હરિકેન હાથમાં લઈ ઝોકમાં આવ્યા. ત્યાં તો અજબ બનાવ જોયો. મોટી મોટી ભેંશો નાનાં પારુને માથાં મારી વચ્ચે રાખતી હતી. અને લોંઠકી ભેંશો ચારે તરફ ગોળાકારમાં ગોઠવાઈ ગઈ હતી. અને એમનાં રુંવાડાં સૂયાની જેમ ઊભાં થઈ ગયેલ જોયાં. એ રૂપાળી ભેંશો તે વખતે વિકરાળ લાગતી હતી.

### કાંગલ

રામ નોળના ભાઈનો દીકરો હાદો નોળ ત્યાં હતો તેણે ઝાંપો ઉઘાડી 'બાપ કાંગલ!' એટલું વેણ કહ્યું, ત્યાં કાંગલ એકદમ ખાડુમાંથી બહાર આવી. ઇશારતથી સમજાવી એટલે એ કાળી રાતમાં એકલી કાંગલ નામની ભેંશ સાવજને શોધવા ચાલી નીકળી. તેની પાછળ જવા બીજી ભેંસો પણ ઝાંપામાં ભીંસાભીંસ કરવા માંડી, પણ તેમને હાંકલી રાખી અને કાંગલ તો ગઈ સાવજને નસાડવા!

લગભગ રાતના ત્રણ વાગે ભળકડાને વખતે કણકતી કણકતી કાંગલ આવી. ગોવાળે ઓલાવા કરી કાંગલને આવકાર આપ્યો. હું તો કાંગલને જોવા એકદમ ગયો. ત્યાં તો શરણાઈના મોઢા જેવાં ફૂલેલ નસકોરાં, ચકળવકળ આંખો અને ગળામાંથી સાવજને નસાડવાની મગરૂરીનો અવાજ આવતો હતો. આ બનાવ મેં પહેલવહેલો જ જોયો.

મને હાદા નોળે કહ્યું કે, 'સાવજને એવો તગડચો હશે કે હમણાં મહિનો માસ પાછો લાલચ કરી આ નેસડે નહિ આવે.' કાંગલ ઝોકમાં આવી ત્યારે બધી ભેંશો જાણે કુશળ સમાચાર પૂછતી હોય તેમ તેના ઉપર ગળાં નાખવા માંડી, તેને સુંઘવા માંડી."

બીજે દિવસે એમણે કાંગલ અને સાવજની લડાઈનું ગીત રચેલું.

### મેઘાણી સાથે મિલન

આંસોદરના દાદાભાઈ ગઢવીએ મેઘાણી સમક્ષ જેની 'ફાટેલ પિયાલાનો કવિ' તરીકે ઓળખાણ આપેલ તે દુલાભાઈ અને મેઘાણીજીનું મિલન ભાવનગરમાં શ્રી લક્ષ્મીનાથ વ્યાસને ત્યાં થયું. થોડા જ વખતમાં એ મિલન અંતરે ગાંઠ્યું જેવું બની રહ્યું. શ્રી મેઘાણી લખે છે કે 'મારી નજરમાંથી દુલાભાઈ ચારણ, દુલાભાઈ કવિ, દુલાભાઈ ભગત, દુલાભાઈ પૂજનીય પણ મટી ગયા છે. દુલાભાઈ ભાઈ બન્યા છે.'

દુલાભાઈને દારૂ વડે વટલાવવા જે પ્રયાસો થતા તે મેઘાણીભાઈએ પણ ટાંકચા છે:

"તુલસીશ્યામની મુસાફરીનો એક બનાવ બરાબર યાદ રહ્યો છે. નવા મહંતને ગાદી સોંપાતી હતી. બાબરિયાવાડના ગરાસીઆભાઈઓનો ડાયરો મળ્યો હતો. રોજ રોજ દુલાભાઈને કુસુંબો લેવરાવવાની ધડ ચાલતી. મનામણાંની રીતો પણ ન્યારી ન્યારી હતી. કોઈ દયાણ કરતા, કોઈ રોષ ઠાલવતા, ને કોઈ ભાઈ તો વળી એટલી હદ સુધીની ગાળ ભાંડતા કે, અંતે તો કાગડો ખરો ને? કાગડાના

મોઢામાં રામ હોય કે દી'? (દુલો કાગડો, કેમ કે એની સાખ 'કાગ' છે.)

### અડગપણું

એ તમામ પ્રહારો ખમી ખાતા દુલાભાઈની સામે આખરે મેં એક જુદી જ મૂર્તિ ઊભેલી જોઈ– એક પવિત્ર, પ્રભુપરાયણ અને હાડેહાડ પરમાર્થમાં ગળી પડેલ ગરાસદાર : એનાં મોંમાં અપશબ્દ નહોતો; પણ–એ ભાઈ! બાપા! પાઘડી ઉતારું તારે પગે, મારા બાપ! ફક્ત મારું વેણ રાખ, એક જ છાંટો લે!

જે ભાવથી મા બાળકને કરગરે તે જ આ ભાવ હતો. ને એ ભાવ દુલાને અફીણ લેવરાવવામાં વપરાતો હતો!

ગાળો દેનારને સામા શબ્દો સંભળાવવાનું સ્હેલ હતું; પણ આ પાણીનો કળશો ભરીને કસુંબાની અંજળિ ધરી ઊભા રહેનાર સન્મિત્રની કાકલૂદી સહી લેતાં દુલાભાઈને ખૂબ આકરું પડયું. છતાં એમણે કંસુબાનો છાંટો ન લીધો તે ન જ લીધો.

જ્યાં ગામગામ વચ્ચેના સીમાડા હજુ પણ તકરારોનાં લોહીછાંટણાં માગે છે; જ્યાં ગામગામ વચ્ચેનાં વેર કૈંક વર્ષોના અપૈયા પળાવે છે; જ્યાં અફીણ વગર ઈજ્જત ન કહેવાય; જ્યાં કસુંબાની અંજળિઓ હાથી જેવા નવજુવાન ગરાસીઆઓનાં હાડને ભાંગી ભુક્કો કરે છે; જ્યાં મોડી રાત સુધી ચૂલો ઝાલીને બેસી રહેતી પત્નીઓ, પરોણાઓ સાથે ડેલીએ દારૂ ઉડાવતાં ધણીની વાટ જોતી જોતી ઝોલે જઈને પોતાની અસ્તવ્યસ્ત લટોને ચૂલાની આંચમાં સળગી જવા દિયે છે; જ્યાં સ્ત્રીઓના આ જાતના ભોગે ચાલી રહેલી રોજના પચીસ પચીસ મહેમાનોની પરોણાચાકરી પતિને અમીર દિલનો, દાનેશ્વરી તેમ જ રોટલે પહોળો લેખાવે છે; જ્યાં મોજમાં આવેલો જમીનદાર પોતાને બિરદાવનાર ચારણને 'બાયડી–છોકરાં સિવાય'નું પોતાનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર થાય છે; જ્યાં ઉઘાડા પગે ગૌધનને ચારવાનું નીમ લેનાર દીકરો પોતાના બાપને 'ભગતડો' ને 'બગડી ગયેલો' ભાસે છે; એવા વ્રતપરાયણ પુત્રને જ્યાં પિતા પોતે દારૂ પિવરાવવા, અખાજ ખવરાવવા અને તરવાર બંધાવી ત્રાસ રૂપ બનાવવા પોતાના મિત્રોની મદદ માગે છે; જ્યાં ગ્રામ્ય પ્રજાની નીતિ-રીતિ નાશ પામેલ છે; ગરાસદારોની કાયાઓનાં હાડકાં હરામનાં બનેલ છે; રંડીબાજીને અને બીજી કંઈક જાતની રંજાડોને જ્યાં કાયદાના હાથ પહોંચી શકતા નથી; જ્યાં દેવસ્થાનો મહંતપદનાં કલહસ્થાનો બનેલ છે; જ્યાં બહારની દુનિયાના વાયરા પહોંચતા નથી અને પોતાની દુનિયાના વાયરા ગંધાઈ ઊઠયા છે; જ્યાં જૂના જીવનનાં ખમીર ખૂટયાં છે ને નવા જીવનનું લોહી નિપજેલું નથી; એવી એક અર્ધદગ્ધ, બંને રીતે ભ્રષ્ટ, ત્રિશંકુ દશા ભોગવતી દુનિયામાં દુલાભાઈનો નિવાસ છે. એમનું પોતાનું લખેલું આત્મચરિય મારી સામે જ પડયું છે, ઉપર કહી તે સૃષ્ટિમાંથી દુલાભાઈ શી રીતે ઊગર્યા, જીવ્યા ને જીત્યા, તેનો એમાં રસભર્યો ચિતાર છે.

### આધ્યાત્મિકતા

પિતાના નામે દુલાભાઈની મથરાવટી મેલી; ચારણ કોમને નામે એમનું નામ શાપ અને વંદનની વચ્ચે સંડોવાયેલું; ફોજદારી ગુનાઓમાં ખપે તેવા કજિયાની પણ ઘરમેળે પતાવટ કરાવી અનાડી ગ્રામ પ્રજાને કાયદાના વિનાશક શરણપંથથી પાછા વાળવાના એમના પ્રયાસો વહેમ જન્માવે; દેશી રાજ્યોની અમલદારશાહીના આડાઅવળા વહેતા ગુપ્ત પ્રવાહો વચ્ચે ઊભીને એમને ગ્રામહિત સાધવાની વિટંબણાઓ: આ કારણોથી દુલાભાઈ એટલે ઘણાઘણાને મન એક અકળ કોયડો!

ગાંધીજીનું શું? અસ્પૃશ્યતાનું કેમ? ધર્મને અને વરણાવરણીને આ શા આંચકા લાગી રહેલ છે? તમારી સાહિત્ય-કવિતાનાં શાં રહસ્યો છે? પ્રશ્નોનો

પાર ન રહેતો. સહેજે દોરવાઈ જનારી એમની વૃત્તિ નહોતી. તર્કો ને દલીલોનો તોડ એ તર્ક ને દલીલો વડે જ લાવતા. ઘણીવાર તો એટલા બધા સનાતની લાગતા કે ખીજ ચડે.

### બાળપણના સંસ્કાર

નાનપણથી જ અધ્યાત્મના વાયરા વાયેલા : ઉઘાડે પગે રોજ સાઠ સાઠ ધેનુઓને ચારવાનું તેમ જ કૂવામાંથી સ્વહસ્તે પાણી ખેંચીને લાવવાનું વ્રત–નીમ રાખેલું; સ્વામીઓ ને સાધુઓના સમાગમ કરેલા : પીપાવાવ અને તુલસીશ્યામ જેવાં તીર્થો જોડે દિલ જડાયેલું; સંસ્કૃત શાસ્ત્રો અને પુરાણોનો પરિચય કરેલો તથા ગ્રામ દુનિયાની રુઢિગ્રસ્ત જિંદગીમાં જ પુરાવું પડેલું : એવા આ માણસને સનાતની સંસ્કારના થરેથરો ચઢ્યા હોય, એમાં શી નવાઈ હોય!

તે વેળા આ પ્રશ્ન પરંપરાનો ભીતરી ભેદ નહોતો પમાયો. પણ તે પછીનાં એ જ વર્ષોમાં દેખાયું કે નવ–વિચારોની એ સામગ્રીએ દુલાભાઈના સંસ્કારોમાં એક અજબ રસાયન નિપજાવ્યું છે. ભમરીના દરમાં સૂતેલ કીડો જેમ એક દિવસ ઓચિંતાનો અંગ મરોડી, પાંખો ફફડાવી, ભોણ ભેદીને બહાર નીકળી પડે છે, તેમ જ દુલાભાઈનું થયું છે.

ઓચિંતાનું જાણ્યું કે દુલાભાઈના ઝડઝમકીઆ છંદોની જોડાજોડ સાદા સરલ લોકઢાળો પણ જન્મ્યા છે અને એ ઢાળોમાં એમણે નવભાવનાની કવિતા ઠાલવી છે; એટલું જ નહિ, ખરા વિસ્મયની વાત તો એ હતી કે એમની કવિતામાં દેઢભંગીનો–સ્પર્શ્યા-સ્પર્શ્યનો દર્દભર્યો પ્રશ્ન ભેદક વાણી ધારણ કરીને દાખલ થયો છે.

'આ બધી નવી કવિતાઓ, ભાઈ ! અમારાં ગામડાંનાં લોકને ગમે છે. ડાચાં ફાડી ફાડીને એકીટસે સાંભળે છે. વચ્ચે વચ્ચે હું દાખલા દેતો જાઉં છું. આને લીધે દેઢ–ભંગીઆ સામેની લાગણી બહુ કમી થઈ ગઈ છે.' આ શબ્દોમાં દુલાભાઈએ પોતાની કવિતાનું નવતર ધર્મકાર્ય સમજાવ્યું.

એ ગીતો નથી પણ ગીતોમાં ગૂંથેલી નવી આખ્યાયિકાઓ છે. ભારતવર્ષના રાષ્ટ્રભાવોને, માતૃભૂમિની મનોવેદનાને, દુલાભાઈએ નાનાં કાવ્યાખ્યાનોમાં ઉતારેલ છે. રાષ્ટ્ર–જાગૃતિનો જે ગંગાપ્રવાહ દેશમાં વહે છે, એની અંદરથી નાનીમોટી નહેરો વાળીને લોકનાયકો પોતપોતાના જનસમૂહોમાં લઈ જાય છે. દુલાભાઈએ રાષ્ટ્રગંગાના એ પુનિત નીરને કાશ્ય–નહેરે પોતાના વતનમાં વાળી લીધાં છે. લોકજીવનનાં તરસ્યાં–તપ્યાં ખેતરોમાં એ નાની શી નહેર ઝટઝટ નવો પાક નિપજાવી નાખે તેવો સંભવ ભલે ન હોય, પરંતુ એક ચારણહૃદયની કવિતા રાજદરબારી પ્રશંસાની ખાડમાં જવાને બદલે રાષ્ટ્રભાવનાના કયારામાં રેલાય, એ હરકોઈ કાવ્યપ્રેમીને ગર્વનો વિષય છે.

### લાલચો

દુલાભાઈના માર્ગમાં લાલચો કંઈ ઓછી નહોતી. ધ્રાંગધ્રાના રાજાસાહેબની પાસે લઈ જવાનું તેડું તો મારી સમક્ષ જ આવેલું. દુલાભાઈએ જવાબ દીધેલો કે 'મારું એ કામ નહિ.' અર્ધ ખેડુશાહી અને અર્ધ સાધુડિયો એમનો લેબાસ બદલાવવા ને ચારણના ઢંગ ધારણ કરવા એમને અનેક દિશાઓમાંથી દબાણ થયેલું, પણ દુલાને બીજો રંગ ચડ્યો નહિ 'અમે જાચનારા, એમાં એક દુલો જ અજાનચી રહે ! અમે રાજયશ ગાનાર, એમાં એક દુલો જ પ્રભુયશને ગાનારો રહે ! અમે રાજદરબારની અદબ વાસ્તે પૂરો પોશાક ધારણ કરીએ, ને દુલો કઈ વાડીનો મૂળો કે પાણકોરાનાં પેરણ–ધોતીઆ પહેરીને રાજાઓને મળે !' —આવી આવી સાંકડી મનોવૃત્તિએ પણ દુલાને સ્થાનભ્રષ્ટ કરવા ઇચ્છયું હશે.

તેની સામે નહિ ગર્વથી, નહિ અન્ય સર્વમાં તરી આવવાની વૃત્તિથી કે નહિ કશી તોછડાઈથી,

પણ પોતાના જીવનમાં જે વાત સાચેસાચ વસી ગઈ છે, તેની વિરુદ્ધ દુન્યવી દેખાડો ન કરવાની એક માત્ર સરલ નિરભિમાની લાગણીથી દુલાભાઈ ટકી રહ્યા છે. એવું એમનું જીવનઘડતર નિહાળી નિહાળી હું મારા અંતરમાં છૂપી છૂપી પ્રસન્નતા અનુભવી રહ્યો હતો. (એમની આ 'અજાચી' ટેકે એમને જે જે વિટમ્બનાઓમાં ઉતારેલા હતા, તેનો પણ હું સાક્ષી છું."

**ચારણ : એક સાંસ્કૃતિક કોમ**

'ચારણો' એક સાંસ્કૃતિક કોમ છે. શ્રી દુલાભાઈએ લખ્યું છે :

"બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણો એના ગુણે અને કર્મે બન્યા છે; તેમ દેવકોટીમાં બીજી ઉપદેવોની કોટીનાં વર્ણન વાલ્મિકી, મહાભારત, ભાગવત, સ્કંદપુરાણ, ગણેશપુરાણ વગેરે ગ્રંથોમાં છે. જેવા કે; સિદ્ધ, ચારણ, વિદ્યાધર, કિન્નર વગેરે. જ્યારે જ્યારે કાળ ભગવાન અદ્‌ભુત, વીર અને આશ્ચર્યજનક રસ રેલાવે છે ત્યારે એ અવતારી પુરુષનાં જયગાન ચારણો કરતા, એવા ઉલ્લેખો જોવા મળે છે.

પુરાણોમાં આઠ પ્રકારની દેવ કોટિ છે, સિદ્ધ, ચારણ, વિદ્યાધર વગેરે. તેમાં એક ચારણ છે. એ દૃષ્ટિએ ચારણોમાં ઘણી શક્તિ તો છે જ, એમાં બે મત નથી. પણ ચારણોમાં જે માતાજીઓ અવતર્યાં છે, એમનાથી ચારણ જાતિનું ગૌરવ સર્વ વર્ણોમાં ખૂબ વધ્યું છે. છેલ્લાં છેલ્લાં આ યુગમાં જુનાગઢ પાસે દાત્રાણા ગામે આઈ નાગબાઈ થઈ ગયાં. તે પછી રાજુલા તાબે અમૂલી ગામમાં આઈ સોનબાઈ થઈ ગયાં, જેઓ માલધારી બની તુળશીશ્યામ પાસે સરાકડીઆને નેસ રહેતાં હતાં. તે ગીયડ શાખનાં હતાં અને મારાં માસીબા થાય.

એમણે પણ આખી જિંદગી બ્રહ્મચર્યવ્રત રાખી ભગવાનનું સ્મરણ કરેલું અને શ્રદ્ધાળુ ભક્તોની મનવાંછનાઓ પૂરી કરી હતી. વિ. સં. ૧૯૬૭ની સાલમાં પોતે સ્વધામ ગયાં. તુલસીશ્યામ પાસે સરાકડીઆના નેસમાં એમની દેરી છે, જ્યાં લોકો માનતા કરવા આવે છે. આમ ચારણોમાં સ્ત્રીશક્તિનો ભારે જબ્બર ફાળો છે. લગભગ બધા જ ક્ષત્રિયોની કુળદેવીઓ ચારણ માતાજીઓ છે.

ચારણોનું આગમન ભારતમાં ક્યારે થયું તેની વાત પુરાણોમાં છે. મહારાજા પૃથુ ચારણકુળોને હિમાલયમાંથી પૃથ્વી પર લાવ્યા અને ભૂદાનમાં **(चारणाय ततः प्रादात् तैलंगम् देशमुत्तमम् )** આખો તૈલંગ દેશ ચારણોને આપ્યો.

હનુમાનજી લંકા બાળીને સમુદ્રતીરે આવ્યા ત્યારે તેને બહુ પસ્તાવો થવા લાગ્યો કે લંકાદહનમાં સીતા પણ કદાચ બળી ગયાં હશે તો ! એ વખતે આકાશચારી ચારણો બોલ્યા કે 'સીતા બળ્યાં નથી' મહાભારતમાં તો અનેક જગ્યાએ ચારણોનાં વર્ણનો આવે છે, તેમાં એક સ્થળે વિદુરજી ધૃતરાષ્ટ્રને કહે છે કે પાંડવોની સાથે વેર કરવું સારું નથી, કારણ કે ભીમનાં ભુજાબળનાં સત્ય વર્ણન ચારણો કરે છે. (એટલે ચારણોનું કહેવું યથાર્થ જ હોય, તે કદી ખોટું બોલે નહિ.)

**ચારણકુળો**

આ ચારણકુળો સ્વર્ગમાં રહેતાં. સ્વર્ગ ક્યાં હશે એ વિષે સાચું તો ભગવાન જાણે, પણ ઋષિ લોકોએ, વર્તમાનના પંડિતોએ અને વિદ્વાનોએ હિમાલયના કોઈક ભાગને સ્વર્ગ ગણેલ છે. કોઈ તિબ્બતને સ્વર્ગ કહે છે, કોઈ કૈલાસને સ્વર્ગ કહે છે, તો કોઈ વળી જ્યાં માનવીની ગતિ થાકી જાય એવા હિમાલયના કોઈ ગહન સ્થળને સ્વર્ગ માને છે. પણ મહારાજ પૃથુના વખતમાં ચારણો હિમાલયમાંથી આ તરફ આવ્યા અને પૃથુરાજાએ તેમના વસવાટ માટે ઉત્તમ એવો તૈલંગ દેશ તેમને આપ્યો : चारणाय ततः

प्रादात् तैलंगम् देशमुत्तमम् । આવાં પુરાણપ્રમાણ છે. એ જે હોય તે. પણ ત્યાંથી ચારણો સૌરાષ્ટ્ર, કચ્છ, સિંધ, જેસલમેર, રાજસ્થાન, માળવા, નિમાડ અને ગુજરાતમાં વસ્યા. કોઈ કોઈ રાજકવિઓ બન્યા, રાજ્યાશ્રિત થયા; અને બાકીના બધા ખેતી, વેપાર અને પશુપાલન દ્વારા આજિવિકા પ્રાપ્ત કરતા થયા.

આ ચારણકુળો હજુએ મારવાડ, મેવાડ, નિમાડ, માળવા, ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં વસેલ છે. ગીર તથા નિમાડ તરફના ચારણો માલધારી છે. ચારણો દેવીપુત્ર કહેવાય છે. મહાશક્તિએ સર્જેલ આ અનંત સૃષ્ટિ બધી જ દેવીપુત્ર કહેવાય, એક ચારણ જ શા માટે? એનાં કારણોમાં એક કારણ એ છે કે ચારણકુળમાં ઘણી યોગમાયાઓના અવતાર થયેલ છે. પ્રથમ સિંધમાં માતા આવડ થયાં. પછી અનેક દેવીઓ ચારણોમાં અવતરી છે.

ચારણ જ્યાં સારો ઘાસચારો હોય ત્યાં પોતાની થોડી જરૂરી ચીજવસ્તુઓ સાથે લઈ ને ઝૂંપડાં બાંધે છે. પશુપાલનનો નિર્દોષ ધંધો ચારણોએ ઇચ્છાપૂર્વક સ્વીકારેલ છે. આવાં ઝૂંપડાંઓમાં આવડ, ખોડિયાર, વરુડી અને મા સોનબાઈ જેવી દેવીઓ પાકી છે.

બીજી બાજુ ચારણ રાજકવિ પણ બન્યો છે. મારવાડ, મેવાડ, કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં મહારાજ્યોમાં ચારણ કવિ રહેતો. રાજાઓ તેને અતિ માનથી, આદરથી તથા પૂજ્યભાવથી જોતા હતા. મહાન કવિ નરહરદાસજીએ 'અવતાર ચરિત્ર' નામનો ગ્રંથ લખ્યો છે. ચારણ કવિ સ્વરૂપદાસજીએ 'પાંડવ યશેન્દુ ચંદ્રિકા' નામે ગાગરમાં સાગર સમાવે એવો કાવ્યયુક્તિપ્રધાન ગ્રંથ લખ્યો છે.

## ચારણ અને બ્રાહ્મણ

વાગ્જીવી ચારણો અને બ્રાહ્મણો વચ્ચેનું અંતર જાણી લેવું જરૂરી છે. એમ લાગે છે કે બ્રાહ્મણો મુખ્યપણે સંસ્કૃત ભાષાની ભૂમિકા ઉપર વિદ્યોપાસના કરતા; તો ચારણો મુખ્યપણે લોકભાષાની ભૂમિકા ઉપર વિદ્યાકાર્ય કરતા. પહેલા વર્ગનું કામ એક ખાસ વિશિષ્ટ વર્ગને આવરે અને તેનાથી જ સમજાય એવું રહ્યું છે; જ્યારે બીજા ચારણવર્ગનું કામ સાધારણ લોક વર્ગને આવરે અને સ્ત્રી, પુરુષ, નાનાં મોટાં, ઊંચ, નીચ એવા બધા વર્ગોને આકર્ષે અને તેનાથી સમાજને ઉપયોગી એવું રહ્યું છે. આ ભેદને લીધે બુદ્ધિજીવી છતાં તે બંને વર્ગના દરજ્જામાં, જીવનવ્યવહારમાં અને લૌકિક કર્મોમાં પણ મોટો તફાવત પડી ગયો છે.

મહામુનિ પાણીનિએ સંસ્કૃત વ્યાકરણ લખીને સંસ્કૃત ભાષાને લોકભાષા પ્રાકૃતમાં સરી જતી અટકાવવાનો પ્રયત્ન કર્યો. અને મોટા મોટા સાહિત્યસ્વામીઓએ પોતાની કૃતિઓ શુદ્ધ સંસ્કૃતમાં લખવાના કાર્યને ઘણું મહત્ત્વ આપ્યું છે, પરંતુ સાધારણ જનસમૂહે એ સાહિત્યસ્વામીઓને અનુસરવાની મૂંગી ના ભણી.

## ભાષા

સાહિત્ય અને ભાષા એ તો લોકગંગા છે. એનાં વહેણ સ્વતંત્ર હોય છે. એ કોઈની દખલગીરી સ્વીકારતાં નથી. જનસમૂહે સંસ્કૃત ભાષાની સાથે સાથે જ પ્રાકૃત જનોમાં—સામાન્ય લોકસમૂહમાં—વહેતી લોકભાષાને–પ્રાકૃત ભાષાને–પ્રાકૃત વાણીને–સાહિત્યસર્જન માટે અપનાવી. લોકસમૂહના પ્યારા એવા તે જમાનાના ચારણ કવિઓ લોકભાષા–પ્રાકૃતના પક્ષમાં જોડાયા. એમણે પોતાની સંવેદનાઓ, પોતાના વિચારો, લોકોની આકાંક્ષાઓ અને પોતાની કલ્પનાઓ લોકોને જ પ્રિય અને પરિચિત એવી પ્રાકૃત–લોકભાષામાં રજૂ કરવામાં પોતાની સરસ્વતી અને શક્તિ વાપરી અને પરિણામે જનસમૂહના એ અધિક પ્યારા થઈ પડ્યા.

લોકોએ એમને અપનાવ્યા અને કાળક્રમે લોકોના પ્યારા એ ચારણ કવિઓ રાજાઓ અને રાજદરબારોમાં

પણ સ્થાન અને માન પામ્યા; રાજા અને પ્રજા બંનેના માનીતા થયા.

કાળ ભગવાને પડખું બદલ્યું, ત્યારે પણ ચારણોની આ કાવ્યસરિતા જનસમાજનું રંજન કરતી રહી, પણ એનું પાલનપોષણ તો મુખ્યત્વે રાજાઓ-રાજદરબારોએ જ કર્યું.

મારી કવિતાનું પણ એમ જ બન્યું છે. અત્યાર સુધી 'કાગવાણી'એ લોકોના મનરંજન કર્યાં છે; એમની ભાવનાઓને, એમની આકાંક્ષાઓને મૂર્તિમંત બનાવવાનું યત્કિંચિત્ કાર્ય કર્યું છે. એમને લાડ લડાવવાનો પણ પ્રયત્ન કર્યો છે."

દુલાભાઈ ને ચારણો પ્રત્યે ભાવ હતો તેમ આહીરો પ્રત્યે પણ આદર અને વહાલ હતું. તેઓ લખે છે :

### ચારણ અને આહીર

"ચારણ હોવાથી મને ચારણો પ્રત્યે ભાવ છે, તેમ આહીરો પણ એની નોક અને ટેકને કારણે નાનપણથી મને વહાલા છે. એક આહીરને ઘેર ભગવાન શ્રીકૃષ્ણને આશરો મળ્યો હતો. વાસુદેવજીનું મન ક્યાંયે ન માન્યું. મોટી મોટી મેડિયુંમાં એને વિશ્વાસ ન આવ્યો, યદુવંશની નાની નાની ઠકરાતોમાં એના જીવે ક્યાંય વિસામો ન લીધો. અંધારી રાતે દીકરાને રૂના પોલમાં સુવાડી નંદબાવાને નેસડે પહોંચ્યા. કાળઝાળ રાજા કંસના વેરીને નંદબાવા વિના કોણ સંઘરે? માતા જશોદાના ધાવણ ધાવ્યા વિના બળ ક્યાંથી આવે! અને બળ આવ્યા વિના કંસ ક્યાંથી મરે! કંસના વેરીને સંઘરવાનું કાળજું આહીરનું જ હોય, અને બીજું હોય આહીરકુળ ઉજાળણ મા જશોદાનું. ધન્ય છે નંદ-જશોદાને! ધન્ય છે ગોકુળ ગામને! અને ધન્ય છે આખા આહીરકુળને! સાચો વૈષ્ણવ તો આહીર જ કહવાય કે જેને આંગણે જગતનો નાથ, અર્જુનનો સારથિ અને ગીતાનો ગાનારો અગિયાર અગિયાર વર્ષ ખેલ્યો.

આહીર એક મહાન વંશ છે, ઉદાર વર્ગ છે, અટંકી ખમીર છે. છળકપટ, ચોરી અને દારૂ, માંસથી આહીર બહેન દીકરીના ખાટલા જેટલો દૂર રહે છે, ડરે છે. કારણ કે જેને આંગણે કનૈયો લાલ વસેલો એ આહીર ચોર કે દારૂડિયો બને તો તો મા જશોદાનાં દૂધ લાજે, અને એની કૂખ કાળી બને. ભારતમાં આહીરોની મોટી સંખ્યા છે.

લોકપુરાણ એમ બોલે છે કે આહીર અને ચારણનો કુટુંબી નાતો છે. આહીરની ઉત્પત્તિ વહીવંચાના ચોપડા અહિનાગથી બતાવે છે. પહેલી આઈ આવડને પણ નાગપુત્રી કહી છે.

### ગીર ભૂમિ

આહીરોને યાદ કરું છું ત્યાં તો આખી ગીરભૂમિ મૂર્તિ ધરી મારી નજર સામે ખડી થાય છે. એ ખોખડધજ નાંદીવેલો, ઘણા વખતથી તપ તપતી નાંદીવેલી, આ કંટાળા ગામથી આથમણો એક પગે ઊભેલો ઠોઠ નામનો ડુંગર અને ગામની સામે મોટા માથામાં નાની ધોળી ટોપી ઓઢી હોય એવી માંગડાવાળાની દેરીવાળો માંગડો ડુંગર. આ દૃશ્ય હજુ તો જોયું ન જોયું ત્યાં રાવલ નદીનાં કાળાં કાળાં પાણીનાં ગીત સંભળાવા લાગે છે. પાડાના વાંસા જેવા કાળા પથ્થર પરથી ઉંધગલોટિયાં મારતાં રાવલનાં પાણી આંખ સામે આવ્યાં ન આવ્યાં ત્યાં તો વેજાજી સરવૈયે જુનાગઢના રા' સામે બહારવટું ખેડવા પસંદ કરેલ માના ખોળા જેવો અભય વેજલકોઠો જાણે ધરતી ફાડી દૃષ્ટિ સામે ઊભો રહે છે. કાળા કાળા ખડકોને કાપતા ખેંચેલ ધનુષ્યના જેવો વળાંક લેતી, અને વેજલકોઠાને ભીંસતી ઝેરકોચરી અને સુરનાળો નામની નદીઓનો ખળખળાટ સંભળાવા લાગે છે.

**હસતાં ખળખળ સરિતા જળ નિર્મળ,**
**વન વન ચંપ કળી હસતી;**
**હસતી વસંત વન વૃક્ષ ઘટા,**
**હસી સુમન સુગંધ પવને ધસતી.**

ચાળીસ ચાળીસ વર્ષોનાં વહાણાં વાયાં. ગીરભૂમિની માયા એ ચાળીસ વરસને જાણે કે પાછાં ધકેલી મને માંગડા ડુંગરના ઓતરાદા બાંધેલ ગાળામાં લઈ જાય છે. મારાં નાનપણનાં દસેક વર્ષ કંટાળા ગામે રામનોળને ઘેર અને તુળશીશ્યામને ખોળે ગયેલાં.

રાવળને આથમણે કાંઠે જેહાધાર, જેહાજી સરવૈયાની વસાવેલ. વેલ કોઠો વેજલજીનો બાંધેલ. ત્યાંથી બે ગાઉ પર જઈએ તો ભીમઆસનો નેસ, કાળાપાણીને ફાડી આસી નદીનો ધોધ પાડે છે. માતા કુંતાને તરસ લાગી ત્યારે ભીમે પાટુ મારી પાણી કાઢેલું, લોકોનું ભારત એમ બોલે છે. બાજુમાં પડછંદ ભેખડ પર નાની એવી માતા કુંતાની દેરી છે.

## મા રુક્ષ્મિણી

ત્યાંથી આથમણા એક ગાઉ ચાલો એટલે પહેલાં તો ડુંગર પર મા રુક્ષ્મિણીનાં દર્શન થાય. નાની એવી દેરી છે. સામે જ તુળશીશ્યામનું મંદિર છે. ઊના પાણીના સાત સાત કુંડ. યાત્રાળુનો થાક ઉતારે છે. મૂર્તિ પણ મહાગંભીર છે. આ મૂર્તિ સંવત ૧૭૮૨માં દેવા સતિયા નામના ચારણે પ્રસિદ્ધ કરી. પછી મંદિર બન્યું. આ તો સંત દુધાધારીનાં બેસણાં. દુધાધારી મહારાજ ઉત્તર ભારતના પ્રદેશમાંથી અહીં આવીને વસેલા. અને આગલા મહંતોએ પાયમાલ કરેલ આ ધામને પાછું 'શ્યામજીનું ધામ' બનાવવા પ્રયાસો કરેલ. પોતે ગૌશાળા પણ ઊભી કરેલ. ભોજ કોટીલાનો અહંકાર જોઈ ખોડીદાસ નામના દુધાધારી મહારાજના એક શિષ્યે ડેડાણના મીઆ કોટીલાને ઘેર દંતા કોટીલા નામે અવતાર ધરેલો. તુલશીશ્યામ એ બાબરીઆઓનો ઇષ્ટદેવ છે.

ત્યાંથી બે ગાઉ દક્ષિણમાં આઈ સોનબાઈનાં બેસણાં. જીવતી જાગતી જોગમાયાની ત્યાં દેરી છે, ત્યાંથી ચાર ગાઉ આથમણા ચાલો તો બાણેજના ડુંગરામાં શિવનું કૈલાસ મંદિર જેવું શાંતિદાતા મંદિર છે. અને ત્યાંથી ત્રણેક ગાઉ ઉત્તર તરફ ચાલો તો મા કનકેશ્વરી બિરાજી રહી છે. હાલમાં ત્યાં મંદિર, ધર્મશાળા વગેરેની ભારે સગવડ થઈ રહી છે.

ત્યાંથી નૈઋત્ય તરફ ચારેક ગાઉ પર કમળેશ્વર મહાદેવનું મંદિર છે, અને ઉત્તર તરફ સારું કે ગોઝારું સાસણ ગામ છે, જ્યાં ફક્ત સાવજને જોવા માટે બકરાં અને પાડાઓની ક્રૂર અને કરુણ હત્યા કરવામાં આવે છે. ધન્ય છે એ જોવાની મોજ માણનારને !"

## સતાધાર

ત્યાંથી ઓતરાદું પેલું દેખાય સતાધાર. સોરઠની લોકસંસ્કૃતિનું પ્રતીક. ગીગા ભગત એના સ્થાપક. જનેતા બાળકને છોડીને પેટનો ખાડો ભરવા લલચાય એવા ભયંકર દુષ્કાળ વખતે, બાપ છોડીને ચાલ્યો ગયેલો એવી મા સુરઈને પેટે તોરી-રામપરથી ચલાળા જતાં માર્ગમાં શાપર ગામે ગીગા ભગતનો જન્મ થયેલો. આપા દાનાએ મોટો કર્યા પછી એ જ આપા દાનાની સંત પરંપરામાં જોડાઈને ગીગા ભગતે સતાધારમાં રક્તપિત્તિયાં, કોઢિયાં ને રોગમાં સડતાં માનવીઓની સેવાનું પરબ માંડેલું.

મૂળે આ પ્રેરણા પણ પરબની. ગીરના ઉત્તર સીમાડાથી આજે દૂર લાગતી પરબની જગ્યા એક કાળે ગીરને કાંઠે ગણાતી. સંત દેવીદાસ અને માતા અમરબાઈના નામ સાથે જોડાયેલ આ જગ્યાએ અઢારે આલમને, હિંદુ મુસલમાનને, સાંપ્રદાયિક રંગથી પર એવા માનવધર્મનો આચાર બતાવેલો. જે કાળે કોઢિયા, રક્તપિત્તિયાને રત્નાકર મહારાજ સિવાય કોઈ સંઘરતું નહિ તે વખતે તેવા રોગીઓની સેવા-

ચાકરી હાથ ધરી લોકોમાં 'સંત દેવીદાસ'નું નામ સદા વહેતું કરેલું.

### દુધાધારી મહારાજ

સતાધારથી આથમણા બે ગાઉ ચાલીએ એટલે આવે સરસઈ. ઉત્તર ભારતના ચમાર સંત રોહીદાસ દ્વારકા પ્રભાસની યાત્રાએથી પાછા ફરતાં અહીં રોકાઈ ગયેલા ને આ સરસઈને પોતાનું બનાવેલ.

ઉત્તર તરફથી પાછા ફરીએ એટલે ગીરના દરિયાદા છેડાના રખેવાળ અને મછુન્દ્રીને આથમણે કાંઠે બિરાજતા દ્રોણીઆ મહાદેવ આવે. પોઠિયાના મોઢામાંથી અખંડ જળધોધ મહાદેવ પર દિવસ રાત પડે છે. સતિયાં માનવીના દયાધર્મને કોઈ અંત હોતો નથી, તેમ આ જળધારી હજારો વર્ષથી પડે છે, છતાં પાણી ખૂટતાં નથી.

ગીરના ચંદરવાને છેડે છેડે ભક્તિ, ધર્મ અને વીરતાના બુટ્ટા ઊપડેલ છે. એ ભૂમિની ચારે બાજુ શૌર્ય, ભક્તિ તથા જ્ઞાનના સંદેશા આપતા અચળ મિનારાઓ ખડા થયા છે. અને શૌર્ય, બલિદાન ને ભક્તિધારાની ત્રિવેણીએ સૌરાષ્ટ્રની આ ગીરભૂમિને પવિત્ર બનાવેલ છે. અમરેલી જિલ્લાના મોટી ધારી પાસે સરસિયા નામનું ગામ છે. આ ગામ ગીરના કાંઠા પર છે. તુલશીશ્યામના આદિમૂળ છેક યમુનાજીને કાંઠે પડયાં છે. ઉત્તર પ્રદેશના સંત દુધાધારી મહારાજ બસો વર્ષ અગાઉ સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે તેમણે પહેલો વિસામો આ સરસિયા ગામને આથમણે પાદરે લીધેલો. ભાવિક ભક્તોએ તે સ્થાને મકાનો, ધર્મશાળા વગેરે બનાવ્યાં, અને નાની એવી શ્યામજી મહારાજની મૂર્તિ પણ પધરાવી.

પછી તો દુધાધારી મહારાજને ભગવાન તુલશીશ્યામનાં તેડા આવ્યાં, અને તેઓ ગીરના મીંઢાને નેસડે માલધારી ચારણો વચ્ચે ઝૂંપડી કરીને વસ્યા. આ દુધાધારી મહારાજ પછી વૈષ્ણવ સાધુઓની બારથી ચૌદ પેઢીઓ સરસિયામાં થઈ ગઈ છે. સંવત ૨૦૦૮ની સાલમાં હાલના મહંતશ્રીએ ખોદકામ કરાવતાં એક આંબા નીચેથી શ્રી શ્યામજી મહારાજ અને મહારાણી રુક્મિણીજીની મૂર્તિ નીકળી. શ્યામજી મહારાજની મૂર્તિ સાડા પાંચ ફુટ ઊંચી છે, સત્તર મણ જેટલું વજન છે. ને રુક્મિણીમાતાની મૂર્તિ ત્રણ ફૂટ ઊંચી છે. ખોદતાં ખોદતાં પડખેથી એક સાધુની સમાધિ નીકળી ને તેમાંથી તેનાં હાડકાં નીકળ્યાં.

### શ્યામજી મહારાજ

મંદિરખંડના કાળમાં આ સાધુને એમ લાગ્યું હશે કે કોઈ વિધર્મી આવીને મૂર્તિને ભાંગી નાખે એના કરતાં મારા આ ઇષ્ટદેવને જમીનમાં પધરાવી દઉં ને હું પણ તેના ખોળામાં સમાધિ લઉં. બેઉ મૂર્તિઓ ખોદી કાઢવામાં આવી ત્યારે તે ઉથમી દટાયેલી હતી. આમાં પણ એ સાધુની દીર્ઘદષ્ટિ જ દેખાય છે કે કોઈ કાળે ખોદકામ થાય ત્યારે મૂર્તિ ઊંધી દાટેલ હોય તો તેના આગલા ભાગને ઈજા ન થાય.

સંવત ૨૦૧૯ ના શિયાળામાં હું સરસિયા ગયેલો ને આ મૂર્તિનાં દર્શન કરીને કૃતાર્થ થયેલો. સમસ્ત સૌરાષ્ટ્રમાં આ મૂર્તિ જેવી રૂપાળી, ઊંચી, ગંભીર અને મહાનતાની પ્રતિમા જેવી મૂર્તિ મેં હજુ જોઈ નથી. આ મૂર્તિઓ જ્યારે નીકળી ત્યારે લાખો માણસો તેને જોવા અને દર્શન કરવા સરસિયા આવેલા. અને પેલા સમાધિ લીધેલ સાધુના હાડકાંની કણીઓના રાઈ રાઈ જેવડા ટુકડાઓને પવિત્ર અવશેષો માનીને પોતાની સાથે લેતા ગયેલા.

વાચકવર્ગને મારી ભલામણ છે કે તુલસીશ્યામ, પ્રાચી, પ્રભાસપાટણ, દેહોત્સર્ગ, સતાધાર, દ્રોણીઆ, કનકેશ્વરી બધે સુખેથી જજો, પણ હું ચોક્કસ કહું છું કે સરસિયાની આ શ્યામજી મહારાજની મૂર્તિનાં દર્શન નથી કર્યાં ત્યાં સુધી ગીરયાત્રા નથી કરી, એવી આ અદ્‌ભુત મૂર્તિ છે.

## ગીરની વિશિષ્ટતા

ગીરને દક્ષિણ ખૂણે ગુપ્તપ્રયાગ. મહાપ્રભુજીની બેઠક. ત્યાંથી આથમણા ચાલો કે પ્રાચી આવે. નૈઋત્ય તરફ સોમનાથ મહારાજ, ને ભગવાન શ્રીકૃષ્ણની સ્વધામ યાત્રા. પૂર્વ બાજુ ઊના પાસે વાવરડા ગામે લાલ સ્વામીની જગ્યા અને આથમણો ગઢ ગિરનાર. આમ ચોતરફ દેવ મંદિરોથી વીંટાએલ સૌરાષ્ટ્રની ગીરનો એક નાનો ટુકડો—

**સતિ ને શૂરની માતા, સંત ને ભક્તની પ્રસુતા;**
**કેસરી સિંહની જનેતા, નમન સૌરાષ્ટ્રની ધરણી.**

સારાયે ભારતવર્ષમાં કેસરી સિંહ જો ક્યાંયે થતા હોય તો તે આ ગીર ભૂમિમાં.

એનાં ભોળાં ને ઉજળાં હૈયાવાળા માલધારી માનવોના જેવો અતિથિસત્કાર ક્યાંયે જોવા નહિ મળે.

ગીરમાં ખાસ કરીને આહીર, ચારણ, ભરવાડ, રબારી, મુલતાની કાઠી, બાબરિયા અને કોળીઓની વસ્તી છે. ગીર બહુ નાનકડો પ્રદેશ : પૂર્વમાં ડેડાણ અને આથમણા બિલખા, ઉત્તરમાં નાની ધારી અને દરિયાદું હડમડિયા. બંને તરફ ૩૫–૩૫ ગાઉને પને આ ગીર ધરતી સૌરાષ્ટ્રની શોભામાં વધારો કરી રહી છે. આખી ગીરમાં દોઢસો જેટલાં નેસડા છે. કલાપીએ બહુ જ ઉચિત ભાખ્યું છે :

**"માણ્યું તેનું સ્મરણ કરવું**
**એય છે એક લહાણું."**

એ અરસામાં ભાવનગર–મુંબઈ વચ્ચે અઠવાડિયાની એક સ્ટીમર સરવીસ ચાલતી. મંગળવારે રોંઢા પછીના ભરતીના સમયે ઉપડતી ને ગુરુવારે સવારના ૭-૦૦ વાગે મુંબઈ પહોંચાડતી.

ભાવનગરથી મુંબઈના રૂપિયા ચાર, અને મુંબઈથી ભાવનગરના રૂપિયા પાંચ એવું ભાડું હતું. ભાવનગર ઉપરાંત મહુવા, જાફરાબાદ, નવી બંદર અને દીવથી એ પેસેન્જર ચઢાવતી–ઉતારતી.

આ આગબોટમાં દુલાભાઈ એક દિ' મહુવાથી બેસીને મુંબઈ ગયા. તે વખતે દરિયાના લોઢ લેતાં પાણી અને નજરની ક્ષિતિજે જમણી બાજુ દેખાતો કાંઠો જોઈ જોઈને એમના મનમાં એ કાંઠાને અડીને આવેલાં સ્થળોના પોતાના સંભારણાં મનમાં તાજાં થયાં.

એ લખે છે કે;

## સંભારણાં

"સંવત ૧૯૯૦ના ફાગણ માસમાં હું મુંબઈ ગયો ત્યારે મહુવાથી આગબોટમાં બેઠો હતો. તે સમયે મહુવાના બંદરથી દીવ સુધીના દરિયાકાંઠાનાં, આગબોટમાંથી જોયેલ જૂનાં સ્થળોનું આ વર્ણન છે.

બંદરેથી આગબોટ ચાલે છે. કતપુર (કુંદનપુર) પાછળ રહે છે. પટવા અને ખેરાના દરિયામાં 'ધ્રમણુ' નામે એક ખડગ ઊભેલ છે ત્યાં ખોડીયારનું સ્થાનક છે.

ત્યાર પછી ચાંચ આવે છે. તેને જોઈ ને ચાંચિયા યાદ આવે છે. ચાંચ અને શીઆળ બેટ વચ્ચેના બારામાંથી ઉત્તરમાં પીપાવાવનું મંદિર દેખાય છે. તે જોઈ આઠસો વરસ અગાઉ થઈ ગયેલ ગાગરનગઢના રાજા પીપો ભગત સાંભરે છે. પીપા ભગતને ઘણી રાણીઓ હતી, પણ તે વૈરાગી બની જ્યારે રાજપાટ છોડે છે, ત્યારે ફક્ત એક અણમાનીતી સીતારાણી વૈરાગણ બનીને પતિની પાછળ ચાલી નીકળે છે. દ્વારકાની જાત્રા કરી તેઓ પીપાવાવ આવીને રહે છે. એક દિવસ ઘણા સાધુ આવી ચડે છે. ઘરમાં અનાજ નથી. એટલે સીતામાતા પડખેના ઝોલાપુર ગામે વાણિયાને ત્યાં અનાજ લેવા જાય છે.

રાતે પાછું આવવું એવી શરતે વાણિયો અનાજ આપે છે. ચોમાસાની રાત છે, વરસાદ વરસે છે, એટલે પીપો ભગત પોતાનાં પત્ની સીતામાતાને પોતાની કાંધ પર બેસાડી ઝોલાપુર લઈ જાય છે.

બીજા હૈયે ચડે છે ગીગારામ મહંત. તે હાલના મહંત રામદાસના ગુરુ. તે પુરુષાર્થી બાવાએ તો ઠેઠ

કાશીથી પગપાળા ગંગાજળની કાવડ લાવી પોતાના ગુરુને નવરાવ્યા હતા.

### રામદાસ

પીપાવાવ જોઈ રામદાસ પણ કેમ ન સાંભરે? એ તો રાત અને દિવસના રળનાર છે. ચોવીસે કલાક તનતોડ મહેનત કરીને એ બાવો બટકું રોટલો ખાય છે.

એની આજીવિકા માંગવા પર નથી. પણ બળદોની કાંધ પર છે. કાઠિયાવાડના દેશી બળદોના નમૂના એને ત્યાં છે. ખેતી કેમ થાય એ જોવું હોય એણે ત્યાં જવું.

ચાંચ અને શિયાળબેટ વચ્ચે 'ભેંસલોં' નામે એક ખડક છે. ત્યાં ભાવનગર, જુનાગઢ, અને જંજીરાની દરિયાઈ હદનો સીમાડો છે. શિયાળબેટ જોતાં તો સગાળશા શેઠનો ગોઝારો ખાંડણીઓ સાંભર્યો. માણસનું માંસ ખાનાર એ અઘોરીનો કૂડો પંથ અને પુત્રનું માથું સાંબેલે ખાંડતી હાલરડાં ગાતી ચંગાવતી સાંભરી. ઈશ્વિર પોતાના જ માનવીની એવી પરીક્ષા લેતો હશે?

શીઆળ બેટથી એક માઈલ ઉત્તર દિશા તરફ દરિયાકાંઠે ચાંચૂડા મહાદેવનું એક જીર્ણ દેવળ જોયું. ત્યાં તો એક દુહો હૈયે ચડયો,

**'ચાંચૂડે ચડવા જાય, પંડડયું જ પોત્યું કરે;**
**બેટના બારા માંય, મોતી ડૂબ્યું મોરણી.'**

શીઆળ બેટની કોઈ મોરણી નામની કોળણ બે તુંબડામાંથી દરિયો તરી દરરોજ રાત્રે ચાંચૂડે ભભૂતિયા બાવા પાસે જતી હતી. આ વાતની તેની સાસુને ખબર પડી. તુંબડાંને ઠેકાણે કાચી માટીના બે ભાલિયા (ઘડા) ગોઠવી દીધા. શાંત અજવાળી રાતમાં મધદરિયે જતાં એ ભાલિયા ગળી ગયા અને મોરણી ડૂબવા લાગી; મરતાં મરતાં લાંબે સાદે એક દુહો બોલી:

### શાશ્વત પ્રેમ

**'ભાંગી પ્રોળ, ભભૂતિયા! પાટણ પલટાણાં...;**
**આતમને ઉઠાંતરી થઈ, થિર નઈ થાણા...''**

એ ભાંગ્યોતૂટયો સાદ સાંભળતાં જ બાવો દરિયામાં ત્રાટકયો. મહાસાગરની શાંત લહેર પર ચડીને એ પ્રેમી પંખીડાં હાથના આકડા ભીડી સ્વર્ગને રસ્તે ચાલ્યાં ગયાં.

આગબોટ તો પહોંચી વરાહસ્વરૂપ પાસે. દરિયા-કાંઠાનું એ ઘણું જૂનું મંદિર છે. જાફરાબાદ આવ્યું. ઉત્તરમાં બાબરીઆવાડ ઉપર થઈને નજર પોગી ઠેઠ નાંદીવેલે ડુંગરે. તુરત જ રાણો રબારી અને દુઃખની દાઝેલ કુંવર સાંભરી. બેય એકબીજાને મનથી વરી ચૂકેલ પણ રૂઢિબંધનથી આખો અવતાર જુદાં જ રહ્યાં. એકબીજાને મળવાની તરસ સોતાં બેઉ આશા-ભર્યાં જ મરી ગયાં. એનો સાક્ષી એક દુહો રહ્યો છે:

**સાણે વીજું સાટકે, નાંદીવેલે નેસ;**
**કુંવર બચ્ચું કૂંઝનું, બેઠી બાળે વેષ.**

બીજાં બધાં સ્થળોનો તો એકાદ પ્રસંગ સાંભર્યો, પણ ગીર તો મારી બાળ સંગાતણ. મને તો એના ડુંગરે ડુંગર, નાળે નાળાં અને ઝાડવાં સાંભર્યાં. જંગલનાં એ ભોળુડાં માનવીઓનો મે'માન પ્રત્યેનો ભાવ, સોરઠની પરોણાચાકરીનો કંઈક અવશેષ એ તપસ્વીઓને ઝૂંપડે રહ્યો છે. એકનું બે ન જાણે એવા એ માલધારીઓની સાથે લેણદેણ કરવાવાળા અને જીવતાં માનવીનું લોહી પીનારા ''ખાટકી'' જેવા ગીરના વેપારીઓ સાંભર્યા.

ગીર પ્રદેશમાં ચોમાસાની કાળી રાતે હાથીની સૂંઢધારે વરસાદ વરસી રહ્યો હોય, ઝૂંપડાની પાછળ સાવજો હૂંકી રહ્યા હોય, એમાં ભેંસોને દોનારી, નજરોનજર જોયેલી એ પહાડી કન્યાઓ મને કેમ ન સાંભરે?

## ચારણ કન્યા

ગીરના એ માલધારીઓનાં દુઃખ લખું તો આખી ચોપડી થાય. એને તો ત્રણેય ઋતુ સરખી દુઃખદાયક.

જેને જોતાં ગર્ભિણીના ગર્ભ સ્રવી જાય એવી ભયંકર રાવલ, ઘોડવડી, મછુંદ્રી, શીંગવડો, હેરણ, જમરી વગેરે નદીઓની બસો બસો હાથ ઊંચી ભીંત જેવી ભેખડોને આરે પાણી ભરી ભરી એમનાં ઢોરોને એ ઘેર પાણી પાય. ગીરનાં દૂધ એવાં ઘણાં જ મોંઘાં છે.

એ મોંઘાં દૂધનાં પી જનારાં તથા માખણનાં ખાઈ જનારાં ગીર સિપાઈઓનાં ઘોડાં ! એ મારાથી કેમ ભૂલાય ?

રાવલ, જમરી અને ઝેરકોચરી નદીથી વીંટાયેલ, સરખા કાળા પાણાનો બનેલ, 'સુરનળા' જેવી તળિયાં ફૂટેલ નદીને પડખે ઊભેલ, વસમી ધરામાં સતનાં બહારવટાં ખેડનાર વેજાજીનો બાંધેલ વેજલકોઠો પણ સાંભર્યા વિના કેમ રહે ?

કાંડાં કરડાવીને ઉછેરેલ પોતાની વોડકીને પાંચ સાવજ મળી મારી નાખે. એ હીરબાઈ ચારણ્ય કેમ સાંખી શકે ? હાથમાં એક ગોબું લઈ પાંચે સાવજોને પોતાની વોડકી પરથી તગડી મૂકે, ત્યારે સાવજને કાંઈ ઓછું વસમું લાગતું હશે ? એ સતવાદી ચારણકન્યાની હિંમત સામે વનરાજો પોતાનું મારેલ ખાજ મેલી દઈ ચાલતા થઈ જાય, એ મને સાંભર્યા વિના કેમ રહે ?

ગીરમાં જ્યારે શીતળા આવે ત્યારે તો ત્યાં ઊભું પણ ન રહેવાય. પાંચ હોય તેની પાંચ, અને સો હોય તેની સો ભેંશો અને ગાયો ઝોકમાં મરેલ અને અધમૂઈ પડી હોય ! એટલાં બધાં ઢોરોને આઘે કોણ લઈ જાય ? માલધારી બિચારા તેજ વિહોણે મોઢે આશાભંગ થઈ ગાંડા જેવા થઈ ગયા હોય.

હું પહાડી જીવડો છું, શહેરી નથી. આખી ગીરને પાંદડે પાંદડે ફર્યો છું. હાથે હાથ ન સૂઝે

## બાળપણનાં સ્મરણો

એવી રાત મળી હોય, ડુંગરને ગાળેગાળેથી મેઘ મહારાજનાં નીર કિકિયારા કરતાં ખળકતાં હોય, ક્યારેક વીજળી ઊંધે માથે પહાડ પર પછડાતી હોય, નદીઓએ મરજાદા મેલી હોય, બેઉ કાંઠે કોગળા નાખતાં ડો'ળાં પાણી ધૂઘવાતાં હોય, પડછંદ અવાજે આભ ગાજતો હોય–એવી ગીરમાં, પોતાના જીવથી પોતે બીએ એવી ભયંકર રાતે, મને બહાર ફરવાના કોડ થતાં 'લખી' નામની મારી ઘોડીને તૈયાર કરી એના પર સવાર થઈ એ નદીઓમાંથી સામે કાંઠે કાઢતો. નાની અવસ્થાના મારા એ દિવસો મને સાંભર્યા વિના કેમ રહે ?

આગબોટે જાફરાબાદ છોડ્યું. નવી બંદર આવ્યું ત્યાં તો માછીઓનાં બેસુમાર હોડાં જોયાં. ગીરનું બધું ઘી આ બંદરેથી સામે કાંઠે ચડે છે. સોરઠમાં કોઈ બાકી રહેતું હશે ?

જાલંધરની નગરી દીવ આવ્યું એનું જોવા લાયક સ્થળ, ફિરંગીની દેવી ચાંપલનું આભથી વાતો કરતું દેવળ દરિયામાં દેખાય છે. અહીં સૂરજ ઊગ્યો અને પાણી વહેરીને આગબોટ મુંબઈ પહોંચી. એ તો મહામાયા મુમ્બાદેવીના રાજ. જીવતી જાગતી નગરી. પાણીનાં એણે ચીર પહેર્યાં છે અને કિનારીમાં શિવાજીના ડુંગરાઓની હારમાળા ગૂંથી છે.

ઘણું કરીને સન ૧૯૩૯નું વર્ષ હતું. 'કાગવાણી' ભાગ પહેલો રાણપુર પ્રેસમાં છપાતો હતો. તે વખતે હું બોટાદમાં શ્રી મેઘાણીભાઈને ઘેર રહેતો.

એ અરસામાં રાજકોટની લડત ઊપડી. દરબારશ્રી વીરાવાળા સાથે મારે ઓળખાણ હતી, પણ ઢેબરભાઈને કોઈ દિવસ નહીં મળેલો. શ્રી મેઘાણીભાઈએ મને પૂછ્યું, 'આપણે તો નાના ચોવટિયાઓ કહેવાઈએ, રાજકોટ જઈએ તો કેમ ?'

### શ્રી ઢેબરભાઈ સાથે મુલાકાત

મેં હા પાડી અને બન્નેએ જવું એવો નિર્ણય થયો. પરંતુ મેઘાણીભાઈને કાંઈક જરૂરનું કામ આવી ગયું, એટલે એમણે એક ઓળખપત્ર જેવો ભલામણપત્ર શ્રી ઢેબરભાઈ ઉપર લખી આપ્યો.

હું રાજકોટ ગયો અને દરબાર વીરાવાળાને ત્યાં ઉતારો કરી સીધો જઈને શ્રી ઢેબરભાઈને મળ્યો. આજે છે તેવા સાદા અને સોયલા ઢેબરભાઈ ત્યારે પણ હતા. બન્ને હાથ જોડેલા અને આંખોમાંથી મીઠપ વરસે. એ મિલન આજે પણ યાદ છે.

મેઘાણીભાઈનો પત્ર આપ્યો. તે વાંચ્યા પછી મીઠાશથી પરંતુ દઢતા સાથે કહ્યું, 'વાળાઓના હાથની કૃપા–ભેટ પારસમણિની હોય, તો પણ તે રાજકોટની પ્રજા નહિ સ્વીકારે. દરબાર વીરાવાળા ઠાકોરશ્રીનું હિત ઈચ્છતા હોય, તો રાજકોટ છોડી દે અને બગસરા જાય, એટલે પછી સમાધાન જ છે.' મારી અને ઢેબરભાઈની પહેલી ઓળખાણ આવી રીતે થયેલી. પછી દિવસો, મહિનાઓ અને વર્ષો વીતી ગયાં. પણ ફરીને મળેલા નહિ.

માનું છું કે મારી કવિતાના સૂર ક્યારેક એમના કાને પહોંચતા હશે. સમયનું ચક્ર ફર્યું. સ્વરાજ આવ્યું. સૌરાષ્ટ્રમાં કોંગ્રેસના મોવડી તરીકે શ્રી ઢેબરભાઈએ રાજતંત્રની લગામ હાથમાં લીધી અને ગરાસદારી અને બારખલી નાબૂદીના કાયદાના પગરણ મંડાણાં.

સને ૧૯૫૧ની વાત છે. મને ખબર પહોંચાડવામાં આવ્યા કે, 'ગરાસદાર, બારખલીદાર; સરકાર અને ખેડૂતો એ બધાના પ્રતિનિધિત્વવાળી પ્રવર સમિતિની બેઠકમાં મારે રાજકોટ ખાતે હાજરી આપવાની છે.

સન ૧૯૫૧ થી ૧૯૫૫ સુધીનાં પાંચ વર્ષ દરમિયાન શ્રી ઢેબરભાઈ સાથે લાગલગાટ કાયમ પરિચય રહ્યો, કારણ કે ચારણો, બ્રાહ્મણો વગેરે બારખલીદારોની ઘરખેડના કામે મારે અઠવાડિયે, પખવાડિયે રાજકોટ જવાનું થતું. દિવસે ઓફિસનું કામ ચાલતું અને રાત્રે ઢેબરભાઈને ઘેર ભજન–કાર્ય ચાલતું. નાનો એવો ડાયરો જામે, ભજનોની ધારા શરૂ થાય. ગાનાર અને સાંભળનાર બધાં રસથી ભીંજાતાં. સૌ આનંદમય બની જતાં.

### શ્રી મેઘાણી સાથેનું જૂનું સ્મરણ

એક જૂનું સ્મરણ તાજું થાય છે. દુહા (સોરઠા) મને વિશેષ પ્રિય છે, અને સૌરાષ્ટ્રને તો એ ખૂબ ખૂબ પ્રિય છે.

'કાગવાણી' ભાગ બીજો રાણપુરમાં છપાતો હતો ત્યારે હું બોટાદમાં શ્રી મેઘાણીભાઈને ત્યાં રહેતો. ચોપડીનું મને ન ફાવે તેવું ગડમથલિયું કામ એમને માથે હતું. એક દિવસ મને એમણે કહ્યું : 'કાગને પોતાને સંબોધીને થોડાક દુહા લખો.'

અંતર્યામીને સંબોધીને મેં દુહા લખવા શરૂ કર્યા. એક રાત્રે અડધો દુહો એ બોલ્યા :

**'કાગા ! કરશે કાણુ એની મોડાં મોડાં માનવી'**

આગળની લીટી મેં લખી કે;

**મન મેલાં માનવીઓ તણાં, મડદાં ધખે મસાણ,**
**(પણ એની)કાગા ! કરશે કાણુ, મોડાં મોડાં માનવી.**

ભાવાર્થ એવો છે કે, મનનાં મેલા એવા કપટી માણસને ખરખરે માણસો કામકાજ પરવારી મોડા મોડા જાય છે.

બીજી એક લીટી બોલ્યા કે;

**કાગા ! એની કાણુ, ઘર ઘર મંડાશે.**

આગળની લીટી મેં લખી કે;

**મીઠપવાળાં માનવી, જગ છોડી જાશે;**
**કાગા ! એની કાણુ. ઘર ઘર મંડાશે.**

હે કાગ ! મીઠાશવાળા માણસ જ્યારે મરણ પામશે, ત્યારે એની પાછળ તો ઘરોઘર કાણ મંડાશે.

એ વખતે થોડાક દુહા લખાયેલા, પણ એમની

અંતરેચ્છા તો પાંચસો દુહાનું એક પુસ્તક બહાર પાડવાની હતી. પરંતુ એ તો ગયા અને એમની ઈચ્છા મારા હૃદયમાં જાગતી અને ગુંજતી રહી.

**'દિન ગણંતે માસ ગયા. વર્ષે આંતરીઆ;**
**સૂરત ભૂલી સાયબા; નામે વિસરીઆ.'**

મેઘાણીની ચિતા પર દિવસોના ઊના અને ઠંડા પડદા પડી ગયા. મહિનાઓ ગયા. કાળ મહારાજનો વેગ વધ્યો. નવા પ્રભાતનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. એમાં કોમળ અને કઠોર બન્ને પ્રકારના ધ્વનિ હતા. સુંદરતા અને ભયંકરતા મૂર્તિમંત થતી હતી. આશા–નિરાશાનો ઝણકાર સંભળાતો હતો. શ્રદ્ધા-અશ્રદ્ધાની ઘંટડી વાગતી હતી. હર્ષ અને શોકની ઝાલર રણઝણતી હતી.

## કાળ મહારાજ

આ બધા સૂરીલા અને બસૂરા તાલને મેળવીને કાળ મહારાજ આંસુ પાડતો હસતો હતો. વિરોધી સૂરોનો મેળ અને વિરોધી મેળની નોબતને કુંવારે અવાજે દેશને આવરી લીધો હતો. એ અવાજે સમસ્ત જગતને બાથમાં ભીડયું હતું. એ અનૂઠા અવાજે માનવીનાં માથાંઓમાં ભ્રમ ઉત્પન્ન કર્યો. માનવી માનવી ટળ્યો. વર્ણો ધર્મ ચૂકયા. ભૂતનો વળગાડ વળગ્યો. ખોટી ભૂખ જાગી. એ ભૂખને ટાળવા સૌ કોઈ એ–બધા જ ધંધાદારીઓએ–પોતાના જ માંસનું ભક્ષણ કર્યું! એથી એમની ભૂખ ન ટળી, પણ વધતી જ ગઈ, કારણ કે વળગેલું ભૂત બધું ખાઈ જતું હતું.

આવો કાળ જ્યાં દેશ પર વ્યાપ્યો હોય, સૌ કોઈ ભાનભૂલ્યાં થઈ જતાં હોય, તેની અસર કવિ–સાહિત્યકારને પણ લાગે છે, કારણ કે કવિઓને તો કાળબળની અસર સૌથી પહેલાં અને વધારે થાય. એમનાં માથાં અને હૃદય નવીનતાને સૌથી પહેલાં આવકારે છે, પછી એ સ્પૃશ્ય હોય કે અસ્પૃશ્ય. મારી દશા પણ એવી જ હતી. છતાં હૃદયમાં કોઈક કહેતું હતું કે 'પાંચસો દુહા લખ.'

## ગીતોની રચના

આજે લખેલું કાલે જૂઠું પડે. આજે નજરે જોયેલો પુરુષ વહેલી પ્રભાતે સ્ત્રી બની જાય. આજે દીસતો છત્રધારી કાલે રંક બને. આજે કેદખાને પડેલા કેદીઓ બીજે દિવસે સત્તાધીશો બને. આજના ડાહ્યા સવારે ગાંડા બને. આજનો કવિ કાલે મૂર્ખતા પ્રાપ્ત કરે. આજનો પરાધીન કાલે સ્વતંત્રતાના શિખર ચડીને ગગનને સ્પર્શે. આવા ક્ષણે ક્ષણે થતા ફેરફારોમાં કાવ્યો શું ? ગીતો શું ? અને વાર્તા શું ? એ બધાં તો સ્થિરતાનાં છોરુ છે અને કાળથી અબાધિત છે.

આ સંયોગોના મંથનમાં પણ 'દુહા લખ અને અબાધિત લખ' એવા અંતરમાં બેઠેલ મિત્ર મેઘાણીના અવાજે મને દુહા લખવા માટે હાથમાં કલમ લેવરાવી. દુહા તો લખાયા, પણ એ વાંચનાર કયાં? સાથે સાથે પૂ. મહાત્માજીના પ્રસંગનાં ગીતો પણ મારી સમજણ પ્રમાણે લખાયા.

ભૂદાન પ્રવૃત્તિએ મને ચમક ચડાવી; અને એ તરંગોમાં વિનોબાજી અને ભૂદાનનાં ગીતોનો ફાલ મારી ચિત્તભૂમિમાંથી ઊતર્યો. પણ પૂ. રવિશંકર મહારાજ તો મારી આરાધનાની મૂર્તિ બની ગયા. કવિ એવો છે કે એની હૃદયપાટી પર પડયા અક્ષરો એ કદી છુપાવી શકતો નથી. એ પ્રગટ થાય છે ને આમ જનતા એની માલિક બને છે.

સ્વ. શ્રી પટ્ટણીજીને દુલાભાઈ પોતાના કાવ્યના પોષક, સંરક્ષક અને પ્રેરણા માનતા. પટ્ટણીજીની ચિરવિદાય પછી પોતાની અને એમની વચ્ચેના સંબંધોનું આલેખન કરતાં લખે છે કે; "સ્વ. પટ્ટણીજીનો ને મારો પહેલો મેળાપ એક વસમી વેળાએ અને વસમી રીતે થયેલો. ભાવનગર તાબાના ચારણો પૈકી કોઈ નિર્વંશ ગુજરી જાય,

તો તેનો ગરાસ રાજમાં દાખલ થાય, એવા એક જરી પુરાણા, કોણ જાણે કઈ અડબંગ રીતે થયેલા ધારાનો અમલ સંવત ૧૯૮૪માં એકાએક અમારા ઉપર થયો. એ અન્યાય હતો. એની સામે દાદ મેળવવા અમે પાંચસો ચારણો–સ્ત્રીઓ ને પુરુષો–ભાવનગર પહોંચ્યા. એક દી, બે દી, એમ સત્તાવીશ દિવસ અમે પાંચસો ગરીબોએ ખેંચ્યા, પણ પટ્ટણીજીનો મેળાપ જ ન થાય! અમને ક્યાંય પટ્ટણીજી ગોત્યા ન જડે. પટ્ટણીજીને ઘેર જઈએ તો કહે, 'લીલે બંગલે પધાર્યા', ને બંગલે પોગીએ ત્યાં બીજે દરવાજેથી બહાર ચાલ્યા ગયા હોય!

**પટ્ટણીજી સાથેનો પ્રસંગ**

આખરે એક દી અમે પાંચસો ચારણ–ચારણ્યોએ લાગ ગોતી સ્વ. રમાબાની મોટરને રોકી પાડી. મને ઝાંખું ઝાંખું એમ સાંભરે છે કે, બળેવને દી એ મહારાજા સાહેબ (તે દિવસ ૧૫ વર્ષના) ને રાખડી બાંધવા જતાં હતાં. આ ચારણ અરજદારો સાથે ભટકાઈ ન જવાય એ માટે મહારાજા સાહેબને પણ એ બધા દિવસો નીલમ બાગમાં જ વીતાડવા પડેલા. અને ચારણ વરણ કાંઈક અવળો કામો કરી બેસશે, એવા વહેમથી બળેવની સવારી પણ બંધ રહેલી, એમ અમારું માનવું થયેલું.

**રમાબા** : શું છે તમારે?

**અમે** : બીજું કાંઈ નહિ અમને પટ્ટણી સાહેબનો મેળાપ કરાવો.

**રમાબા** : પટ્ટણી સાહેબ તમને મળતા નથી?

**અમે** : સત્તાવીશ દીથી આંહી પાંચસો ચારણ પાટકીએ છીએ તોય પટ્ટણી સાહેબ નથી મળ્યા!

**રમાબા** : તો એ પટ્ટણી સાહેબ જ નહિ! હું તમને વેણ દઉં તો મને છોડશો?

લાંબી સમજાવટ પછી હઠીલા ચારણોએ રમાબાને જવા દીધાં. પછી કોણ જાણે શુંયે થયું કે પટ્ટણીજી મોટરમાં તત્કાળ આવી પહોંચ્યા. આવીને અમને તો ખૂબ બિવરામણી બતાવી. ડારા દઈને પાછી સડડડ મોટર હંકારી મેલી. તે પછી અમે લાંઘણ આદરી. એક, બે ને ત્રીજી લાંઘણે અમને પટ્ટણી સાહેબની મુલાકાત નીલમ બાગમાં હજૂર બંગલે થઈ. પોતે અમને ધમકાવવા માંડ્યા. એમનું છેવટનું વાક્ય આ હતું : 'શું તમે ચારણો આંહી મોખડાજી ગોહિલનીયે પહેલાં ગરાસ લઈને બેઠા'તા, એમ?'

**વાદવિવાદ**

મારાથી પછી ન રહેવાણું, હું તો નાની ઉંમરનો, પણ હિંમત કરીને આગળ આવ્યો. ત્રણ દીની લાંઘણ ખેંચ્યા પછી ખામોશ રાખવાનું ન બની શક્યું. મને મારાં બોલેલ વેણ યાદ છે મેં કહ્યું હતું કે : 'સાહેબ, તમે મોખડો ગોહિલ, મોખડો ગોહિલ શું કરો છો? અમારા ઘરમાં તો પેશ્વા, સીદી સરકાર, ખસીયાઓ અને વાળાઓ વગેરેના જૂના લેખ-પરવાના છે. ને ભાવનગરનો પૂર્વજ મોખડો તો હજી ગઈ કાલે રાણપુરથી ઉતરીને પેરંભ આવેલો. ક્યાં મોખડો! ક્યાં અમારાં દરિયાકાંઠાનાં ગામડાં! શું મોખડાની આણ ત્યાં કંઠાળ ફરતી'તી સાહેબ?

સાહેબ! ડાહ્યા તો અમે તમારા કરતાં વધારે છીએ. પણ અમારી પાસે તમારાં ભાગ્ય નથી, ના! નીકર તમારી એકેએક દલીલનો અમે બરોબર ઉત્તર દઈએ પણ ભાગ્ય પટ્ટણીનાં ક્યાં કાઢવાં?

અને સાહેબ, તમારી કવિતાની લીટીયું મને મોઢે છે કે—

**'જન મન અંદર પેસી શકીને,**
**દુઃખમાં ભાગીઓ થાઉં;**
**દુઃખિયાનાં દુઃખમાં ભાગીઓ થાઉં;**
**બની શકે તો શાંતિ પમાડું,**
**(નહિ તો) એને આંસુએ ન્હાઉં,**
**બતાવો ઉપાય કો એવો...**
**બનું દુઃખે ભાગીઓ જેવો...'**

### પડકાર

તે, સાહેબ ! આજ અમારાં આંસુ શું ના'વા લાયક નથી ? શું ભોરીંગડાના કણબી પટેલનાં આંસુ ના'વા જેવાં હતાં ?

તમારી કવિતા જો સાચી હોય તો, સાહેબ ! અટાણે અમારાં આંસુએ ના'વ., ને ખોટી હોય તો તમે જાણો !'

હું જ્યારે બોલવા માંડયો, ત્યારે પટ્ટણીજીએ કતરાઈને પૂછેલું કે 'આ નવો ચારણ કોણ છે ? બોલકો લાગે છે !' પણ મેં જ્યારે એમની કવિતાના વેણ ઉપર કટાક્ષ કર્યો, ત્યારે બેય હાથની હથેળીઓમાં પોતાનું મોં દાબી દઈ ખુરશી માથે એક બાજુ ઢળી પડ્યા.

મેં એ દૃશ્ય દેખ્યું, તે વખતે ધ્રાસકો પડયો કે, 'આ મેં શું કર્યું ?'

વાતને વધુ લંબાવતો નથી. તે દિવસ પટ્ટણીજીએ અમારી દાદને ન્યાય આપનારો ઠરાવ કર્યો. અને અમે સૌ પંદર વર્ષના બાલ મહારાજાને તેમ જ પટ્ટણીજીને આશિષો આપી ઘેર ગયાં.

વર્ષો વીત્યાં. મોટા થયેલા મહારાજા પાસે હું મહુવે જઈ રામાયણ સંભળાવતો. પટ્ટણીજીને મળવાનું કોઈ પ્રયોજન જ ઊભું થયું નહોતું. એક દિવસ કુટુંબ સહિત એ વિકટર આવ્યા. મને યાદ કર્યો. હું ગયો. પોતે કહ્યું, 'રામાયણ સંભળાવશો ?' મેં સંકોચાતે દિલે કહ્યું, 'આપ તો વિદ્વાન છો, આપની સામે...'

ત્યાં તો રમાબા બોલી ઊઠયાં : 'ભલે અમે વિદ્વાન રહ્યાં, અમારે તમારે મોંયેથી વાણી સાંભળવી છે.'

રામાયણ સંભળાવીને હું નીચે ઉતર્યો, ત્યારે એક અધિકારી સ્નેહીએ મને રોકયો, કહ્યું, 'પટ્ટણી સાહેબ તમને કંઈક આપવા માગે છે.'

### અજાચક વ્રત

હું લેતો નથી એ વાત હું એમને સમજાવવા માગતો હતો, ત્યાં પોતે જ નીચે ઊતર્યા, પૂછ્યું : 'શી ચોવટ ચાલી રહી છે ?

મેં એમનો આભાર માની મારી મુશ્કેલી સમજાવી. એમણે પૂછ્યું : 'કયાંયથી લેતા નથી ?'

મેં કહ્યું : 'ના સાહેબ.'

'ઠીક ત્યારે' એમ કહી મારી પીઠ થાબડતાં થાબડતાં એમણે મને કહ્યું; 'તમારું નીમ મને ગમ્યું છે. હુંયે તમને કહું છું કે કયાંય માંગશો નહિ, કયાંયથી લેશો મા !'

એ પ્રસંગનો મર્મ મારા મનમાં આ રીતે સંઘરાયો છે કે, 'પોતે દાન આપીને મોટાઈ મેળવવી, અથવા આવા કોઈ નીમધારીને નિહાળી તેના પ્રત્યે તુચ્છકાર અનુભવવો, એ એક સ્વાભાવિક ક્ષુદ્ર લાગણી છે એમ તેઓશ્રી માનતા હતા.

### સહૃદયતા

તે પછી અમારું મળવું વિશેષ થવા લાગ્યું. ભાવનગર ગયો હોઉં તો બંગલે લઈ જાય, આખા ઘરને ભેળું કરે. અમે તમામ ડાયરો ધરતી માથે એક જ ગાલીચે બેસીએ. હું સંભળાવું ત્યાં સુધી સૌ એકકાન થઈ સાંભળે, ગાંધીજીનાં ગીતો વિશેષ ગાવાનું પોતે મને સૂચવે અને હું ગાઈ રહું પછી સૌ એ ગીત પર જ ચર્ચા કરે.

પોતાને ઘેર જલસો કરવા અથવા બે ઘડીનું મનોરંજન લૂંટવાની હળવી મનોવૃત્તિથી તો ઘણા તેડાવે, પણ અહીં મેં જોયું કે, ગંભીર જ્ઞાન-ભૂખ અને સત્સમાગમની વિવેકભરી તૃષા છે. ચારણને, વાર્તાકારને, સાહિત્યકારને કે ટીખળકારને, પોતાનો થાક ઉતારનાર તરીકે, વિદૂષક તરીકે, કાંઈ નહિ તો શોભાની કલગી તરીકે, સાથે ફેરવવાની એક તાસીર હોય છે, તે જુદી. ને એ પુરુષનું મારા પ્રત્યેનું વર્તન

સાવ જુદું જ; એ મેં એમની સાથેના પ્રવાસો દરમિયાન વધુ ને વધુ જોયું. મેં જોયું કે એઓશ્રી મને પોતાનો સાહિત્યરસનો સાથી ગણતા. મારી સાથેની એકલ બેઠક વધુ પસંદ કરતા. એમના અંતરની અંદર ઘણે ઘણે આઘે સુધી મને લઈ જતા. હું ચારણ કવિ છું ને પોતે રાજપુરુષ છે, એવું નહોતું રહ્યું.

### કેટલાક પ્રસંગો

આ સહવાસ દરમિયાન મેં અનુભવેલા કેટલાક પ્રસંગો ને વાર્તાલાપો ટપકાવું છું.

**પ્રશ્ન :** માણસ કેવો છે એનો છેલ્લો આંક શા પર બાંધવો ?

**જવાબ :** અજવાળામાં હોય તેવો નહિ, પણ અંધારામાં હોય તેવો.

*

એક માણસે આવી પટ્ટણીજીને કહ્યું કે "બાપજી, ફલાણો માણસ તમારી વિરુદ્ધ બહુ જ બોલે છે અને તમે તો તેને કોઈ ને કોઈ રીતથી લાભ આપી બચાવ્યે જ જાઓ છો.

**જવાબ :** સાચી વાત, ભાઈ! એક વાત છે. સાંભળો : એક સાધુ નદીમાં સ્નાન કરતો હતો. ત્યાં વીંછી તણાતો આવતો જોઈ તેને બહાર કાઢવા પાણીમાંથી હાથમાં લીધો. તુરત જ વીંછીએ ડંખ દીધો. દુઃખ થયું અને હાથ ઝોટાણો એટલે વીંછી પાણીમાં ગયો. પાછો લીધો. દસેક વાર લીધો ને દસેક વાર વીંછી કરડયો. ઘણું ઝેર ચડવાથી સાધુ પડી ગયો. એક માણસ આ બધું જોતો ઊભો હતો. તેણે પાસે આવીને પૂછ્યું કે 'કરડવા છતાં આપે વારંવાર વીંછીને શા માટે હાથમાં લીધો ?' અગાધ વેદનામાં સાધુ હસીને બોલ્યો કે 'ભાઈ! વીંછી જેવું ઝેરી પ્રાણી પણ પોતાનો સ્વભાવ જે ડંખવાનો છે તે છોડતું નથી, ત્યારે મારે મારો સાધુનો સ્વભાવ-જે બચાવવાનો છે તે-કેમ છોડવો ?'

*

### અવિસ્મરણિય

લીલે બંગલે બરાબર બાર વાગે પોતે જમવા ઊઠતા હતા, તે વખતે એક દાઢીવાળાને દીઠો.

'પટાવાળા! પે'લા દાઢીવાળા કોણ આંટા મારે છે ?'

'બાપુજી! ચારણ છે, મળવા માગે છે.'

'હા, હા, એમને અહીં તેડી લાવો.'

ચારણને જોઈને પટ્ટણીજીએ પૂછ્યું : "ગઢવી ક્યારે આવ્યા છો ?"

'સૂરજ ચોટીઆવા ચડયો ત્યારથી આવ્યો છું. પણ મોટરનું ઠાઠિયે ઠાઠિયું ધાસે, એટલે મારો તો વારો જ આવ્યો નહિ !'

'તમારું નામ ?:

'હાજો ગઢવી.'

'કહો, શું કહેવું છે ?'

'બાપ ! પણ હું માંગુ તે આપ હા કહો તો કહું.'

'અરે, ગઢવી ! આ હળાબોળ કળજુગમાં વચન અપાય ખરું ?'

'તો કાંઈ નહિ' એ એંશી વરસનો ચારણ ડોસો પોતાની ધોળી દાઢી પર હાથ ફેરવતો પાછો ફર્યો. પટ્ટણીજીએ ઊભા થઈ હાથ ઝાલ્યો 'ગઢવી ! કંઈક જરૂર હોય તો જે કહો તે હું મદદ કરું.'

'ના બાપ ! મારે તો તારું વેણ લેવું છે.'

ઘણી રકઝક પછી "કહો, માગો, ગઢવી ! મારી જોગ માંગજો."

'બાપ, તું તો શંકરનો ગણ છો, જેથી પલંગ પરથી આ ખુરશી પર ઘડીક બેસ, મારે તારી સાત પ્રદક્ષિણા કરવી છે.' દિગ્મૂઢ બ્રાહ્મણ ડોસો આંખો મીંચી બેસી રહ્યો. ચારણ ડોસો પ્રદક્ષિણા કરી પગે પડયો !

ઘડીક આડીઅવળી વાતો ચાલ્યા પછી પટ્ટણીજીએ કહ્યું, 'ગઢવી ! તમે એકલું માગી જ જાણો કે

તમારા જેવું હોય તો બ્રાહ્મણ સાધુને આપી શકો ખરા?'

'અરે બાપ, હું તે શું આપી શકું? પણ અમારા ઘરધણી જોગ તો બ્રાહ્મણ સાધુ આવતા તો હશે જ ના! અમે પણ હાથ જોડી યથાશક્તિ આપીએ તો ખરા જ ના! રાજા દાને ને પ્રજા અસનાને.'

'ત્યારે હું માગું તો મને આપશો? આપણે બ્રાહ્મણ ચારણ તો એક જ છીએ.'

'ઓહો બાપ! હું શું આપું? વિશંભરે તને શી વાતનો ત્રોટો રાખ્યો છે, બાપ? તારા ભાગ્યમાં તો હજારુંના ભાગ્ય સંધાઈ ગયાં છે. પણ મારા જેવું કામ હોય તો ગરઢો છું, તોય એ ગઉ ઘોડચો જાઉં.'

'વાહ ગઢવી! માગો છો, તેમ પાછા દઈ જાણો છો ખરા.'

પછી પટ્ટણીજી ઊભા થયા. હાજા ગઢવીના હાથ ઝાલી એમને ખુરશી પર બેસાર્યા. સાત પ્રદક્ષિણા કરી, પગે એક સો રૂપિયા મેલ્યા.

ચારણે જવાબ દીધો: "બાપ! મેં કહ્યું છે કે મારા જેવું કામ હશે તો કરીશ. આ રૂપિયા લેવા એ કામ મારું નથી."

એટલું કહી રૂપિયા વગર જ હાજો ગઢવી ચાલ્યા ગયા, અને ફરી કદી આવ્યા જ નહિ.

### કચ્છની એક વાત

ગામ ઘણું સારું ને મોટું પણ ખરું. વાહ ગામ!' ગગા ઓઝાને આપેલ તુરખા ગામ જોઈ ને ભાવનગરના બાળ મહારાજાના મોઢામાંથી એ વેણ નીસર્યાં, પટ્ટણીજી સાથે હતા. ધીમે ધીમે મોટર પંથ કાપવા માંડી. આડીઅવળી વાતો ચાલતી હતી. થોડીક વાર પછી પટ્ટણીજીએ એક નાની વારતા માંડી: 'મહારાજ! કચ્છની એક વાત છે. તે દી' રા' પ્રાગમલજીની થાતી ઉંમર; તાજા ગાદીએ બેઠેલા. ફરવા નીકળ્યા. ગરઢા વજીર રૂપસંગજી સાથે. એમાં ચારણોનું એક ગામ રસ્તામાં આવ્યું. ગામ તે ગામ જેવું ગામ; લીલું નાઘેર; હરણકપાળી કાળી જમીન. માંજેલ સ્લેટ જેવાં ખેતરડાં, અને હાંડા જેવું ગામ જોઈ રા' પ્રાગમલજી બોલ્યા, 'વજીરજી! ગામ બહુ સારું. આ ગામ આપણું છે કે બીજાનું?'

ઘોડાગાડી આગળ વધી. ધીરે રહી વજીર બોલ્યા: "બાપુ! આ ગામ તો દસોંદી ચારણોનું છે. આપના વડવાઓએ આપેલ છે."

### અનુકરણીય

ચાલતાં ચાલતાં રાજના બીજા ગામનો સીમાડો આવ્યો. આઠ-દસ હાથ સરહદ છેટી રહી, ત્યારે એ બુઢ્ઢો રજપૂત ગાડીથી હેઠો ઊતરી પોતાના લૂગડાથી ઘોડાઓને તથા ગાડીને ખંખેરવા માંડ્યો. રાજાને કુતૂહલ થયું, ગાડી ચાલતી થઈ. ધીમે રહીને રા' પ્રાગમલજીએ પૂછ્યું, 'વજીરજી! તમે આ શું કર્યું?'

'જીયે રા, બાપુ! વાત એમ છે કે આ ગામ ચારણોને બક્ષીસ આપેલ છે. રાજાનો એવો ધર્મ છે કે બક્ષીસ આપેલી વસ્તુનો કોઈ દિવસ ઉપભોગ કરવો નહિ. પણ હકીકત બહુ ઝીણી છે. તે એ કે, આ ચારણોના ગામની ધૂળ ઘોડાઓને તથા ગાડી અને પૈડાંને ચોંટી હતી. એ ધૂળ જો આપણી જમીનમાં મળે, એની આવકનો પૈસો આપણા ખજાનામાં આવે, તો તે સર્પ રૂપ છે. એ વાતને હું જાણું છું. એટલે ચારણોની ધૂળ એની હદમાં ખંખેરી નાખી છે.'

પોતાના રાજાની આવક વધારવા પ્રિય થનારા અત્યારના મુત્સદ્દીઓમાં કોઈ મોઢાં એવાં છે કે પોતાના રાજાને આવી વાત સંભળાવે?

*

## કવિશ્રી દુલા કાગ સ્મૃતિ-ગ્રંથ

## કવિ અને પટ્ટણીજી

'કવિરાજ ! ઓરા આવો, પાસે બેસી વાતો કરીએ' એમ કહી, પટ્ટણીજીએ એક ચારણને પોતાની પાસેની ખુરશી બતાવી. ચારણ કવિ એમના પગ પાસે આવીને હેઠા બેસી ગયા. તેને બેઉ હાથ પકડી પટ્ટણીજીએ કહ્યું. 'ખુરશી પર બેસો'

ચારણ કહે, 'ના જી, તમારા પગ પાસે બેઠો છું, તે ઠીક છે.'

'ના, ના, ના, એ બને જ નહિ. કવિરાજ. હું કોઈને હેઠો બેસારતો નથી. અને જે દી મારા મનમાં બીજાને હેઠા બેસારવાની દાનત જાગશે તે દી પ્રભુ મને પોતાને જ હેઠો બેસારશે. દુનિયામાં જેઓ બીજાને હેઠા બેસારે છે, તેને હરિ હેઠા બેસારે છે.'

*

વસૂલાતી થયા પછી પટ્ટણીજી ખેડૂતોની સ્થિતિની તપાસ અર્થે ફરવા નીકળેલા. તેમનો મુકામ વિકટર થયો. હું વિકટરના બંગલે તેમનાં દર્શને ગયો અને તેમને વસૂલાતી થવા બદ્દલ મુબારકબાદી આપી. પોતે બોલ્યા કે, 'મુબારકબાદી તો હું થાણદાર થાઉં ત્યારે અપાય !'

*

## એક પ્રસંગ

એક દિવસ મેં કહ્યું, 'મારે એક અરજ કરવી છે.'

પોતે બોલ્યા : 'જરૂર કરો.'

'ઘણાં વર્ષોથી મારા મનમાં રમતી એક વાતનો નિવેડો હજુ સુધી આવ્યો નથી. આપ દીવાન હતા ત્યારે હું નાનો હતો, આપ કાઉન્સીલના પ્રમુખ હતા, ત્યારે પણ અરજ થઈ શકી નથી. હવે આપ...'

વચ્ચેથી જ પોતે મારી અરજી સમજી ગયા હોય તેમ બોલ્યા : 'સાંભળો, તમારી વાત વચ્ચે મારે બોલવું એ ઠીક નહિ, પણ પછી કદાચ ભૂલીયે જાઉં, આજ રાત્રે મારે તમારે ત્યાં જમવું છે.''

હું તો ટાઢો હિમ થઈ ગયો.

મારી બધી ગોઠવણી તેમણે પોતાની પ્રેમભરી ચાતુરીથી વાંચી લીધી. પણ મારા મનમાં એક બીક હતી કે ''આજ સુધી મારું નીમ પળાવ્યા પછી ઘેર આવી વેર વાળશે કે શું ?''

એટલે મેં કહ્યું : 'મારે ત્યાં આપ જમવા પધારો, એ મારાં અહોભાગ્ય; પરંતુ આપનો સ્વભાવ પાછો ઝળકાવતા નહિ. નહિ તો મારે ત્યાં જમવું એ વિલાયતની વીશીમાં જમવા જેવું થાશે.'

પોતે પૂછ્યું કે, 'તમારા માતુશ્રી હયાત છે ના ?'

મેં કહ્યું, 'હા'

'તો એ ચારણ જોગમાયાના હાથના ઘડેલા બાજરાના રોટલા અને દૂધ જ આપણે જમવાં છે.'

ચાંદલો કરવા જતાં થાળીમાં કાંઈક મુકાય, એ રિવાજનો પોતે લાભ લેશે તો ! એ બીકે અમે કંકાવટીની થાળી જ સંતાડી દીધી.

ઢોલિયા પર પોતે બેઠા, ત્યાં થાળી પગે ભટકાણી. એમણે પૂછ્યું; 'શું છે ?' મેં પેટની વાત કહી ત્યારે ઊલટાની એમણે મને હિંમત દીધી : 'ના, ના. હું કંઈ જ નહિ મૂકું'' પછી ચાંદલો થયો.

*

એક વાર જમતાં જમતાં પોતે બોલ્યા : ''કંઈક ગાંધીજીનું ગાઓ જોઈએ, આપણે આ વખતે સાથે હરિપુરા જવું છે અને બધાં ગીતો મહાત્માજીને સંભળાવવાં છે.''

મેં ઘણાં ગીતો સંભળાવ્યાં, પોતે પ્રસન્ન થઈને બોલ્યા, 'હરિપુરાનું ભાતું તો ઘણું રાખ્યું છે ને શું !'

*

વિકટરના બંગલામાં પ્રસંગોપાત વાત નીકળતાં એમને વિનંતિ કરી કે, ''આપની વાતો નાની, પણ હોય છે મંત્ર જેવી. કોઈ એકાદ ટુચકો સંભળાવશો ?''

પોતે બોલ્યા, 'હા, કહું : 'સોનાની કસોટી કાળો પથ્થર છે. (એનું નામ જ કસોટીનો પથ્થર છે.) એના પર ઘસવાથી સોનું કેટલા વલું છે, તે જણાઈ આવે છે, તેમ માણસની કસોટી સોનું છે.' [એટલે કે પૈસાથી માણસનું માપ જણાઈ રહે છે.]

*

## વેદના

એક વખત વાતો કરતાં કરતાં પોતાને હૃદયમાં દુઃખ થતું હોય તેમ લાગ્યું. છાતી પર હાથ ફેરવવા અને મોટા મોટા શ્વાસો લેવા માંડ્યા. કેટલું દુઃખ થતું હશે એ તો પોતે જ જાણે, પણ મોઢા ઉપર અસહ્ય વેદના થતી દેખાતી હતી. મારાથી સહેજે પૂછાઈ ગયું : "આપને હૃદયમાં શાથી દુઃખ થાય છે એની આપને ખબર છે કે નહિ ? કોઈ એવા ખોરાકથી, કે બહુ શ્રમ લેવાથી દુઃખ થાય છે ?" પોતે બોલ્યા : ઘણા ખોરાકો ખાધા અને બદલ્યા છે. શ્રમોયે ઘણા લીધા છે. પણ એનાથી દુઃખ થતું હોય એમ લાગ્યું નથી. પણ વેદના તો માત્ર એક જ વાતથી થાય છે અને તે એ કે એક ઠાંડ માણસ હોય અને તેના વિરુદ્ધ ફરિયાદ આવે અને હું એને કંઈ દંડ આપી શકું નહિ અને એ ઘણાં માણસોને દુઃખ આપ્યા વિના રહે નહિ. આ વિચારના તોફાનથી જ મને હૃદયમાં દુઃખ થાય છે; પણ મારી દયા કોને આવે ?"

*

ડુંગરના દરબારી ઉતારામાં ખેડૂતો અને વેપારીઓ વચ્ચે બેઠા બેઠા ધીમે સાદે પટ્ટણીજી બોલ્યા, "કાં શેઠિયાઓ ! વ્યાજના ભાવ શું ચાલે છે ?' એક વેપારી ભાઈ બોલ્યા, 'સાહેબ, હવે તો સવાયા રૂપિયા થાય છે. વ્યાજ ઘણાં હલકાં થઈ ગયાં !'

લોહી તપતું હતું ને હૃદયમાં આગ ભભૂકતી હતી, તો પણ થોડું હસીને બોલ્યા : "શેઠિયાઓ ! હવે સમજો તો સારું કહેવાય. મહારાજાની તિજોરીની કોથળીઓ ને કોથળીઓ ઠાલવીને ભાવનગરના ખેડૂતને કરજમુક્ત કર્યો. એક દસકો તો એને ચોપડામાંથી બહાર રાખો. પોણો ટકો વ્યાજ પણ હદપાર છે. તમને વિશ્વાસ કેમ નથી આવતો કે, જે ખેડૂત બાર મહિને મારી જબ્બર તિજોરી ભરી દે છે, તે તમારી નાનકડી પેટડીનો હડફો નહિ ભરી આપે !'

*

## પાદપૂર્તિ

વિકટરને બંગલે મુકામ હતો. બરાબર એકનો સમય થયો હતો. પોતે ગામડાંઓમાં પધાર્યા; બાવડે હાથ રાખી મોટરમાંથી ઊતર્યા, પથારીમાં પડ્યા અને મને બોલાવ્યો. ગજલની એક લીટી બોલ્યા. 'દયાના માગનારાઓ ! દયા કરજો, દયા કરજો' એની પાદપૂર્તિ બનાવશો ?'

વાત એમ બની હતી કે વિકટર તાબે મસૂદડા નામે ચારણોનું એક ગામ છે. આખાં ગામ ધરાવનાર ચારણોના પેટા–બારખલી તરીકે તેમના ભાણેજ ચારણો તથા પસાયતા ચારણો હોય છે. આવી પેટા બારખલી ચારણો ભાગદાર ગણાતા નથી. કારણ કે ગામેતી ચારણની આપેલી જમીન તેઓ ખેડતા હોય છે, અને સુધારા વરાડ પણ ગામેતીને ભરે છે. ભાવનગર તાબે ચારણોનાં આખાં ગામ ત્રીશ છે. તેમનાં સેટલમેન્ટ નક્કી થયાં છે. બારખલાઓને ભાગદાર ઠરાવી શકાય નહિ. અને તે બારખલા ચારણો દરબારમાં સીધો સુધારા વરાડ ભરી શકે નહિ, પણ ગામેતીને ભરે.

આ મસૂદડા ગામના ગામેતી અને બારખલાં (પસાયતાં) એક ચારણ ડોશીને તકરાર હતી. ડોશીની તકરાર એવી હતી કે તેઓ ભાગદાર છે. અને સુધારા વરાડ સીધો દરબારમાં ભરે. જો કે ખરી રીતે તેઓ પસાયતાં હતાં, ભાગદાર નહિ. (હું તે ગામની વહેં-ચણીનો પંચ હોઈ મને આ બાબતની માહિતી હોય

એ સ્વાભાવિક છે.) એવી રીતની ચોખવટ ઘણા વખત પહેલાં સેટલમેન્ટથી નક્કી થઈ ગયેલી હતી. આમ હોવા છતાં ડોશી જૂના જમાનાના માણસ હોઈ 'પોતે ભાગદાર છે' તેવી રીતની ફરિયાદ પટ્ટણી સાહેબ પાસે (જ્યારે ડુંગરથી પાછા વળ્યા ત્યારે) કરી અને તડતડતા તડકામાં મોટર આડે ઊભી રહી ખૂબ કકળાટ કર્યો. પટ્ટણી સાહેબને ડોશીના કકળાટથી બહુ લાગી આવ્યું અને વિકટર આવતાં ઉપરની ગજલની પાદપૂર્તિની લીટી બોલ્યા. એ લીટીનો આશય એ હતો કે 'નામદાર મહારાજા સાહેબે દયા કરી ચારણોને સાત પેઢીનો વારસો આપ્યો છે, માટે ગામેતી ચારણોએ પણ પોતાના તાબાના માણસો (બારખલાં વગેરે) પર દયા રાખવી જોઈએ.'

પણ જે સેટલમેન્ટથી નક્કી થઈ ગયેલ તે અત્યારે ફરે નહિ, એમ ઉપર જણાવ્યા મુજબ હકીકત હતી એટલે મેં પાદપૂર્તિની નીચે બીજી લીટી બનાવી અને બોલ્યો :—

**દયાના માગનારાઓ, દયા કરજો, દયા કરજો;**
**દયા કરનાર ઓ દાતા ! દયા હદ જાળવી કરજો.**

પોતે એ સાંભળીને હસી પડયા અને બોલ્યા : "ચારણોની તકરાર ચારણથી પાર પડે."

*

## ધોબીની ફરિયાદ

રાજૂલાના દરબારી ઉતારામાં ખેડૂતોનો ડાયરો પૂરો થયો. પોતે (થાકી ગયેલ હોવાથી) માંડ માંડ ઊભા થયા. લાકડીનો ટેકો લઈને જ્યાં ચાલવા જતા હતા ત્યાં તો એક ફરિયાદ આવી. બે ભાઈઓ વચ્ચેની તકરાર માટે ફરિયાદ હતી; અને હતી પણ સાવ ખોટી. ફરિયાદ કરનારને દરબારમાં તુમારો ચલાવવાનો શોખ હતો. બરોબર અર્ધો કલાક સુધી બધી હકીકત સાંભળીને પછી ધીરેથી આંખો ઉઘાડી જરાક હસીને ફરિયાદીને પૂછયું : 'જાતે કેવા છો ?'

ફરિયાદીએ કહ્યું : 'ધોબી.' પોતે આશ્ચર્ય–ઉદ્‌ગાર કાઢયા, 'હેં ! હેં !' ફરિયાદી બોલ્યો, 'હા સાહેબ ! ધોબી છું.' પોતે બોલ્યા, 'એમ ! સાંભળો, ધોબી ભગત ! પરમેશ્વર બે વાર હસે છે. એક તો મારા જેવડો બુઢ્ઢો જીવવા માટે દવા ઘૂંટાવતો હોય ત્યારે; અને બીજું એક માના બે દીકરા સામસામા લડે ત્યારે. અરે ભલા માણસ ! આખા મલકનો ધોયો અને પોતાનો જ સાચવી રાખ્યો ! (મેલ.)

ધોબી[1] બિચારો શરમાઈ ગયો અને સીધો રસ્તે જ પડયો.

*

## વિલાયત જતી વેળા

છેલ્લી વાર પોતે બંદરની લડાઈ માટે વિલાયત ચાલ્યા ત્યારે બનેલા પ્રસંગનો હું નજરોનજર સાક્ષી છું. રાતના ૮–૯નો સુમાર; રમાબા લગભગ મરણ-પથારીએ; તાવ ભરાણો હતો. એમણે પતિને પોતાની પાસે બોલાવીને હાથ ઝાલીને કહ્યું : "તમે અત્યારે વિલાયત જવા માગો છો ?"

'હા' ટૂંકો જવાબ.

'આપણે બેઉને સાથે જવાનું હતું તેને બદલે એકલા જાઓ છો ?'

'હા' એ જ સૂકો ટૂંકો જવાબ.

'મને આ સ્થિતિમાં મૂકીને ?'

જુઓ, એક પલ્લામાં તમારા ને મારા સ્નેહ–સંબંધને મૂકું છું, બીજા પલ્લામાં જેનું અન્ન ખાઉં છું તેના પ્રત્યેની ફરજને મૂકું છું. બીજું પલ્લું નીચે નમે છે માટે જાઉં છું. એમાં જો ઈશ્વરનો કોઈ સંકેત હશે તો આવતે અવતાર મારાં કરજ ચૂકવીશ. અત્યારે તો જાઉં છું.'

આડે દા'ડે વાતવાતમાં, ઘણીવાર તો ધૂળ જેવી લાગતી વાતમાં પણ, ગળગળા બનનાર પટ્ટણીજી તે

૧. લડનાર ધોબી સગા ભાઈ હતા.

રાત્રિએ ઘેનભરી પત્નીને સદાને માટે છોડીને જ્યારે કટ કટ કટ પગથિયાં ઊતર્યા, ત્યારે તેના ગળામાં ખરેટી પણ નહોતી.

બીજો પ્રસંગ શ્રી અનંતરાયભાઈને રાજ–કામે વિલાયત મોકલવાનો હતો. નક્કી થયેલ દિવસે અંતુભાઈને એક સો ને ચાર ડિગ્રી તાવ ચડેલો. ઘરનાં તમામ કુટુંબીજનો કોચવાતાં હતાં. એમને બોલાવીને પટ્ટણીજીએ કહ્યું : "અનંતરાયનો હું બાપ છું. પહેલો હું, ને તે પછી એ; ને હું કેને લઈને ? રાજને લઈને. નીકર ક્યાં હતા અંતુભાઈ ને ક્યાં હતાં તમે સૌ ? માટે એણે જવું જ જોશે. ને ઉતારવો હશે તો ભગવાન એનો તાવ કેડે જ ઉતારશે.'

## પટ્ટણીજીની માંદગી

છેલ્લાં બે વર્ષથી એમને મહિનામાં વીશ દિવસ તાવ આવતો. એક વખત રાજકોટ દીવાનોની મીટીંગ હતી. એમને તાવ આવ્યો હતો. બોલતાં બોલતાં પડી ગયા, બેશુદ્ધ થઈ ગયા. એવા એમના બે–ચાર પ્રસંગો જોઈ મને વિચાર આવ્યો કે, ભાવનગર હજુ આ ડોસા પાસે કેટલું માગણું માગે છે !

*

ડાકલું વાગે ત્યારે ભુવાને આવેશ આવે અને જેમ પોતાની શક્તિ કરતાં હજારગણો નાચવા–ધૂણવા માંડે, એમ એ ડોસાને ગરીબોનાં દુ:ખનું ડાકલું સાંભળી હાક આવતી. ખેડૂતોનો ડાયરો જામ્યો હોય, એમાં હાકલો મારી મારી વાતો કરે. મને તો આશ્ચર્ય થતું કે આ બધી વાતો કરતી વખતે શક્તિ ક્યાંથી આવે છે ? પણ જ્યાં ખેડૂતોનો ડાયરો વિખેરાય કે તુરત એમને કાળની સાથે મોઢામોઢ વાતો કરતા જોયા છે. અને એ વાતો પણ રોતાંરોતાં નહિ; પણ હસતાં હસતાં. દિવસોમાં ત્રણ વાર મરતાં અને ત્રણ વાર જીવતાં થતાં એ વૃદ્ધને મેં જોયા છે.

## પટ્ટણીજીના અંતિમ દિવસો

ગઢડાના ડાક બંગલામાં રાતે જમતાં જમતાં વળી છાતી પર હાથ ફેરવવા લાગ્યા અને મોતની સાથે ખાનગી વાતો કરવા લાગ્યા. મેં હાથ જોડી વિનંતી કરી કે "હવે આપ થોડાક દિવસ આરામ લ્યો. એમ ઘણા માણસો વતી મારી વિનંતી છે."

થોડુંક હસ્યા, કહ્યું, લ્યો આ પાદપૂર્તિ :

**"મરી જાવું ગમે હરતાં ફરતાં"**

મેં કહ્યું, હમણાં હમણાં આપને હરવખત આવું બોલવાની ટેવ કેમ પડી ગઈ છે ? એ લીટી પર હું કાંઈ લખતો નથી.'

પલંગ પર બેઠા બેઠા બે હાથના ટેકા રાખીને બોલ્યા, 'ભગત ! આપણે કોઈનાં ઘર અપવિત્ર નહિ કરીએ. રસ્તામાં મરી ગયાના સમાચાર તમે સાંભળશો !'

મેં પૂછ્યું, 'આપના દિલ્હી પધારવાના ખબર સાંભળ્યા છે. ક્યારે પધારશો ?'

'હા, સાચી વાત છે. પણ હમણાં તો ભાવનગર જ રહીશ, કારણ કે અનંતરાયભાઈની મા મેણાં મારે છે એ મેણાં સાંભળી સાંભળી એક વરસ તો કાઢ્યું. એમના અંતકાળ વખતે હું વિલાયત ચાલ્યો ગયો હતો, મારા હાથ એમને અડ્યા નહિ. હવે તો એમની વરસી આવી છે. એમાં પણ હું હાજર ન રહું એ કેમ બને ? માટે હવે ગામડાંઓનો પ્રવાસ પણ અધૂરો રાખી બધા દિવસો એમની ક્રિયામાં રહેવું છે.'

*

જીવનના બધા વિચારોને રજા આપી સાતે દિવસ એકચિત્તે ભાગવત સાંભળ્યું. શ્રોતામંડળ વચ્ચે ખાટ પર સૂતાં સૂતાં આંખો વીંચી સાંભળતાં. મને પરીક્ષિત–મોક્ષની સ્મૃતિ આવતી. ખોરાકમાં ફક્ત દૂધ જ લેતા. છેલ્લા મોક્ષ અધ્યાયમાં પૂછ્યું કે "ભટ્ટજી ! મારો મોક્ષ થશે કે કેમ ?" સાચેસાચ એમને પોતાની બાજી સંકેલાવાની ખબર પડી ગઈ હતી ! હરિપુરા

મહાસભામાં જવાનું મારે માટે પણ પોતાની સાથે નક્કી કર્યું હતું. પણ એમની તબિયત ઘણી જ નરમ થયેલી જોઈને મેં કહ્યું કે "હું હરિપુરા જવાનું બંધ રાખું. આપની તબિયત ઘણી જ ખરાબ થઈ ગઈ છે. એટલે હું આપની પાસે રહું. વાતો કરીશ, જેથી આપને આનંદ આવશે."

'ના, તમને આમંત્રણ છે. તમારાં ગીતો ગાવાના કાર્યક્રમની તારીખો નક્કી થઈ ગયેલ છે. માટે તમારે જરૂર જવું જ જોઈએ. બનશે તો હું ઊડીને આવીશ, પણ નવાણું ટકા નહિ અવાય !"

આવું કહી પટ્ટણીજીએ મને મહાસભામાં મોકલ્યો.

### હરિપુરામાં

પૂજ્ય ગાંધીજીના તેઓ ભક્ત હતા. પણ એટલા અશક્ત હતા કે બોલવાની શક્તિ પણ ન હતી એટલે આવવા હિંમત ચાલી નહિ. બીજી તરફ ગઢડા મુકામે એમણે કહેલું કે "આપણે તો ભાઈ! કોઈનાં ઓરડાં અપવિત્ર નહિ કરીએ. ને મારા સમાચાર તો તમે એવા સાંભળશો કે હું રસ્તામાં જ મરી ગયો છું !"

હરિપુરા જતાં શ્રી મહેશ પટ્ટણીએ મારે માટે ભાતું બાંધતાં કહ્યું કે "બાપુજીનો કાર્યક્રમ કાલે શિહોર જવાનો છે. કોઈને કહેશો મા !" હું તો દિગ્મૂઢ બની ગયો, "શિહોર ?"

"હા, શિહોર જ. મને હમણાં જ બોલાવીને કહ્યું છે."

તા. ૧૫-૨-૧૯૩૮ના રોજ હું હરિપુરા જવા ઊપડ્યો. પણ સાચેસાચ એ ત્રણ-ચાર દિવસ અંધાધૂંધી જેવું રહ્યું. દિશાઓ માત્ર ઝાંખી ઝાપટ થઈ ગઈ. પવન એટલો ફૂંકાતો હતો કે આકાશ ધૂળમય બની ગયેલું. તા. ૧૭-૨-૧૯૩૮ના રોજ હરિપુરામાં દશ લાખની મેદનીમાં વીજળીને વેગે વાત પ્રસરી ગઈ કે, 'આજે દાઢીવાળો દેવ થઈ ગયો !'

એમની આગમવાણી રૂપવંત બનીને મારી આંખો સામે તરવરવા લાગી ! તુરત જ રોવું ન આવ્યું. પણ એક જ વાત યાદ આવી અને તે ગીતરૂપે બહાર નીકળી."

*

### સ્વ. મેઘાણીભાઈ

સ્વ. મેઘાણીને અંજલિની દુલાભાઈ એ જ દુહાથી શરૂઆત કરે છે, જે તેમણે બંનેએ સાથે મળીને રચેલ.

### "કાગા એની કાણ, (હવે) ઘર ઘર મંડાણી"

કયો પ્રસંગ લખું અને કયો જતો કરું ? એમનાં (મેઘાણીભાઈનાં) ગીતોની કઈ લીટી લખું ને કઈ ન લખું ? એમના જીવનનાં કેટલાં પાસાં યાદ કરું અને કેટલાં વીસરું ? શું લખું અને શા માટે લખું ? કોણ જાણે કાંઈ ખબર પડતી નથી.

આજથી પાંત્રીશ-ચાળીશ વર્ષો અગાઉ 'ચારણ' એ શબ્દ કાને પડતાં કેટલાંક શહેરી જનો મોઢું ચડાવતાં. પ્રજાવર્ગમાં કોઈ ખુશામદખોરની વાત આવે, તો એમ બોલે કે, 'હું કાંઈ ચારણ-ભાટ થોડો છું ?'

ગુજરાતની એક વાત છે : એક ચારણ જુવાને એક બાઈ પાસે પાણી પીવા માંગ્યું. બાઈએ પૂછ્યું, 'કેવા છો ?' તો કહે 'ચારણ છું.' એટલે વિસ્મય પામેલ બાઈએ કહ્યું, 'અરરર ! નાનો બાળક બિચારો ચારણ થઈ ગયો છે!' એટલે કે બાવો થઈ જાય, તેમ ગમે તે ચારણ થઈ જતો હશે !

છેલ્લે છેલ્લે ચારણોની પરખ આ જાતની રહી હતી. તેમાં ચારણ કોણ, કેવો હોય, એના જીવનની સાચી ટેક અને જીવતર કેવાં હોય એની સાચી છબી શ્રી મેઘાણીએ ખેંચી અને શહેરે અને ગામડે, બંગલે અને ઝૂંપડે, દેશ અને દેશાવરમાં

રસધાર, બહારવટિયા અને ચારણી સાહિત્યની ચોપડીઓ દ્વારા એ છબી રજૂ કરી.

* * *

## ચારણી સાહિત્ય

ચારણી સાહિત્યમાં છેલ્લાં પાંચસો વર્ષના ઇતિહાસમાં કોઈ અન્ય કવિ, પંડિત કે લેખકનો પગપેસારો થયો જ નથી. એવું એ સાહિત્ય છે. વેદોના સંસ્કૃતનું વ્યાકરણ જેમ બીજા સંસ્કૃતથી જુદું છે, તેમ ચારણી સાહિત્યના મર્મો, માપ, છંદો, ગીતો, પિંગળ અને શબ્દજોડણી સાવ જુદાં જ જણાય. ચારણી સોરઠા, દુહા, સપાખરાં અને સાવજડાં ગીતો બીજા કોઈ કવિઓ હજી સુધી લખી શકયા નથી. એ જાતનો સાચો કે ખોટો પણ ચારણ કવિઓને એક પ્રકારનો ગર્વ છે.

એ સાહિત્યનું સંપાદન કરવું, એટલે બહુ જહેમતવાળું કઠણ કામ એવા દોયલા કામને શ્રી મેઘાણીએ સોયલું કેમ કરેલું? દિવસોના દિવસો, રાતોની રાતો ચારણો સાથે એ વસેલા. સામાવાળાની જ રીતભાતથી એ રહેતા. ધીરે ધીરે નાતો ચાલે, વળી બંધ પડે, કયારેક તો વાર્તાકાર શંકાશીલ બને કે આ કયાંક આપણું જૂનું બધું લઈ જશે! એમને બોલાવવાના રસ્તા શોધવા, એ કઠણમાં કઠણ કામ એમના બધાનાં અંતરમાં વસી જઈને એમણે એવું કામણ કરેલું કે પછી તો એમને જોઈને ચારણ, બારોટ કે વાર્તાકાર, મે'ને જોઈને મોરલો હરખે તેમ, હરખી ઊઠતા: બાવડાં ઝાલી ઝાલી જૂનીનવી બધી વાતો, ગીતો એમની આગળ મોકળે મોંએ ઠાલવતા. એકની એક વાત પચીસ રીતે રજૂ થતી. એકનાં એક ગીતો, દુહા વિધવિધ રીતે રજૂ થતાં: એ બધા ખાતરના–ધૂળના ઉકરડામાંથી સોનું શોધી કાઢવાનો સંચો કુદરતે એમના હૈયામાં ગોઠવ્યો હતો.

* * *

ચારણી સાહિત્યના કેટલાક પદાર્થો મેઘાણીએ સાચોસાચ કરેલા છે. દાખલા તરીકે એક મિત્રના વિયોગે ગવાયેલ બારમાસાનું એક કાવ્ય છે. એમાં ભાદરવા મહિનાના વર્ણનની લીટીઓ છે, જેનો અર્થ રચનારે કલ્પ્યો હશે અને બીજો મેઘાણીએ કરેલો.

**દધફૂલાં વાગે ડમર, કંગામંગા કૈલાસ;**
**વીજ વળકે ઘોવળાં, પ્રપન્ન ભાદ્રવ માસ.–**

એમાં પહેલી લીટીમાં જે 'દધફૂલાં' શબ્દ છે એનો અર્થ અમે બેચાર મિત્રો વચ્ચે એમણે તુરત જ એવો કરી આપેલો કે, "એ તો દૂધફૂલિયાં–ડૂંડાં." ચારણી ભાષાના પ્રયોગમાં દૂધફૂલાં મૂળ કવિએ કરેલું હશે.

એની બીજી લીટી એવી છે કે–

**કાગ રખી મખ ધ્રમ્મ કિયા.**

ભાદરવા મહિનાના વર્ણનમાં, કવિ કહે છે કે, શ્રાદ્ધપક્ષમાં લોકો કાગઋષિને જમાડીને ધર્મ કરે છે. એ અર્થ પણ એમણે જ કરી આપેલો.

* * *

## 'કાગવાણી'ના પહેલા ભાગ પ્રસંગે

"કાગવાણી"નો પહેલો ભાગ છપાતો હતો. તેમાં ગાંધીજીનો મેં એક ભુજંગી છંદ લખેલો. એની ત્રીજી કડીમાં–

**તુંહી સરોવર જેલ જાડા કિનારો,**
**હૈયા નીર સરવાણ ફૂટયાં હજારો–**

એનો ભાવાર્થ એવો છે કે, ગાંધીજીરૂપી તળાવના પાણીને રોકવા જેલરૂપી પાળ બાંધી છે, છતાં સરવાણ તો વહ્યા જ કરે છે.

પણ કાવ્યને માપે એ કડી બરાબર ન ગણાય. બોટાદમાં એમની મેડી પર એ લીટી બદલવા હું મથ્યો, પણ કંઈ મેળ ન થયો. રાતે એ રાણપુરથી આવ્યા. વાતચીત થઈ. હોકો પીતાં પીતાં એમણે લીટી પૂરી કરી:

**મહા શક્તિનો ધોધ તું, બંધ જાડા,**
**તને રોકવા દોર્યાએ બાંધ્ય આડા;**
**ચીરી ત્યાંય પાષાણ સરવાણ વ્હેતાં,**
**નમો હિંદના પાટવી સંત નેતા.**

ચારણી કાવ્યધારાને દીપાવે એવા ભાવવાળી આ કડી એમની રચેલ છે.

બીજાં એમનાં ગીતો 'વીર બંદો', 'રાત ઘંટા ચાર વાગે' અને 'શિવાજીનું હાલરડું 'ચારણી ઢાળ-માપનાં અને ચારણી શબ્દોના પ્રયોગથી રચાયેલાં છે. 'શિવાજીના હાલરડા'માં—

તે દી તારે શિર ઓશીકાં, મેલાંશે તીર બંધૂકાં.

એ પૂરેપૂરો ચારણી પ્રયોગ છે.

ચારણી ભાષાના પ્રયોગો ઘણાને અગમ્ય અને તુરતમાં લોકભોગ્ય ન બને. એટલે એમણે એ ભાષામાં વધારે ગીતો નહોતાં લખ્યાં.

* * *

## 'રસધાર' વેળાએ

રસધાર લખાતી હતી. પોરસાવાળાના દુહા થોડાક વધારે મળે તો ઠીક, એમ એમણે મને કહેલું. હું મારા દીર્ઘસૂત્રી સ્વભાવ પ્રમાણે ભૂલી ગયેલો. ઉપરાઉપર ત્રણ પત્તાં આવ્યાં, એટલે સાત દુહા ઘરના જ બનાવી મોકલી દીધા અને લખ્યું કે આટલા મળ્યા છે.

વળતાં એમનો કાગળ આવ્યો : 'દુલાભાઈ! આ દુહા જો તમારા લખેલા હોય, તો થોડાક વધારે લખી નાખો ને!'

કાગળ વાંચી હું તો ઠરી ગયો કે, વાહ મેઘાણી! કયા પુણ્યથી પ્રભુ માણસને આવી અક્કલ આપતો હશે! આ દુહા—

**વાછરડું વાળા! ભાંભરતાં ભળાય;**
**(પણ) થીરનો આતમ થાય, વરસ્યા વિણ જો, પોરહા! ૧**

હે પોરસાવાળા! સામે વાછરુ બાંધ્યું હોય અને ગાય દૂર ઊભી હોય, પણ એ વાછરુ અને ગાય, એ બંનેને મળ્યા વિના શાંતિ થતી નથી.

**ઊડી મન અંબર ચડે, ચકવાં જેમ સદાય;**
**(ત્યાં) પણ કફરી રાત કળાય, (હજુ) પો'નો ફાટે, પોરહા! ૨**

વિયોગરૂપી રાત પડી છે. ચકવી-ચકવો સૂર્યોદય જોવા ઊડી ઊડીને ઊંચે ચડે છે, પણ ક્યાંયે સંયોગનો સૂર્ય દેખાતો નથી.

એ રીતે સાત દુહા લખેલા. રસધારમાં એમણે બધી વિગત આપી આ દુહા લખ્યા છે.

પછી તો આગળના અને મારા રચેલા નવા દુહા ઘણા કવિ મિત્રોને મોકલ્યા કે આમાંથી નવા દુહા શોધી કાઢો, પણ એક મેઘાણી સિવાય કોઈથી એ બની શક્યું નથી.

* * *

## જોગડાના દુહા

જોગડાની વાતના દુહા અમે નાનપણથી શીખેલા અને બોલતા. પતિ મરી ગયા પછી સ્ત્રી કહે છે—

**સેંથો સ્યાને માટ; (અમે) પાટી ઢાળીને પૂરીએ;**
**લખેલ છે લલાટ, (હવે) જટા વણવી, જોગડા!**
**કડલાં કેને કાજ, પગઢા ધોઈને પહેરીએ;**
**ભાંગું દલ ભડથાર, તું જોખમતે, જોગીડા!**
**મરકીન હસતે મુખ, કદી બરકીન બોલાવ્યા નહીં;**
**(એનું) દિલમાં રહ્યું દુઃખ, જનમોજનમનું જોગડા!**

એવા પચીસ દુહા છે. આ વારતા મેં તુળશી-શ્યામ રૂખમણીના ડુંગરા પર માંડેલી. એક પછી એક બધા દુહા ફેંક્યા. વાત પૂરી થઈ. એકબીજાના હાથ ઝાલી આથમતે સૂરજે હેઠા ઊતરતાં ઊતરતાં એમણે પૂછ્યું, 'આ દુહા કોના કહેલ છે?' મેં કહ્યું, 'આ તો એ વાત બની તે દિવસના છે. મારા બાપુ પાસે પણ મેં સાંભળેલા.' એ વાત એમને ગળે ન

ઊતરી. એ કહે કે, આ તો રચાણુ લાગે છે.' એની પાછળથી શોધખોળ ચાલી. છેવટે એમાં સાચું એમ નીકળ્યું કે એ દુહા વિકટર તાબે ડોળિયા ગામના કવિ અને ભક્તરાજ શ્રી ગીગા રાવળે પાછળથી રચેલા છે, હજુ સુધી એ સમજાતું નથી કે એ દુહા પાછળથી રચાણા, એમ એમણે શા પરથી કલ્પ્યું હશે ?

રસધારની વાતો એ તો ચારણોની વાર્તાના ફોટા છે, વેવલાં લખાણ નથી. સાથોસાથ ચારણો ઘેલા થઈ સાંભળે, એવી એ વાર્તા માંડી શકતા હતા. હજુ સુધી ચારણી ઢબની વાર્તા અન્ય કવિઓ માંડી શકતા નથી.

## અખિલ હિંદ ચારણ સંમેલન

સંવત ૧૯૯૪માં રાજકોટ મુકામે અખિલ હિંદ ચારણ સંમેલન મળ્યું હતું. કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, સિંધ, થરાદ્રી, માળવા, મેવાડ, મારવાડ અને મધ્ય પ્રાંતના સુકવિઓ અને વાર્તાકારો મળેલા. એક ચારણ બેઠો હોય, તો પણ વાત કરવાનો અન્ય માણસોને સંકોચ થાય, એને બદલે એવા પાંચસો ચારણ ત્યાં મળ્યા હતા અને એમાં ઘણા તો કવિરાજો હતા; એમની વચ્ચે, બધાના આગ્રહથી, એ વામન પણ વિરાટ સમો માનવી માંચડા પર ઊભો થયો. એની કસુંબલ તૃપ્ત અને રિધીયલ કેરીની ફાડ જેવી આંખ સભાને ખૂણે ખૂણે, આડીઅવળી ફેરવી અને મારવાડી ગીતથી શરૂ કર્યું. મોરલા સામા હોંકારા દેવા મંડયા. રાજકોટ ગાંધર્વનગર સમું બની ગયું. મેદનીનાં હૈયેહૈયાં દળાવા મંડયાં. બરાબર પોણા બે કલાક કોઈએ હોકાની ઘૂંટ પણ ન ખેંચી; હોકા ઓલવાઈ ગયા !

લીંબડી કવિરાજ શ્રી શંકરદાનજી તો ઊભા થઈ એમને ભેટી પડયા. હસવા લાગ્યા કે, "મેઘાણી ! કળજુગ આવ્યો લાગે છે. એ સિવાય કાંઈ વાણિયો ગાય અને પાંચ સો ચારણો ચૂપચાપ સાંભળે, એ બને ખરું ?"

મેઘાણીએ કહ્યું, "મુરબ્બી ! આ તો આપનું જ છે. હું તો ચારણોનો ટપાલી છું, બધે પહોંચાડું છું."

## 'રસધાર'ની વાતો

એમનાં લોકગીતો વિષે લખવું એ નકામું, એમ હું માનું છું. એમણે કબરો ખોદી કાઢી, મૈયતોને ઉઠાડ્યાં અને જિવાડયાં. એમણે મસાણેમસાણ જગાડયાં. કાળી રાતે મસાણોમાં સાદ પાડયા. મુરદાંઓએ હોંકારા દીધા. હજારો પ્રેતોને એમણે કપડાં પહેરાવ્યાં. એ પ્રેત નથી, નીચા નથી, લુચ્ચા અને હરામખોર નથી, એમ સાબિત કરી જગતના ચોકમાં ઊભાં રાખ્યાં. માણસોએ કબૂલ કર્યું કે, હા, એ સાચાં માણસ છે.

'રાણો અને કુંવર', 'વીકઈ અને કમો', 'સૂરજની સાખે', 'ઓળીપો' એવી ઘણી ઘણી વાતો રસધારમાં લખી. આ બધી સોરઠી જીવનની વાતો. કહેવાતા શિષ્ટ અને સારા વર્ગના માણસો વચ્ચે એવી વાતો બોલાતી જ નહિ. દુહા કે ગીતો ગવાતાં નહિ. એ બધું હલકું સાહિત્ય લેખાતું.

આપણા બધાના આવા જૂઠા અન્યાયથી બળીને ઓલાયેલા એ સાચેસાચા માનવીઓને એમણે પોતાની કલમનું અમૃતજળ છાંટી બેઠા કર્યા, સજીવન કર્યા.

ધૂળમાં ખોવાઈ ગયેલ જૂના માણસોની એમણે ઓળખાણ આપી. એટલે હું એમને ધૂળધોયાની ઉપમા આપું છું. પોતે ધૂળ ફાકીને સાચું સોનું આપણને આપતા ગયા.

ડાકુ, રાક્ષસ, નરાધમ, નાલાયક, ફાંસીને માંચડે લટકવા યોગ્ય, એવા એવા હલકામાં હલકા શબ્દો બહારવટિયાને લગાડવામાં ખૂટી ગયેલા. એમણે કલમના પ્રયોગથી એ બધા આત્માને જીભ આપી

બોલાવ્યા અને જગતના ચોકમાં એમનો ઇતિહાસ આલેખ્યો. કોઈને કાંઈ કહેવું હોય, તો વેળા આપી. એમની સામે વિરોધમાં કોઈ પણ સાક્ષર એકે હરફ ઉચ્ચારી શક્યો નથી. માણસ બહારવટિયો ક્યારે બનતો ? કાં તો ખોટાં ખોટાં ખત પાડી વેપારીઓનાં ચોપડાંઓથી બબ્બે ચારચાર પેઢી સુધી એ ગળે પકડાતો ત્યારે; કાં તો રાજસત્તા એનું સર્વસ્વ ઝૂંટી લેતી ત્યારે; કાં તો અમલદાર એનાં ચામડાં, માંસ અને હાડકાં સુધી પહોંચતા ત્યારે; કાં તો નિર્બળને કોઈ બળવાન રહેંસી નાખતો ત્યારે, સાચો મર્દ, સાચો માણસ, સાચો ભક્ત, શૂરવીર બહારવટિયો બનતો. એ ડાકુના સ્વાંગ ધરતો, ઝૂઝતો, ખપી જાતો. એમની કવિતાની લીટીઓમાં જ લખ્યું છે :

**સત્યના સ્વાંગ પહેરી ઊભું જૂઠ જ્યાં;**
**બંધુ શું ખડગ લઈ તું ન ધાયો ?**

* * *

**તું રિપુહીણ, બળહીણ, કંગાળ તું;**
**સ્વાદ ચાખ્યા નથી તેં જખમના.**

## લાગણીપ્રધાન મેઘાણી

એ લાગણીપ્રધાન એવા હતા કે પોતાની રાઈ જેવડી ભૂલ એમને મેરુ પર્વત જેવડી મોટી લાગતી હતી. એનો એક દાખલો છે. માણસને જેમ ભૂત વળગે એમ થોડાક દિવસ એમને છાપું વળગેલું. એક દિવસ હું રાણપુર ગયેલો. સાંજના અમે સ્ટેશન પર આવતા હતા. હું રમૂજી ટુચકા કહેતો હતો, પણ એ જાણે સાંભળતા જ ન હોય એમ ચાલ્યા આવતા હતા. ચાલતાં ચાલતાં એકદમ ઊભા રહ્યા. મેં પૂછ્યું, 'કાંઈ ભૂલી ગયા તો નથી નાં ?' એમણે કહ્યું, 'ના, ના કાંઈ ભૂલી ગયો નથી, પણ લખાણમાં થોડીક ભૂલ રહી ગઈ છે, એમ મને યાદ આવે છે.' મેં પૂછ્યું, 'શી બાબતમાં ?'

જાણે કે મોટામાં મોટી ભૂલ થઈ ગઈ હોય તેમ કહે, 'ભાઈ ! 'રવીન્દ્રનાથ' શબ્દમાં દીર્ઘ ઈ ને બદલે હ્રસ્વ ઇ લખાઈ ગઈ હોય, એવો મને વહેમ આવે છે.'

મેં પૂછ્યું, 'એમાં કાંઈ સરકારી ગુનો તો બનતો નથી નાં ? કે કોઈને અન્યાય તો થતો નથી નાં ?' એવો મેં વિનોદ કર્યો, એટલે કહે, 'ના ના, એવું કાંઈ નથી.' એમ કહી હસ્યા. પોતાની નાનકડી ભૂલ એમને ઘણી મોટી લાગતી. એવું લાગણીનું યંત્ર એમના દિલમાં હતું.

* * *

## મહુવાના ડોશીમા

ગોપનાથથી તુલશીશ્યામ સુધી અમે સાથે મુસાફરી કરેલી, એ વાતને ઘણાં વર્ષ વીતી ગયાં. મહાશિવરાત્રિની એ રાત હતી. ગોપનાથમાં શિવરાત્રિ કરી અને દરિયાકાંઠાના પીથલપર, કોટડા, નૈપ, નીકોલ, કળસાર વગેરે ગામડાં ભટકતા ભટકતા, વચ્ચે રાત રહેતા રહેતા, મહુવા આવ્યા.

અમે કતપુર થઈ મહુવાના બંદરે ગયા. ત્યાં એક સિત્તેરેક વર્ષની ડોશી પાકલ ઈંટો વહાણમાં ચડાવતી હતી, તેની સાથે વાત શરૂ કરી. ડોશીનો એકનો એક દીકરો બે'ક મહિના અગાઉ વહાણ બૂડી ગયાથી બૂડી મરેલો. મહુવાના કોઈ વેપારીનું એ વહાણ હતું અને આ એના જૂના વહાણવટી હતા. મેઘાણીએ પૂછ્યું, 'તમે તમારી આજીવિકા માટે શેઠ પાસે કેમ ન ગયાં ?' ડોશીએ કહ્યું, 'ભાઈ ! મારું તો કાળું મોઢું થયું. શેઠનું વહાણ મારા દીકરાના હાથે બૂડયું. હવે શું મોઢું લઈને જાઉં ?'

ડોશીના આ શબ્દો સાંભળતાં તો એ છાતી પકડીને બેસી ગયા અને રોયા; બોલ્યા કે,

'દુલાભાઈ ! આ મચ્છીમાર કોળી ને પેલા વૈષ્ણવ વાણિયા – એમાં કોણ ખાનદાન ?'

* * *

## આઈ હીરબાઈ

તુલશીશ્યામથી બે ગાઉ અમે ખજૂરીને નેસડે હતા, ત્યાં રાડ થઈ, સાવજ ડણક્યો, હાકોટા થવા માંડ્યા. રોળકોળ વેળા થઈ હતી. ખાડુ-ધણ ઝૂંપડે આવતાં હતાં. તેમાં હીરબાઈ નામે એક ચારણ બાઈની વોડકીને સાવજે પાદરમાં જ પાડેલી. અમે બધા દોડ્યા. વીસેક જણ હતા, જ્યાં ધાર માથે ચડ્યા, ત્યાં તો આઈ હીરબાઈ કોણ જાણે ક્યારનાંયે પહોંચી ગયાં હતાં. મરેલી વોડકી પર બેઠેલાં ચારણ કન્યા સાવજ સામે સોટો વીંઝતાં હતાં. સાવઝ બે પગે સામો થઈ હોંકારા કરતો હતો; બાઈ એ સાવજના ફીણથી નાહી રહેલાં, પણ એમણે સાવજને ગાય ખાવા ન દીધી.

એ વખતે 'ચારણ કન્યા' એ નામનું ગીત એ કાગળ-કલમ સિવાય રચીને ગાવા લાગ્યા. શરીર જાગી ઊઠયું. આંખો લાલ ધગેલ ત્રાંબા જેવી થઈ ગઈ. અમે એમને એ ધીંગાણામાં ન જવા દેવા બાવડે પકડી રાખેલ.

* * *

## ચારણની પરખ

એ ઘણી વખત કહ્યા કરતા કે 'હું હજારો માણસો વચ્ચેથી ચારણને ઓળખી કાઢું. દરબારોનાં ઉતાર કપડાંનો પહેરનારો નહિ, રાજ્યના રોટલામાં વિકૃત થયેલો નહિ, પણ માલધારી, ધરકમાણીવાળો, નેસડાનો અસલી ચારણ હોય, એને હું ઓળખી લઉં.'

તુલશીશ્યામથી વળતાં શીખલકોબાના નેસમાં અમે રાત રોકાણા. સવારે પોણોસોક માણસ વચ્ચે ત્રણ અજાણ્યા ચારણ જુવાનોને મકરાણીના લીલા સાફા બંધાવી અમે બેસારી દીધા, અને કહ્યું, 'આમાંથી ચારણને ઓળખી કાઢો !' બધા સામું જોઈ એક પછી એક ત્રણેનાં કાંડાં ઝાલી એમણે ઊભા કર્યાં.

એ કહેતા કે, 'સાચા ચારણનો અવાજ અને એની ખમીરભરી ધરાણેલ મીઠી આંખ્યુંને હું ઓળખી લઉં છું'.

* * *

## ભજનપ્રેમ

એ કહેતા કે કોઈ કવિ જ્યારે ભજન સુધી પહોંચે છે, ત્યારે એના આત્માને શાંતિ થાય છે. એમ જ એમણે પણ છેવટ સંતોના ઘરમાં પ્રવેશ કરેલ. દાનો ભગત, જલો ભગત, ગેબીનાથ ગોરખ, રવિસાહેબ, મોરારસાહેબ, આપો ગીગો, વેલો બાવો, જેસલ-તોરલ, દેવ-તણખી. દેવાત પંડિત, ભીમદાસ, દાસી જીવણ, સગાળશા શેઠ, જમિયલશા પીર, ચારણ દેવીઓ નાગબાઈ, કામબાઈ, કાગબાઈ, વરુડી, શેણબાઈ. એમનાં આંગણાં જોઈ એમણે આપણને એ તરફ આંગળી ચીંધી.

ભજન એ જ એમના જીવનનો છેલ્લો વિષય બની ગયો હતો. એ ભજનોના આજ દિવસ સુધી સાધુસંતોએ અર્થ નહોતા કર્યા, એવા સાચા અર્થો એમની કલમમાંથી અને રૂંવાડે રૂંવાડેથી નીતરવા લાગેલા. મને તો થોડા મહિનાઓમાં એ સાવ અવધૂત મસ્ત યોગી જેવા જ લાગવા માંડેલા. રાજકોટમાં, છેલ્લા સાહિત્ય સંમેલનમાં, એક રાતે અમે ધીરે ધીરે ભજન બોલતા હતા. ઓચિંતા એમણે એવડો મોટો અવાજ કાઢ્યો કે, બરાબર માઈલ માઈલ એના પડછંદા વાગ્યા. આ ભજન—

**પથ્થર પૂજ્યે હરિ મળે તો,**
**પૂજું મોટા પા'ડજી.**
**એ પથ્થરમાં સાચ હોય તો,**
**ઘડનારાને ખાય,**
**મનસા માલણી હો જી રે,**
**ગોરખ ! જાગંતા નર સેવ.**

બીજું :

**રામજીને બનાયો પવન–ચરખો,**
**ચરખો નઈ, સદા સરખો,**
**એના ઘડનારને કોઇ પરખો,**
**રામજીને બનાયો પવન–ચરખો.**

### અજાચક વ્રતનું રખોપું

મારા અજાચક વ્રતનો એમને ગર્વ હતો. હું ક્યાંય લથડી નથી જતો ને, એના એ ઉઘાડા અને છૂપા રખોપિયા હતા. મારા એ વ્રત પાછળ એ ઘેલા હતા. છેવટે ચારણ બોર્ડિંગનો ફાળો માગવા મારે રજવાડાં તથા મુંબઈ વગેરે શહેરોમાં લક્ષ્મી-પુત્રો પાસે જવું પડેલું. ખૂબ સંસર્ગ વધેલો. ભાવનગરને સંબંધે બીજાં રજવાડાંમાં જવા–આવવાનું ખૂબ થયું. આ બધો વખત એમણે મારા વ્રત પાછળ રખોપું કરેલું. કોઈ સંયોગે મારી બનાવેલ કોઈ વ્યક્તિની કવિતા એ સાંભળતા, ત્યારે એમને મોટામાં મોટું દુઃખ થતું. અને મને કહેતા ને લખતા પણ ખરા કે, 'ભાઈ! ચારણી દેવીને ક્યાં ફેંકે છે ? પાછી વાળી લે. તારાં ગીતો વ્યક્તિની પ્રશસ્તિ કરવા માટે નથી.'

મારે મન તો એ ભાઈ હતા, મિત્ર હતા, કોઈ દુઃખદ વખતનો વિસામો હતા. છેલ્લે છેલ્લે તો એ મને ગુરુ સમ લાગતા.''

* * *

કંઠાળનાં ગામોની દારૂની બદી જોઈને બાપુનું હૈયું વલોવાઈ ગયેલું. એમણે લોકોને દારૂ છોડાવવા ભારે જહેમત ઉઠાવેલી. માથે પાઘડી બાંધવાનું નીમ પણ લીધેલ. આ કાર્યમાં એમને એમના સ્નેહી મિત્રોનો પણ સાથ મળેલ.

દુલાભાઈએ લખ્યું છે કે,

''ગીરના કંટાળા ગામે મેં નાનપણનાં આઠ દસ વર્ષ ગાળ્યાં હતાં. રામ નોળનો રોટલો, ઉદારતા, અને ભેંસોનાં દાન સૌરાષ્ટ્રભરમાં પ્રસિદ્ધ છે.

### માણસુર ભવા

આ કંટાળા ગામમાં માણસુર ભવા નામે આહીર રહે છે. એમની અવસ્થા અત્યારે પંચોતેરક વરસની હશે. ચાર દીકરા છે. નાનો દીકરો જીવોભાઈ આતા (માણસુર આતાને સહુ 'આતા' કહીને બોલાવે છે)ની સાથે રહે છે. પણ જીવો તે જીવો જ. પિતાના મોઢા સામું જોયા કરે, આતાની આજ્ઞા એ જ એનું કર્તવ્ય. મૂળ તો અમારા વાળાક તરફના સોરઠિયા આહીર. તેમના પિતા ગીરમાં ભેંસો લઈને આવેલા. ભગવાનની કૃપાથી તેનો દિનમાન દિનપ્રતિદિન વધતો ગયો. આતા પાસે અત્યારે બસો વીઘાં જેટલી જમીન છે, સોએક જેટલી ભેંસો ને ગાયો છે. કોઠારે કણ ભર્યાં છે, ઘરમાં સો સો ડબા ઘી ભર્યું છે, કોથળિયે નાણાં ભર્યાં છે, અને મનમાં દાતારી ભરી છે. પૂજ્ય રવિશંકર મહારાજ અહીં પધારેલા ત્યારે આતાના ઘરમાં જમવા બેઠેલા. સો સો ઘીના ડબા જોઈ ચકિત થયેલા. આ વાત પૂજ્ય દાદા ગુજરાતમાં પ્રસંગોપાત કહે છે. મારા પર એની ભક્તિ શ્રીરામ પર હનુમાનજી જેવી છે. થોડા સમય અગાઉ આતાને અને નેસડાના જેઠસુર મોભને અમરેલી આવવા મેં કહેલું. અમરેલીમાં એ બંનેને સાથે બેસાડી ફોટા પડાવ્યા અને પછી કહ્યું કે આતા ! આ છબી ખેંચી છે તેમાં તમારે પાંચ હજાર રૂપિયાનો ખર્ચ થશે. એમનો સ્વભાવ એવો છે કે હું બોલું એટલે મરક મરક હસ્યા કરે. દારૂબંધીમાં એનો અપાર ભાગલો છે, અને કાયમ દારૂબંધીના આતા રખોપિયા–રખોલિયા રહ્યા છે. એમના પિતાનું નામ હરસુર ભવો અને માતાનું નામ આઈ માલસરી છે.

અને જેઠસુર મોભ ! મોભ સાથે અમારો દસ પેઢીનો જીવ સાટેનો સંબંધ. પહેલા ભાગમાં હીપા મોભ માટે મેં લખ્યું છે. આ બધાં મોભકુળ એટલે

મારું ઘર. તેઓ ઉડેચા મોભ કહેવાય છે, અને એનું ગામ છે ખાંભા પાસે મોભના નેસડા. ત્રણ ભાઈઓનો જ વિસ્તાર. ત્યાં વસે છે આપો મોભ, ભીમો મોભ, અને રાજો મોભ. હું જ્યારે કંટાળા રહેતો હતો ત્યારે અમે રાજા મોભ પાસે મહિનો મહિનો દિ' રહેતા. કુંભણના જેઠસુર દેવ પણ મારી સાથે રહેતા. ધાતરવડી નદીમાં નહાવાનું, અને ખાવા માટે તો પૂછવું જ શું! આ રાજા મોભના મા આઈ નાંધુબાઈ મજાદર પાસે બાલાપર ગામનાં મેગળ શાખાનાં હતાં. સવારમાં ગોરસ રોટલા સગા દીકરાના ભાવથી અમને ખવડાવતાં. એમાં જે મીઠાશ આવતી એ મીઠાશ રાજમહેલોના થાળમાં યે હજુ સુધી આવી નથી. આપા મોભનો જેઠસુર મોભ. જેઠસુર મોભની હાલ અવસ્થા પચાસ વરસ આસપાસની. કાયમ એકટાણું કરે છે, મહેમાનોનો પ્રાગવડ અને ગરીબોનો એ માળવો છે.

નદીએથી પાણી વિનાની કોઈ ગાય પાછી જાય, તો જેઠસુર મોભને ત્યાંથી કોઈ માગવાવાળો નિરાશ જાય. એનો સ્વભાવ પણ પ્રસન્ન. આતા માફક હસ્યા જ કરે, રૂંવાડે રૂંવાડે જીવ. ખેડ, માલઢોર, મેમાન તથા પોતાના વહેવારની એટલી સુંદર વ્યવસ્થા કે વાત કરવાની નહિ. વરસ દિ'એ પચીસ–ત્રીસ હજારનું શીંગનું વેચાણ થાય. એનાં ખેતર કપટીના કાળજા જેવાં કાળાં કાળાં ડિબાંગ. દાંત ખોતરવા ખડની સળી પણ ન મળે.

અમારી દારૂબંધીની હાકલ ઝીલનારા મારા દીકરા જેવો જ સાંગણિયા ગામે હિપા મોભનો બાઉ મોભ. મજાદર પાસે ઉંટિયા ગામે રાણિંગ લાખણોતરા (આહીર)નો દીકરો ભોળો ભાઈ, અને આપા મોભનો કરણ જેવો આ જેઠસુર મોભ. સૌથી છેલ્લો રામનોળનો પૌત્ર બાઉ મોભ. બાઉ મોભ છે તો થોડી માટીનો ઘડેલો, પણ જોવા જેવો વીર અને દાતાર છે. આ ચા ઘર દારૂનાં સદાવ્રત. જેની ત્રણ ત્રણ પેઢીથી દારૂ પીવાય. ઉપરવાસ નીકળ્યા હોય તો જેના પરસેવામાં દારૂ ગંધાય, જેને ત્યાં હજારો માણસોની કંઠી તોડી દારૂ પવાય. એવા આ ચારે દિક્પાળોએ એક જ ક્ષણમાં દારૂને હરામ કર્યો. એટલું જ નહિ પણ પોતાના લાગતા–વળગતામાં દારૂ છોડાવવા મહેનત આદરી. અને હજારો આહીર કુટુંબોએ દારૂ છોડયો.

મજાદર મુકામે જ્યારે સપ્તાહ પૂર્ણાહુતિમાં આ બધા ભાઈઓ આવ્યા. અને આતા પણ મારી મદદે આવ્યા. મેં હાકલ કરી કે અમુક ગામના ભાઈઓ દારૂ નહિ છોડે ત્યાં સુધી પાઘડી નહિ બાંધું. આતો વર્ષોથી ઝંખતો હતો કે કેમેય વાળાક, નાઘેર, ગીર અને બાબરિયાવાડમાંથી દારૂ જાય. અને આ બધા જુવાનોની ફરિયાદ વારંવાર મારી આગળ કરતા હતા.

જે દારૂના જ દાતણ કરતા, અને જેને ભાગ્યે ભૂખ જાય એવા આ જુવાનોએ જ્યારે દારૂ છોડયો ત્યારે મારી આંખે હર્ષનાં આંસુ રેલ્યાં. તે દિવસ મજાદર હજારો માણસો આવ્યાં હતાં. શ્રી જયમલ્લ પરમાર, શ્રી રામનારાયણ પાઠક વગેરે ભાઈઓ મને મદદ કરવા આવેલા હતા. ત્યાં એક ખેલ બની ગયો.

ઝાંપાની ડેલીએ આતા ખાટલા પર બેઠા હતા, ત્યાં આ બધા જુવાનોએ આતાને ઘેરી લીધા. અને કહેવા લાગ્યા કે અમને દારૂ છોડાવીને હવે બોખે મોઢે બીડી કેમ પીઓ છો? છોડો બીડી, નીમ લ્યો. એ જ વખતે આતાએ બીડી ફગાવી હરામ કરી. આ વાતને આજે પાંચ પાંચ વર્ષ વીતી ગયાં છે.

આવા ચાર પાંચ નહિ પણ કેટલાયે જુવાનોએ દારૂ છોડયો. એની હિંમત, દૃઢ શ્રદ્ધા, અને એકવચનની કિંમત કરું છું ત્યારે હૃદય ભરાઈ જાય છે. એક ચા છોડવો હોય તો પણ ભલભલા માણસો બોડ ખજવાળે છે, ત્યારે વ્યસનોના રાજા દારૂને

છોડવો અને છોડયા પછી એનું સ્વપ્નું પણ ન આવે. ધન્ય છે એનાં માતાપિતાને! ઈશ્વર એને કાયમ બળ આપે. પછી તો આ બધે ઠેકાણે પૂજ્ય આઈ સોનબાઈ મઢડાવાળાં તથા પૂજ્ય રવિશંકર મહારાજે મારી વિનતિથી અકેક ટંક પધારી સૌને આશીર્વાદ આપેલ છે.''

પોતાનાં સર્જનો અને પ્રભુનાં ગુણગાન પરત્વે પોતાના અંતિમ ગ્રંથ કાગવાણી ભાગ-૭માં લખે છે :

''સત્તર સત્તર મહાપુરાણો લખ્યા પછી પણ વ્યાસજીના મનને શાંતિનો અનુભવ થયો નહિ. દૂધ-પાકમાં ફરતી કડછી જેમ દૂધપાકનો સ્વાદ માણી શકતી નથી, મોઢું ફાડીને પવન ભરખ્યે જેમ પેટ ભરાતું નથી, તેવી તેમના મનની દશા રહી.

સહુ દેવો આવીને વ્યાસજીનાં વખાણ કરે, પણ વ્યાસજીને કયાંય ચેન પડે નહિ. એમાં એક દિવસ નારદજી આવ્યા ને વ્યાસજીને પૂછયું, કે આટલી બધી મૂડી છતાં તેનું તેજ તમારા મોં પર કેમ દેખાતું નથી?' ત્યારે વ્યાસજીએ જવાબ દીધો કે, 'મેં ઘણું લખ્યું એ વાત ખરી, પણ મેં જે લખ્યું એમાં મારું મન લય પામ્યું નથી.'

સોનાને ગાળવું હોય તો તેમાં અમુક ક્ષાર નાખવો જોઈએ, ત્રાંબાને ગાળવું હોય તો બીજો ક્ષાર જોઈએ. જે ધાતુને જે ક્ષાર ગાળી શકતો હોય તે ક્ષાર ન નાખીએ તો ચોવીસ કલાક તપાવવા છતાં ધાતુ ગળે નહિ. તેમ વ્યાસજીનું મન જે વસ્તુથી ગળે તેવું હતું. તે તેમણે કર્યું ન હતું.

નારદજીએ કહ્યું કે 'તમે ભગવાનના ગુણગાન કરો. આજ સુધી તમે લખ્યું છે તો ઘણું, પણ એ દળેલા લોટની રોટલી બનાવી નથી, લોટ ફાકયે પેટ ન ભરાય. મીઠાની પૂતળી બનીને દરિયામાં શું છે તે જાણવા પડો તો આપોઆપ સમુદ્રમય બની જશો.' પછી વ્યાસજીએ ભાગવત લખ્યું. ભગવાનનાં ચરિત્રોનો મહિમા ગાયો. અને તેમનું મન ઈશ્વરમય બની ગયું.

શિકારી કોઈ શિકારને નોંધીને ગોળી મારે છે તે ગોળી જો ધારેલા શિકારને વાગે તો શિકારીનો હાથ ઠરતો હોય છે. ગોળી ખાલી ગઈ હોય તો ખભાને ધક્કો લાગે. કાગવાણીના છ ભાગ લખ્યા પછી મનની સ્થિતિ પણ કંઈક અંશે આવી રહી છે.

જે ધરતીએ આપણને ઝીલ્યા, જે ધરતીએ આપણને પોષ્યા. તે ધરતીને યાદ ન કરીએ તે શા કામનું? પ્રભુ, શક્તિ, મા આદિ જે બધું છે તેનાં ગુણગાન કરવાં. એ જ મુક્તિ છે, એમ હું માનું છું. અને તેથી આ સાતમા ભાગમાં મેં એ જગજનની મહામાયાના ગુણગાન કર્યાં છે.''

અદ્‌ભુત કાવ્યશક્તિના સ્વામી છતાં એમનું નિરાભિમાનીપણું તો જુઓ :

**''નાગર ન હોં મૈં કાવ્યસાગર ન હોં મૈં કાગ'**

-હું શહેરમાં રહેવાવાળો ચતુર પુરુષ નથી, હું કાવ્યસાગર પણ નથી. પરંતુ હું તો—

**''ગૌવન ચરાતો લકુટીકો કર ધારિકે''**
**''કાનન ફિર્યો મૈં નામકો આરાધ્યો સદા''**

-''ગાયો ચારનાર ચારણ છું. ઉઘાડે પગે અને ઉઘાડે માથે ચારતો એ સેવાનું ફળ મને કાવ્ય-પ્રસાદીરૂપે મળ્યું જણાય છે.''

૧૯૬૮ પછી એમનું શરીરસ્વાસ્થ્ય કથળ્યું. જો કે એમની માનસિક સ્વસ્થતા તો છેક છેલ્લે સુધી અણીશુદ્ધ ટકી રહેલી. બેઠા હોય તો કોઈને લાગે નહિ કે બાપુ બિમાર હશે. વાત કરે ત્યારે પણ એ જ રણકો.

આ જાજરમાન જીવનનો સંવત ૨૦૩૩ના ફાગણ સુદ ૪ તા. ૨૨ ફેબ્રુઆરીના ૧૯૭૭ના રોજ અંત આવ્યો એમ તો શી રીતે કહેવાય? કવિઓ એમનાં કાવ્યો દ્વારા સદાય જીવંત હોય છે. બાપુના કાવ્યનદ એટલો વિશાળ છે કે તેનાં નીર એમ ખૂટવાનાં નથી.

— * —



# સંભારણાં

### મહાન ગાયક બીજલના વારસદાર

# કવિશ્રી દુલાભાઈ કાગ

**• શ્રી દુલેરાય કારાણી**

**કવિરાજ** કાગના કંઠની કવિતાની તો વાત જ શી કરવી, માત્ર એમની વાણી શ્રવણ કરવી, એ પણ જીવનનો એક લહાવો જ ગણાતો. આ લહાવાનો લાભ અમરગઢની એમની આરામશય્યાના સમયે એમના અનેક ચાહકોને મળેલો. મારી હાજરી એ વખતે સોનગઢમાં હોવાથી એમના દર્શનની તક અવાર નવાર મળતી. મારી સાથે સોનગઢ ગુરુકુલના આચાર્ય શ્રી ખસિયા સાહેબ અને મહાવીર ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમના ગૃહપતિ શ્રી ખીમજીભાઈ પણ જોડાતા. અમરગઢના આરોગ્ય-ધામના એમના રાજશાહી ઉતારામાં એમની સાથેના વાર્તાલાપમાં કેટલો સમય વહી જતો તેની પણ ખબર રહેતી નહિ. આ વાર્તાલાપમાં કચ્છી-ગુજરાતી કાવ્ય ચર્ચા સિવાય બીજી કોઈ વાતને સ્થાન ન હતું.

મને ખબર હતી, કવિ કાગના પૂર્વજ કવિ બીજલે પોતાના કંઠની હલક, માધુર્ય અને મીઠાશથી જૂનાગઢના રા' દયાસને મંત્રમુગ્ધ કરી દીધા હતા. અને બીજલના એ કંઠની કિંમત કેટલી હતી? એનું મૂલ્ય હતું, રા' દયાસનું માથું. જૂનાગઢના રાજવીના માથાના મૂલ્ય બરાબર કવિ બીજલના કંઠનું મૂલ્ય હતું.

સિંધના મહાન શાયર શાહ લતીફે સોરઠ-સૂરના સિંધી બ્હેતોમાં કવિ બીજલ અને રા' દયાસની વાતનું કરુણ રસપૂર્ણ વર્ણન કર્યું છે. બીજલ જ્યારે રા' દયાસના માથાની માગણી કરે છે ત્યારે રા' તેને શું કહે છે?

**મથે મથે મુંહ જે, જ કોડ હુએં કપાર,**
**ત વારે વારે વઢેડીયાં, સિસી કે સો વાર,**
**ત પણ તંધ તવાર, તોજી તં મથે વિઝે.**

ભાવાર્થ–હે ગાયક, જો મારા માથા પર કરોડો કપાળ હોત અને સેંકડો વાર મેં મારાં માથાં વાઢીને તને આપ્યાં હોત તો પણ તારા વાજિંત્રના તારની કિંમત મારાં માથાં કરતાં વધી ગઈ હોત.

બીજલ કવિના કંઠમાં કેટલી શક્તિ હતી, તે શાહ લતીફના રિસાલાના આ એક જ સિંધી બ્હેત પરથી સમજી શકાશે. એ વખતે કવિ કાગને મેં કહ્યું: કવિરાજ, આપના કંઠની હલકે ભારતની જનતાને મુગ્ધ કરી છે, તેનું કારણ છે–અનેક પેઢીઓ પછી આપના કંઠને મળેલો આપના વડીલ કવિ બીજલનો વારસો!"

એ વખતે કવિના ચહેરા તરફ નજર કરતાં હું સમજી શક્યો, કે મારી આ નવી વાતે કવિ પર ઘેરી અસર કરી હતી.

બહુ બોલવાની ડૉકટરોની મનાઈ છતાં એ મનાઈને કવિ ગણકારતા નહિ. એમની વાણીનો પ્રવાહ ચાલુ થયા પછી ગંગાના પ્રવાહની પેઠે સતત ચાલુ જ રહેતો. કવિની વાણી પર તાળું કોણ મારી શકે?

કવિને બહુ બોલતા રોકવા માટે તક જોઈને હું એમને કચ્છી કવિતાઓ સંભળાવવા લાગતો. ભુજિયા કિલ્લાની 'કચ્છી સંગર' સાંભળીને કવિ

ખુશ થઈ ગયા હતા. આ સંગરની પહેલી કડી અહીં રજૂ કરું છું :

**ભુજિયા કિલ્લા ભુજ જા, કાછે જા શણગાર,**
**ઉભો ઐંયે આકાશ મેં, શૂરેં જા સરદાર,**
**જોગીડા! તો તેં ઉગા, જુગેં જુગેં જા ઝાડ,**
**કચ્છ જો કીરતી થંભ તું, તો તેં મિડે મધાર,**
**અય જોધા જુડધાર!**
**અજ ઝાંખો ભાંઈયેં કીંભલા?**

ભાવાર્થ—ઓ ભુજના ભુજિયા કિલ્લા! કચ્છના શણગાર! શૂરવીરોના સરદાર જેવો તું આકાશમાં ઊભો છે. ઓ યોગીરાજ! તારા પર જુગોનાં ઝાડ ઊગી નીકળ્યાં છે. તું તો કચ્છનો કીર્તિ-સ્તંભ છે. તારા પર જ બધો આધાર છે. ઓ અજીત યોદ્ધા! આજે તું ઝાંખો ઝાંખો કેમ ભાસે છે?

પછી ભુજિયો જવાબ આપે છે આ સંગર તો લાંબી છે. પણ કવિએ તે શાંતિપૂર્વક સાંભળી હતી.

એક વાર કવિ કાગે અમને એક દિલ્લી (હોકો) બતાવી. આ દિલ્લી પર હીરા-માણેક જડેલાં હોય, એવી એ દેખાતી હતી. અદ્‌ભુત કળા-કસબવાળી આ દિલ્લી જોઈને અમે તો અજબ થઈ ગયા. અમને આશ્ચર્યચકિત થયેલા જોઈને કવિએ ખુલાસો કર્યો કે 'આ દિલ્લી મોગલ શહેનશાહની છે. મોગલ બાદશાહના વંશના એક અમીરે ભેટ આપેલ છે.'


કાગ કવિ આવી અનેરી વસ્તુઓના ખૂબ શોખીન હતા. એમની પ્રત્યેક અવનવી વસ્તુ પાછળ નાનો-મોટો ઇતિહાસ તો હોય જ. એમના મુખે એ ઇતિહાસ સાંભળવો એ પણ એક સદ્‌ભાગ્ય ગણાય.

આજે કવિ કાગ નથી, એમનો દર્દીલો કંઠ નથી, હૈયામાં ઊંડી ઊતરી જાય એવી એમની હલક નથી. જમરાજા એમના સ્થૂળ દેહને લૂંટી ગયા છે પણ એમના સૂક્ષ્મ દેહને કોઈ લૂંટી શકે તેમ નથી.

**જુગોના જુગ વહી જાય લૂંટાય ના,**
**કવિ! તારી અમોલી કમાણી.**

કવિ કાગની કાવ્ય કળાનો અને એમના કમનીય કંઠનો વારસો એમના વારસદાર રામભાઈ કાગમાં ઊતરી આવે એવી આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ.

—*—



કવિશ્રી દુલા કાગ સ્મૃતિ-ગ્રંથ

લોકકવિતાની કલાના કસબી

# કવિ 'કાગ' અને મેરુભા ગઢવી

• શ્રી જોરાવરસિંહ જાદવ

**"ફોરમ ગઈ ફૂલડાં તણી, કરમાણો કવિતા બાગ;**
**સુવાસ સઘળી જતી રહી, જતાં દુલા કાગ." (૧)**

લોકસાહિત્યના તીર્થસમા 'ભગતબાપુ' દુલા ભાયા કાગનું મજાદર મુકામે અવસાન થતાં લોકસાહિત્યરૂપી માળાનો 'મેર' તૂટી પડ્યો. લોકસંસ્કૃતિની આકાશગંગાનો તેજસ્વી સિતારો ખરી પડ્યો. લોકકવિતાનો બાગ જાણે કે કરમાઈ ગયો.

'કાગવાણી' દ્વારા ગુજરાતનાં લોકહૈયાંને ગાંડાંતૂર કરી મૂકનાર ફાટેલ પિયાલાના પરજિયા ચારણ કવિ શ્રી દુલાભાઈ કાગના દુઃખદ અવસાનના આઘાતજનક સમાચાર સાંભળતાં વેંત જ એક જાણીતા લોકસાહિત્યકારે મણ એકનો નિઃસાસો નાખ્યો :

'ઓ...હો કવિ કાગના પેગડામાં પગ નાખીને અડીખમ રીતે ઊભો રહી, લોકકવિતાની અખંડસરવાણી વહાવી શકે અને લોકકાવ્યરૂપી ફૂલડાંનો બાવન બાગ સરજી એમાં ભાતભાતની ફોરમ મૂકી શકે એવો સમર્થ લોકકવિ ચારણકુળમાં આવતાં પાંચસો વર્ષમાંય પાકશે કે કેમ ? એ એક પ્રશ્ન છે. અમારો લોકસંસ્કૃતિનો, લોકસાહિત્યનો તો મોભ તૂટી પડ્યો, ભઈલા !'

### અન્નપૂર્ણા સમી માતાની કૂખે જન્મ

એક કાળે કવિ કાગના કવિ પિતા ભાયાભાઈ કાગની અમરેલી જિલ્લાના મજાદર અને પોર્ટ વિકટરના વિસ્તારમાં હાક વાગતી. એમની ડેલીએ મહેમાનો 'કોઈ દિ' સૂકાતા જ નહીં. ત્યારે દરરોજના પોણો પોણો મણ અનાજનાં દળણાં પંડે દળી અભિયાગતને હસતે મોઢે ઊજળો આવકારો આપી ખંતપૂર્વક ખવરાવનાર અન્નપૂર્ણાના સાક્ષાત્ અવતાર સમાં માતા ધાનબાઈની કૂખે રત્નાકરમાં મોતી પાકે એમ કાગનો જન્મ થયો. વિ. સં. ૧૯૫૮ના કારતક વદ ૧૧ને શનિવારે સોડવદરી ગામમાં જન્મ પામેલા બાળક દુલાના પંડયમાં ભક્તિના સંસ્કારો આવીને આંટો દઈ ગયેલા.

### ઉઘાડા પગે ગાયો ચરાવવાનું નીમ

અંતરમાં આધ્યાત્મિક ભાવના ભણી અભિરુચિ જાગતાં પોર્ટ વિકટરની શાળામાં પાંચ ગુજરાતી ચોપડી ભણીને અગિયાર વર્ષની કાચી ઉંમરે 'ભગત' દુલાએ ઉઘાડા પગે ગાયો ચરાવવાના અને કૂવામાંથી સ્વહસ્તે 'સડવા' વડે પાણી સીંચીને સાઠ સાઠ ગાય માવડીઓને પાવાનાં વ્રત લીધાં. બાપુ ભાયા કાગના

દરબારી અને બંધાણી ડાયરા કરતાં સંત મહાત્મા-ઓનો સંગ દુલાને વધુ ગમતો. સાધુઓનો સમાગમ થતાં એનું અંતર કોળી ઊઠતું. મજાદરના મલક ફરતા વીસ વીસ ગાઉ માથે હાક વગાડતા માથાના ફરેલ કરમી બાપને પોતાનો દીકરો 'ભગતડો' થાય એ ક્યાંથી ગમે? ગજાનન ગણેશની પૂજા કરતા દીકરાને બાપ ઘણીવાર સમજાવતા અને કહેતા :

'દીકરા! હવે આ સીંદરા ખેંહવા મૂકી દે. બાંધ કેડયે તરવાર ને હાલ્ય મારી ભેળો. કો'ક દિ' આમ કરતો કરતો સાધુડો થઈ જઈશ તો મારું આ રજવાડું કેમ સચવાશે? એને સાચવવા તો 'છાંટો-પાણી' કરીને આંખ રાતી કરવી જોઈ.'

બાપ ઇચ્છતા કે, પોતાનો દીકરો સોમાં સોંસરો નીકળે એવો પરાક્રમી થાય; પણ ધર્મ, ઈશ્વર, સાત્વિકતા, સંસ્કાર અને ખાનદાનીના રંગે રંગાઈ ગયેલા દુલાએ જીવન જીવવાનો બાપથી ન્યારો જ માર્ગ પસંદ કર્યો. એવામાં નિર્મળ હૃદયના નાનકડા દુલાને માથે સ્વામી મુક્તાનંદજીનો પંજો પડયો. મહારાજે કિશોર દુલાની દસ આંગળિયોમાં પોતાની દસ આંગળિયો પરોવી. આંખે આખ મિલાવી. ગોઠણે ગોઠણ મિલાવ્યા, પછી આંખ ઉપર હાથ રાખી કહ્યું : 'જા બચ્ચા, કવિતા લીખ કે લા.'

મુક્તાનંદ મહારાજના આશીર્વાદ ઉતરતાં દુલાના હૈયાકપાટનાં બારણાં કટાક કરતાં ઊઘડી ગયાં. પહાડના ખોપરામાં જેમ ઝરણું ફૂટે એમ એના અંતરમાંથી કવિતાનું ઝરણું કલકલ કરતું વહેવા લાગ્યું. કાગ કવિની કાવ્ય-રચનાના શ્રીગણેશ સૌ પ્રથમ આ સવૈયો રચીને મંડાયા :

**"દોડત હૈ મૃગ ઢુંઢત જંગલ, બંદ,**
**સુગંધ કહાં બન બાસે ?**
**જાનત ના મમ નાભિમેં હૈ બંદ,**
**ત્યુંહી બિચારી મન મૃગ ત્રાસે,**
**કયુ ત્યોં નર શઠ રહે હરિ ખોજત,**
**ભ્રમ થકી ચિત્તજ્ઞાન ન ભાસે**
**'કાગ' કહે યે ગુરુ મુક્તાનંદ,**
**આપ હી આતમજ્ઞાન પ્રકાશે" [૨]**

## લોકજીવનના વાલ્મીકિ

પછી તો આધ્યાત્મિકતાના રંગે રંગાઈ ગયેલા દુલા કાગે રામાયણ–મહાભારતનો અભ્યાસ કરવા માંડયો. વિચારસાગર, પંચદશીગીતા વગેરે ગ્રંથો મોઢે કરી લીધા. પુરાણોનો પરિચય મેળવી લીધો. ગુરુની આશીર્વાદપ્રસાદી પ્રાપ્ત થતાં દુલાની મુગ્ધ હૈયાકટોરીમાં ભક્તિનું માધુર્ય ઘોળાયું. એ માધુર્યમાં કલમ ઝબકોળી ને એમણે ભજનો રચવા માંડયાં. રામાયણ જેવા વિરલ ગ્રંથનો નીચોડ અભણ લોકો સમજી શકે એવી લોકભોગ્ય વાણીમાં આપીને લોક-જીવનના વાલ્મીકિ બની રહ્યા.

## મોગરાની મહેક જેવી કાગવાણી

ભક્તકવિ દુલા કાગને ગુજરાત આખું 'ભગતબાપુ' કે 'કાગબાપુ'ના નામથી ઓળખતું. એકલહાડીનો દેહ, માથે એકરંગી પાઘડી, ધોળી બાચકા જેવી દાઢી, એ દાઢિયાળા દેવીપુત્રની જીભે મા–સરસ્વતીનાં અખંડ બેસણાં થાતાં. એમની કલમે મા શારદાના નીત ખમકારા સંભળાતા. એમનાં રચેલાં કાવ્યો, ભજનો, દુહા અને લોકઢાળનાં ગીતો 'કાગવાણી'ના આઠ ભાગ અને અસંખ્ય આવૃત્તિઓમાં આકાર પામ્યાં છે. 'કાગવાણી'માં કવિની કુંવારી કલ્પનાઓ મોગરાના ફૂલની જેમ મહેંકી ઊઠે છે. 'કાગવાણી' દ્વારા વહાવેલી કાવ્યસરિતા જનસમાજના અભણ માણસોના અંતરનેય સ્પર્શી ગઈ. કવિના લોકઢાળનાં ગીતો ગુજરાતનાં ગામડે ગામડે ગુંજવા લાગ્યાં. એમનાં ભાવમઢયાં ભજનો ભાવિક ભક્તોના તંબૂરે

ટપકવા લાગ્યાં. એમણે રચેલા દુહા લોકસાહિત્યના કિંમતી કણો બની રહ્યાં.

### મેઘાણીભાઈએ કળશ્યો આંસુડાં ઢાલવ્યાં

'કાગબાપુ'ના હૃદયમાં લોકસાહિત્યનો રત્નાકર રાત દિ' ઘૂઘવાટા નાખતો હતો. એમના કંઠેથી અસ્ખલિત વહેતા વાણીપ્રવાહનો તો તાગ જ ન આવતો. સ્વ. મેઘાણીભાઈને લોકસાહિત્ય પૂરું પાડવામાં અને અન્ય ચારણ કવિઓ પાસેથી ઉદારતાપૂર્વક સંપડાવવામાં એમનો ફાળો ઘણો મોટો હતો. લોકસાહિત્યના તીર્થસમા કવિ કાગના અંતરમાં ઘૂઘવતા સાગરમાંથી મેઘાણીભાઈને જે સાચાં મોતીડાં સાંપડયાં એનો ઋણસ્વીકાર એમણે અનેક પુસ્તકોમાં કર્યો છે.

કવિ 'કાગ' અને મેઘાણીભાઈનું એ અરસામાં મિલન થયું ત્યારે 'સૌરાષ્ટ્રની રસધાર' આકાર પામી રહી હતી. એટલે સ્વ. શ્રી મેઘાણીભાઈએ 'કાગબાપુ'ને કહ્યું કે, 'પોરસાવાળાની વાર્તા ખૂબ જામી છે. એના થોડાક દુહા મળી જાય તો રંગ રહી જાય. વાર્તાને માથે છોગું મુકાઈ જાય. તમે એ મેળવી આપો તો ભારે રૂડું કામ થઈ જાય.'

'ભગતબાપુ' તો અનેક પ્રવૃત્તિઓથી વીંટળાયેલા જંજાળી જીવ. વીસરી ગયા. પછી મેઘાણીભાઈનાં બેચાર પત્તાં આવ્યાં એટલે દુહા ગોતવાની માથાકૂટને મોભારે મૂકી ને પોતે સાત દુહા રચ્યા અને પરબીડિયામાં પેક કરીને મેઘાણીભાઈને રવાના કરી દીધા :

**'ઊડી મન અંબર ચડે, ચકવા જેમ સદાય;**
**(ત્યાં) કફરી રાત કળાય, (હજુ) પો' ન ફાટે પોરહા'.** (૩)

દુહા વાંચતાં જ મેઘાણીભાઈના હૈયાને સ્પર્શી ગયા. એ તો મરમી હતા. માણીગર હતા. તરત લખી દીધું : "દુલાભાઈ! તમે મોકલાવેલ દુહા મળ્યા. આભાર. આ દુહા જો તમારા જ લખેલા હોય તો ભલા થઈને થોડાક વધુ લખી મોકલોને!"

અને મેઘાણીભાઈની પ્રેરણાથી કવિ કાગે મર્મભર્યા પાંચસો જેટલા દુહા ગુજરાતી સાહિત્યને ભેટ આપ્યા. 'કાગવાણી'માં એક જગ્યાએ એમણે નોંધ્યું છે કે 'કાગવાણીના દુહા સાંભળીને મેઘાણીભાઈ નાચ્યા, કૂદયા અને ફાટફાટ છાતીએ રોયા. કેટલાક દુહા માથે તો એમણે કળશિયો કળશિયો આંસુડાં ઢાલવ્યાં.'

### કંઠ, કહેણી અને કવિતાની બક્ષીસ

આજથી અઢી-ત્રણ દાયકા મોર્યની આ વાત છે. તે દિ' કાઠિયાવાડથી માંડીને છેક દિલ્હીના દરબાર સુધી 'કાગબાપુ'ના નામનો ડંકો વાગતો :

**'અણરંગી ને ઊજળી પને (ચ) ટૂંકી પાઘ;**
**દિલ્હી સુધી કાગ, ભરડો લેતી ભાયાઉત.'** (૪)

કવિ 'કાગ', તેના જોડીદાર મેરુભા ગઢવી અને એમના શિષ્ય રતિકુમાર વ્યાસ. એ ત્રણની ત્રિપુટીને સાંભળવી એ જીવનનો અનુપમ લ્હાવો ગણાતો. ચારણી સાહિત્ય અને લોકસાહિત્યની વિશુદ્ધ પરંપરાઓને અખંડ રીતે વહેતી રાખનાર 'કાગબાપુ'ને કિરતારે કંઠ, કહેણી અને કવિતાની આગવી બક્ષિસ આપી હતી.

**'કંઠ, કહેણી અને કવિતા, ત્રણ દીધાં કિરતાર;**
**તારે ઉર ટહુકાર, કોયલ લજાણી કાગડા'** (૫)

મંદિરના ઘંટ જેવા રણકતા બુલંદ અવાજમાં અજબ પ્રકારની મીઠાશ અને માધુર્ય ભર્યા હતાં. એમના નરવા કંઠેથી અસ્ખલિત વહેતા દુહા, છંદ, ગીતો, ભજનો અને લોકવાર્તાઓ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી મૂકતાં. હકડેઠઠ ડાયરાની માલીપા વાત માંડે તો બંધાણિયાઓના હોકા ય બે ઘડી ઠરી જાતા. વાર્તા પૂરી કરે ત્યારે જાણે કે વાતાવરણ આખું થંભી જતું.

એમની વાણીમાં ગજવેલ જેવી તાકાત હતી. એમની રજૂઆતમાં સમુંદર જેવું અતલ ઊંડાણ હતું.

### પુરસ્કાર

સ્વ. રવીન્દ્રનાથ ટાગોરને 'ગીતાંજલિ' માટે પારિતોષિક પ્રાપ્ત થયેલું. તેમાંથી દેશની વિવિધ ભાષાનાં ઉત્તમ કાવ્યોને ઈનામો આપવા માટેની એક યોજના આકાર પામેલી. ત્યારે ભાવનગરના માજી દીવાન અનંતરાય પટ્ટણીએ કવિ 'કાગ' રચિત પ્રકૃતિ-વર્ણનનું અદ્‌ભુત ઋતુગીત 'આવો આવો એકલધાર, આવો આવો મૂશળધાર રે...સાગરના જાયા ક્યારે આવશો ?' એનો અંગ્રેજી ભાવાનુવાદ કરીને મોકલી આપેલો. એ ગીત સર્વોત્તમ ઠરતાં 'કાગ' બાપુને બાવીસ રતલ ચાંદીની ગાય પારિતોષિકરૂપે પ્રાપ્ત થઈ. ગુજરાતની લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય અને ચારણી સાહિત્યની વિશુદ્ધ પરંપરાને અખંડ રીતે વહેતી રાખનાર કવિ 'કાગ'ને ભારત સરકારે સને ૧૯૬૫માં પદ્મશ્રીનો ઈલકાબ એનાયત કરીને એમનું બહુમાન કર્યું હતું.

### ગુજરાતના સાક્ષરોને સન્માન્યા

સૂરજની જેમ સ્વયંતેજે પ્રકાશનાર કવિનાં આતિથ્ય, ઉદારતા અને દિલાવરીનો જોટો જડવો મુશ્કેલ છે. સને ૧૯૬૩માં જ્યારે એમની કીર્તિનો દેશમાં ડંકો વાગતો હતો ત્યારે આ સરસ્વતીપુત્રે ગુજરાતભરના ૨૫૦ જેટલા લેખકો, કવિઓ અને સાક્ષરોને મજાદરમાં પોતાને આંગણે નોતર્યા, સન્માન્યા અને સાહિત્યનો અનેરો ઉત્સવ ઊજવ્યો. ત્રણ ત્રણ દિવસ લાગલગાટ બાજરાના ઊનાઊના રોટલા, તાજી છાશનું માખણ, શેડકઢા દૂધ અને પકવાન જમાડ્યાં. સાવરકુંડલાના વણકરોને તો એમણે છ મહિના મોર્ય સંદેશો મોકલી આપેલો કે 'તમારાથી વણાય એટલા ધાબળા વણીને મને સડસડાટ પોગારવા માંડો.' વિદાય વેળાએ હાજર રહેનાર સૌને એકેક ધાબળાની ભેટ આપી, કાઠિયાવાડની મહેમાન-ગતિનો પરિચય કરાવ્યો. ગુણવંતરાય આચાર્ય, કરસનદાસ માણેક અને આપા હમીર જેઓ ત્યાં નહીં જઈ શકેલા તેમને પ્રેમપૂર્વક યાદ કરીને એમના ઘેર ધાબળા પહોંચતા કરેલા.

### છઠ્ઠની સાતમ નથી કરી દેવાના

અમદાવાદમાં 'કાગ'બાપુને અવારનવાર આવવાનું બનતું. એ વખતે એમનો ઉતારો એમના શિષ્ય શ્રી રતિકુમાર વ્યાસને ત્યાં રહેતો. ત્યાં ઉમાશંકરભાઈ, ધૂમકેતુ, જયભિખ્ખુ, ગુણવંતરાય આચાર્ય જેવા નામી અને અસંખ્ય અનામી લેખકો, અધિકારીઓ, લોકસાહિત્યના રસિયા અને ચાહકો 'કાગ' બાપુને આદરપૂર્વક મળવા જતા. શ્રી રતિકુમારનું ઘર એ પ્રસંગે માનવમહેરામણથી હાંફવા માંડતું. આ પ્રસંગનો તો હું અનેકવાર સાક્ષી રહ્યો છું.

સને ૧૯૭૩માં ભગતબાપુ છેલ્લી વાર અમદાવાદ આવેલા. એ ક્ષયરોગથી સંપૂર્ણપણે ઘેરાઈ ગયા હતા. સારવાર કરતા ડૉક્ટરોએ એમને મીઠાઈ ને હોકા–સિગરેટ પીવાની બંધી કરેલી. એ વખતે હું મારાં નવાં પ્રકાશન 'આપણા કસબીઓ' વિશે એમની સાથે વાત કરતો હતો ત્યાં બાપુએ ગજવામાંથી સિગરેટ કાઢીને સળગાવી ત્યારે રતિકુમારભાઈ મીઠો ઠપકો આપતા બોલ્યા :

'બાપુ ! ડૉક્ટરે હોકા–સિગરેટ બંધ કરાવ્યાં છે. તમે કાં કોઈ વાતે સમજો નઇ ભૈસાબ ? તમારા શરીર સામું તો જુવો. કેવા સૂકાઈ ને સલો વળી ગયા છો ?'

ત્યારે 'કાગ' બાપુએ હસતાં હસતાં કહ્યું : 'જાદવભાઈ ! તમે આ રતિયલને કાંક હમજાવો ને ! મારો વાલો મને ધરઈ ને સિગરેટેય નથી પીવા દેતો. ધણીએ જે ધાર્યું હશે ઈમાં સળી સરખોય ફેર પડવાનો નથી. છઠ્ઠની સાતમ કોઈ દાકતરો ય કરી

દેવાના નથી. તો પછી જલસા કરી લેવા દો ને ભૈસાબ ! આપણે આ હોકા-સિગરેટ હાર્યે બાંધી જવાના છી ?' એમ પોતાની ફિલસૂફી સમજાવતા નિર્દોષ બાળકની જેમ મુક્ત મને ખડખડાટ હસી પડ્યા. એ દૃશ્ય તો આજે ય મારા સ્મૃતિપટ પર એવું ને એવું જ અંકાયેલું પડ્યું છે.

### મરીને ય લોકજીભે જીવી ગયા

તા. ૨૨ ફેબ્રુઆરી '૭૭ના રોજ 'કાગ'બાપુએ આપણી વચ્ચેથી વસમી વિદાય લીધી છે. એમનો પાર્થિવ દેહ આપણી વચ્ચે નથી પણ 'કાગવાણી'ની અમર રચનાઓ તેઓ પાછળ મૂકી ગયા છે. આકાશવાણીએ એમના કંઠનું કરેલું ૬૫ કલાકનું રેકોર્ડિંગ આજે સાહિત્યની મહામૂલી મૂડીરૂપ બની રહ્યું છે એ આપણા માટે નાનુંસૂનું આશ્વાસન નથી. કવિ મરીને પણ લોકજીભે અમર બની ગયા છે. એમના દુહા જ આજ જાણે અશ્રુભીની આંખે એમને અંજલિ આપી રહ્યા છે.

**'મીઠપવાળા માનવી, જગ છોડી જાશે**
**'કાગ' એમની કાણ, ઘર ઘર મંડાશે.' (૬)**
**'ભવલગ ભુલાશે નહીં, સૂતા મર સમસાણ**
**'કાગા' કાયમ કાણ, મીઠા માનવીઓ તણી." (૭)**

### કંઠ, કહેણીના માલમી
### શ્રી મેરુભા મેઘાણંદ ગઢવી

સને ૧૯૨૭માં નડિયાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન યોજાયું હતું. એ અરસામાં 'શારદા' માસિકના ઉત્સાહી તંત્રી અને લોકસાહિત્યના ભેખધારી શ્રી ગોકુલદાસ રાયચુરા, સૌરાષ્ટ્રના નિરક્ષર સાક્ષર તરીકે જેમની ગણના થતી હતી તે સુપ્રસિદ્ધ લોકવાર્તાકાર મેઘાણંદ ખેંગાર ગઢવીને લઈ આવ્યા હતા. એ વખતે એમની સાથે એકવીસ વર્ષની યુવાનીના ઉંબરે અલપઝલપ કરતો એક લવરમૂછિયો જુવાનિયો આવેલો. કાર્યક્રમ પ્રસંગે કેડિયું, ચોરણો ને માથે પાઘડીનું મોટું ફીંડલ મૂકીને બેઠેલા જુવાનિયાના ભરાવદાર મોં પર તરવરતા ભાવોને નીરખીને શ્રી મોતીભાઈ અમીને રાયચુરાને પૂછ્યું :

'માળો આ જુવાનિયો કોણ ?'

'મેઘાણંદ ગઢવીના દીકરા મેરુભા.'

'તો મેરુભા ડાયરામાં કંઈ બોલે છે કે નઈ ?'

ઢૂકડા બેસીને આ વાત સાંભળતા મેરુભાના મોં પર ક્ષોભની છાયા ફરી વળી. રાયચુરાએ કરેલા પ્રશ્નના ઉત્તરમાં પિતા ભણી આંગળી ચીંધી ધરતી માથે નજર ઢાળીને એ બોલ્યા :

'હું બાપુની હાજરીમાં ગાતો નથી.'

મેઘાણંદ ગઢવીને કાને વાત આવી એટલે એમણે દાઢીના થોભિયાં પર હાથ પસરાવતાં પસરાવતાં આજ્ઞા આપી :

'મેરુભા ! આજ થોડુંક થાવા દે. બધાનો બઉ આગ્રહ છે.'

'પ...ણ... બા...પુ !'

'ઈમાં બાપુ શું ? મોરનાં ઇંડાંને ભલા આદમી ચીતરવાનાં થોડાં જ હોય ?'

પિતા-બાપુનો હુકમ થતાં જુવાનિયે ક્ષોભના સઘળા બંધનો ફગાવી દઈ ને ભાવનગરના રાજકવિ પીંગળશી પાતાભાઈએ રચેલ રાધાકૃષ્ણની બારમાસીનો ત્રિભંગી છંદ પહાડી અવાજે ઉપાડ્યો :

**કહુ માસ કાતી, તિય મદમાતી,**
**દીપ લગાતી, રંગરાતી**
**મંદિર મહેલાતી, સબે સુહાતી**
**મૈં ડર ખાતી, ઝઝકાતી**
**બિરહેં જલ જાતી, નીંદ ન આતી**
**લખી ન પાતી મોરારી !**
**કહે રાધેપ્યારી, હું બલિહારી**
**ગોકુળ આવો, ગિરધારી !**
**જી ! ગોકુળ આવો ગિરધારી.' (૮)**

આમ કારતકથી માંડીને આસો માસ સુધીનું રાધાની મનઃસ્થિતિનું અને પ્રકૃતિનું વ્રજભાષામાં વર્ણન પૂરું કર્યું ત્યારે જાણે કે સ્વર્ગલોકનો ભૂતળ પર ભૂલો પડેલો ગાંધર્વ તેના સાથીદારોને પહાડી સાદે ધરતી પર નોતરતો હોય તેવો ભાસ થયો. મેરુભાના બુલંદ કંઠમાંથી નીકળતો ધીરગંભીર અવાજ અને એ અવાજની મીઠાશને દસ હજારની માનવ-મેદની સ્તબ્ધ બનીને ગળતી રાતે માણતી રહી. જાહેર કાર્યક્રમો આપવાની મેરુભાની આ સૌ પ્રથમ શરુઆત, પછી તો એમની કીર્તિને જાણે કે પાંખો ફૂટી :

**'મેરુ ઊંચો મેરથી, છત્રાવે બડ ચિત્ત,**
**ભજન બહુવિધ ભાવથી, ગાવે આછાં ગીત.: (૯)**

આજથી આશરે ૯૫ વર્ષ પૂર્વે સૌરાષ્ટ્રમાં લોકવાર્તાઓ દ્વારા લોકસાહિત્યના સંસ્કાર ચેતાવનારા સોરઠ (ઘેડ વિસ્તાર)ના છત્રાવા ગામના લોકસાહિત્યના આરાધક પિતા મેઘાણંદ ગઢવીના ખોરડે માતા શેણીબાઈની કૂખે સંવત ૧૯૬૨ના ફાગણ સુદ ૧૪-ના રોજ મેરુભાનો જન્મ થયો. ગામડા ગામની અભણ માતાએ ગળથૂથીમાં જ ખાનદાની, સમાજ-સેવા અને ભક્તિના સંસ્કારો બાળકમાં રેડયા. ચાર ગુજરાતીનું અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરીને બાળક મેરુભાએ શાખાને સલામ કરી દીધી અને આછીપાતળી ખેતીમાં જોડાયા. પછી તો પિતાની વાર્તાકથનની કલાને મુગ્ધભાવે અને અતૃપ્ત હૈયે માણતા મેરુભા લોક-સાહિત્યના સંસ્કારરંગે રંગાઈ ગયા. નડિયાદના કાર્યક્રમે એમને સાક્ષરોના સાનિધ્યમાં માનભર્યું સ્થાન અપાવી દીધું.

## હેતપ્રીતની હીરલાગાંઠ

એ અરસામાં મેરુભા અને રાયચુરાની જોડી જામી. બંનેએ મળીને સમાજમાં લોકસાહિત્યનો સંસ્કાર વહેતો રાખવા કવિતા, વાર્તા, શિક્ષણ અને કહેણી દ્વારા અણથક ઉદ્યમ આદર્યો. સને ૧૯૩૪માં કવિ 'કાગ', મેઘાણી અને મેરુભાનું સૌ પ્રથમ મિલન થયું. પ્રથમ મુલાકાતે જ એકબીજાના અંત-રમાં હેતપ્રીતની જાણે કે હીરલાગાંઠ બંધાઈ ગઈ. પોતાના આદરણિય મિત્ર દુલા કાગનું સ્મરણ સતત રાખવા એમણે પોતાના નાના ભાઈ પીંગળશીભાઈ ગઢવીના પુત્રનું નામ પણ દુલો રાખી દીધું. દુલો મોટો થઈને ડૉકટર બન્યો છતાં એને પ્રેમથી ડૉ. દુલો કહીને જ સંબોધતા.

## ...લોકજીવનના વન-ઉપવનની કુંજો

પછી તો કવિ 'કાગ'ના કાર્યક્રમોમાં મેરુભા અચૂક હાજર જોવા મળે જ. પોતાની મીઠી હલકથી 'કાગવાણી'નાં ગીતો અને ભજનો રજૂ કરીને શ્રોતા-ઓને ડોલાવી દે. આમ 'કાગવાણી'નાં ગીતોને લોકહૈયાં સુધી ગુંજતાં કરવાનો યશ જો કોઈને આપવો હોય તો સ્વ. શ્રી મેરુભા ગઢવીને આપી શકાય. એટલે જ કવિ 'કાગ' આભારવશ બનીને ઘણીવાર કહેતા કે 'મારાં ગીતોને મેરુભાએ પાંખો આપીને ઉડતાં કર્યાં છે. લોકહૈયે રમતાં અને લોક-કંઠે ટહૂકતાં કર્યા છે.' શ્રી જયમલ્લ પરમારે સાચું કહ્યું છે કે 'મેઘાણી અને રાયચુરાના દેહાવસાન પછી લોકસંસ્કૃતિના ઝંડાધારીમાં કવિ 'કાગ' અને મેરુભાનું મિલન સધાયું. એ બેના મિલનમાં કંઠ અને કવિતા, ભાવ અને ભક્તિ, સૌજન્ય અને સેવાની જુગલબંધી સધાઈ, લોકજીવનના વનઉપવનની કુંજો એમણે મહેકાવીને ગુંજતી રાખી છે.'

## ભર્યું ભાણું મળે તો રાંધવાની તરખડય કોણ કરે?

કવિતા રચી શકે તેવું ઊર્મિશીલ હૃદય અને શબ્દસામર્થ્ય ધરાવતા હોવા છતાં મેરુભાએ એ દિશા ખેડવાને બદલે કાવ્યોને કંઠ આપીને સમાજમાં

ફરતાં ફરતાં, રમતાં ને ગુંજતાં કર્યાં છે. અમદાવાદમાં શ્રી મિસ્ત્રીકાકાને ઘેર થયેલી આકસ્મિક મુલાકાત પ્રસંગે મેં કરેલા પ્રશ્નનો પ્રત્યુત્તર તેમણે હસતાં હસતાં આ શબ્દોમાં આપ્યો :

'જાદવભાઈ ! તૈયાર રસોઈનું ભર્યું ભાણું મળી જાતું હોય તો રાંધવાની કડાકૂટમાં કોણ પડે ? આવાં રૂડાંરૂપાળાં તૈયાર કાવ્યો, ગીતો ને ભજનો મળતાં હોય તો નવાં રચવાની માથાકૂટમાં કોણ પડે ?'

**દર્દભરી ગાયકીમાં ડોકાતું સંત હૃદય**

પ્રા. દ્વિજે મેરુભાની શક્તિ અને લોકસાહિત્યની રજૂઆતની કળાને અંજલિ આપતા ખરું જ કહ્યું છે કે 'પોતે કવિ નહોતા છતાં કવિતાને કંઠ આપીને તેની તમામ છટાથી સાર્થક કરતા. તેમના કંઠમાં કંપન હતું. વેધકતા હતી. દર્દ હતું. દર્દમાંથી પ્રગટતું સંતનું હૃદય હતું. એમના કંઠની ભવ્ય બુલંદી આસપાસ બેઠેલાઓને સ્વરલોકની યાત્રાએ ઉપાડી કોઈ નવી જ ભૂમિકા પર લઈ જતી. એમની સુરાવટ કોઈ સિદ્ધહસ્ત ગવૈયાને અતિ સાધનાએ જવલ્લે જ સાંપડે એવી હૃદય ડોલાવી નાખે તેવી હતી.'

**ગાંધીયુગની સાહિત્ય સંસ્કારની ચેતનાનો દીવડો ઝગતો રાખ્યો**

શ્રી રાયચુરાના સાંનિધ્યે મેરુભાના હૃદયમાં રાષ્ટ્રીયતાનાં સંસ્કારબીજ રોપાયાં. માતા સરસ્વતીની ઉપાસનાની સાથે સાથે એમણે ગુજરાતમાં ભમતા રહી ગાંધીયુગની સાહિત્ય સંસ્કારની ચેતનાનો દીવો ઝગતો રાખ્યો ઠેરઠેર યોજાતા કાર્યક્રમોમાં ગાંધીગીતો અને 'કબાઉત'નો દુહા ગુંજવા લાગ્યા :

**'દેશડિયાની દાઝે**
**ગાંધીડો હવે ગાંડો થયો રે.'** (૧૦)
**'વણ ભાલાં વણ બરછી, વણ બંદૂક વણ તોપ,**
**તારું કટક કાળો કોપ, વણ હથિયારે**
**વાણિયા.'** (૧૧)

આ ગીતો ઉપરાંત ત્રિભુવન વ્યાસ કૃત 'ધન્ય ધન્ય સૌરાષ્ટ્ર ધરણી,' કવિ વિયોગી કૃત 'મહેલોના મહેલથી વહાલી અમને અમારી ઝૂંપડી' અને મેઘાણીભાઈનાં રાષ્ટ્રિય ભાવના ભરેલાં ગીતો મેરુભાના કંઠે સાંભળવાં એ એક લહાવો જ ગણાતો.

માદરેવતન છત્રાવાથી શરૂ થયેલી તેમની અર્ધી સદી ઉપરાંતની સાહિત્યયાત્રા અમદાવાદ, વડોદરા, દિલ્હી અને મુંબઈથી માંડીને આફ્રિકા સુધી પહોંચી.

**...અને 'લક્ષપછાવ'નું દાન મેળવ્યું**

મેરુભાનું વ્યક્તિત્વ પણ નિર્મળ નીર જેવું પવિત્ર અને બહુરંગી રહ્યું હતું. તેઓ માત્ર લોકસાહિત્યના આરાધક અને ગાયક જ નહોતા પણ દીર્ઘદૃષ્ટા અને સમાજસુધારક પણ હતા. ચારણ કન્યાઓની કેળવણી અર્થે તેમણે રૂ. ૨ લાખની ટહેલ નાખી. ચારણ ક્ષત્રિયના નાતે જામનગરના રાજમાતા ગુલાબકુંવરબા પાસેથી એક લાખ, એકહજાર એકસોને એક રૂપિયાનો 'લક્ષપસાવ' (લાખ રૂપિયાનું દાન) પ્રાપ્ત કરીને પોરબંદરમાં ચારણકન્યા છાત્રાલય ઊભું કર્યું. છત્રવા ગામથી હરિજનો માટે ૧૬ ઓરડાઓની વસાહત બંધાવી. ગામના ગરીબ ભંગીને પોતાના ખર્ચે ખોરડું કરાવી આપ્યું. કન્યાશાળા અને કુમારશાળાના ઓરડા બનાવી દીધા.

**લોકસાહિત્યના મસાલચીને કવિરત્નનું બિરુદ**

લોકસંસ્કૃતિ અને સાહિત્યના મશાલચી તથા સમાજ સુધારક મેરુભાનું ગાયકવાડ સરકાર, સૌરાષ્ટ્ર નૃત્ય નાટ્ય અકાદમી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, આર્યકન્યા ગુરુકુલ, આઈ. એન. ટી. (મુંબઈ), ચારણ સાંસ્કૃતિક સેવા મંડળ જેવી અનેક સંસ્થાઓએ વખતો વખત સન્માન કરીને તેમની સેવાઓને બિરદાવી છે. દ્વારકા મઠના જગત્ ગુરુ શ્રીમદ્ શંકરાચાર્યજીએ તેમને 'કવિરત્ન'નો ઈલકાબ આપીને તેમની કદર કરી છે.

### ઉત્તરાવસ્થામાં ભક્તિનો રંગ

ઉત્તર અવસ્થામાં ભક્તિના રંગે રંગાઈ ગયેલા મેરુભાએ ભારતના મોટા ભાગનાં તીર્થોની યાત્રા કરીને પ્રભુસ્મરણમાં મનને પરોવ્યું. તમામ પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ લીધી. ત્યાં તો ધર્મપત્નીનો સ્વર્ગવાસ થયો. પત્નીના અવસાનના આઘાતની કળ વળી ન વળી ત્યાં કવિ 'કાગ'ના નિધનના દુ:ખદ સમાચાર સાંભળીને મેરુભા મનથી સાવ ભાંગી પડ્યા. એ પછી તા. ૧-૪-૭૭ના રોજ ફક્ત સવા મહિના પછી જ એમનો જીવનદીપ બુઝાઈ ગયો. જીવનની માયા સંકેલી લઈને તેઓ જાણે કે 'ભગત બાપુ'ને મળવા લાંબા ગામતરે ઉપડી ગયા.

વિશ્વની મહાજ્યોતમાં લોકકવિતાની કલાના કસબી કવિ 'કાગ' અને કંઠ, કહેણીના માલમી એવા લાડીલા લોકગાયક મેરુભા ગઢવીની જીવન-જ્યોત વિલીન થઈ ગઈ. તેમણે કરેલી લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ અને ચારણી સાહિત્યની સેવાઓને ગુજરાત કદી વીસરી શકશે નહિ. ☆

નોંધ : (૧) આ લેખના દુહા કવિશ્રી ત્રાપજકર અને કવિ શ્રી આપા હમીરના રચેલા છે.

---

## "શબ્દનાં ફૂલડાં"

(રાગ–ઉપરનો)

ભાઈ! તારો બ્હેંકે ફૂલડાંનો બાગજી......

બ્હેંકે ફૂલડાંનો બાગ એનો પાણતીયો રૂડો રાગ–ભાઈ–ટેક
રૂડીઆકેરી વાડીમાં રોપ્યાં, બાવન ફૂલનાં ઝાડજી (૨);
જાળવવા ચોતરફ કરજે (૨), વેરાગકેરી વાડ. ભાઈ–૧
રંગે રંગના ફૂલડાં, એમાં રામચરિતનો ત્રાગ જી (૨);
એનો ગૂંથે હારલો (૨), કોઈ કંઠે ધરે બડભાગ. ભાઈ–૨
તુલસીદાસે ગૂંથીઓ, જે જુગે જૂનો ન થાય જી (૨);
ભારતને કંઠ રોપીઓ ભાઈ (૨), એની કળીએ નો કરમાય ભાઈ–૩
માળીડા એની ફાંટું બાંધી, વેચવા આંટા ખાય જી (૨);
શારદામાનાં ફૂલડાં ભાઈ (૨), છાબૂંમાં કરમાય. ભાઈ–૪
'કાગ'વાણીની વેલડીયુંને લાગે, પ્રભુજળની પ્યાસ જી (૨);
ખીલે શબ્દનાં ફૂલડાં ભાઈ (૨) એમાં કરણીની સુવાસ. ભાઈ–૫

(મજાદર તા. ૧૨–૩–૫૩)

—દુલા કાગ

---

# પહેલી સરવાણી

• શ્રી જયભિખ્ખુ

**સૌરાષ્ટ્રના** કાશ્મીર મહુવાની મધુકેસર-ભરી ભૂમિ છે. સૂરજ અનોખાં તેજે તપે છે.

એક કિશોર વયનો બાળ લાકડીને ટેકે ઝૂલતો ઊભો છે ! એને ખભે ડોલ લટકે છે, એમાં રામાયણ છે. એની બગલમાં એક ચોપડી છે. સુભદ્રાહરણની છે.

એ કિશોરને હૈયે બે વાતના કોડ છે.

ધેનુ ચારવાના !

ધેનુના ધોળા સેતર દૂધ જેવી કવિતા કરવાના !

સીમમાં ગાયો ચરે છે. ભેંસો ચરે છે, ઊંટ ચરે છે. બળદ ચરે છે. બાળા રાજાની આ દુનિયા છે. આ વસ્તી છે. વસ્તી ને રાજા વાતો કરતા નથી. આંખના અણસારે એકબીજાનાં હૈયાં વાંચે છે !

કિશોર પાસે જ પોર્ટ વિક્ટરની ગુજરાતી નિશાળ છે. પાંચ ચોપડીનું ગુજરાતી ભણતર ભણીને કિશોર નિશાળનાં પગથિયાં ઊતરી ગયો છે. હવે ધેણમાં સંચર્યો છે !

જૂના કાળમાં કૃષ્ણ કનૈયાને ગાય ચારવાનાં નીમ હતા. આ કિશોરને હૈયે પણ ગાય ચારવાનાં વ્રત છે !

જૂના કાળની પ્રથા હતી. ગાય માતામાં તેત્રીસ કોટિ દેવતાનો વાસ લેખાતો. અપુત્રિયો રાજા દિલીપ પુત્ર કાજે નગર છોડી આશ્રમમાં જઈને રહેલો અને ત્યાંની ગાયો ચારવા જતો.

રાજા ગાયો ચારવામાં પુણ્ય લેખતો હોય, પછી વસ્તીની શી વાત કરવી ?

એ ધેનું ચારવાનું ધર્મવ્રત લઈને કિશોર ધેનુ ચારતો હતો. એમાંય તપસ્વીના જેવા નિયમો હતા.

ઉઘાડા પગે ચાલવાનું.

ઉઘાડા માથે ફરવાનું.

ગાય બેસે ત્યાં બેસવાનું !

ગાય ઊભી રહે ત્યાં ઊભા રહેવાનું !

બધી ગાયોને કૂવાને કાંઠે લઈ જઈ, હાથે પાણી સીંચીને પાવાનું !

ગાય ચાલતી ચાલતી ગૌચરી કરે, એમ ઘેરથી બાંધી આપેલો રોટલો પણ વગર દાળ-શાકે ચાલતાં ચાલતાં બટુકાવી જવાનો !

ગાયો ચરીને ઝાડને છાંયડે વાગોળતી બેઠી હોય, પવન વીણા વગાડતો હોય, પંખી ગીત ગાતાં હોય, આ વખતે કિશોર નવરો પડે છે.

નજીકના નવાણે જઈને નાહ્યા. દિલ પર કપડાં બે છે. એક પહેરીને પૂજા કરવા બેસે !

કોઈ વરખડી છાંયો કરી રહી છે. ને બાળક પાસેની પોટલીમાંથી મૂર્તિ કાઢે છે. એ ગજાનન ગણપતિની મૂર્તિ છે.

મૂર્તિ કાઢીને સામે પધરાવે છે.

પૂજા કરે છે. માળા ફેરવે છે ! હે દેવા, મને ડહાપણ દે જે !

પછી રામાયણ વાંચે છે. સાદ તો સતારીના તાર જેવો છે. પણ દબાતે રાગે ગાય છે.

મનમાં બીક છે, રખેને મારા બાપુ જોઈ ન જાય ! !

રે છોકરા ! આમાં વળી બીક કેવી ? આ કંઈ અનીતિ-અધરમનું કામ થોડું છે ?

પણ ના, ના, એના બાપુની આ બધી ભગતાઈ તરફ રૂઠી નજર છે. એનો બાપ ભારે પરાક્રમી પુરુષ

છે. એને પરાક્રમનાં સપનાં આવે છે. લંકાનો ગઢ ઠેકવા જેવાં કામો કરવાની ધગશ રહે છે !

ઘેર પાંખાળા ઘોડા છે ! દીકરો રોજ સો સો માઈલની ખેપ કરે કે આ ભગત થઈને બેઠો બેઠો ગણપતિને પૂજે !'

પોતાનું બાપીકુ પૂજવાનું થાનક શક્તિમા ! મા ભવાનીનું એને ત્યાં બેસણું ! અસુરોને સંહારનારી, દાનવો પર કોપ કરનારી માતાના રક્ત ટપકતા ત્રિશુલને બદલે આ ઉંદરને આ લાડવાની પૂજા શી !

ઉંદર બિલાડીને સુપરત કરાય !

લાડવો પેટને !

એટલે દેવનો સાક્ષાત્કાર પૂરો થાય ! આવી વિચારસરણીવાળો મલક પર વગર હાકેમાએ હાકેમ કરતો બાપુ. નામ ભાયા કાગ. ભાયા કાગનું નામ સંભળાય કે ભલભલા વ્યાજખાઉનાં ગાત્ર ઢીલાં થાય.

એનું નામ ગાજે ત્યાં ગુંડા ભાગે નહિ તો એ અધરમીઓને માથે ભાયો કાગ કાળ બનીને આવ્યો જ છે ! સમાધાનમાં, મસલતમાં, દયામણીમાં ભાયો કાગ ભારે ! એનાથી સહુ ડરે ! એની વાત બધા રાખે. એની વાત જે ન રાખે એને ઠેર ન રાખે.

ભાયો કાગ લહેરમાં હોય ત્યારે દીકરાને વંશ-વેલાની વાતો કરે.

ઠેઠ તેરમી સદીની વાત !

બીજલ કવિ એ પોતાનો પૂર્વજ !

એની કવિતા એવી કે માથું માગો તો માથું મળે, પ્રાણવાન કવિતાનો એ કવિ.

કવિતા કરીને તો રાજા રાડિયાસનું માથું માગી આવ્યો ! આવો કવિ !

બધે વાહ વાહ થઈ રહી ! પણ કવિ તો એ માથું આપનારના ગુણ ગાવા એના મસ્તક સાથે પોતે બળી મુઓ.

એ બિજલ કાગનો આપણો કુળવેલો !

એ વેલા પર ભાતભાતનાં તાકાતદાર ને નકશી-દાર ફૂલ ખીલ્યાં છે !

કવિ બીજલના ત્રણ દીકરા.

કાગસુર એમાં નાનો.

સુર એટલે દેવ. ચારણ બધા દેવ.

કાગસુરને ૩૬ મી પેઢીએ ઝાલા કાગ થયા. ગીરમાં રહે. ઢોર ચારે, દુકાળમાં ઢોર સાફ ! ખાવા ટંકનાં ઠેકાણાં ન મળે.

આવા ગરીબ ઝાલા કાગને કોણ દીકરી દે ?

બત્રીસ–તેત્રીસ વર્ષની ઉંમરે પંડ રળે ને પેટ ભરે એ સ્થિતિમાં ઝાલા કાગ મજાદર ગામે આવ્યા.

સાથે બે ભેંસ અને એક પાડો.

પાડા પર ઘરવખરી, ભેંસ પર આજીવિકા !

અહીં ચારણની એક શાખનાં ૨૫ ગામ. પણ શાખમાં દીકરી દેવાય નહિ, દીકરી લેવાય નહિ.

જહારડું જાણીતો ભડ માણસ. એ ગઢવીની નજરમાં ઝાલો કાગ વસી ગયો. ૪૦ વીઘાનું ખેતર ને દીકરી એને દીધાં.

એના ભાયા કાગ !

ભાયા કાગના ઘરવાળાનું નામ ધાનબાઈ !

ભાયા કાગનો રોટલો ને ઓટલો એટલાં વિશાળ કે ધાનબાઈ રોજ પોણો મણ દળણું દળે !

આતિથ્યમાં અસ્થિ ગાળી નાખેલાં. વૃદ્ધાવસ્થામાં પૂ. ધાનબાઈ પીડા કરતાં પડખાં પર હાથ મૂકીને કહેતા : "ભાઈ ! આ તો દળણાંના ઘા છે !'

પરોણાગતમાં પ્રાણ પીરસનારી આ અન્નપૂર્ણાને પેટ રત્નાકરમાં મોતી પાકે એમ સં. ૧૯૫૮ ના કારતક વદ ૧૧ ને શનિવારે મધરાતે દીકરો જન્મ્યો.

એનું નામ દુલો !

દુલા પર મરદ પિતાની આખી દુનિયા ! એમાં દીકરો નાનપણથી વિચારવાળો. ગણીને બોલનારો, બેલફેલમાં ન રાચનારો !

આવો દીકરો ભગત નીકળે, ભડ ન નીકળે ! રે દુલા ! જરા છાંટો પાણી કરતો જા ! મરદુના આંખના ડોળા લાલ જોઈએ !

અને દુલો આમાં કંઈ ન શીખ્યો.

શીખવવા આવનારને સમજાવી દીધા એ દહાડે ! આજ તો અનેક દારૂડિયાને ડૂબતા તાર્યા છે એણે !

એ કિશોર દુલો !

ગાયું ચારવાનાં વ્રત લે. એક ટાણું જમવાનાં વ્રત લે. રોજ દોહરા ચોપાઈ યાદ કરવાની આખડી લે !

બાપ મારતે ઘોડે સો ગાઉની સીમ માથે બાજની ઝપટે આંટો દઈ આવે ને દીકરો સો દોહા ચોપાઈ એક દહાડામાં યાદ કરીને મલકાતો બેઠો હોય ! જાણે કોઈ મિલકત મળી ગઈ !

આવો બાપ દીકરાને ગજાનનની મૂર્તિની પૂજા કેમ કરવા દે ! એ તો કહે : "દીકરા ! કોઈ દહાડો સાધુડીઓ થઈ જઈશ. મારું રજવાડું કેમ કરીને જાળવીશ ?"

આવો બાપ દીકરાને માળા ફેરવતો જોઈ કહે, "રે આ સીંદરી ન ફેરવ ! કેડે તલવાર બાંધ ને હેંડ મારી સાથે !'

બાપ ભાયો કાગ વાર્તા માંડે, નદીનાં જળ થંભાવે તેવી ! દુહા હજાર ગાય : એકને આંબે એવા !

કિશોર દુલા કાગને ધેનુ ચરાવતાં, ચોપાઈ ગોખતાં એક વરસ ને નવ મહિના વીતી ગયા !

ભક્તિના માળામાં કવિત્વનું પંખી ક્યારે આવીને ઇંડા સેવવા બેઠું હતું એની ખબર નથી : પણ એ મહિનો પોષ હતો. વદ તેરસ હતી.

ઠંડો ઠંડો વાયુ વાતો હતો.

સૂરજ મહારાજ સગડી કરતા હતા.

પાસેથી પીપાવાવનો કેડો જતો હતો, ને ઝોલાપુરીના જળમાં પંખી સ્નાન કરતાં હતાં.

કિશોર દુલો સ્નાન કરીને ઊભો છે. સામે સૂરજદાદો છે. એ વખતે સૂરજની બીજી આવૃત્તિ હોય તેમ એક પુરુષ ત્યાં આવ્યો.

માનવમાત્ર મૂર્તિપૂજક છે. એ માનવમૂર્તિ પૂજવા લાયક હતી. ભવ્ય લલાટ છે, ભગવી કંથા છે, પવન પર વિહરતી હોય એવી પાવડી પર ઊભા છે ! મસ્તક નમાવવાનું મન થાય તેવી સૂરત છે !

બોલે છે. ગળામાં જાણે ઝાલરી બજે છે !

"બાળક ! તારે કવિતા શીખવી છે ?"

"હા."

"કોણ છે તું ?"

"ચારણ."

"ચાલ મારી સાથે, એરુ વીંછીના મંતર શીખવું."

"એમ ન ચલાય." કિશોર બોલ્યો, "મારો બાપ જાણે તો કટકા કરી નાંખે."

"છોકરા ! ગાયોને તારા કરતાં સવાયો ગોવાળ મળે ને તારો બાપુ તને લઈને પંડે મને સોંપી જાય તો ?"

"બાપુ ! પછે તો વિવાહથી રૂડું શું ?'

કિશોર ઘેર ગયો. અને આંગણામાં જ બાપને બેઠેલ જોયો. મલો ભાભો કરીને એક ગોવાળ કામ માંગવા આવ્યો હતો.

બાપે દીકરાને કહ્યું : "કાં હવે ગાયું ચારવી છોડવી છે ને ? રજવાડાનો કારભાર છોડી દીકરો છાણમાટીમાં મોહાયો છે !"

દીકરાએ હા પાડી દીધી. બધાને અચરજ થયું !

ગાયો મલા ભાભાને અને બીજલને સોંપાઈ. દીકરો પૂજા-સેવામાં બેઠો.

પૂજા-સેવાના ઓરડામાં જ બાપની તલવાર રહે. ભાયો કાગ તલવાર લેવા આવ્યો ને દીકરાને ગણપતિની પૂજા કરતો ભાળ્યો.

બાપે કહ્યું : "હાલ મારી સાથે. પીપાવાવના ગીગારામજી મહારાજ મારા મિત્ર છે, એમના ત્યાં એક સંત મુક્તજીવનદાસજી આવ્યા છે. તને એમને સોંપી આવું એટલે તું સીંદરાં તાણતો જંપે !"

આગમનના એંધાણ એવાં જ હોય છે. બાપે દીકરાને લઈ જઈને મહારાજ મુક્તજીવનદાસજીને સોંપ્યો. પણ એ તો બકરું કાઢતાં ઊંટ પેઠું.

દુલો ભણવા લાગ્યો, વિચારસાગર, પંચદશી, ગીતા મોઢે કરી લીધાં. પછી કહ્યું :

"ભુજ જાઉં, ત્યાંની પોષાલમાં કવિ પાકે છે."

મહારાજે બે હાથ લંબાવીને કહ્યું : "અહીં ભુજ છે, ભુજ જવું નથી !"

ને દુલાની દશ આંગળીઓમાં પોતાની દશ આંગળીઓ પરોવી આંખે આંખ મીલાવી ! ગોઠણે ગોઠણ મિલાવ્યા. પછી આંખ પર હાથ રાખી કહ્યું:

"જા, સવૈયો લખી લાવ."

પહેલો અનુભવ ! પહેલી આજ્ઞા !

કાગળ લીધો, પેન્સીલ લીધી.

રમત શરૂ કરી ને લખાયું ! ભક્ત કવિ શ્રી દુલા કાગની કાવ્ય નિર્ઝરીનું એ પહેલું પુષ્પ.

સવૈયો—નાભિમાં બંધ-કસ્તુરી છે ને મૃગ કસ્તુરી બીજે શોધે છે. એ તત્ત્વજ્ઞાનભર્યો સવૈયો દેખાયો.


સં. ૧૯૭૩માં સત્તર વરસની ઉંમરે ફૂટેલી આ સરવાણી પછી અટક્યા વગર, કદી વેગથી, કદી મંથર ગતિએ વહેતી જ રહી છે. એણે અનેક એકતારાઓને સદા રણઝણતા રાખ્યા છે; અનેક સભાઓને કાવ્યગીતથી ગુંજતી બનાવી છે ને અનેક રાત્રિઓને ભજનભાવથી પવિત્ર બનાવી છે. એ કવિતાએ પાષાણને પ્રફુલ્લાવ્યા છે !

ભજનની દુનિયામાં ડોકિયું કરીએ અને આ ભક્તકવિનાં ભજનો ન ગવાતાં હોય એવું કદી બન્યું નથી ! એ ભજનોની ચોટ, એ દુહાઓની વેધકતા વર્ષોથી અખંડ છે.

દુલા કાગના કવિત્વને કાશીની કોઈ મહોરછાપ મળી નથી, પણ માનવીના અંતરનાં ગંધાતા ચર્મને આવળનાં ફૂલની જેમ કોમલ કરનારી ને સુગંધરને તારનારી એ કવિતા છે.

આપણા આ છુપાયેલા રતનને ઈ. સ. ૧૯૬૨ની ૨૬મી જાન્યુઆરીના સ્વાતંત્ર્યદિને આપણી લોકશાહી સરકારે મોડું મોડું અને થોડું થોડું પણ પિછાણ્યું છે ! કવિશ્રી દુલા કાગને કવિતામાં "પદ્મશ્રી"નો ખિતાબ આપ્યો છે ! આપણે ટંકશાળી જીવ છીએ ! આપણે મન સરકારી ટંકશાળ જેને સિક્કો મારે એ મહોર સાચી, બીજી નહિ !

આપણે મોડા મોડા પણ ઘરઆંગણાના આ કવિતાસુવર્ણને પિછાણીશું કે હજી પણ કોઈ પરદેશી એનાં મૂલ મૂલવે ત્યાં સુધી રાહ જોઈશું ?



# લોકસાહિત્યની માળાનો મેર

• શ્રી રતિકુમાર વ્યાસ

**"દાઢીવાળા દેખિયા,**
**એક નર રવીન્દ્રનાથ,**
**બીજો નર પટ્ટણી સમરથ,**
**દેવ ત્રીજો તું દુલિયા"**

પ્રસન્ન–ગંભીર મુખમુદ્રા, ચાંદીના પતરા જેવી સફેદ દાઢી, માથે દેદીપ્યમાન જટા, કંઠેથી વહેતા મંદ સપ્તકના વિશુદ્ધ ગંભીર સ્વર, મશાણનાં મડદાંને પણ બેઠાં કરી દે, કાયરને પણ વીર કરી દે તેવી વાણી. એ વાણીને ભારતભરમાં ગજાવનારો ભક્ત કવિ દુલા કાગનો દેહ મંગળવારે સાંજે ૪ વાગે તેમના વતન મજાદર ખાતે ૭૩ વર્ષની વયે ચિર-નિદ્રામાં પોઢી ગયો. લોકસાહિત્યનો અજનો વેદવ્યાસ ચાલ્યો ગયો ને ગુજરાતનું લોક સંસ્કાર–સાહિત્ય જીવન એટલા પૂરતું રાંક બન્યું.

### સરવાણી ફૂટી

સં. ૧૯૭૩માં ૧૭ વર્ષની વયે પાંચ ગુજરાતી ભણેલા આ ગામઠી કિશોરના હૈયામાંથી ફૂટી અને એ ફૂટેલી સરવાણી પછી અટકયા વગર, કદી વેગથી કદી મંથર ગતિએ વહેતી જ રહી છે. આવા આ કાશી જેવા કાગ માટે લખાયું કે :

**"ખોબા જેવું ખોરડું,**
**અને મજાદરનો ભાગ.**
**કાશી જેવો કાગ**
**ભલું તિરથ ભાયાઉથ."**

કવિ દુલા કાગે ગુજરાતી સાહિત્યમાં એક પણ વિષય છેડયા વિના બાકી રાખ્યો નથી. દુહા, છંદ, સવૈયા, ભજનો, રામાયણના પ્રસંગો, મહાભારતના પ્રસંગો, ગાંધીયુગનાં ગીતો, ભૂદાનનાં ગીતો, રાસડા, ગરબા અને લોક વાર્તાઓ બધાંને એ પારસમણિ બની સ્પર્શ્યાં છે. રાષ્ટ્રશાયર સ્વ. મેઘાણીમાં જેમ કંઠ, કહેણી અને કવિતા હતાં એ જ કંઠ, કહેણી અને કવિતા દુલા કાગમાં હતાં, ત્રીજા કોઈમાં આ ત્રણે ચીજો આવી નથી અને આવશે નહિ.

### પ્રજ્ઞાચક્ષુની વિમાસણ

પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી દુલા કાગની કવિતા સાંભળીને આંખમાંથી હર્ષનાં આંસુ વહાવતા. તેઓ કહેતા હતા કે "મેં ઉપનિષદ અને વેદો વાંચ્યા છે. પણ આ ડોસાના મગજમાંથી આ કલ્પના કયાંથી આવે છે તે મને જોવા મળી નથી."

ગુજરાતના લોકજીવનને અને સમાજને ઘડવા માટે આ લોકકવિએ આજીવન સેવા કરી છે. ભૂદાન પ્રવૃત્તિમાં પણ તેમણે તેમની મોટી સેવા આપી છે.

ગુજરાતના મૂક સેવક પૂ. રવિશંકર મહારાજ માટે કવિશ્રીને અનહદ ભાવ અને પ્રેમ.

એક વખતે વડોદરામાં ગુજરાત ક્ષત્રિય સંમેલન ભરાયું. તેના પ્રમુખ દુલા કાગ. પ્રમુખ બન્યા એટલે મોભા પ્રમાણે મંચ પરથી ગવાય નહિ છતાં તેમણે તો ગાયું જ. બીજા દિવસે તેમને ખબર પડી કે પૂ. રવિશંકર મહારાજ પંચમહાલ જિલ્લામાં પાવાગઢ પાસે તરીયાવેલી નામના ભીલ આદિવાસીઓનાં ગામમાં છે અને કવિ તો ઊપડયા મહારાજશ્રીને મળવા. તરીયાવેલી ગામ ભીલોનાં દસ બાર ઝૂંપડાં એક ઝાડની નીચે મહારાજ તેમનું કામ કરે. કવિ ત્રણ ચાર સાથીઓ સાથે મહારાજ પાસે પહોંચ્યા, મહારાજનું કામ જોયું, ચર્ચા કરી, અને ભૂદાન પ્રવૃત્તિની માહિતી મેળવી.

### મહારાજને મળ્યા અને...

આ બધી વાતચીતમાં જમવાનો સમય થયો એટલે મહારાજે અગાઉથી જમવાનું તૈયાર કરાવવા કહેલું એટલે બધા જમવા બેઠા. પતરાળી પડી, મહારાજ બેઠા. સામે દુલા કાગ. બાજુમાં હું બેઠો.

પડિયામાં દાળ આવી, કવિએ એનો સબડકો માર્યો. પણ આ તો આદિવાસી ભીલની રસોઈ! દાળ તો ખૂબ જ તીખી, મોંમાં પણ ન જાય. એટલે દુલા કાગે મને હળવેથી કહ્યું કે "એક ચમચી ઘી મંગાવ, દાળમાં નાંખું તો તિખાશ ઘટે." સામે બેઠેલા મહારાજ આ વાત કળી ગયા. આદિવાસી ભીલના ઘરમાં ઘી કેવું? અને તુરત જ મહારાજે તેમની દાળમાં પાણી રેડયું. એટલે તીખાશ ઘટી. કવિએ આ જોયું અને તેમનું હૈયું દ્રવી ઉઠયું. મહારાજને માટે અનહદ ભાવ જાગ્યો. ભૂદાન માટે ભેખ ધર્યો. મહારાજને પોતાને ગામ આવવા નોતરું દીધું ને કહ્યું.

**"તમે ભોમકા માગવાવાળા,**
**આવો મારે આંગણીયે,**
**તમે ગરવી ગુજરાતવાળા,**
**આવો મારે આંગણીયે.**
**તમે રાત દી ફરો પગપાળા,**
**આવો સારે આંગણીયે."**

૧૯૫૯માં મહારાજ તેમના માદરે વતન મજાદરમાં પધાર્યા. ત્યારે પોતાની ૧૨૫૦ વીઘા જમીનમાંથી ૬૫૦ વીઘા જમીન, ૧૨ બળદ, ૧૨ હળ, ૧૨ કૂવા અને પાંચ હજાર રૂપિયાનું ધ્રાસ તેમના ચરણે ધરી દીધું! ભૂદાન અંગે ગીતો લખ્યાં અને પૂ. વિનોબાને અર્પણ કર્યા.

### સાહિત્યકારોને સરપાવ

આવા દરિયાવ દિલના દુલા કાગે ગુજરાતી સાહિત્યના સાક્ષરોને પણ નવાજ્યા. ગુજરાતી સાહિત્યજગતની વાડાબંધીમાં કોઈ નેય આ લોક સાહિત્યકારને સુવર્ણચંદ્રક આપવાનું ન સૂઝયું. પણ એમણે તો ગુજરાતના સાહિત્યકારો, કવિઓ અને લેખકોનું બહુમાન કર્યું જ. ૧૯૬૨માં મજાદર ગામના તેમના ખોરડે ત્રણ ત્રણ દિવસ સુધી ૨૫૦ જેટલા સાક્ષરો, કવિઓને સાત સાત પકવાન જમાડયા. એટલું જ નહિ વિદાળ વેળાએ દરેકને એક કામળો પણ ઓઢાડયો. ને આવા દરિયાવ દિલના કવિએ કાગવાણીના આઠ આઠ ખંડ રચ્યા ને જેની આઠ આઠ વાર આવૃત્તિઓ બહાર પડી. આકાશવાણીએ તેના ઇતિહાસમાં કોઈના પણ સાહિત્યનું રેકર્ડીંગ ન કર્યું હોય તેટલું ૬૫ કલાકના સાહિત્યનું કર્યું છે.

### રાય અને રંક એક

કવિ દુલા કાગ માટે રાય અને રંક સહુ સરખા હતા. દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં સ્વ. ડૉ. રાજેન્દ્રપ્રસાદથી માંડીને દેશના ટોચના નેતાઓના હ્રદય સુધી તેમની વાણી પ્રસરી ચૂકી હતી. ગાંધીજીની અહિંસા અને વિનોબાજીનો અપરિગ્રહ તેમની કૃતિઓમાં વાચા પામ્યો છે.

માટે જ તો કહેવાયું છે.

**ચારણ ચોથો વેદ,**
**વણ પઢિયો વાતું કરે**
**ભાખે અગમના ભેદ**
**ઈ ભાણેજ ભોરીંગ તણા**

ગારૂડીની મહુવરનો નાદ સાંભળીને જેમ ફણીધર ડોલી ઊઠે તેમ કવિ કાગની કાવ્યધારા અને લોકગીતો સાંભળીને લોકહૈયાં ડોલી ઊઠતાં. સાચે જ લોકસાહિત્યના એ વેદવ્યાસ હતા. પદ્મશ્રીના ખિતાબથી યોગ્ય રીતે જ વિભૂષિત કરાયા હતા. એમના અવસાનથી લોકસાહિત્યની માળાનો મેર તૂટી ગયો છે એમ કહેવાણાં જરાય અતિશયોક્તિ નથી.

('જનસત્તા'માંથી ટુંકાવીને)

# સ્વમાની ચારણદેવ

• શ્રી જમિયત પંડ્યા

**પાંચ** દસકા ઉપર છ છ વર્ષનાં વ્હાણાં વાઈ ગયાં, જ્યારે ભાવનગરમાં મારા માસાશ્રી લક્ષ્મીનાથ વ્યાસને ત્યાં રહીને દક્ષિણામૂર્તિમાં ભણતો હતો. ત્યારે શ્રી ભગતબાપાનાં પહેલાં દર્શન થયેલાં. શ્રી મેઘાણી ત્યારે તેમના જ મકાનમાં–ડૉ. શિવનાથ વ્યાસના ડહેલામાંના એક મકાનમાં રહેતા હતા અને શિક્ષણક્ષેત્રમાં અધ્યાપક તરીકે કામ કરતા હતા. તેમની સાથેની પહેલી ઓળખાણ પણ ભગતબાપાને શ્રી લક્ષ્મીનાથ વ્યાસે કરાવેલી. ત્યારનો પ્રસંગે આજે પણ સ્મૃતિ પર અંકાયેલ છે. ઉપરને *મજલે શંકરાચાર્ય શાંત્યાનંદ* સરસ્વતી રહેતા હતા તે રૂમમાં ભગત*બાપા સાથે ઘણી રાતો ગાળેલી* પરંતુ ત્યારે તો રાતના કુટુંબમેળામાં ભગતબાપાની વાણી સાંભળવા મળે અને સાથે તેઓશ્રીની સેવાનો લાભ મળતો હતો. ગીતો સાંભળવાં ગમે પણ મોટી ઉંમરે ખેંચાણ વધ્યું એટલું ખેંચાણ તે વખતે હતું નહીં.

પછી તો મોટી ઉંમરે સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રમાં પડ્યો. વતન ખંભાત અને ત્યારે દર વર્ષે ભગતબાપા માટે હુક્કાની ગડાકુ માટે તંબાકુ ધુવારણના મારા ખેતરની મંગાવી ભાવનગર મોકલતો.

અચાનક એક દિવસ મારા મસિઆઈ ભાઈ સ્વ. હરુભાઈનો મજાદરથી પત્ર આવ્યો કે; "ભગતબાપા લખાવે છે કે અત્રે મહેમાનગત માણવા આવો." એ મહિના પછી ભાવનગર જવાનો પ્રસંગ આવ્યો ત્યારે ખાસ મજાદર ગયો. એ દિવસ ભગતબાપાના સત્સંગમાં રહ્યો. જે અવર્ણનીય હતો. મારી કૃતિઓ સંભળાવી આશીર્વાદ મેળવ્યા. ત્યારે 'કૃષ્ણપ્રેરિત કાગવાણી'નું સર્જન થતું હતું. ચાર પંક્તિઓ તે ગ્રંથ પૂર્ણ થયાની હજી યાદ છે.

**સંવત શ્રેષ્ઠ ઉગનીસ સાલ નેવુ સુખદાઈ,**
**શુકલ બીજ, બુધવાર માસ વૈશાખ સુહાઈ,**
**સ્નેહપુરી કરી વાસ અતિ હિય મેં હુલસાયો;**
**લક્ષ્મીનાથ કે ભવન મુનિ રહી કે ગુન ગાયો.**

મતલબ કે એ પુસ્તક પૂર્ણ શ્રી લક્ષ્મીનાથને ત્યાં થયેલું. મજાદરમાં ભગતબાપાના વેધૂર મોરના ટહૌકાર ભર્યા કંઠે જે ગીતો સાંભળેલાં તે આજેય યાદ કરતાં આહ્લાદ આપે છે. હૃદય ગદગદીત બનાવે છે.

શ્રી લક્ષ્મીનાથ વ્યાસ પણ ઝિંદાદિલ મહામના *માનવ હતા.*

* * * *

પ્રશસ્ય બાંધો, સામાને માપી લેતી છતાં મમતાભરી દૃષ્ટિ, નિરાડંબરી સ્વચ્છ રહેણીકરણી, સંસારી છતાં ઋષી સમાન અલગારી અને શ્રી મેઘાણીના શબ્દોમાં 'ફાટેલ પિયાલાના', શેહશરમ રાખ્યા સિવાય એક મગની બે ફાડ સમાન મોંઢામોંઢ સાચું કહી દેનાર–મહારાજા સાહેબ કે પટણી સાહેબને પણ સાચી વાત કહેતાં ડરે નહીં તેવા–આ ચારણદેવની જિહ્વા પર સાક્ષાત્ સરસ્વતીનો વાસ હતો. વ્રજ અને ખડી ઉપરાંત સંસ્કૃત અને કચ્છી ભાષા પરનો કાબૂ, કાવ્યકૃતિઓમાં યોગ્ય સ્થળે યોગ્ય શબ્દ વાપરવાની સૂઝ, શ્રી રામના ગુણાનુવાદક અને લક્ષ્મણ જતિ જેવું વિવેકી જીવન જીવી જનાર, અજાચક ભગતબાપા ચારણપેઢીના છેલ્લા અવશેષ સમાન આપણી વચમાંથી વિદાય થયા, પરંતુ સંસ્મરણો તો જીવંત રહ્યાં છે અને રહેશે.

* * * *

મારી મસિઆઈ બહેન સૌ. પ્રમોદબાનાં લગ્નપ્રસંગે ભાવનગરમાં ફરી ભગતબાપાનો એ દિવસ

સંસર્ગ રહ્યો. ત્યારે તેમને કમળો થયેલો, શરીર અશક્ત. લથડેલી તબીયત એટલે શ્રી લક્ષ્મીનાથે લોકગીતો કે ભજનો ગાવાની મનાઈ કરેલી. છતાં રાતના જ્યારે ઉપરની રૂમમાં સૂવા જઈએ ત્યારે મન મૂકીને બાપા નવી નવી કૃતિઓ સંભળાવે. એ દિવસો ગયા!

* * * *

૧૯૪૫-૪૬માં મુંબઈમાં નોકરી કરતો હતો, તે સમયમાં ચારણ છાત્રાલય માટે ભગતબાપા અને શ્રી મેરુભા ગઢવી વગેરે મુંબઈ આવેલા. શરૂમાં બ્લેવેટ્સ્કી લોજમાં પ્રોગ્રામ યોજાયેલો. હું ત્યાં જઈ પહોંચ્યો, ચરણસ્પર્શ કર્યા અને ભગતબાપા મને ભેટી પડ્યા. મારી આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયાં. મુંબઈના ઘણા પ્રોગ્રામોમાં મેં જોયું કે જનતા ભગતબાપાની ઝોળી છલકાવી દેતી હતી. આ રીતે ચારણ છાત્રાલયના પાયામાં ભગતબાપાનો પસીનો પડ્યો છે.

* * * *

જીવનમાં ક્યારેય ન ભૂલાય તેવો પ્રસંગ મળ્યો. મુંબઈ, અમદાવાદ, સુરત વગેરે સ્થળોએથી શ્રી જયભિખ્ખુ દ્વારા લગભગ પોણોસો જેટલા કવિ, પત્રકારો, સાક્ષરો, વાર્તાનવેશો વગેરેને મજાદર નોતરેલા. મુખ્યત્વે શ્રી ધૂમકેતુ, શ્રી જ્યોતીન્દ્ર દવે, મોહનલાલ સોપાન, નીનુ મજમુદાર, રમણિકભાઈ દલાલ, હસિત્ બૂચ વગેરે અને યુવાન પેઢીના કવિઓ હતા. હું તો હોઉં જ. અમે ડુંગર સ્ટેશને ઉતર્યા અને અમારા સ્વાગત માટેના ઉમળકા તેમજ રથ-માફાઓ જોઈ અમે સ્તબ્ધ જ થઈ ગયા. એ વાહનો અને બળદોને જે રીતે શણગાર્યાં હતાં તે દશ્ય જીવનમાં ભાગ્યે જ જોવા મળશે. વચમાં આવતાં ગામોના આગેવાનો અને જનતાએ પોતાના જ મહેમાન હોય તે રીતે કરેલાં સ્વાગત, ધજાપતાકાઓથી શણગારેલ માર્ગો અને મજાદરની ભાગોળે બહેન રાણુબાએ પ્રત્યેક મહેમાનને ચાંદલા કરી લીધેલ ઓવારણાં, ભાતભાતનાં ભાતીગળ ચાકડા-તોરણોએ શણગારેલ ઉતારાઓ અને સભાખંડ, ત્રણ ત્રણ દિવસો સુધી સૌરાષ્ટ્રની ભાતભાતની વાનગીઓથી કરેલ મહેમાનગત, ભગવતબાપાએ પ્રેમથી ભરાવેલ કોળિયા, રાતના યોજાતા ડાયરા અને છેલ્લે દિવસે પ્રત્યેક મહેમાનને કિંમતી ધાબળાઓની કરેલ નવાજીશ તેમજ એકસો બે ડિગ્રી તાવ છતાં ડુંગર સ્ટેશને આવી અશ્રુભીની અને મમતાસભર આંખે આપેલ વિદાય એ પ્રેમ અને મમતા જીવનમાં ક્યારેય ભૂલાય તેમ નથી-ક્યારેય નહીં!

* * * *

છેલ્લે ભારત સરકારે 'પદ્મશ્રી'નું બહુમાન એનાયત કર્યું ત્યારે અમદાવાદમાં ભાઈશ્રી રતિકુમાર વ્યાસને ત્યાં મળવા ગયો, હૈયાનો રાજીપો ઠાલવ્યો, આશીર્વાદ મેળવ્યા. તે સમયે પોતાની સાથે આવેલ હુક્કો ભરી આપનાર તરફ આંગળી ચિંધીને ભગતબાપા બોલેલા :

"જમિયત, આ મારો વા'લો શું કહે છે જાણ છે?" મેં કહ્યું : "ના બાપા."

તો કે :

"મને પદમશી કહે છે."

અને મુક્ત હાસ્યે હસી હસાવેલો. આ અમારું છેલ્લું મિલન હતું. મારા કમનસીબે તે પછી ક્યારેય મળાયું નથી. આજે તો આ બધા અલભ્ય પ્રસંગોનાં સોનેરી સોણલાં અને તેઓશ્રીની સુધાવાણી વાગોળવી રહી ગઈ. તેઓશ્રી હવે નથી એમ માનવા જીવ તૈયાર નથી, એ પ્રશંસ્ય સ્નેહ-મમતાભરી મૂર્તિ નજરું સામે તરવરે છે. આ હકીકત હકીકત બની રહેલ છે. લોક હૈયામાં સ્થાન મેળવીને એમણે મૃત્યુના મોઢા પર થપ્પડ મારી છે. ●

# ખલકને મોટી ખોટ

• શ્રી દોલત ભટ્ટ

**કવિકાગને** કુદરતની બેવડી કૃપા મળી હતી : એક એની સર્જનશક્તિ જે સરળ હતી, બીજી કૃપા કંઠની હતી જે વડે પોતાની સર્જનશક્તિને મધુરા કંઠમાં ઝબોળીને જનતાના કર્ણ સુધી પહોંચાડી શકયા. આમ બેવડી કૃપાએ કવિની પ્રતિભાને અવિસ્મરણીય પુષ્ટી આપી. ચારણી સાહિત્યની મર્મવેધક વાતુ માંડી જાણનાર કાગ પાસે પોતાની મૌલિક અલૌકિક શક્તિ હતી. જે અમોટ હતી. સ્હેજ પણ એમાં અન્યની છાંટનો અણસારો સુદ્ધાં જોવાં મળતો નહિ. રાણા–કુંવરની વિરહભરી વાત હોય કે સાગર ખેડુ ખારવાની વાત હોય, ઘોર ધીંગાણાની વાત કે પછી કોઈ ખાનદાન ખોરડાની વાત હોય. તમામમાં એક પ્રકારની તાજગી તરવરતી હતી. છતાંય મેં તેમને કૃષ્ણશંકર શાસ્ત્રીને કહેતા સાંભળેલા કે "શાસ્ત્રીજી, આ બધી વાતો પુરાણની છે. આપણે કંઈ નવું કહેતાં નથી. માત્ર નવા ઘાટ ઘડવાનું કામ કરી જાણીએ છીએ. કવિ કાગના કંઠના કામણ પણ વિવિધ પ્રકારનાં હતાં. શૌર્ય કથામાં એનો કંઠ બુલંદ બનતો અને એ જ કંઠ કોઈ પ્રેમકથાની માંડણી વખતે વહેતો ત્યારે શીળો બનતો અને એ જ કંઠ લગ્નને માંડવે મ્હાલતો ત્યારે સરવો બનતો. એ જ કંઠ ભજનમાં આળોટતો ત્યારે ભાંગતી રાતે ગવાતી ભૈરવીની ભભક આપણને જાણવા મળતી અને એ જ કંઠ મરશીયા માંડતો ત્યારે અંતરના સાતેય પડદાને ફાડી નાખી કારુણ્યની પરાકાષ્ટાને આંબી જતો.

આજે આપણી વચ્ચેથી કંઠનો કામણગારો કવિ હાથતાળી દઈ હાલી નીકળ્યો છે.

**લાખેલી વાતુ માંડતા,**
**ઉરમા દી'ઠી નઈ ઓટ;**
**ખલકમાં મોટી ખોટ,**
**પૂરી પુરાશે નઈ ભાયાઉતઃ**

☆



# શબ્દ-બ્રહ્મના ઉપાસક શેં ભૂલાય?

• શ્રી અરવિંદ મ. ધોળકિયા

**અમારે** ઘેર ઓસરીમાં હિંડોળા પર મારા પિતાશ્રી—સ્વ. રાજવૈદ્ય મલભાઈ બેઠા છે ને તેમની બાજુમાં કાળી લાંબી દાઢી...માથે સફેદ પાઘડી... વિશાળ આંખ, ઓજસ્વી ચહેરો અને મુખમાંથી શબ્દ વહે...જાણે જળનો પ્રવાહ...સ્વ. પ્રભાશંકર પટ્ટણીજી મારા પિતાશ્રીના મિત્ર...પેલા પ્રભાવશાળી વ્યક્તિના મુખેથી હસતાં હસતાં શબ્દો વહ્યા: "જીવડલા નિજ દેશ ચલ...થલ થલ નહિ પટણી..."પટ્ટણીજીનાં ઔદાર્યને બિરદાવતા શબ્દો. પછી તો કવિત-છંદ -દુહાની રમઝટ બોલી...એ વિદ્વાન કવિ તે કવિશ્રી દુલા કાગ...મેં તેમનાં પ્રથમવાર દર્શન...ત્યારે કર્યા...પછી તો અવારનવાર સદ્ભાગ્ય મળ્યું...

ભાવનગર રાજ્ય સાહિત્ય સંગીત અને કળાનું ત્રિવેણી સંગમ બની રહ્યું હતું...કવિઓના કાવ્યની સરિતા બેય કાંઠે વહેતી હોય તો રહીમખાં કે દલસુખરામ ઠાકોર જેવા સંગીત કલાકારોની સ્વરોપાસના અવિરત ચાલ્યા જ કરતી...સ્વ. શ્રી પટ્ટણી સાહેબ પણ સ્વયં સાહિત્યપ્રેમી એટલે મુરબ્બીશ્રી દુલાભાઈ જેવા વિદ્વાનોનો તો ભાવનગરને અવારનવાર લાભ મળે.

× × ×

પછી રાજકોટમાં આકાશવાણી કેન્દ્ર થયું... સૌરાષ્ટ્રની મહામૂલી સંપત્તિ સમી કવિશ્રી કાગની વાણીને ધ્વનિમુદ્રિત કરી...કલાકોના કલાક કવિના કંઠેથી વાણીનો અસ્ખલિત પ્રવાહ વહેતો જ રહે...

"આ તો કમાલ કહેવાય!"...ન પુસ્તક, ન લખાણ, સંખ્યાબંધ પ્રસંગો—એ તેજસ્વી પાત્રો -કવિશ્રીના શબ્દે જીવંત બનીને વાતાવરણ પવિત્ર બનાવે...ષડજના સ્વરની જાણે સાધના કરી હોય તેમ ઘેરા-ગંભીર કોઈ ઊંડી ગુફામાંથી વહેતા હોય એવા પણ સુસ્પષ્ટ શબ્દો અને સચોટ વર્ણન... ભાવનાત્મક ચિત્રણ...અને તળપદી સોરઠી શૈલી... હજારો શ્રોતાઓ હોય તો પણ તદ્દન પ્રશાંત વાતાવરણ.

"બહુ ઓછાં માણસો લાગે છે! અવાજ આવતો નથી..." આટલું બોલી જ્યાં અંદર જઈને જોવે છે ત્યાં ડાયરો અકડે ઠઠ્ઠ...બિલકુલ તલ્લીનતાથી સૌ-"પગ મને ધોવા દ્યોને રઘુરાય"—એ ગુહરાજાનો પ્રસંગ સાંભળી રહ્યા છે...શબ્દ-બ્રહ્મની ઉપાસનાનો એ પ્રભાવ!!!

× × ×

પોતાનું સર્જન તો કૌશલ્યથી રજૂ કરે જ... પરંતુ રામાયણ-મહાભારત જેવા વિશાળ મહાગ્રંથો જાણે જીભને ટેરવે વિરાજતા હોય તેમ એકાદ પ્રસંગની યાદ આપો અને કવિશ્રીને કંઠેથી સૌમ્ય શબ્દચિત્રોની હારમાળા સર્જાવા લાગે...રાષ્ટ્રીય શાયર કવિશ્રી દિનકરજીએ પણ આ અદ્ભુત સ્મરણ શક્તિને...અને આ વિદ્વાન કવિને બિરદાવ્યા હતા... આકાશવાણી પરથી હું સંસ્કૃત સ્તોત્ર તેમ જ શ્રીમદ્ ભગવદ્ગીતાના પાઠ રજૂ કરતો...પૂ. ભગતબાપુ મારા સંસ્કૃત ઉચ્ચાર અને ગાયનનાં વખાણ કરે. એવા પ્રતિષ્ઠાવંત વિદ્વાનની પ્રશંસાથી કેમ આનંદ ન આવે? પણ જ્યારે "મેં તો કંઈ અભ્યાસ કર્યો નથી" એમ નમ્રતાથી કહેતા કવિશ્રી કાગના મુખેથી જ્યારે ગોપીકા ગીત-ભ્રમરગીત કે પુરાણના શ્લોકો સાંભળ્યા ત્યારે ઈશ્વર દત્ત વિદ્વતાના દર્શન થયાં.

× × ×

માત્ર યુનિવર્સિટીના અભ્યાસક્રમની ભાષાઓનો અભ્યાસ હતો પરંતુ મારા પિતાશ્રીના મિત્રો કવિશ્રી કાગ, લિંબડીના કવિશ્રી શંકરદાનજી, માવદાનજી, કનરાજજી વગેરે વિદ્વાન ચારણ કવિઓની વાણી શ્રવણ કરી ત્યારે જ આ અગાધ લોકસાહિત્ય-સાગરનો પરિચય થયો એટલું જ નહિ પણ એ પ્રત્યે વિનમ્રતાથી ભક્તિ પણ જાગૃત થઈ અને વિદ્વાન શારદાપુત્રની પાંડિત્યપૂર્ણ પ્રતિભા અને જ્ઞાનને હંમેશાં વંદના જ કરી.

× × ×

જન્મ અને મરણનો ભય સામાન્ય માનવીને રહે છે. કવીશ્વરો તો શાશ્વત કાળ સુધી અમર જ છે. કવિ શ્રી કાગનો સ્વર્ગવાસ થયો...હા, લૌકિક દૃષ્ટિએ એમનો એ ક્ષર દેહ નથી... પણ અક્ષર દેહે તો અનેક હૃદયમાં તેઓ વિરાજે છે એટલું જ નહિ, સૌ કોઈ ભક્તિભાવપૂર્ણ રીતે તેમને, તેમની સાહિત્યોપાસનાને અને આ ધરતીને સંસ્કારવામાં આપેલ યશસ્વી સંસ્કાર શિક્ષણને સૌ સ્મરશે જ... વંદન કરશે જ...

"काग के भाग को कहा कहिए
बीन्हे शबद ब्रह्म उपासना कीन्ही"

## નંદને નેસડે

(ગોઝારાં એનાં આંગણાં રે જી-એ રાગ)

આજ વાગ્યા છે વધાયું કેરા પાવા રે
નંદ બાવાજીના નેશમાં જી—

આજ વાહુલીઆ મધૂરા લાગ્યા વાવા રે...નંદ બાવાજીના
આજ ગાંધ્રવ લાગ્યા ગુણ ગાવા રે...નંદ બાવાજીના ટેક
વ્રજ હરખાતો જાતો, ફણી ફડકાતો (૨);

ઊઠયા અણદીઠા ઉતપાતો રે—દાનવકેરા દેશમાં જી...આજ-૧
ફૂલડે વેરી છે રૂડી, ગોકુળની શેરી (૨);

કંપી ઉઠી કંસની કચેરી રે, વેરી છે બાળા વેશમાંજી...આજ-૨
અડસઠ તીરથ, બેઠાં પાણીઆ રે (૨)

ગંગાજીનાં ધોળાં ઝબકયાં વારિ રે, જમનાના કાળા કેશમાંજી...
આજ-૩

'કાગ' જોગમાંથી જાગી, છોડીને સમાધી (૨);
મા'દેવે આવીને ભિક્ષા માગી રે, વેરાગીકેરા વેશમાંજી...આજ-૪

(ભાવનગર તા. ૪-૧૨-૫૩) —દુલા કાગ

# મજાદર સાહિત્ય સમારોહનાં મીઠાં સ્મરણો

• શ્રી દક્ષિણકુમાર જોશી

**વર્ષોથી** માંદગીની પથારીએ ક્ષય જેવી જીવલેણ માંદગીમાં પટકાયા પછી, દુલાભાઈનું નિધન થતાં ત્રીશ વર્ષ પહેલાં મેઘાણી અનંતને પંથે હાલી નીકળ્યા પછી ગુજરાતના લોક-સાહિત્યનો ધ્વજ લહેરાઈ રહ્યો હતો તે અર્ધી કાઠીએ નમી પડ્યો! 'લોકસાહિત્ય' એ શબ્દનો ઉચ્ચાર થતાં જેનાં નામ જીભને ટેરવે ચડી જાય તેવા મેઘાણી અને દુલા કાગ હવે આપણી વચ્ચે નથી, ત્યારે મનમાં એ વાતનો વસવસો રહ્યા કરે છે કે મેઘાણીનું સ્થાન લેનાર આજે કોઈ ત્રીશ વર્ષ પછી ન મળ્યો, ત્યારે એવો આ બીજો મહાન લોકસાહિત્યનો સ્તંભ ઢળી પડ્યો ત્યારે ગુજરાતનું લોકસાહિત્યનું અણમોલ ધન કોઈ કે લૂંટી લીધું હોય, રંક થયું હોય તેવું લાગી રહ્યું છે!

ગાંધીજીએ સાચા અર્થમાં જેને 'લોક' કહેવાય તે સમાજના દબાયેલા વર્ગનું ઉત્થાન એમની અનોખી, દેશવ્યાપી ચળવળ દ્વારા કરીને સર્વોદયનો સમત્વ પંથ, રાગદ્વેષ વિયુક્ત બતાવીને પોતે ભારતના 'લોકનેતા'નું બિરુદ મેળવી ગયા. છેલ્લાં પચાસ વર્ષમાં સાહિત્યક્ષેત્રે, બીજા સાહિત્યપ્રકારોની વચ્ચે નવલકથા, વાર્તા, કવિતા, જેવા પ્રકારોમાં, 'લોકસાહિત્ય'ના પ્રકારને પણ પ્રજાના છેલ્લામાં છેલ્લા વર્ગ સુધી સ્પર્શી જાય તેવો બનાવીને એનું અન્વેષણ–સંશોધન કરવાનું માન જેમ મેઘાણીને જાય છે તેમ એ 'લોકસાહિત્ય'ના સર્વ ચારણી પ્રકારો દુહા, છંદ, સવૈયા, ભજનો, રામાયણ, મહાભારતના પ્રસંગો, ગાંધી યુગનાં ગીતો, રાસ, ગરબા અને લોકવાર્તાઓ દ્વારા પ્રજાનું છે તે પ્રજાને પાછું આપતાં હોય તેમ, લોકકંઠે, લોકજીભે, લોકહૃદયમાં રમતાં કરી મૂક્યાં હોય તો તેનું માન દુલાભાઈ કાગને આપવું પડે. કાગ બાપુ અને મેઘાણી બંનેનું અર્પણ સમકાલીન અને એવું શ્રેષ્ઠ કે એકને યાદ કરતાં બીજાની યાદ આવી જાય! પાછલી રાતના ત્રણ, ચાર વાગ્યા સુધી, કુકડા પ્રભાત ઉગ્યાના સમાચાર આપતાં "કુકડે કુક" કરતા હોય ત્યારે હજારો જનમેદનીનાં લોકહૈયાં જાણે ગારુડીની મહુવરનો નાદ સાંભળતાં ફણીધરની ફેણ કાગ બાપુની અસ્ખલિત કાવ્યધારાથી ડોલી ઊઠી હોય ત્યારે કહેવું પડે કે :

**ચારણ ચોથો વેદ, વણપઢી વાતું કરે;**
**ભાખે અગમના ભેદ, ભાણેજ ભોરીંગ તણા**

કાગ બાપુની નિખાલસતા તો જુઓ! પોતે જ પોતાના પરીક્ષક બનીને કહે કે, 'નથી મારાં ગીતોમાં પિંગળના માપ અને અલંકાર, નથી તેમાં કોઈ પદલાલિત્ય, કે નથી તેમાં કોઈ અર્થવાહકતા. નથી મારામાં કોઈ કવિતાનો નિર્મળ ધોધ, પણ નાનું અને ડોળું ઝરણું કડીઓ મેળવવા પૂરતું હોય તો તે સ્વામી મુક્તાનંદજીની પ્રસાદી. ચારણી ભાષા, ચારણી સાહિત્ય કોને કહેવાય તેના પૂરા માપનીય મને ખબર નથી!'

વાત પણ સાચી છે. જેમનું જીવનઘડતર જ એ રીતે "તું એકલો જાને રે" એ પંથે, બીજા ચારણોથી જુદા પડવા જ નિર્ધાર્યું હોય, અરે પોતાના પિતાય ભડ જેવા ભડ કહેવાતા, જેને 'ભારાડી' પણ કહી શકાય તે પંથે જ ન પડવાનો

દૃઢ નિશ્ચય કરી ચૂકેલા. પિતા પણ સંતાનના 'માંહ્યલા'ને ઓળખીને એમને સામે ચાલીને મુક્તાનંદજી સ્વામીને પંથે, જાણે ભૂલા પડેલા બાળકને, હવે તો એ જ એનો પંથ છે એ રીતે સોંપણી કરે છે! એ ધન્ય ઘડી જ એના ત્યાર પછીના જીવનઘડતરનું પ્રેરક બળ બની રહે છે. નાની ૧૭ વર્ષની ઉંમરે ફુટેલી પોર્ટ વિકટરની ગામઠી શાળાની પાંચ ચોપડી ભણેલા દુલાભાઈની કવિતાની સરવાણી વણથોભ વહ્યા કરી છે. એમના એ ભજનોની, દુહાની વેધકતા, એની ચોટ, અતળ ઊંડાણમાંથી ઘૂંટાઈને આવે એવી સાચા લોકકવિની વાત કહેતી લોકહૃદયમાં વણાઈ ગઈ છે. કવિ સાચા અર્થમાં શબ્દના સ્વામી બન્યા છે. દુલાભાઈની ચિર વિદાય પછી એમના જીવનનાં મધુર આત્મીય સંસ્મરણો આજે યાદ આવે છે. એક સમયે કાઠિયાવાડમાં, જૂના ભાવનગર રાજ્યમાં પોર્ટ આલ્બર્ટ વિક્ટર પાસે ૩૦૦-૩૫૦ ચારણોની વસ્તી ધરાવતા મજાદરમાં, ભક્ત કવિ દુલાભાઈને જીવનની નવી "મઝા" માણવાનું મન થઈ આવે છે. દિલની દિલાવરી ધરાવતા દુલાભાઈને બસો પચાસેક જેટલા સરસ્વતી-પુત્રોને પોતાને આંગણે બોલાવીને એમનું સન્માન કરવાની ઉત્કંઠા જાગે છે.

૧૯૬૩ના ઓકટોબરમાં અમદાવાદથી ધૂમકેતુ, જયભિખ્ખુ, પિનાકીન ઠાકોર, બકુલ ત્રિપાઠી, મુંબઈથી મુરલી ઠાકુર, જ્યોતીન્દ્ર દવે, સોપાન, જિતુભાઈ મહેતા, સૌરાષ્ટ્રમાંથી મનુબેન ગાંધી, મેરુભા ગઢવી, જયમલ પરમાર, બીજા ચારણ કવિઓને પોતાના આંગણે નોતરે છે. લોકકવિ સાહિત્યકારના મનની વાત નહીં જાણે તો કોણ જાણશે? બાપુ (ધૂમકેતુ) જેવા ભાગ્યે જ બહારગામ મુસાફરીનું માથે લે તેમને શ્રી રતિકુમાર અને જયભિખ્ખુ સાથે રૂબરૂ કહેવરાવીને ધૂણી ધખાવી બેઠેલા લેખકને મજાદરને પંથે પ્રયાણ કરવાનું આગ્રહભરેલું કહેણ મોકલે છે.

દુલાભાઈએ યોજેલ એ સાહિત્ય સમારોહમાં, ચાર દિવસ સુધી જવાનું બાપુ જેવા સ્વીકારે ત્યારે સમજવું પડે કે એને આંગણે જવા માટે દુલાભાઈએ કેવો પ્રેમભર્યો આગ્રહ કર્યો હશે! આમંત્રિત સાહિત્યકારોને આવવાનું પહેલેથી પાકું કરીને, મજાદરને આંગણે, પોતાની દીકરીનાં જાણે લગ્ન લેવાના હોય તે રીતે, સરસ્વતીપુત્રોના સ્વાગત માટે બધી તૈયારીઓ દુલાભાઈએ આદરી દીધી. લીંપણ-ગૂંપણથી માંડીને મંડપોના શણગાર સુધીની સારસ્વતોનો પૂરો સત્કાર થાય તે માટે બધી તૈયારીઓ, જાણે પોતે વ્યક્તિ મટીને સમષ્ટિ બન્યા ન હોય, તેવી માન મૂકાવે તેવી, સાહિત્ય સમારોહ માટેની બધી વ્યવસ્થા આરંભી દીધી. એ સમારંભમાં ઉપસ્થિત થયેલાં સહુએ કબૂલ કરવું પડેલું કે એક આખી સાહિત્ય પરિષદ એક વ્યક્તિના અંતરમાં જ્યારે સમાઈ જાય, ત્યારે આવા દૂર દૂરના ગામડામાં પણ સાહિત્યની, લોક શિક્ષણની, લોક સંસ્કારની, નવી 'હવા' કેવી હોય તે જાણવું હોય તો ત્યાં હાજર રહેવાનું ભાગ્યમાં હોય તે જ જાણી શકે! "હાલ્ય ને ભાઈ! મેઘાણીભાઈ જેવો પ્રેમાળ મળ્યો છે, એટલે તને ય ઠીક પડશે! પછી કોને ખબર છે. હવે ક્યારે નીકળાય?"

બાપુના બોલની રાહ જોતા બેઠા હોય તેમ બંદા તો તૈયાર થઈ ગયા—અને સાથે લીધો ભાઈ ધનશ્યામનેય! બન્યું ય એવું, બાપુએ ભાખ્યું હતું તેમ એમના જીવનકાળમાં આ મહોબ્બતને માંડવે, દુલાભાઈને આંગણે, સાહિત્યની છેલ્લી 'હવા' માણેલી ! [ ૧૯૬૫ માં બાપુનું નિધન ]

સાહિત્યકારો અમદાવાદથી રાતના સોમનાથ મેલમાં નીકળી, સવારે બીજી ટ્રેન બદલી, જ્યારે સહુ ડુંગર સ્ટેશને ઉતર્યા ત્યારે દુલાભાઈએ અને

એમની મંડળીએ સહુનું સ્વાગત હારતોરા, અક્ષત, કંકુના ચાંદલાથી કર્યું.

ગામડાના સ્ટેશનની બહાર પચાસેક ગાડાં, થનગનતા, હૃષ્ટપુષ્ટ, બળદોથી જોડેલાં તૈયાર ઊભાં હતાં. બળદની એક જોડી જુઓ અને બીજી ભૂલો, એવા અલમસ્ત હતા !

બળદોનો શણગાર અનેરો હતો. ગળે ઘૂઘરમાળ લટકતી હોય ત્યારે એનો થનગનાટ અછતો નહોતો રહેતો.

શીંગડિયાં, મખિઆરડા, ઝૂલ, ખૂંધ, એવા મોતી ભરેલાં શણગારોથી એમની શોભામાં અનેરી વૃદ્ધિ થઈ રહી હતી. સાહિત્યકારો ગાડા રસ્તે ગામ ડુંગરમાંથી પસાર થયા ત્યારે ગામલોકોનો સહુના સ્વાગત માટેનો અનેરો ઉત્સાહ વર્તાઈ રહ્યો હતો. ગામમાં રવિશંકર મહારાજ તે સમયે હતા. કાગબાપુના મજાદર ગામે સહુ પહોંચ્યા ત્યાં સહુના રહેઠાણ માટે ડેલીઓ લીંપીગૂંપીને સુંદર રીતે શણગારેલી હતી.

નવું લીંપણ કરેલી ભીંતો ઉપરનો હીરભરતના, ટાંકાભરતના, ખાપાભરતના, આભલા ભરતના ચાકળા લટકી રહ્યા હતા તે લોકકળાનું અનેરું દૃશ્ય પૂરું પાડી રહેલું. ડેલીઓના દરવાજા, તેના બારસાખ ઉપર ગૂથેલાં તોરણો, ડોડલિયા, પાનકોથળિયા લટકી રહ્યાં હતાં. ચંદરવા તેને ઓર શોભા આપી રહ્યા હતા.

બાપુને રહેવા માટે ભક્તકવિ દુલાભાઈ એમની મેડી ઉપર લઈ ગયા ત્યારે બાપુએ કહેલું, "સૌરાષ્ટ્રના આવા દૂરના ગામડામાં આવો દિલનો ઉદાર બાદશાહ વસે છે એની આજે બહુ મોડી ખબર પડી. મને એ વહેલી ખબર પડી હોત તો દર ઉનાળે હું અહીં ધામા નાંખીને આ મેડીએ બેઠો બેઠો લખ્યા કરત. ઉપરથી દુલાભાઈની ઘરની ભેંસોનું દૂધ–ઘી ઝાપટવા મળત એ વધુ ફાયદો થાત" મજાદરને આંગણે મોડી રાત સુધી લોકસાહિત્યની રમઝટ ચાલતી. આસપાસનાં ગામડાનાં પાંચ-સાત હજાર ગ્રામજનો ભક્તકવિની મહાભારતના પ્રસંગોની કથા, ચારણ કવિઓની એક એકથી ચડિયાતી લોકકથાઓ, લોકગીતો, સપાખરાં અને સાવજડા ગીતો, દોહા. ચારણી સોરઠા એક કાન થઈને સવારના ચાર ચાર વાગ્યા સુધી સાંભળતાં. ત્યાંજ પાથરેલાં બૂંગણો ઉપર પાછલી પોરની નીંદર ખેંચી લેતાં ઘણાં ગ્રામજનોને જોવાં એ દૃશ્ય અનુપમ હતું ! બાપુને તે સમયે કલકત્તામાં વર્ષો પહેલાં જોયેલું શિશુર ભાદુરીની 'સીતા' નાટક યાદ આવેલું.

તે વાતનો ઉલ્લેખ કરીને બાપુએ ત્યાં કહ્યું પણ ખરું. દુલાભાઈ પાસે લોકસાહિત્યનો ખજાનો એવો સમૃદ્ધ છે કે જ્યારે એ પોતાના ખજાનામાંથી એક પછી એક 'ચીજ' પીરસતા હોય ત્યારે શિશિર ભાદુરીનું નાટક મેં કલકત્તામાં અને દાર્જીલિંગમાં જોયેલું યાદ આવે છે.

જે વખતે સીતા વન પ્રતિ ચાલી નીકળે છે અને પાછળ રહેલ રામ પોતાની મનોવ્યથા એકલા વ્યક્ત કરતાં સીતા......સીતા...સીતા...એ ત્રણ શબ્દો બોલીને એને યાદ આપે છે, તે સમયે અજોડ નટ ભાદુરીનો રામની ભૂમિકાનો સર્વોચ્ચ અભિનય એના શબ્દોચ્ચારમાં, અભિનયમાં, મુખરેખામાં અને છેવટે નયનોમાં મૂર્તિમંત બનીને બેસી જાય છે. નાટ્યઘરમાં લેપચા, ભૂતિયા, નેપાળી, બંગાળી સુધરેલી, ભણેલી, વણભણેલી—સૌ એક મહાન વર્ગલોપની ભૂમિકામાં ઊભા હોય તેમ એ શબ્દો સાંભળી રડી પડતાં, આખી મેદનીમાં આંસુથી ખરડાયેલાં મોં દૃષ્ટિગોચર થઈ રહેલાં.

એવું છે એ આ લોકસાહિત્યનું, લોકગીતોનું, એના દુહાનું, જો એને રજૂ કરનારો, આવો એકાદો કાગબાપુ કે મેઘાણી હોય તો ! એનાં ફાટું ફાટું

થતાં સ્પંદનો, એની રજૂઆતના કારણે પછી કોઈથી રોકાતાં નથી. મજાકમાં બાપુએ ત્યાં કહેલું, "મુંબઈ અમદાવાદથી આવેલાં અમારા સહુની વાત તો અહીં ભક્તકવિને આંગણે જૂના કાઠિયાવાડમાં થોડીક જમીન ધરાવતાં ગામનાં અર્ધા કાઠી જેવા 'ધરાર ધની", "સૂંઢને ગાંગડે" ગાંધી થયેલાં જેવી જ ગણાય. તમારી ધરતીના આ લોક કવિને સાંભળવા જ રાતોના ઉજાગરા કરતો આટલો માનવસમુદાય રહ્યો છે. અમને તો અહીં કોઈ નામથી ય ઓળખતું નહીં હોય, પણ ધરતીના ભક્તકવિની જે ધજા ફરકી રહી છે એને રૂડે પ્રતાપે જ અહીં સહુ ઉભરાઈ રહેલાં તમને સહુને જોઈને અમારા જેવા બે દિવસ ભલે મજા માણીને ભ્રમણામાં પડ્યા પાથર્યા રહે!"

સહુ સારસ્વતોને ચાર ચાર દિવસ સુધી, ભાત-ભાતનાં ભોજનો ખવરાવીને દુલાભાઈએ ત્યાં ઉપસ્થિત સાહિત્યકારોને સાવરકુંડલાનો દેશી ઉનનો સીત્તેર રૂપિયાની કિંમતનો ધાબળો ભેટ આપીને સન્માન કરેલું ત્યારે જ્યોતીન્દ્ર દવેએ એમની રમૂજી શૈલીમાં કહેલું "મજાદરમાં' મજા ન પડે તો એ નામ જ ખોટું ગણાય. મારા એકવડિયા શરીરના કારણે દુલાભાઈના સાત્ત્વિક ભોજનનો લાભ લઈ શક્યો નહીં એનો મને વસવસો રહી ગયો.'' બાપુ વચ્ચે બોલી ઊઠ્યા: "ભાઈ! તમે મને ય ન લેવા દીધો! કાલે કાંસાની તાંસળીમાં દૂધ ઉપર ઘી નાંખીને પીવા આપેલું ત્યારે તમે એને દીવેલ ગણાવીને મને ય પીતો બંધ કરી દીધો, એ ભૂલી ગયા?"

મા ધરતીની ફોરમ ભરેલી કવિતાનો ઉદ્‌ગાતા આજે અનંતતાને પંથે સીધાવી જતાં લોકસાહિત્યની માળાનો મણકો તૂટી ગયો કે પછી એમના અને મેઘાણીના જતાં એ લોકસાહિત્યની માળા જ તૂટી પડી એવો હૃદયનો થડકારો થઈ આવે છે! હવે તો વીતી રહેલા સમયની પ્રતીક્ષા જ કરવાની રહી ને? શું એ સ્થાન ખાલી જ રહેશે?

એમના પરમ મિત્ર મેઘાણી જ્યારે આ પૃથ્વી ઉપરથી ગામતરું કરી ગયા ત્યારે એમને માટે જે મરશિયું લખેલું તે દુલાભાઈને માટે ક્યાં સર્વથા યોગ્ય નથી?

**ત્યાગી ગયો, તપસી ગયો, એ સંત સોરઠનો ગયો!**
**હસતો ગયો, રોતો ગયો, સંસારી ગયો,**
**સંન્યાસી ગયો!**

•



# હવે સાંજ પડવા આવી છે

• શ્રી જયંતીલાલ જોબનપુત્રા

**સન** ૧૯૫૩માં હું ભાવનગરમાં કલેક્ટર હતો ત્યારે કાગબાપુ મારે ઘેર અવારનવાર આવતા. મિત્રભાવે બગીચામાં બેસી સત્સંગની વાતો થતી. એક વખત તો મજાદર આવો, તેવા આગ્રહથી ફરતો ફરતો એક સાંજે ત્યાં જઈ પહોંચ્યો. તે વખતે દુકાળનાં રાહત કામો ચાલતાં હતાં. તેઓની બેઠક હતી ત્યાંથી તેમને ઘેર મને લઈ ગયા. અભ્રકની ગારવાળું સ્વચ્છ રહેઠાણ બતાવ્યું. વચ્ચે શેરીના મોટા ખાડાઓની વાત કરી કે આ ખાડા કાંઈ રાહતકાર્યમાં કરાવી શકાય? તેમ તેમની રીતે રમૂજ કરી. મારી સાથે જિલ્લા એન્જિનિયર શ્રી શાંતિલાલભાઈ મહેતા હતા. તેમના સામું મેં જોયું. તેઓએ કહ્યું કે લોકોને રોજી આપવી તે રાહતકાર્યનો મુખ્ય ઉદ્દેશ છે તેથી આ કાર્ય તેમાં શમાવી શકાશે. ત્યારે દુલાભાઈએ કહ્યું કે ચોમાસામાં આવો ત્યારે એક ઘરથી બીજા ઘરે ભેંસ ઉપર બેસીને જવું પડે તેવા ખાડા છે.

એક દિવસમાં એક જ ઘરનું અન્નજળ લેવાનો મારો નિયમ, પરંતુ દુલાભાઈ કહે કે ભલે નિયમના ભંગ માટે આપને એક ઉપવાસ કરવો પડે પણ આજે તો મારા આંબાની કેરીઓ અને મારી ભેંસનાં દૂધ લેવાં જ પડશે. હું સંમત થયો તેનાથી તેમણે ખૂબ સંતોષ અનુભવ્યો. તે પ્રસંગની સુખદ સ્મૃતિ રહી ગઈ.

જમીનમર્યાદાના ધારા અંગે કોઈ નાના જમીનદારની ખાસ વાત કરવાની હોય તો તે તરફ મારું ધ્યાન નિઃસ્વાર્થ રીતે દોરતા રહેતા. ન્યાય અવશ્ય પાળવો પણ માનવ દૃષ્ટિનો અમર ઝરો વહેતો રાખવો તેમ મને મિત્રભાવે ટકોર કરતા. સન ૧૯૫૪માં હું જુનાગઢમાં કલેક્ટર હતો ત્યારે દુલાભાઈ તથા મેરૂભાભાઈએ મારી પાસે આવીને કહ્યું કે આજ કાંઈક માગવા આવ્યા છીએ, અને અમને નિરાશ નહિ કરો તેવો તમારામાં વિશ્વાસ છે તેમ કહી લેરીયા-મોણિયાની ચારણબાઈઓની જમીનો લેવા જાય છે. ખેડૂતો કબજા છોડતા નથી. રા'માંડલિકના વખતના નાગઆઈના વંશની વિધવાઓનો કકળાટ સાંભળી તેઓના વતી કાંઈક રસ્તો કાઢી આપવા કહેવા આવ્યા છીએ. તેઓનું કોઈ નથી. વકીલ રાખી શકે તેમ નથી. એટલે આઈઓનો આશીર્વાદ મળે તેવું કાંઈક કરો. કાયદાની મર્યાદામાં રહી રસ્તો કાઢી આપવાનું વચન લઈને તેઓ ગયા. પરિણામથી બંને દેવી પુત્રો બહુ ખુશી થયા.

હું રાજકોટમાં ન હતો ત્યારે રાજકોટમાં રાષ્ટ્ર-પ્રમુખશ્રીનું પધારવું થતાં શ્રી દુલાભાઈ તથા શ્રી મેરૂભાઈ તથા લીંબડીના કવિઓને ચારણી સાહિત્યનો રસાસ્વાદ કરાવવા સૌરાષ્ટ્ર રાજ્ય તરફથી આમંત્રણ અપાયું હતું, પરંતુ બહુ મહેમાનો હોવાના કારણે, તેમના ઉતારા માટેની વ્યવસ્થા થઈ નહોતી, તેથી તેઓ છ જણા બે ઘોડાગાડી લઈ મારે ઘેર રાજકોટ પ્રહ્લાદ પ્લોટ શેરી નં. ૩૮ રામનિવાસમાં આવ્યા અને મારા નાના ભાઈ ડૉ. સુલોચનભાઈને કહ્યું કે આજે તો અમે તમારા ત્રણ દિવસના મહેમાન થવા આવ્યા છીએ. મારા નાના ભાઈ તથા માતુશ્રીએ પ્રસન્નતાપૂર્વક આવકાર આપી ત્રણ ઓરડા ખાલી કરી આપ્યા અને તેઓની ઇચ્છા પ્રમાણે બાજરાના રોટલા, અડદની દાળ, ગોળ, ગાયની છાશ, ખીચડી

અને શીરો, પૂરી ફરતું ફરતું જમાડયા. દેવી પુત્રો આનંદથી હોકા ગગડાવતા અને ઘરના સૌને રામાયણના દોહા સંભળાવી આનંદ કરાવતા. ત્યારે મારે ઘેર એ ગાયો તથા વાછરડાં જોઈ તેઓને બહુ આનંદ થયો. રાજકોટમાં મારી ગેરહાજરીમાં સ્વજન તરીકેના આતિથ્યથી તેઓ બહુ પ્રસન્ન થયા. પછી જ્યારે મળીએ ત્યારે તે પ્રસંગને બહુ પ્રેમપૂર્વક યાદ કરતા.

સન ૧૯૬૭માં પૂજ્યચરણ શ્રી રણછોડદાસજી મહારાજનો જન્મજયંતિ મહોત્સવ ગોંડલમાં ઉજવાયો ત્યારે, શ્રી દુલાભાઈની ઇચ્છા પૂ. ગુરુદેવનાં દર્શન કરવાની હતી. પરંતુ તેમના શબ્દોમાં લખું તો "એટલી મેદની મળી હતી કે બે કલાક આંટા મારી પાછો ફર્યો કે ઉપર તલની મુઠીનો ઘા કરો તો પણ એક તલ નીચો ના પડે એટલા માણસ. એમાં અંદર કેમ જવું! પાછો ફર્યો ત્યાં શ્રી જયંતિભાઈ જોબનપુત્રા મળ્યા. હાથ ઝાલીને અંદર લઈ ગયા. હું પગે લાગી દશેક મિનિટ બેઠો, ત્યાં એક પાટ ઉપર બિરાજેલા પૂ. ગુરુદેવને નીરખી નીરખી જોયા, એક છંદ પણ બોલ્યો. એમનો એટલો પ્રભાવ હતો કે બોલવાની ઇચ્છા પણ ન થાય. નાનકડું શરીર, ત્રાંબા જેવો વાન, કપાળ, કામણના બે બળતા દીવા જેવી આંખોની કૃપા દૃષ્ટિનો લાભ ત્યાં મળેલો. પૂજ્ય ગુરુદેવનાં દર્શનથી તેઓ બહુ પ્રભાવિત થતાં મેં તેમને બહાર આવીને પૂ. ગુરુદેવ સંબંધી કંઈક લખવા સૂચવ્યું. અને તેઓએ ગુરુમહિમા નામનું પુસ્તક સને ૧૯૭૦માં પૂરું કર્યું અને મને વાંચવા મોકલ્યું. તે પુસ્તક લખવા માટે મેં આભાર પત્ર લખ્યો. તેના જવાબમાં ટૂંકામાં તેમણે જીંથરી (અમરગઢ હોસ્પીટલ)માંથી તા. ૧૬-૬-'૭૧ના પત્રમાં લખ્યું કે "જે શારદાને ધન્ય બનવું હતું તે તેણે ગુરુમુખમાં ડોકીયું કરી દીધું છે. જેમ એમની પ્રેરણા થઈ એમ મેં લખ્યું છે અને તેની કિંમતનો કયાસ આપ જેવા ભક્તજનો જ કાઢી શકે."

ગુરુમહિમાનું પુસ્તક શ્રીસદ્‌ગુરુ સેવાસંઘ ટ્રસ્ટ તરફથી બહાર પડયું તેની ૩૦૦૦ પ્રતો છપાઈ તેમાં તેમણે **"ગુરુ ચાલીસા** રચ્યા, **ગુરુ શત સઈ** તથા **છપય અષ્ટક** પછી **ગુરુનોનિશ્ચયકથન** ના ૨૦ છંદ અને કવિત-મનહર છંદ થી ૧૦૨ પાનાનું પુસ્તક પૂરું કર્યું. આ પુસ્તક છપાઈ રહ્યું ત્યારે ગુરુદેવની બીમારી-શ્વાસ, ખાંસી વધતાં રહ્યાં તેથી તેઓશ્રીને મુંબઈ-પુના-બેંગલોર તરફ શિષ્ય સમુદાય લઈ જવાનું કરતાં અને અહીં સૌરાષ્ટ્રમાં, શ્રી દુલાભાઈ પણ અમરગઢ જીંથરી હોસ્પીટલમાં જીવલેણ બીમારી ભોગવી રહ્યા હતા એટલે આ પુસ્તકમાંથી થોડા છંદો પૂ ગુરુદેવને સંભળાવવાની શ્રી દુલાભાઈની ભક્ત તરીકેની ઇચ્છા પૂરી થઈ શકી. તેમણે મને લખ્યું કે ગુરુમહિમા તો આપ પૂરી શ્રદ્ધાથી વાંચી ગયા. "મારી સેવા આપને ગમી એટલે મારા મન તો આખા જગતને ગમી" કયાં અને કયારે મળશું એ કાંઈ નક્કી નથી. બે દિવસ સાથે રહેવાની ઇચ્છા છે."

તેઓ હોસ્પીટલમાં હતા ત્યારે બે વખત મારા સ્નેહી શ્રી હરજીવનભાઈ બારદાનવાલા સાથે અને એક વખત શ્રી શાંતિકુમારભાઈ રાજા જેઓ તે વખતે ગુજરાત ઈલેકટ્રી સીટી બોર્ડના ચેરમેન હતા, તેમની સાથે મોટરમાં ગયો હતો.

તબીયતમાં સુધારો થતાં, શ્રી દુલાભાઈ મજાદર ગયા ત્યારે તેઓને આંહી આનંદાશ્રમ બીલખામાં એક વખત આવવા વિનંતિ કરી પરંતુ પોતે તો આવી શકયા નહિ. પોતાની વતી શ્રી મેરૂભાભાઈને મોકલ્યા. તેઓએ સૌ ગુરુબંધુબહેનોને શ્રવણ મંદિરમાં ભક્તિ કાવ્યોના રસાસ્વાદથી તરબોળ કર્યાં.

સદ્‌ગત્ શ્રી દુલાભાઈનો મારા ઉપરનો છેલ્લો પત્ર મજાદરથી તા. ૨૦-૧૨-'૭૬નો છે તે અક્ષરશઃ આંહી આપું છું.

**પૂ. શ્રી જોબનપુત્રા સાહેબ,**

આપ કુશળ હશો. જીથરીથી હું ગુરુવાર તા. ૧૬-૧૨-'૭૬ના રોજ મજાદર આવી ગયો છું. તબીયત સાધારણ છે.

આપના પત્રો જ્યારે જ્યારે મળે છે ત્યારે નવું નવું મળે છે. કુશળ કૃપા પત્ર હરવખત સંભારીને લખતા રહેશો!

**હવે તો સાંજ પડવા આવી છે. પંખી માળા ઉપર ઉડવા તૈયાર છે.** કુશળતા ઇચ્છું છું.

—શુ. કવિ કાગના વંદન

આ રીતે અમારા ચાલીશેક વર્ષના સંબંધની સાંકળ નિઃસ્વાર્થ પ્રેમ-જાણે પૂર્વજન્મનાં સંબંધ હોય તેમ સાચવ્યા. માંદગી ઘણી ભોગવી અને શરીરનું પ્રારબ્ધ પૂરું થતાં રામ નામ રટણના સહારાથી પ્રસન્નતાપૂર્વક શરીર છોડયું.

કાગવાણી નામના પાંચ પુસ્તકો તેમનો અક્ષરદેહ છે.

જાણે વિયોગ સહન ન થઈ શકયો તેમ કવિ શ્રી મેરૂભાભાઈ પણ થોડા દિવસોમાં જ પ્રભુધામમાં સાથે નિજાનંદ માણવા વિદાય થયા. તેઓનું જીવન ધન્ય બન્યું.

## જન્મ નહિ પણ કર્મ

( નંદરાણી ! તારાં આંગણાં-એ રાગ )

**સાચો કરમકેરો દાવો રે, કુળનો નાતો કયાં રહ્યો રે જી ?**

**જનમે શૂદ્ર હતો...ભીલ ઘેર જન્મ્યો રે...**
**રામાયણ લખી ઋષિ વાલમીકે રે. કુળનો-૧**

**જેનાં માતા ખારવણ...વ્યાસ મુનિ મોટા...**
**અઢારે પુરાણો એણે આળેખ્યાં રે. કુળનો-૨**

**એક જ માતા જાયા...દેવ અને દાનવો...**
**કાયમ જુદા છે બેઉના કેડા રે. કુળનો-૩**

**'કાગ' કુંભકરણ ને રાવણ, વિભીષણ રે...**
**એક રે જનેતાના ત્રણ જાયા રે. કુળનો-૪**

( કુંડલાથી ડુંગર આવતા ટ્રેનમાં તા. ૧૭-૧૨-૫૪ ) **—દુલા કાગ**

# બાપુને વંદના

● કલ્યાણજીભાઈ નરોત્તમદાસ મહેતા

**ક્યાંક** વાંચ્યું છે, કે :—"સારા માણસોના મનમાં સ્થાન પામવું તે પણ જીવનનું એક સદ્‌ભાગ્ય છે." છેલ્લાં ૩૦–૩૫ વર્ષથી પૂજ્ય ભગત બાપુના નિકટતમ સહવાસ અને સહચારમાં રહેવાનું બન્યું છે. તેને હું મારા જીવનનું પરમ સૌભાગ્ય લેખું છું. આટલાં બધાં વર્ષોના ગાળામાં બાપુ બહારગામ હોય, તે સિવાયના દિવસોમાં મજાદર કે ડુંગર ખાતે અમારે અચૂક મળવા-હળવાનું હોય. આટલા લાંબા સહજીવનમાં બાપુ જોડે અનેક રીતે તાણાવાણાની માફક ગૂંથાઈ જવાનું બન્યું છે. વેપાર–ધંધાની લેણ–દેણ હોય, કોઈ મહેમાનની પરોણાગત કરવાની હોય, કોઈ સાર્વજનિક પ્રસંગ ઉકેલવાનો હોય, કોઈ ફંડ–ફાળો ભેગો કરવાનો હોય, કોઈ જાહેર હિતનો પ્રસંગ પતાવવાનો હોય, મારા સુખદુઃખના પ્રસંગે સધિયારો લેવાનો હોય, સંસાર વહેવારની જંજાળોથી પર થઈ પરમતત્ત્વને પિછાનવા માટે સત્સંગ-ચિંતન કરવાનાં હોય, દીન–દુઃખીનું દર્દ મટાડવા કોઈ નાની–મોટી મદદ કરવાની હોય—જીવનના આવા તેવા પ્રસંગે બાપુની સાથે જ રહેવાનું હંમેશાં બન્યું છે. કોઈ પણ વખતે નથી બાપુએ કદી વેરો–આંતરો રાખ્યો કે નથી મને બાપુ પાસે જતાં ક્યારેય શરમ–સંકોચ નડ્યો. પૂર્વજન્મની કોઈ અણજાણ પ્રીતના પ્રેમતંતુઓ અતૂટપણે બાપુ જોડે બંધાવાનું થયું છે. આ દીર્ઘકાળના સંબંધમાંથી શું લખવું અને શું છોડવું, તે મારા માટે એક કોયડો છે. વળી હું સાહિત્યકાર નથી કે જેથી થોડા અગત્યના પ્રસંગોને ચૂંટીને સાહિત્યિક ભાષામાં રજૂ કરું.

છતાં બાપુ તરફનો મારો ઊંડો આદરભાવ મને જે કાંઈ સુઝાડે છે, તે અહીં ભાંગીતૂટી ભાષામાં લખાવું છું.

સર્વ પ્રથમ મારે એ સ્પષ્ટ કરવું ઘટે કે બાપુ જોડેનો મારો પ્રેમસંબંધ સખાભાવનો નહિ પણ ભક્તિભાવનો હતો. બાપુએ તો બીજા બધાની જેમ મારા પ્રત્યે પણ સખ્યની સમાન ભૂમિકાથી વર્તાવ કરેલો. પણ મેં તો સદાયે ભક્તિભાવથી વંદ્યા છે. સખાભાવમાં આવ્યા પછી કંઈક મેળવવાની થોડી ઘણી પણ અપેક્ષા હોય છે, જ્યારે ભક્તિમાં બને તેટલું સમર્પણ કરવાનું હોય છે. વળતાં કશું પામવાની સ્પૃહા હોય નહિ. બાપુને મેં આવા કંઈક ભક્તિભાવથી અર્ચવા પ્રયત્ન કર્યો છે.

વર્ષો પહેલાંનો એક પ્રસંગ છે. બાપુને આત્મ-દર્શનની નજીક પહોંચેલ સિદ્ધપુરુષ રૂપે હું માનતો આવ્યો છું. એક વખતે મેં તેમને વિનંતી કરી કે, આપને લાધેલા આત્મજ્ઞાનમાંથી એકાદ કણ મને પણ આપો તો જન્મમરણના આ ચકરાવામાંથી છૂટવાનું ભાતું મને પણ મળે.

બાપુએ વિનમ્રભાવે કહેલું, "ભાઈ, હું પોતે જ માયાનાં બંધનોથી જકડાયેલ છું. ત્યાં તમને કેમ છોડાવું ? પણ આપણે એ બંધનમાંથી છૂટવાનાં આવલાં સાથે જરૂર મારશું." અને પૂજ્ય બાપુનો કૃપાપ્રસાદ મને તેમના જીવનના અંત લગી કાયમ મળતો રહ્યો છે.

૧૯૫૪ની સાલમાં મારે ત્યાં ભાગવત સપ્તાહ બેસાડેલી. સ્વાભાવિક રીતે જ દરરોજ રાત્રે બાપુનો

લોકસાહિત્યનો કાર્યક્રમ રહેતો. હજારો રૂપિયા દેતાં પણ જે ભાગ્યે જ અર્ધો કલાકથી વધુ ન બોલે, તેવા બાપુ ડુંગર જેવા નાનકડા ગામમાં મારા જેવાં નાના માણસને ઘેર સાત–સાત દિવસ રોજ બોલેલા. શબરીને ત્યાં રામ આવ્યા તેવો ધન્યપ્રસંગ મારે માટે હતો. એવામાં ત્રીજે–ચોથે દિવસે લીંબડીનરેશનો બાપુ પર તાર આવ્યો. "વિલાયત જાઉં છું, તુરત મારે ત્યાં બે–ત્રણ દિવસ રહી જાઓ." તાર વાંચતાં જ મને ક્ષણભર થયું કે મારાં આદર્યાં અધૂરાં રહી જશે. કયાં લીંબડીનરેશનું તેડું અને કયાં હું નાનો માણસ! ધ્રુજતે હૈયે મેં તાર બાપુના હાથમાં મૂકયો. વાંચીને કશી ગડમથલ વગર મને કહી દીધું કે, "તારથી જવાબ આપી દ્યો કે, ડુંગરની પારાયણ પૂરી કર્યા બાદ મારાથી આવી શકાશે." આવી હતી બાપુને મન સંબંધની કિંમત.

જાહેર કાર્યક્રમોમાં ભાગ્યે જ બાપુ અર્ધા–પોણા કલાકથી વધુ બોલતા. એને કારણે યોજકોમાં કયાંક કયાંક છાનો કચવાટ પણ થતો હશે. પણ મારો અનુભવ જુદો જ છે. જિજ્ઞાસુ કે અધિકારી શ્રોતા પાસે બાપુ કલાકો સુધી ખીલતા.

૧૯૫૧માં સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી સ્વ. શ્રી ઢેબરભાઈ, પૂજ્ય ભક્તિબા, શ્રી. ગિધુભાઈ કોટક વગેરે મહાનુભાવો જન્માષ્ટમીને દિવસે મજાદર આવેલાં. બાપુએ રામાયણની એક ચોપાઈ ઉપાડી. અને તેમની અસ્ખલિત વાણીના વશીકરણમાં સૌ મંત્રમુગ્ધ બની ગયાં. બેત્રણ કલાક ગયા પણ સમયભાન વક્તા કે શ્રોતા કોઈને ન રહ્યું. છેવટે મહેમાનોને જમાડવા માટે મારે બાપુને યાદી આપવી પડેલી.

ચૈત્ર માસમાં બાપુ નવરાત્ર રહે. પૂજાવિધિ અને રામાયણનો પાઠ કરાવે. એકવાર હું ત્યાં ગયેલો. વાતમાંથી વાત થતાં કૃષ્ણ વિષ્ટિનો મહાભારતનો પ્રસંગ છેડાયો. અને બાપુના હૈયાનાં કમાડ ઉઘડી ગયાં. બપોરની એક–બે કલાકની વિશ્રાંતિ બાદ કરતાં છ-સાત કલાક સુધી પ્રસંગ એવી સજીવતાથી તેમણે વર્ણવ્યો કે જાણે કૃષ્ણવિષ્ટિ તાદૃશ્ય થઈ રહી હોય, તેવો મને અનુભવ થયો.

કોઈ સાથી–સંગાથી હોય કે મહેમાન હોય, ઘણીવાર તો હું એકલો પણ જાઉં. જઈને એકાદ સાધારણ પ્રશ્ન છેડું. અને બાપુના અંતરની સરવાણી વહેવા માંડે.

કલાક બે કલાક સહેજે નીકળી જાય. હકડેઠઠ મેદની જોઈને જ બાપુ ખીલતા'તા તેવું ન હતું. સાચી જિજ્ઞાસા કે રસજ્ઞતા બાપુને બોલતા કરવા માટે પૂરતી હતી. બેપાંચ માણસોના ઘર–ડાયરામાં પણ બાપુ એટલી જ તન્મયતાથી કહેતા.

રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુ, પંડિત જવાહરલાલ જેવાથી માંડીને અનેક પ્રધાનો, રાજા–મહારાજાઓ અને નેતા–શાસનકર્તા જોડે બાપુના વિશાળ અને ગાઢ સંબંધો. બિરલા કે ઠાકરશીથી માંડીને અનેક શ્રીમંતો બાપુનાં વેણ પર હજારો રૂપિયા ઓળઘોળ કરવા તૈયાર. આટઆટલા માનમોભા વચ્ચે પણ અદના આદમી જોડેનું બાપુનું અનુસંધાન કદી તૂટયું નથી. ગવર્નરથી માંડીને ગાડીવાન, રાજાથી માંડીને રખોપિયા અને પ્રધાનથી માંડીને પટાવાળા સુધીના તમામ સ્તરના માણસોનાં સુખદુઃખમાં બાપુને જીવંત રસ. જેટલા રસથી બાપુ કોઈ શેઠિયાને તેની તબિયત કે કુટુંબના ખબરઅંતર પૂછે, તેટલી જ મમતાથી વિસળિયાના કોળીને પણ તેનાં સુખદુઃખ પૂછે.

એક વખત એક પટાવાળાની બદલી કંઈક કિન્નાખોરીથી ડુંગરથી દૂરના ગામે થયેલી. ગરીબ નોકરીયાતની બદલી બંધ રાખવા, જિલ્લા કલેકટર વગેરેને મેં ઘણી વિનંતી કરેલી. બાપુએ પણ ભલામણ કરી હતી. છતાં ગરીબનું નશીબ ગરીબ ન મટયું. પટાવાળો રોજ ધક્કા ખાય. છેવટે બાપુએ પેલા

અધિકારીને કાગળ લખ્યો : "એક નાનકડું કામ પણ આપણાથી ન બન્યું. જરૂર તેમાં મુશ્કેલી હશે. આપને આપવી પડેલી તકલીફ માટે માફ કરશો." અને એક બીજો કાગળ લખ્યો એક પ્રધાનને કે, "આ ગરીબ પટાવાળાને કંઈક દાદ મળે તો સારું." અને થોડા જ દિવસમાં સ્ટે-ઑર્ડર આવી ગયો. નાના માણસોનું કામ પણ બાપુને નજીવું નહોતું લાગતું. લોકોનાં સુખદુઃખ સાથેની આવી સમરસતાએ જ તેમને સાચા લોકકવિ બનાવેલા.

ભક્તો અને કવિઓ વિષે એવું કહેવાય છે, કે તેઓ હંમેશાં તેમની મનની દુનિયામાં જ મસ્ત હોય છે. સંસાર વહેવારમાં ભાગ્યે જ તેઓ સફળ હોય છે. બાપુ આમાં અપવાદ ગણાય. હીરા-માણેક, ઝવેરાત હોય, ભરત, ગૂંથણ કે સીવણ-ઘડામણ હોય, ખેતી, પશુપાલન કે દરિયાઈ સફર હોય. રસોઈ-રાંધણ કે યજ્ઞયાગ હોય, લગ્ન-મરણ કે કથા-પારાયણ હોય, આ બધી બાબતો અને વસ્તુઓની ગુણવત્તા અને વિધિ-નિષેધોની બાપુને ઊંડી પરખ- અને સૂઝ-સમજ. આવી વ્યવહાર કુશળતાના જોરે જ બાપુ પિતાનું વારસામાં મળેલ દેવું ફેડી, પુત્રને બે પાંદડે કરતા ગયા. અને સરસ્વતીને શ્રીની સાથે હંમેશાં રૂસણાં જ હોતાં નથી, તેવું સાબિત કરતા ગયા.

૧૯૬૨માં રાજ્ય સરકારે મને ઑનરરી મેજીસ્ટ્રેટ નીમી મારી યોગ્યતા કરતાં વધુ માન આપ્યું. મિત્રોએ પણ આ પ્રસંગે મારો સન્માન સમારંભ યોજ્યો. હું આવા પ્રસંગોથી દૂર ભાગું. પણ બાપુની આજ્ઞાને તાબે થયા વગર છૂટકો ન હતો. તે વખતે ભારત-ચીન વિગ્રહ ચાલતો હતો. એટલે આ પ્રસંગે ડુંગર વિસ્તારમાંથી ફંડ એકઠું કરી, રાષ્ટ્રીય સંરક્ષણ નિધિમાં આપવાનું વિચારાયું. બાપુએ સગા દીકરાને પરણાવવાનો હોય તેટલી ઉલટ અને ઉમંગથી પંદર-વીશ દિવસ સુધી ગામડે ગામડે રખડી સન્માન -થેલી ભેગી કરી. બાપુની વિનંતીથી પૂ. રવિશંકર મહારાજ જેવી પવિત્ર વિભૂતિએ પ્રમુખસ્થાને બિરાજી મને આશીર્વાદ આપ્યા. તે વખતના પ્રધાનો સમારંભમાં હાજર રહ્યા. ઉપરાંત અનેક કાર્યકરો, આગેવાનો અને અમલદારોએ આવી, મને ઓશિંગણ કર્યો. મારા જેવા સામાન્ય માણસને પાત્રતા કરતાં પણ અધિક માન બાપુની મારા પર કૃપા અને શ્રી કનુભાઈ લહેરી જેવાં મિત્રોની મહેનતને લીધે સાંપડ્યું, જે મારા જીવનનું ધન્ય સંભારણું છે.

૧૯૬૭ની ચૂંટણીમાં શ્રી જસવંત મહેતા ધારાસભા અને લોકસભા બંનેમાં ચૂંટાયા. અમારી ઈચ્છા શ્રી જસુભાઈ રાજ્ય સરકારમાં જોડાઈ, રાજુલા વિભાગમાં સેવા આપે તેવી હતી. બાપુ ત્યારે સાલોલી ખાતે બિમાર હતા. હું બાપુ પાસે ગયો. બાપુ ગરમ પાણીની કોથળીથી છાતી શેકતા હતા. મેં વાત કરી કે, "બાપુ! તમે દરમિયાનગીરી કરી, મોરારજીભાઈને કહો તો જ આ બને." મુસાફરીનો હડદો ન ખમે તેવી નરમ તબિયત છતાં પાંચ-દસ મિનિટમાં જ બાપુ સાબદા થઈ, મારી જોડે નીકળી ગયા. અમદાવાદ પહોંચ્યા. શ્રી હિતેન્દ્રભાઈના બંગલે શ્રી મોરારજીભાઈ ઉતરેલા. મંત્રીમંડળ રચાવાનું હતું. વિજેતા અને પરાજિત ધારાસભ્યો, આગેવાનો, મિલમાલિકો વગેરેની કતાર શ્રી મોરારજી-ભાઈને મળવા માટે લાગી હતી. સંદેશો મોકલ્યો, "કવિ કાગ મળવા માગે છે." થોડી જ મિનિટમાં અંદરથી તેડું આવ્યું. બાપુ ગયા. શ્રી જસુભાઈને ધારાસભામાં રાખી, મંત્રીમંડળમાં લેવા રજૂઆત કરી. મને પણ અંદર બોલાવ્યો. બહાર મુલાકાતીઓની લાંબી લાઈન વાટ જોતી હતી. છતાં અમે અર્ધો કલાક અંદર બેઠા અને શ્રી જસુભાઈ નાણાંમંત્રી તરીકે લેવાયા પણ ખરા. આવો હતો બાપુનો પ્રભાવ.

દરેક મુમુક્ષુને સંભળાય છે, તેવો અંતરનાદ

આજથી બારેક વર્ષ પર બાપુને પણ સંભળાયો અને તેમણે ઘરવહેવાર ને જાહેર જીવન છોડી, ચિત્રકૂટ જઈ રામાયણ લોકકવિતામાં ઉતારવાનો સંકલ્પ જાહેર કર્યો. બાપુની નાજુક તબિયત સંન્યસ્ત જીવનની હાડમારી વેઠી શકે તેવી ન હતી. અને બાપુ ઘર આંગણે જ રહીને જનસમાજને સેવા આપતા ચાલુ રહે તેવો લોભ પણ ખરો. તેમને ચિત્રકૂટ જતાં રોકવા હું, મારાં પત્ની, પુત્રી, ભાઈ, રામભાઈ વગેરે સાલોલી ગયાં. ગળગળા થઈ ને અમે તેમને ન જવા વિનવ્યા. આંસુભીની આંખે તેમણે અમારી વિનંતી સ્વીકારી. બાપુ અમારી વચ્ચે તે પછી દસ-બાર વર્ષ રહ્યાનો અમને આનંદ હતો. પણ ખબર નથી કે અમે તેમને અહીં રોક્યા તેનાથી જનસમાજનું વધુ હિત થયું, કે ચિત્રકૂટ જવા દઈ કાગ રામાયણ લખવા દીધી હોત તો સમાજનું વધુ શ્રેય થાત ?

૧૯૪૭માં ઝવેરચંદ મેઘાણીનું અવસાન થયું. હું બાપુને મળ્યો. મેઘાણીભાઈના અવસાન અંગે ખેદ વ્યક્ત કર્યો. બાપુએ જવાબ આપ્યો, "મેઘાણી જેવો માનવી બે-ચાર દાયકે તો શું પણ એકાદ સૈકે એક પાકે છે." મેઘાણીભાઈ વિષેનું બાપુનું વિધાન બાપુને પોતાના માટે પણ એટલું જ સાચું છે, કે આવો ભક્ત કવિ એક-બે સૈકે એકાદ જ પાકે.

આવા લોકોત્તર પુરુષને આપણી અંતરની વંદના હો....... ●

## સમયના દાસ

(ગઝલ- ભૈરવી)

સૂર્યના એ ગુલામોને, સિદ્ધાંતો કોઈ ના ખપતા;
સમય પામી, વધી, ઘટતા, સમયના દાસ પડછાયા–ટેક

બહુ લાંબા બને તેની, પછી હસ્તિ નથી રહેતી;
પ્રભાતે સાદ ના સુણતા, બપોરે પાવમાં પડતા. ૧

મળે જ્યાં છાંયડી કોની, સૂર્યનો સંગ ત્યાગે છે;
પછી જ્યારે મળે તડકો, હુકમનો દાસ લાગે છે. ૨

પડે સાગરતણા જળમાં, પડે જ્વાળાતણા ઘરમાં;
સૂર્યના હુકમને ત્યાગે, કૂવામાં ના કદી પડતા. ૩

મળે પટ્ટો અંધારાનો, છડી ત્યાં સૂર્યની ત્યાગે;
મળે જ્યાં લૂણ પાણીમાં, જુવો ત્યાં એ તિમિર લાગે. ૪

નહિ સ્થિરતા કદી મનની, ન મમતા 'કાગ' પોષકની;
સૂર્યને જોઈ આથમતાં, દીપકના દાસ પડછાયા. ૫

—દુલા કાગ

# સત્ય કે પ્રિય સત્ય કે હિતકારી

• શ્રી નાનુરામ દુધરેજિયા

**કવિ** શ્રી દુલાભાઈ કાગને સાંભળવાનું પહેલ-વહેલું સદ્‌ભાગ્ય ક્યારે મળ્યું, તે બહુ ચોક્કસપણે યાદ આવતું નથી. પરંતુ મોટેભાગે 'નર્મદ શતાબ્દી' વખતે રાજકોટ કે ભાવનગર એમાંના એક સ્થળે તે પ્રાપ્ત થયેલું. મેરૂભાભાઈ પણ સાથે હતા. "વિત્ત વાવરવાનું રણ ચઢવાનું નામરદાનું કામ નથી," એ છંદ મેરૂભાભાઈ બોલેલા. દુલાભાઈએ શું ગાયેલું તે સ્મરણમાં નથી. સ્મરણ એટલું છે કે, અગાઉ કદીયે નહિ સાંભળેલું તેવું–સાગર શું ગંભીર, બુલંદ અને છતાં સુમધુર એવું ગળું માણવા મળેલું.

એ પછી સાંભળ્યા સુરત જિલ્લામાં મઢી પાસે મળેલી હરિપુરા કોંગ્રેસના અધિવેશનમાં. અને થોડા દિવસ પછી સ્વ૦ પટ્ટણીજીની ભાવનગરની શોકસભામાં "રોશો મા માવડી ને રોશો મા બેનડી, રોશો મા બંધુડા ને રોશો મા બેટડા; દાઢીવાળાને મેં જીવતો દીઠો.', એ કાવ્યની શબ્દગૂંથણી અને તેની રજૂઆતે આંખ સામે જાણે કે એ સફેદ દાઢી ફરફરતી હોય તેવું અનુભવેલું.

બનતાં સુધી એ પછી સાંભળ્યા બ. ક. ઠા.ની ભાવનગરે ઉજવેલ એક જન્મજયંતી પ્રસંગે. જે વખતે બ. ક. ઠા. એ ભાવનગર અને તેની આસપાસ બોલાતી ભાષાને ગુજરાતી ભાષાનું શુદ્ધ સ્વરૂપ કહેલ. એ વખતે કંઠ અને કહેણીના જાદુ ઉપરાંત દુલાભાઈની નમ્રતાના–નિરાભિમાનતાનાં દર્શન પણ થયેલાં. અને મનનાં એક ખેંચાણ, એક આકાંક્ષા જન્મેલી કે એમના અંગત પરિચયમાં અવાય તો કેવું સારું?

સૌરાષ્ટ્રના એકમની રચના પછી રાજકોટ રહેવાનું થયું. એ વખતે પ્રિન્સિપાલ ડૉ. રમણલાલ યાજ્ઞિકને ઘેર અચાનક સાંભળવાની તક મળી. દુલાભાઈની તબિયત નાદુરસ્ત હતી, છતાં નાનકડા–મર્યાદિત ડાયરા સમક્ષ એમણે જે ગાયું તેણે સાંભળનારની તબિયતને તો ખુશખુશાલ કરી દીધેલી.

દુલાભાઈનું અને મારું પ્રથમ મિલન રાજકોટના સીટી ગેસ્ટ હાઉસમાં થયેલું. મારું કુટુંબ વડિયા રહેતું હતું. મારે રાજકોટ રહેવાનું હતું. વડિયાની એક વર્ષની નોકરી દરમ્યાન બગસરાના ડૉ. મગનલાલભાઈ ગોંડલિયા સાથેના સંબંધમાં ઘણો વધારો અને આત્મીયતા જન્મેલાં. એમનો પત્ર આવ્યો કે, પૂજ્ય ભગતબાપુ રાજકોટ આવે છે, હું પણ સાથે છું. સીટી ગેસ્ટ હાઉસમાં ઊતરીશું, તમે મળજો. હું મળ્યો, વાતોચિતો થઈ, સાથે રોટલા ખાધા.

ભગતબાપુ સાથે અંગત સંબંધમાં આવવાનું સદ્‌ભાગ્ય ત્યારથી સાંપડયું. તે સંબંધ પછી તો એકધારો ૨૩ વર્ષ સુધી વણથંભ્યો વૃદ્ધિ પામતો જ રહ્યો.

પછી તો ઘણીય વખત મારે મજાદર જવાનું થતું રહ્યું. રાજકોટના મારા એકલ નિવાસની ભાળ પણ બાપુ કાઢી ગયા. '૫૬માં હું ભાવનગર આવ્યો. પોતે ભાવનગર પધારે ત્યારે તંદુરસ્તી સારી હતી ત્યાં સુધી એકાદ વખત મારે ઘેર આવવાનું ચૂકતા નહિ. એમના એવા આગમન વખતે મને 'માનસ'ની એ ચોપાઈનું બરાબર સ્મરણ થતું :

**બડે સનેહ લઘુન્હ પર કરહીં,**
**ગિરિ નિજ સિરનિ સદા તૃન ધરહીં;**
**જલધિ અગાધ મૌલિ બહ ફેનૂ,**
**સંતત ધરનિ ધરત સિર રેનૂ.**

–એમને ઉતારે તો તેઓ રોકાય એટલા દિવસ મારે અચૂક જવાનું. મારે ત્યાંના સામાજિક પ્રસંગોએ બાપુ પધારતા રહ્યા. મુંબઈ સુધીની સફર સાથે કરી, ડાયરાઓ માણ્યા. આકાશવાણીના રેકોર્ડીંગ પ્રસંગે પણ ક્યારેક ક્યારેક સાથે રહેવાનું બન્યું. એમનો નિર્વ્યાજ પ્રેમ વધતો જ ગયો અને એમના ગ્રંથો કાગવાણી ભાગ–૪ અને ૭ની પ્રસ્તાવનાઓ લખવાનું સદ્ભાગ્ય પણ એમણે મને પ્રાપ્ત કરાવ્યું.

તબિયત લથડી ત્યારે અમરગઢ ટી. બી. હોસ્પીટલમાં રૂમ વગેરેની વ્યવસ્થા કરવા અને પસંદગી કરવા પણ હું ગયેલો. બાપુને પ્રથમવાર ત્યાં દાખલ કરવા પણ હું જ ગયેલ. અમારો સંબંધ સમયના વહેવા સાથે ઘરોબા જેવો બની રહેલ.

તબિયત લથડ્યા પછી પણ બાપુ ક્યારેક ક્યારેક ભાવનગર પધારતા. એ વખતે પણ એકાદ વખત મોટરમાં બેસીનેય ઘેર આવે. મોટરમાંથી ઊતરે નહિ, પણ ઘરનાં સૌને મોટર પાસે બોલાવીને મળે, વાતો કરે, ખબર અંતર પૂછે. હું કહું : "બાપુ, મનુબહેન અને હું અવારનવાર આપને મળી જઈએ છીએ, પછી આવી તકલીફ શા માટે ઉઠાવો છો?" ત્યારે કંઈક રૂઆબથી કહે : "કેમ તમારી જ આવવાની ફરજ, ને મારી નહિ?" આ સમયગાળાનાં અનેક સ્મરણો થોડાં અહીં ટાંકું છું.

**અંધશ્રદ્ધા નહિ**

'જન્મભૂમિ' પત્રોની રજતજયંતી ઉજવવાની હતી. મારો અને બાપુનો સંબંધ લક્ષમાં લઈ, ઉપરના પ્રસંગે બાપુ મુંબઈ પધારે તેવું ગોઠવી આપવાનું મને સૂચવાયું. બાપાલાલભાઈએ બાપુને પત્ર તો લખેલ. પંડિત જવાહરલાલજીની ઉપસ્થિતિમાં કાર્યક્રમ હતો, આથી બાપુ આવે તો સારું એવો આગ્રહ હતો.

આ એ દિવસો હતા જ્યારે ઝિંઝકાવાળી માતાજીની બોલબાલા હતી. ટ્રેઈનના ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં પણ ઊભા રહેવાની જગ્યા ન મળે એવી ગીરદી! આસપાસના થોકેથોક લોકો એ નાનકડા ગામે ઠલવાતા હતા.

એ હાલાકી વચ્ચે હું મજાદર પહોંચ્યો. બાપુ સાંજ ઢળ્યે ખેતરેથી આવ્યા. મને જોઈ રાજી થયા. ઓચિંતા આગમને નવાઈ પણ પામ્યા. પૂછી નાખ્યું : "ઝિંઝકા આવ્યા'તા?" મેં ના કહી. "આપની પાસે જ ખાસ આવ્યો છું." મારા આગમનનું પ્રયોજન મેં જણાવ્યું. થોડી જાણકારી પૂછીને એમણે હા કહી.

રાતે વાળુપાણી કર્યા પછી ડાયરો એકઠો થયો. બાપુએ પૂછ્યું : "અલ્યા આજે ઝિંઝકા કોણ કોણ જઈ આવ્યું?"

એ વખતે મને ખબર પડી કે ઝિંઝકા મજાદરથી સાવ નજીક બે–ત્રણ ગાઉને પલ્લે જ હતું.

બે ચાર જણાએ કહ્યું, "બાપુ અમે ગયા હતા."

"શું જોયું?" બાપુએ પૂછ્યું.

એક મોટી ઉમ્મરના આપાએ કહ્યું, "મેડી ઉપર બારીમાં આવીને ઊભાં રહેલાં. હલકું વરણ થોડું છે કે હાકલા પડકારા કરે ને ધૂણે? ગરાસિયાનું ખોળિયું છે. આમ (એમ કહીને એ ઊભા થયા) થોડો થોડો હાથ અને પંડ ધરુજે ને સૌને આશીર્વાદ આપે."

"માણસ કેટલું હતું?" બાપુએ પ્રશ્ન કર્યો.

"લાખ માણસ તો! હાલવાની કપાણ પડે એટલું."

જે જે લોકોએ ત્યાં ગયાનું કહેલ તે સૌને બાપુએ ઝિંઝકા અંગે વાતો કરાવી.

આઠ-દસ દિવસ પછી આ ઝિંઝકા ગામે મોટી હોનારત સર્જાઈ. સાંકડી જગ્યામાં વધુ લોકો એકત્ર થઈ જતાં કેટલાક ચગદાઈ મુઆ.

આ પ્રસંગ એ માટે ટાંકું છું કે, ઝિંઝકા મજાદરથી નજીક હોવા છતાં, રોજ ગામના અને આસપાસનાં ગામોના લોકો મોટી સંખ્યામાં ત્યાં જતા હતા છતાં, બાપુ વાહનની છતી સગવડે પણ ઝિંઝકા ગયા ન હતા. કોઈપણ પ્રકારની અંધ-શ્રદ્ધા કે વહેમ તરફ એમનું મન ક્યારેય વળતું જોવા મળ્યું નથી.

બીજી બાજુ, એક વખત પૂજ્ય રવિશંકર દાદાને એમણે ભાવનગર બોલાવેલા. લક્ષ્મીનાથભાઈના ડેલા પાસે મોટર આવી કે બાપુ ઉતાવળે પગે ડેલાની બહાર આવીને દાદા જેવા મોટરમાંથી ઊતર્યા કે સામે બેસી એમનાં ચરણ ઝાલી લીધાં.

ઘણાને-ભલભલા ભૂપને અહીં મળવા આવતા જોયાનો હું સાક્ષી છું. કોઈને લેવા કે મૂકવા બાપુ ડેલા સુધી ગયાનું જોયું નથી. મહારાજને લેવા અણવાણે પગે ડેલા સુધી ગયેલા.

## સૌજન્ય

ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી બદ્રી-કેદારની યાત્રાએ જવાના હતા. ઘણા સ્વજન-સ્નેહીઓને સાથે લીધેલા. બાપુને પણ આગ્રહ કરેલ; પરંતુ બાપુ ગયેલા નહિ.

એક વખત વાત નીકળતાં મેં પૂછ્યું : "બાપુ ! મહારાજા સાહેબના આટલા આગ્રહ છતાં આપ કેમ ન ગયા ?"

તેઓ કહે : "મને જવાનું મન તો થયેલ. અમસ્તાં બદ્રી-કેદાર ક્યારે નીકળાય ? પણ મનમાં થયું : હું સાથે હોઉં. ટ્રેઈનના ડબામાં હોઈએ કે પગે ચાલતા જતા હોઈએ, લોકો મને ભાળીને કહેશે કે પેલો દુલો કાગ રહ્યો ! મહારાજા સાહેબ તો ઉદાર અને સાગરમના છે. પણ એમના મહત્ત્વ કરતાં મારું મહત્ત્વ વધતું દેખાય એવા પ્રસંગોથી મારે દૂર રહેવું જોઈએ આથી ઇચ્છા છતાં ન ગયો."

## બુદ્ધિચાતુર્ય

મહારાજા સાહેબ એક કિંમતી ગધેડું લાવેલા. સૌને એની સવારી કરાવે. મારે કાને આ વાત આવી. બાપુએ વાતમાંથી વાત નીકળતાં કહ્યું : "એમાં મહારાજા સાહેબનો મુકામ ગોપનાથ બંગલે થયો, મને મળવા બોલાવ્યો. હું ગયો પણ મારા મનમાં પેલી ગધેડાસવારીની વાત ખરી !

હું બંગલે પહોંચ્યો. રામરામ શ્યામ શ્યામ કર્યા પછી ચાપાણી પી લટાર મારવા બહાર નીકળ્યા કે મહારાજા સાહેબે પેલું ગધેડું મંગાવ્યું. એનાં વખાણ કર્યાં અને મને બેસી જોવા કહ્યું.

મેં નમ્રતાથી ના કહી. પોતે કહે, 'અરે બધા બેઠા છે, તમને શું વાંધો છે ?'

મને બહુ આગ્રહ કર્યો ત્યારે મેં કહ્યું : "હું એટલા માટે નથી બેસતો કે લોકોને ખબર પડે કે મહારાજા બાપુએ દુલા કાગને ગધેડા પર બેસાડ્યો, તો તે આપને માટે કેવું લાગે ?"

એ પછી દુલાભાઈએ ઉમેર્યું કે, "ત્યાર પછી મહારાજા સાહેબે કોઈને એ ગધેડા પર સવારી કરવાનું કહેલું નહિ. ગધેડું પણ કોઈકને આપી દીધેલ."

## સ્વતંત્ર માનવ

એક વખત વાળુપાણી કરીને મજાદરના એમના અતિથિગૃહના વિશાળ ફળિયામાં ખાટલે બેઠા બેઠા વાતો કરતા હતા. ચૂંટણીઓના દિવસો હતા. જીવરાજભાઈ કે બળવંતભાઈની વાતો હવામાં હતી. બાપુ કહે, "શું લાગે છે ? કોણ આવશે ?"

મેં મારો અભિપ્રાય આપ્યો.

"આ આવે તો શું થાય, અને પેલા આવે તો શું ફેર પડે ?" આવા પ્રશ્નો એ પૂછતા રહ્યા. મેં રાજકારણની વાતો હાંકયે રાખી. એકાએક એમના મોંમાંથી રામાયણની એક અર્ધાલિ ટપકી પડી :

"કોઉ નૃપ હોઉ હમહિ કો કા ?"

આ સાંભળતા મારા મનઃચક્ષુ સમીપ લોકશાહી નાગરિક કેવો હોય ? સ્વતંત્ર નાગરિક કેવો હોય ? સ્વાધીન માનવી કેવો હોય ? તેનું એક પાણીદાર, તેજદાર અને ભવ્ય ચિત્ર ખડું થયેલું.

## તાર્કિકતા

હોકાની એમને ભારે ટેવ. એક વખત મહુવાથી અમે બસમાં બેઠા. બાપુએ ભરેલો હોકો બસમાં ગોઠવ્યો.

મૂળે આ બાજુના પણ કેટલાક વખતથી બહાર વસતા એક ગૃહસ્થ નજીકની સીટ પર બેઠેલા. એમણે આ હોકો વગેરે જોઈને બાજુમાં બેઠેલ ભાઈને પૂછ્યું : "કોણ છે ?"

બાપુના કાન ઘણા સરવા. પેલા ભાઈ કંઈ જવાબ આપે તે પહેલાં જ પેલા ગૃહસ્થ તરફ વળીને બોલ્યા : "ઑલ્ડ મેન દુલા કાગ !"

પેલા સદ્‌ગૃહસ્થ ઊભા થઈને પગે લાગ્યા. "મેં આપને ઓળખેલા નહિ."

આ તો હોકાની સાથેની થોડી આડ વાત થઈ. પણ બાપુને હોકા પર ભારે પ્રીત. જીંથરી હોસ્પીટલમાં દાખલ થવા નીકળ્યા ત્યારે હોકો ભરીને મોટરની સીટમાં ગોઠવેલ. ધીમી ધીમી ઘૂંટ લીધા કરે.

નક્કી કરેલા રૂમ પાસે ઉતર્યા. હાજર ડૉકટરોમાંથી કોઈ તુરત તો કશું બોલ્યું નહિ, પણ બીજે દિવસે એક ડૉકટરે બાપુને કહ્યું : "તમાકુનો આ ધુમાડો ટી.બી.નું કારણ બનતો હોય છે. આપ એ પીવાનું છોડી દો તો સારું !"

બાપુ હસીને અને સાથે કંઈક ગંભીરપણે કહે : "સાહેબ, તમારી સલાહ હશે તો મૂકી દઈશ. ટેવ લાંબી છે છતાં છોડી દઈશ. પણ હું એક પ્રશ્ન પૂછું ?"

"પૂછો." ડૉકટરે કહ્યું.

"આ દવાખાનામાં કેટલા દરદી હશે ?"

"સાતસો ઉપરાંત."

"એમાં બૈરાંઓ ખરાં ?"

"હા, બસો જેટલાં છે."

"તે એ બૈરાંમાંના કોઈએ બીડી મોંમાં નાખેલી ખરી ?"

બાપુની વાતનો છેડો હવે ડૉકટરના ધ્યાન પર આવ્યો. એમણે કહ્યું : "ઠીક છે આપની વાત ખોટી નથી. પરંતુ ન પીવાય કે ઓછું પીવાય તો સારું."

જમ્યા પછી બે ઘૂંટ હોકાની લેવી એવી છૂટ તે દિવસે બાપુએ લીધેલી.

પછી હોકો બંધ પણ કરેલો, અને એક નાનકડી હોકા આકારની હોકલી ભરતા. જેમાંથી માંડ બે-ચાર ઘૂંટ જ લઈ શકાતી.

## ઈન્સ્પેકશન

બાપુને છેક જૂના સૌરાષ્ટ્ર રાજ્યના વખતથી લોકસાહિત્ય માટે ૧,૨૦૦ રૂપિયાની એક ટોકન ગ્રાંટ અપાતી.

મુંબઈ રાજ્ય રચાયા પછી આ કે આવી કોઈ પણ ગ્રાંટ ચૂકવતાં પહેલાં તેનું ઈન્સ્પેકશન થવું જોઈએ, ઈન્સ્પેકશન ફોર્મ ભરવાં જોઈએ એવા નિયમનો આગ્રહ. ભાવનગરમાં નીમાયેલા જિલ્લા શિક્ષણાધિકારી પણ જૂના મુંબઈના ગુજરાત વિસ્તારમાંથી આવેલા.

કોઈએ એમને વાત કરી કે નાનુરામને બોલાવો, એ આમાં ઉપયોગી થશે. હું તે વખતે જિલ્લા શાળામંડળમાં.

મને બોલાવીને કહ્યું : "આપણે મજાદર જવું છે." એમને સંગીતનો સારો શોખ હોવાનું હું જાણતો હતો એટલે મેં કહ્યું : "જરૂર જઈએ. દુલાભાઈને સાંભળવાથી આપને પ્રસન્નતા થશે."

ધીમેથી તેઓ કહે, "મારે એમને અપાતી ગ્રાંટ અંગે ઈન્સ્પેકશન કરવું છે."

મેં કહ્યું : "સાહેબ ! વર્ષોથી એ ગ્રાંટ અપાય છે. કોઈએ ઈન્સ્પેકશનની આવશ્યકતા જોઈ નથી." છેવટે નક્કી કર્યું : મજાદર જવું, મારે સાથે આવવું. ઈન્સ્પેકશન પણ થયું ગણાય ને બાપુને કશું અજુકતું ન લાગે તેવું ગોઠવવું.

બાપુને પત્ર લખીને મેં અનુકૂળતા પૂછાવી.

એમણે તારીખો મોકલાવી. મેં એમને જણાવ્યું કે, નાનુરામ એકલો નથી આવવાનો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પણ સાથે છે તો કૃપા કરીને તારીખ આપ્યાનું વીસરી જઈને બહારગામ જવાનો કોઈ કાર્યક્રમ ગોઠવતા નહિ.

નક્કી તારીખને આગલે દિવસે અમે મહુવા રોકાયા. મેં માણસ મોકલી ખબર કઢાવી લીધા. બાપુ ઘેર હોવાની ચિઠ્ઠી આવી ગઈ. સાથે લખેલું કે અહીં શાક મળતું નથી એટલે જે શાક ખાવું હોય તે મહુવાથી લેતા આવશો. સાથે મેમાન હોવાથી બાપુના મનમાંની આ પ્રતીતિ હતી. કારણ કે હું તો ઘણીવાર ગયેલો પણ ક્યારેય શાક લેતા આવવાનું કહેવડાવેલ નહિ.

મહુવાથી ડુંગર અને ત્યાંથી વિકટરની ટ્રેનમાં બેસી અમે વિકટર સ્ટેશને ઉતર્યા. મહુવાથી એક અન્ય મિત્રને પણ મેં સાથે લીધેલા. સ્ટેશન પર અમને લેવા એક માણસને બાપુએ મોકલેલ.

મજાદર પહોંચી, ચા-પાણી પીધા પછી મેં બાપુને એકાંતમાં અમારા આગમનનો હેતુ કહ્યો. એકાદ ઘડી એ અસમંજસમાં લાગ્યા. પછી કહે, "તું સાથે છો તો તને ઠીક પડે તેમ કર."

બે વિદ્યાર્થીઓને લોકસાહિત્યની તાલીમ આપવી તેવું મૂળ સરકારી ઠરાવમાં હતું. બાપુ ઘણા લોકસાહિત્યના જિજ્ઞાસુને પોતાને ત્યાં રાખતા. આજે પણ રતિલાલ-કાનાભાઈ વગેરે હતા જ. એ બંનેએ જમ્યા પછી રૂંઢે ભજન, છંદ, દુહા, લોકગીત આદિ ગાયાં.

બાપુએ કહ્યું : "નાનુભાઈ પાસેથી જાણવા મળ્યું કે આપ સરસ ગાઓ છો, તો કંઈક સંભળાવો." થોડી આનાકાની અને થોડા આગ્રહ પછી શિક્ષણાધિકારીશ્રીએ હારમોનિયમ સાથે ત્રણેક ગીતો ગાયાં. જેમાં એક ભગતબાપુનું 'પગ મને ધોવા દ્યો રઘુરાય જી' પણ હતું. મહુવાથી સાથે લીધેલા કુંવરજીભાઈએ પણ 'તારી શીતળ છાંયલડીમાં...લાગ્યો કસુંબીનો રંગ...' વગેરે કાવ્યો ગાયાં.

રાતે વાળુ પછી પણ ફરી ડાયરો જામ્યો. રતિલાલે, કાનાભાઈએ અને બાપુએ પણ એકાદ સંભળાવ્યું.

સૂવા માટે ખાટલામાં પડ્યા ત્યારે સાહેબે મને હળવેથી કહ્યું : "હાજરીપત્રકો, દફતર વગેરે સવારે જોઈ લેશું ને ?" મારે એમને કેમ સમજાવવું કે અહીં આટલું ઈન્સ્પેકશન થઈ શકયું તેય ઓછું નથી ! માંડ માંડ ઘડ વાળી અને અમે વહેલી સવારના બાપુની વિદાય લીધી.

સૌ ચાલ્યા એટલે મને પાછો બોલાવીને કહે : "ઈન્સ્પેકશન બરાબર ?" મેં કહ્યું, "બરાબર !" અને અમે છૂટા પડ્યા. ●

કવિશ્રી દુલા કાગ સ્મૃતિ-ગ્રંથ

# સૌરાષ્ટ્રનું અણમોલ રત્ન

• શ્રી છોટુભાઈ મહેતા

**પૂજ્ય** ભગતબાપુનો પ્રથમ પરિચય મને ૧૯૩૮માં થયો. મારાં બહેનનાં લગ્ન શ્રી કનુભાઈ લહેરી સાથે થયાં એ શુભ પ્રસંગ ઉપર તેઓશ્રી જાફરાબાદ આવ્યા હતા. હું એ વખતે જાફરાબાદની હાઈસ્કૂલમાં શિક્ષક હતો. "શ્રી દુલા ભાયા કાગ"નું નામ સાંભળેલું પણ તેમને જોવાનો, જાણવાનો અને માણવાનો પ્રથમ પ્રસંગ મળ્યો. આ દિવસોમાં ત્યારે થોડો સમય ફાળવીને અમારી હાઈસ્કૂલમાં તેમણે કાર્યક્રમ આપ્યો હતો. તેમની ચારણી સાહિત્ય ઉપરની પકડ, બુલંદ અવાજ, સાવ સાદી છતાં હૃદય સોંસરવી ઉતરી જાય તેવી મધુર વાણી પ્રથમ સાંભળી અમે સૌ રસ તરબોળ બની ગયેલા.

મને યાદ છે ત્યાં સુધી તેમણે ત્યારે થોડા રામાયણના પ્રસંગો અને "ફેંસલો કાવ્ય રજૂ કર્યું હતું.

**"કંઈક વિદ્યાર્થી ને કંઈક પંડયા બન્યા**
**જગત, આ એક નિશાળ મોટી**
**કુશળ થઈ કે ભણતર ભણ્યો માનવી**
**કાઢતો જળ-પવનની કસોટી**
**વ્યોમ ઉડે અને જાય ભૂર્ગભમાં**
**કાઢતા હરિની કંઈક ખામી**
**કુદરતી કોર્ટે જ્યાં ચડયો માનવી**
**ભણેલી સર્વ વિદ્યા નકામી."**

ઉપરોક્ત પંક્તિ સાથે પૂજ્ય ભગતબાપુએ કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી ત્યારે અમે કોઈ નવી દુનિયાની સફર કરી પાછા ફર્યા હોઈએ તેવી અનુભૂતિ થઈ. એવું હતું એમનું કંઠ માધુર્ય અને ચોટદાર શૈલી.

૧૯૫૮માં મારે ત્યાં ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાસપીઠ ઉપર પૂજ્ય નરેન્દ્ર શર્મા બીરાજ્યા હતા. પૂજ્ય ભગતબાપુને શાસ્ત્રીજીને સાંભળવાની ખૂબ ઇચ્છા. મારે ત્યાં જાફરાબાદમાં ભાગવત સપ્તાહ છે અને શાસ્ત્રીજી નરેન્દ્ર શર્મા વ્યાસપીઠ પર બીરાજવાના છે તે સમાચાર સાંભળીને સામે ચાલીને "પોતાના ઘેર જવું તેમાં વળી આમંત્રણની શી જરૂર?" કહીને પ્રેમપૂર્વક આવ્યા. સાત દિવસ રોકાયા ત્યારે અમારા કુટુંબીજનોના એક અંગત આત્મીય સજ્જન, ઘરના જ કોઈ વડીલ આવ્યા હોય તેવું લાગ્યું. કારણ કે તેમના માટે કોઈ મહેમાનગતિ કરવા જેવું હતું જ નહિ, સાદું ભોજન "રોટલો, છાસ અને લસણની ચટણી તેમને ખૂબ પ્રિય-એ જ માગે, સૌની સાથે હળે, મળે. પ્રસંગોપાત કાવ્ય વિનોદ પણ ચાલે અને તેમના વિશાળ જ્ઞાનમાંથી અમને થોડું પીરસે ત્યારે પૂજ્ય ભગતબાપુ મને ખ્યાતનામ કવિ નહિ પણ મારા વડીલ બંધુ જેવા લાગ્યા હતા. અને એમના દુ:ખદ અવસાનના સમાચાર જાણ્યા ત્યારે આવો જ આઘાત મેં અનુભવ્યો હતો.

આપણામાં એક માન્યતા છે કે જ્યાં રામાયણ વંચાતુ હોય ત્યાં રામભક્ત હનુમાનજી બીરાજતા હોય છે. આવો જ એક બીજો પ્રસંગ ભગતબાપુનો યાદ આવે છે. ૧૯૬૫માં જાફરાબાદમાં અમારા કુટુંબ તરફથી મહાજનવાડીમાં રામાયણના પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે પણ શ્રી નરેન્દ્ર શર્મા વ્યાસપીઠ પર બીરાજ્યા હતા. શ્રી નરેન્દ્ર શર્મા પ્રત્યે ભગતબાપુને અનન્ય ભાવ અને તેમાંય રામાયણનો પ્રસંગ-આવા પ્રસંગે ભગતબાપુ ન આવે તે કેમ ચાલે? ભગતબાપુ જાફરાબાદ આવ્યા-ભક્તિભાવથી

રામાયણ સાતેય દિવસ સાંભળી–અને રાત્રિના સમયે શ્રોતાજનોને પોતાના જ્ઞાનનો લાભેય આપતા. એ પ્રસંગ અમારા સૌના દિલમાં હજુ પણ યાદ છે.

ભગતબાપુની દેશદાઝ પણ ભૂલાય તેવી નથી. ૧૯૬૨માં ભારત–ચીન વચ્ચે યુદ્ધ ચાલતું હતું–દેશને સોનાની ખાસ જરૂર હતી. એ દિવસોમાં ડુંગરમાં એક સમારંભ યોજવામાં આવ્યો હતો. શ્રી રતુભાઈ અદાણી અને બીજા આગેવાનો આ પ્રસંગે હાજર હતા. શ્રી ભગતબાપુએ તેમની સુપુત્રીના હાથે ૧૫ તોલાનો સોનાનો હાર રાષ્ટ્રને ચરણે ધર્યો હતો. આવી હતી તેમની દેશદાઝ.

પૂજ્ય દુલાભાઈ કાગને યાદ કરીએ ત્યારે સ્વ. મેઘાણીભાઈ તો સાંભળે જ. તેઓ બંને લોક-સાહિત્યના ઘડવૈયા હતા. બન્ને સાથે મળીને–હાથમાં હાથ પકડીને સૌરાષ્ટ્રની ધરતીનો ખૂણેખૂણો ખૂંદી વળ્યા. અને ગુજરાતી સાહિત્યને એવું અમોલ ધન આપી ગયા કે જેનો જોટો જડવો મુશ્કેલ છે. સ્વ. મેઘાણીભાઈ ગયા ત્યારે તેમની અંશતઃ ખોટ પૂજ્ય ભગતબાપુએ પૂરી–પણ હવે ભગતબાપુ જતાં તેની ખોટ કોણ પૂરશે એ જ વિમાસણ છે. ●

## નઠારો

સમજણ દઈને સુધારો રે, ગોઝારો એનો આતમા રે;
વિવેકે સમજાવીને વારો રે, નઠારો ના'વે નાતમાં...ટેક

શૂળીએ ચડેલો એને જીવતો ઉતારો...(૨),
બગડેલી બાજીને સુધારો રે......નઠારો–૧

વેરીથી ઉગારો એની કીરતિ વધારો......(૨),
બૂડતાને કાઢો સમદર બારો રે......નઠારો–૨

વેણનો છે ખારો કોઈ આપે નઈ ઉધારો...(૨),
લખમીને મંદિરીએ બેસારો રે......નઠારો–૩

'કાગ' એની આશા કેરા છોડી દયો વિચારો...(૨),
હારીને બેઠો છે સરજણહારો રે...નઠારો–૪

—દુલા કાગ

# સાચા લોકશિક્ષક

• શ્રી કુંવરજી જી. ભટ્ટ

### विप्र हस्तेन तांबुलम् :

**એક** વખત થોડા સ્નેહીઓ સાથે મારે મજાદર જવાનું થયેલું. પાછા ફરતાં ઉતાવળમાં મારી પાનની પેટી ત્યાં ભૂલી ગયો, પાંચેક દિવસે શ્રી મેરુભાભાઈ સાથે ભગતબાપુ હરિલાલ શેઠને ત્યાં પધાર્યા. મને બોલાવ્યો. મળ્યા. ચા પીધા પછી શેઠની સામે જોઈ ને મને કહ્યું કે : विप्र हस्तेन तांबुलम् અમે બંને હસ્યા. પેટી મને આપી, પેટી ખોલી. પાન તાજાં હતાં. મેં તેમને બનાવીને આપ્યું. ત્યાર પછી મહુવાની તેમની બેઠકોમાં હું જાઉં ત્યારે તે સમજી જાય, અને પાન ખાવાની મરજી થાય ત્યારે માત્ર એટલું જ બોલે કે विप्र हस्तेन तांबुलम् એટલે હું પાન એમને આપું. એનો ભેદ અમે બે જ જાણીએ.

મેં તેમને એક વખત કહ્યું કે : "તમને ગાવાનો આગ્રહ કરાય ત્યારે તમે કોઈ દિ સીધા ચાલતા નથી, તેનું શું કારણ ?" મને કહે કે "માણસોને લોક-સાહિત્યની કિંમત નથી. શાકબકાલાં કરતાં એ એની કદર ઓછી કરે છે. ગાયકની સ્થિતિનો વિચાર કર્યા વગર ગમે ત્યારે કહે કે થાવા દ્યો. શું થાવા દ્યે પાણા ? કેટલાક હરખપદુડા ઊંચા નીચા થઈ ને ગાંગરવા માંડે. આથી ઊંચા સાહિત્યની કદર ઘટે છે."

### છેવટે શૂન્ય તણો સરવાળો

મહુવાથી ચૌદ માઈલના અંતરે ગુંદરણા ગામમાં ઈ. સ. ૧૯૩૮થી હું લગભગ બાર (૧૨) વર્ષ આચાર્ય તરીકે હતો. એ વખતે જ્યારે એ પંથકોમાં બાપુ નીકળે ત્યારે તેમનો ઉતારો મારે ત્યાં જ હોય. શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ અવારનવાર મને કહેતા કે એક વખત કાગ બાપુને નિશાળમાં લાવો.

એક વખત સવારે ૮–૦૦ વાગે આવ્યા, મારે ત્યાં રોટલા ખાવાની હા પાડી. મેં એમને સીફતથી કહ્યું કે આ નિશાળના છોકરાઓ અને માસ્તરો મને બહુ જ આગ્રહથી આપને નિશાળમાં લાવવાનું કહે છે. તમારે જે દિવસે વખત હોય તે દિવસે એક વખત કલાક આવી જાઓ તો સારું.

તરત જ મને કહ્યું કે આજે જ આપણે જઈએ. પણ ગામમાં કોઈને ખબર પડવા દેશો નહીં. નહીંતર છોકરાઓ સાથેની મઝા બગડી જશે. કલાક પછી અમે નિશાળમાં ગયા. છોકરાઓ અને માસ્તરો ખૂબ ખુશી થયા. તેમણે શૈક્ષણિક ઢબે કવિત પાઠથી શરૂઆત કરી. બે છોકરાઓને ઊભા કર્યા, અને પૂછયું કે પાંચ + પાંચ બરાબર કેટલા થાય ? છોકરાઓએ કહ્યું કે ૧૦. પછી પૂછયું : ૧૦માંથી ઓછા ૧૦ થાય તો કેટલા રહે ? છોકરાઓએ શૂન્ય કહ્યું. ત્યાર બાદ શૂન્યમાં ઘણી શૂન્યો ઉમેરીએ તો તેનો સરવાળો કેટલો આવે ? આ રીતનો સવાલ તેમણે ફરી પૂછયો. તો છોકરાઓએ ફરી શૂન્ય જવાબ આપ્યો. ત્યારે 'શૂન્યના સરવાળા ઉપર એક ગીત છે તે સાંભળો'; એમ કહીને એમણે એમનું પોતાનું રચેલું ગીત બાળકો પાસે રજૂ કર્યું. શરૂઆતમાં તેમણે બાળકોને કહ્યું કે કેટલાક સવાલો એવા અગમ છે કે એનો જવાબ શૂન્યમાં જ આવે. અર્થાત, જવાબ આપી શકાય નહીં, જેમ કે કોઈ ચોટલા-વાળી સ્ત્રીને આપણે પૂછીએ કે આ તારો ચોટલો (વાળ) કયાંથી આવ્યો ? તો શું જવાબ આપે ? કેમ કે

વાળ એની મેળે કુદરતી રીતે ઊગે છે અને મોટા થાય છે. એ રીતે આખા કાવ્યની દરેક પંક્તિની સમજણ આપીને એમના મધુર કંઠથી ગીતની જમાવટ કરી. તમામ બાળકો અને શિક્ષકો સ્તબ્ધ થઈ ગયા અને સાથે ખૂબ ખુશ થયા. પણ એવામાં ગામમાં ખબર પડી એટલે લોકો નિશાળ તરફ દોડી આવ્યા. ત્યાં સુધીમાં આખું કાવ્ય તેમના સુંદર રાગથી અને અદ્ભુત કહેણીથી પૂરું કરી નાખ્યું હતું. લોકોએ આવીને ગાવાનું કહ્યું ત્યારે કહ્યું કે આ તો છોકરા સમજાવવાની વાત છે. પછી આપણે કોઈક વાર બેસીશું એમ કહીને મારે ઘેર ચાલી આવ્યા.

## એ મારી તિજોરીઓ છે

મુંબઈ દ્વિભાષી રાજ્યના સમયમાં કળસારમાં એક નશાબંધી સંમેલન યોજાયું. એ સંમેલનમાં મુંબઈ રાજ્યના નશાબંધી પ્રધાન શ્રી રતુભાઈ અદાણી આવેલા. હું એ વખતે મહુવામાં નિરીક્ષક હતો; પણ અગાઉ કળસારમાં શિક્ષક હતો એટલે કળસારના લોકોએ અને સરપંચશ્રી જામસીંહભાઈએ મને ખાસ બોલાવ્યો હતો. સાંજના ૬ વાગે સંમેલનનું કામ શરૂ થયું.

ભગતબાપુએ આ સભામાં દારૂ નિષેધ માટે ભાવવિભોર બનીને લોકોમાં સારી ચેતના જગાડેલી. પણ પોતાનું ભાષણ પૂરું થયા પછી હમણાં આવું છું, એમ કહીને ગામની નિશાળ પાસેના ઓટલા પાસે એક રાવણહથ્થાવાળા પાસે ભજનો સાંભળવા બેસી ગયા. અહીં જગ્યામાં સંમેલનનું કામ પૂરું થયું એટલે બધા આડું અવળું જોવા લાગ્યા અને કહેવા લાગ્યા કે ભગતબાપુ ક્યાં ગયા ?

મને ખબર હતી કે તે જગ્યાની બહાર રાવણ-હથ્થાવાળા સાથે ગયા છે, એટલે હું તરત બહાર આવ્યો. નિશાળ પાસેના ઓટલા પાસે જાઉં ત્યાં દસ-બાર કોળીઓની વચ્ચે ભગત બાપુ રાત્રે રાવણ-હથ્થા ઉપર એક ગાયકના ભજન સાંભળે છે. મેં જઈને કહ્યું કે તમારી તો ત્યાં ગોતાગોત થાય છે. વાળુ કરવાનો વખત થયો છે.

મને કહે કે આ માણસ બપોરનો આવ્યો છે. સભામાં પણ મારી સામું જોયા કરતો હતો એટલે મારું મન તેના પર ચોંટેલું હતું, એટલે એને મેં સાંભળ્યો. તે ખૂબ રાજી થયો છે. મેં કહ્યું : "પણ આવા મોટા સમારંભમાં તમે આમ ખોવાઈ જાવ તે સારું લાગે? મહેમાનો અને ગામ લોકો તમારી ગોતાગોત કરે છે. તમારે આવું જ ડીંડવાણું હોય."

મને કહે સાંભળો. આ રાવણહથ્થાવાળા મારી તિજોરીઓ છે. મારો સાહિત્યનો ખજાનો તેની પાસે હોય અને ગામેગામ ફરીને એનો પ્રેમથી પ્રચાર કરે છે. તેવી કિંમતી તિજોરીને મારે સાચવવી જોઈએ, એમ હું માનું છું. ચાલો, હવે હું આવું છું એમ કહી ઉતારે આવ્યા. શ્રી રતુભાઈએ પૂછ્યું કે ભગત બાપુ ક્યાં હતા? ત્યારે જે મને કહેલું તે જ તેમણે તેમને કહ્યું, વધુમાં કહ્યું કે ગામેગામ ફરતા માણભટ્ટો અને આવા રાવણહથ્થાવાળા ગાયકો આપણી સંસ્કૃતિને જાગૃત રાખે છે.

## માસ્તરોના મન બદલો તો સમાજ બદલાશે

ઈ. સ. ૧૯૩૩ની આ વાત છે. એ વખતે હું કળસાર ગામમાં શિક્ષક હતો. તે અરસામાં મહુવાના શેઠ કુટુંબના એક અગ્રણી શ્રી શાંતિલાલ શેઠે કળસારની નજીકમાં એક વાડીમાં બગીચો બનાવી ત્યાં રહેણાક કરેલ. વાડીમાં રહેવાનું મકાન સગવડવાળું અને સુઘડ હતું. તેમની વાડીએ કવિઓ અને ભાટચારણો અવાર-નવાર આવતા. શાંતિભાઈને લોકસાહિત્યનો ગજબનો શોખ હતો.

ચારણી સાહિત્ય ઉપર એમને અદ્ભુત ભાવ હતો. એક દિવસ સવારના તેની વાડીએ નહાવા-ધોવા ગયો, ત્યારે મને કહ્યું કે આજે એક મોટા માણસ મહેમાન થવાના છે. તમને હું બોલાવીશ. સવારના ૧૧-૦૦ વાગે શાંતિભાઈએ એક માણસને મારે ત્યાં બોલાવવા મોકલ્યો. હું જ્યાં વાડીના ડેલામાં ગયો, ત્યાં સામે એક ઊંટ દેખાયો અને ઓસરીમાં નજર કરી તો શ્રી મેઘાણીભાઈ અને કવિ કાગ બેઠા હતા. તેમની સાથે દેગવડાના દરબાર કેશુભાઈ ખસીયા પણ આવેલા હતા. મેઘાણીભાઈએ કોટડા અને દયાળ ગામના દરિયાકાંઠાના દશ્યના ફોટા લેવા જવાની વાત કરી, અને જમ્યા પછી સાંજના જવાનું નક્કી કર્યું. આ દરમ્યાન મેઘાણીભાઈએ અવનવી કેટલીએ સુંદર વાતો કરી. ત્યારે સ્વ. ભગતબાપુએ કહ્યું કે, "સમાજ બદલવો હોય તો પહેલાં આ માસ્તરોનાં મન બદલો તો સમાજ બદલાશે." પછી જમવા બેઠા. એટલે મેઘાણીભાઈએ ઇરાદાપૂર્વક તેમની થાળીમાંથી થોડાં ખમણ-ઢોકળાં મારી થાળીમાં નાખ્યાં. હું સ્તબ્ધ થઈ ગયો. મને કહે કે કેમ ભાઈ શું વિચારો છો ? મેં કીધું હું બ્રાહ્મણ છું અને તમે વાણિયા છો. ત્યારે તેમણે કહ્યું કે છૂતાછૂતનો અને આભડછેટનો વહેમ કાઢી નાખો તો તમે સાચું શિક્ષણ આપી શકશો. નવા યુગનાં મંડાણ શરૂ થઈ ગયાં છે. અને મારી આ વાત યાદ રાખજો કે, "એક દિવસ તમને હરિજન પીરસતો હશે અને તમે જમતા હશો. તમારા મનમાં કોઈ વહેમ નહિ હોય. આભડછેટને અળગી કરવાની અને સ્વચ્છતા, સુઘડતાને અપનાવવાની વાત લક્ષમાં રાખો." સ્વ. મેઘાણીભાઈની આ વાત મને એક નવી અજબ પ્રેરણા આપી ગઈ. હું તેની સાથે સંમત થયો.

પછી કાગ બાપુએ કહ્યું કે, મેઘાણીભાઈ, તમે કિંમતી પુસ્તકો લખો છો પણ તે વાંચનાર કેટલા ? અને સમજનાર કેટલા ? એટલા માટે હું કહું છું કે ભારત ગામડાનો દેશ છે અને ગામડે ગામડે નિશાળો છે. એટલે તમે વખત મળે ત્યારે નિશાળોમાં જાવ અને માસ્તરોને મળો. તેના મારફત લોકઘડતરનું કામ સફળ થશે. ●

# એક બહુમુખી પ્રતિભા

● બચુભાઈ મહેતા

**કવિ** કાગ ગુજરાતની એક બહુમુખી પ્રતિભા હતા. કવિ, લોકનેતા, માનવસંબંધોના મર્મી, આત્મસંયમના ઉપાસક, સાર્વજનિક કાર્યોના સફળ સંચયકાર વગેરે એમના વિશાળ વ્યક્તિત્વનાં પાસાંઓ હતાં.

### ઘડતર

ડુંગરથી ચાર માઈલ દૂર આવેલા મજાદર ગામે જન્મેલા દુલાભાઈ કાગે પાંચ ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ વિકટર શાળામાં લીધેલું. અને તે પછી ખેતી–પશુપાલનના બાપીકા ધંધામાં જોડાયેલા. પ્રતિભાબીજના વિકાસમાં શાળાનું શિક્ષણ ઉપયોગી હોય તો પણ અનિવાર્ય નથી, એ સત્ય કવિશ્રી કાગના કિસ્સામાં પણ ચરિતાર્થ થયેલું જોવા મળે છે. કહે છે કે નાનપણમાં પિપાવાવની જગ્યામાં દુલાભાઈએ એક ભેરુબંધ જોડે સંત મુક્તાનંદજીને સેવેલા. પુરાણો, પિંગળ આદિનું જ્ઞાન લીધેલું. એક દિવસ ગુરુએ પ્રસન્ન થઈ પોતાના કમંડળમાંથી બંને શિષ્યોને એક એક પ્યાલો પાણી પીવા આપ્યું. ભેરુબંધે તરસ લાગી નથી કહી, પાણી પાછું દીધું. દુલાભાઈએ ગુરુની પ્રસાદી સમજી પાણી સ્વીકારી લીધું. બસ ત્યારથી તેમની પ્રચ્છન્ન પ્રતિભા પાંગરવા માંડી. જાતે ખેતીકામ કરતા અને ભેંશો ચારતા. લોકજીવનના પ્રગાઢ સંપર્કમાં આવ્યા. ગીર પ્રદેશોમાં મહિનાઓના લાંબા વસવાટે સૌરાષ્ટ્રની વિશિષ્ટ પ્રકૃતિ અને સંસ્કૃતિનો ઘનિષ્ટ પરિચય કરાવ્યો. યૌવનના ઉષ:કાળે સર પ્રભાશંકર પટ્ટણી જેવા વિદ્યાવ્યાસંગી રાજપુરુષ અને ઝવેરચંદ મેઘાણી જેવા મર્મી સાહિત્ય પુરુષનો નિકટનો સહવાસ સાંપડ્યો. અને એ બધામાંથી પાંગરી કાગની કવિપ્રતિભા.

### સનાતન અને સમકાલીન ભાવોના કવિ

લોકસાહિત્ય અને લોકહૃદય સાથે ઘેરું તાદાત્મ્ય સાધનાર મેઘાણી પણ મૂળે ઉજળિયાત વર્ગમાં જન્મેલા અને યુનિવર્સિટી શિક્ષણ પામેલા સાહિત્યકાર હતા, જ્યારે કવિ કાગ એટલે તો તળપદા લોકજીવનની અને આધુનિક શિક્ષણના પાસથી ખરડાયા વગરની શુદ્ધ નીપજ. એટલે સાહજિક રીતે આત્મસાત થયેલ લોકહૃદયના ભાવો અને સ્પંદનોને કાગ કવિની બળવતી બાનીમાં સબળ અભિવ્યક્તિ મળી છે. કવિ કાગે કૃષ્ણભક્તિ, રામસ્તુતિ, વૈરાગ્ય, નિસ્વાર્થ મૈત્રી, સ્વધર્મ, તિતિક્ષા, માતૃપ્રેમ આદિ વિષયોને પૌરાણિક કથાવસ્તુ અને લોકજીવનનાં પ્રતીકો દ્વારા ગાયા છે. તેવી જ રીતે રાષ્ટ્રભક્તિ, પીડીતદર્શન, ભૂદાન, નશામુક્તિ વગેરે સમકાલીન સમયબળોને કવિતામાં કંડારી વર્તમાન યુગને પણ વંદના અર્પી છે.

### લોકનેતા

લોકકવિતાનાં વિપુલ સર્જન અને ચારણી શૈલીમાં સૂરીલા કંઠે ને જોમવતી લોકવાણીમાં તેના સંતર્પક રસાસ્વાદને કારણે સૌરાષ્ટ્ર સિવાયનું બૃહદ્ ગુજરાત કવિ કાગને મહદ્ અંશે લોકકવિ તરીકે વધુ ઓળખે છે. પણ કવિ કાગ લોકકવિ ઉપરાંત એક લોકનેતા પણ હતા. પોતાની પછાત ચારણ કોમ શિક્ષણ લે એ માટે ૪૦ વર્ષ પૂર્વે તેઓએ જાતે લાખ રૂ.નું ફંડ ભેગું કરી, ચારણ બોર્ડિંગ શરૂ કરાવેલી. દારૂ,

અફીણ વગેરે વ્યસનોમાં ફસાયેલ કાઠી રજપુત, કોળી, આહેર, અર્ધા આદિ પછાત કોમોને તેમાંથી છોડાવવા નશામુક્તિની ઝૂંબેશ પણ વર્ષો સુધી ચલાવી પાઘડી નહિ બાંધવાની પ્રતિજ્ઞા લીધેલી. સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપના પછી જમીનદારી નાબૂદીના ભગીરથ કાર્યમાં મધ્યસ્થી બનીને ઢેબરભાઈની પ્રજાકીય સરકારને મદદ કરેલી. પિપાવાવ, તુળશી-શ્યામ જેવા મંદિરોનાં જીર્ણોદ્ધાર કે વિકાસમાં સક્રિય રસ લીધેલો. આસપાસ ક્યાંય તુળસીવિવાહ કે ભાગવત પારાયણ હોય તો તેમાં ભગતબાપુ (કવિ કાગ)નો સાથ સહકાર હોય જ. ચોરી-ખૂનના ગુનેગાર પાસે રવિશંકર મહારાજને ચરણે લાવી, ગુનો કબૂલ કરાવી ગુનેગારને સુધારવામાં પણ કવિ કાગને રસ. દુષ્કાળ વખતે ગરીબોને અનાજ-કાપડ પણ શ્રીમંતો પાસેથી માગી ભીખારીને વહેંચાવે. નોકરી-બદલી મેળવવામાં આશાભર્યા આદમીઓને હંમેશાં ભગતબાપુની ચિઠ્ઠી-ચપાટી સરળતાથી સાંપડે તો ચૂંટણી જીતવાના કોડ સેવતા બંને પક્ષના ઉમેદવારો કાગ બાપુના આશીર્વાદ મેળવવા માટે પડાપડી કરે. આમ, કેવળ એકાંતે બેસી કાવ્યસર્જન કે ઇષ્ટોપાસના કરવામાં જ તેમનું રસક્ષેત્ર સમાપ્ત થતું ન હતું. પણ લોકજીવનના ધબકાર ઝીલવા-પડઘાવામાં પણ તેમને જીવંત રસ.

## માનવ સંબંધોના ઈલમી

કવિ કાગના આવા લોકાભિમુખ વ્યક્તિત્વનું ચાલક બળ તે તેમનું માનવ સંબંધોની કળાનું સુસિદ્ધ જ્ઞાન હતું. સૌરાષ્ટ્ર અને દેશના રાજા-મહારાજાઓ અને ભાયાતો જોડે તેમને નાતો ઘરોબો તો જવાહરલાલથી માંડીને નાના-મોટા તમામ સ્તરના લોકનાયકો જોડે તેમના સ્નેહસંબંધો; બિરલા, ઠાકરશી, નાનજી કાળીદાસ વગેરે દેશ-પરદેશના લોકો પર કાગ બાપુને પ્રીતમહોબત. વિનોબાજી, રવિશંકર મહારાજ જેવા લોકસેવકો જોડે સ્નેહસંબંધ તો યોગીજી મહારાજ, પ્રમુખ સ્વામી કે ગુરુ દયાળજી મલ્લીક જેવા સંત મહંતો સાથે પણ પ્રેમસગાઈ. અધિકારીઓ, કર્મચારીઓને બાપુ સાથેના પિછાન-પરિચયનું ગૌરવ તો પછી કવિ-લેખકો કે ગાયકો જેવા સમાન ધર્મીઓને કવિ કાગ સાથે હેતપ્રીત હોય તેમાં શી નવાઈ? છતાં કવિ પોતે જે ધરતીની પેદાશ હતા. તેના ખેડૂતો, ખેતમજૂરો, વેપારીઓ, વાણોતરો, વ્યાસ વિપ્રો અને અદના આદમીઓ સાથેનું અનુસંધાન અણતૂટ રહેલું. તેમના વિશાળ માનવ સંબંધોનું રહસ્ય પોતાના "અહં"ને અળગો કરી, નાનાં મોટાં તમામ જોડે સમાન ભાવે ભળી; સામામાં જીવંત રસ લેવાની તેમની સહાનુભૂતિમાં જોવા મળતું.

## લોકમાન્ય અને રાજમાન્ય

સમાજના તમામ વર્ગો પ્રત્યેના પ્રેમાદરને કારણે "ભગતબાપુ"ના પૂજ્યભાવ સૂચક ઉપનામ તો તેમને વહેલી વયે જ મળી ચૂકેલું. તો રાષ્ટ્રપતિ એ તેમને "પદ્મશ્રી"નો ખિતાબ દોઢ દાયકા પૂર્વે એનાયત કરી લોકસન્માન પર રાજસન્માનની મહોર મારેલી.

## અઠંગ ફંડસંચયક

અનેક સાર્વજનિક પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ સાથે સંકળાયેલ હોવાને કારણે તે સઘળીની નાણાંકીય જરૂરીયાતોને પહોંચી વળવા કવિ કાગે લાખ્ખો રૂપિયાના ફંડફાળા એકત્ર કર્યા હતા. આથી પંડિત મદન મોહન માલવિયા, નાનાભાઈ ભટ્ટ, ખુશાલદાસ કુરજી પારેખ વગેરે સાર્વજનિક ફંડ સંચયોકોની હરોળમાં તેમનું નામ સહેજે મૂકી શકાય.

## આત્મસંયમી મુમુક્ષુ

કવિની બાહ્ય જગતની અપરંપાર પ્રવૃત્તિઓની જંજાળો વચ્ચે પણ પરમ તત્ત્વને પામવા પિછાનવા

અધ્યાત્મ પ્રવૃત્તિ સદાય ચાલુ રહેતી. નવરાત્રવ્રત, નામ, જપ, ભાગવત શ્રવણ, રામાયણ વાચન વગેરે ઇષ્ટોપાસનાનાં કાર્યો તો નિયમિત ચાલુ રહેતા.

જિંદગીના છેલ્લાં ૪૫ વર્ષ ગાંધીજીએ ગૃહસ્થાશ્રમ ત્યજી આત્મસંયમની ઉપાસના કરેલી એ હકીકત સર્વ વિદીત છે. જ્ઞાતિના રિવાજ મુજબ બે પત્નીઓ હોવા છતાં કવિશ્રીએ ગૃહસ્થાશ્રમનો છેલ્લાં ૩૦-૩૫ વર્ષથી ત્યાગ કરેલો તે હકીકત તેમની નજીકમાં રહેતા લોકોને માટે આદરનો વિષય રહી છે.

વંદન હો આવી બહુમુખી પ્રતિભાને. ●

## કોક હનુમાન

(કર મન ભજનનો વેપાર-એ રાગ)

આવે જ્યારે વિપત્તિનો વરસાદજી;
વિપત્તિનો વરસાદ-
પછી એનો કોઈ ન સાંભળે સાદ...આવે—કેક.

રામ વિયોગે દશરથ રાજે, રટયું રામનું નામજી (૨)
આતમ પંખી ઊડી ગયો તોય (૨), છેવટે ન મળ્યો રામ-આવે-૧

રાઘવ માથે દુઃખ પડયાં તે દી', માનવી નાવ્યાં કામજી (૨);
પ્રભુ માનીને પૂજે હવે પછી (૨), રટે દુનિયા રામ-આવે-૨

વશિષ્ઠ જેવા કુળગુરુ જેને, જનક જેવો તાતજી (૨);
જાનકીને વનમાં જાતાં (૨), કોઈએ ન ઝાલ્યો હાથ...આવે-૩

કૈકેઈ માતાને સંકટ સમયે, ભેટયા જેમ ભગવાનજી (૨);
'કાગ' કહે કે દુઃખને ટાણે (૨), કોઈ મળે હનુમાન-આવે-૪

(લીંબડીથી વળતાં ટ્રેનમાં ૨૩-૧૨-૫૪) —દુલા કાગ

# કવિ કાગ અને હું

● શ્રી શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઈ

**આજ** લગભગ પાંચ દાયકાથી જેની કાવ્ય-ગંગાના પ્રવાહમાં સ્નાન કરી સૌરાષ્ટ્રની જનતા પાવન થતી રહી છે તેની કવિતાઓની સમાલોચના અને પ્રશંસા વિદ્વાનો કરશે. તેના કાવ્યના વિષયો, તેની મૌલિક કલ્પના, તેનું શબ્દ જોમ અને ભાષા લાલિત્ય અનેક નવોદિત લેખકો અને કવિઓને પ્રેરણા આપશે અને તેની કૃતિઓમાં નીતરતો બોધ અને ઉપદેશ અનેક વાચકોને માર્ગદર્શક બનશે એ પ્રશ્ન પરત્વે સાહિત્યકારો અને વિવેચકો લખશે એટલે હું આ લેખમાં મારા એ પરમ મિત્ર અને સુહૃદ તથા મારા વચ્ચેના કેટલાક પ્રસંગોની રજૂઆત કરીશ.

ઈ. સ. ૧૯૩૫નું વર્ષ હતું. હું જૂનાગઢના એક ચિત્રગૃહમાં ફિલ્મ જોતો બેઠો હતો. ત્યાં ચાલુ શોમાં અંધકારનો અંચળો ઓઢી બે વ્યક્તિઓ પ્રવેશ કરી મારી પડખે બેસી ગઈ. થોડીવારે પ્રકાશ પથરાતાં જોયું તો મારી બાજુમાં કાળી ભમ્મર દાઢી, ચળકતી વિશાળ આંખો અને આગળ નીકળતું નોકદાર નાક, માથે ધોળો સાફો અને ગળામાં માળા એવા કવિરાજ બેઠા હતા. તેમની પછી બેઠેલા સ્વ. હિમ્મતલાલ સોમનાથે પરિચય કરાવતાં કહ્યું : "આ દુલા ભક્ત-પીપાવાવ પાસેના મજાદરના છે." મેં ત્યાં સુધી તેમનું નામ પણ સાંભળેલું નહિ અને વેશ જોતાં અને ભક્ત નામ સાંભળતાં થયું કે, તે તરફની જગ્યાના મહંત હશે. પરસ્પર હાથ જોડયા ત્યાં ફિલ્મ પાછી શરૂ થઈ અને પૂરી થઈ ત્યારે માત્ર વંદન કરી જુદા પડયા. તે પછી ચાર પાંચ દિવસે હું જૂનાગઢના તત્કાલીન પોલીસ ઉપરી સ્વ. શ્રી છેલભાઈ દવેને ત્યાં ગયો. તેણે મને કહ્યું : "શંભુભાઈ, તમને ગમે એવી એક ચીજ આપું-" એમ કહી તેણે "કાગવાણી" આપી. મેં હસતાં હસતાં કહ્યું કે ભલા કાગવાણી કોને ગમે!" શ્રી છેલભાઈ કંઈ કામે અંદર ગયા અને મેં પુસ્તક ઉઘાડયું તો ચિત્રગૃહવાળા ભક્ત-અને પછી વાંચ્યું કે "નાગર ન હો કાવ્ય સાગર ન હો મેં 'કાગ.' ગૌઅન ચરાવતો લકુટીકોહર ધારી હૈ"- સ્વ. શ્રી મેઘાણીએ તેનું એક જ શબ્દમાં "ફાટેલ પીઆલાનો" કહી કરેલું વર્ણન અને તેની અર્પણ પત્રિકા "અર્પણ કરતન હું નૃપ કૃષ્ણ કે કરનનમે"- અને કાગવાણીનો કહેનારો કાગ કયારે પાછો મળે અને કયારે તેની વાણી સાંભળું એ વેદનાની શરૂઆત થઈ.

યોગાનુયોગ મારી બદલી ભેરાઈ થઈ. હું બસમાંથી ઉતરી હજી બેઠો ત્યાં એક મોટર આવી અને તેમાંથી કવિરાજ ઉતર્યા. તેમની સાથે ભાવનગરના તત્કાલીન પોલીસ ઉપરી સ્વ. શ્રી પોપટભાઈ હતા. અમે તો જાણે ભવોભવના મિત્રો હોઈએ, જાણે વરસોની જાણ પિછાણ હોય એમ વાતે વળગ્યા. સમયનું ભાન રહ્યું નહીં. શ્રી પોપટભાઈએ અમને હસતાં હસતાં રોકયા અને કવિરાજને ઉઠવા કહ્યું પણ અમને સંતોષ થયો નહોતો. તે દિવસ તા. ૩-૧૨-૧૯૩૫નો હતો અને કવિરાજે કહ્યું કે ૧૪-૧૨-૧૯૩૫ના રોજ હું પીપાવાવ છું. તમે પણ આવજો. પછી આપણે છીએ અને રાત છે.

હું નિયત દિવસે અને સમયે પીપાવાવ ગયો. સ્વ. મહંતશ્રી રામદાસજી સાથે વાતો કરી. રાત પડી. પણ કોણ કાગ અને કોણ કવિ. રાત્રે નવ વાગે

સાંઢીયાના ઘુઘરા ધમકયા અને કવિરાજે સાંઢીયો ઝુકાવ્યો. ઉતરતાં ઉતરતાં તેમણે કહ્યું કે "ડેડાણમાં વીયાળું કરતાં વાયદો યાદ આવ્યો એટલે સાંઢીયે ચડી બેઠો." તે સમયની તેમની કાયાની નરવાઈ અને શરીરનું જોમ એવાં હતાં કે શ્રમ કે થાક તેમની પડખે ઓછાયે ઉતરતાં નહિ.

પછી વાત જામી અને રાત જામી. રાત તો વીતિ ગઈ. કૂકડાં બોલ્યાં પણ વાત પૂરી થઈ નહીં. અમે દાતણપાણી કરી સહુ સહુને પંથે પડયા પણ તે જ દિવસે એક કાવ્ય લખ્યું. આ કાવ્ય સં. ૧૯૯૫ના દશેરાના "ચારણમાં" તથા 'શારદા'ના ઓગસ્ટ સને ૧૯૩૮ના અંકોમાં છપાયું છે.

**રગેરગમાં નીચતા નીતરે,**
**ઝેરી આંખમાં મદની લાલી ઝરે,**
**વિષયી ચિત્તે નિત વિકાર ફરે,**
**એવા ક્ષત્રિયના કુલકલંકની કહેવાતી કીર્તિ**
**તણાં કવિ ગાન ગવે.**
**પાપી પેટને પૂરવા એ પતિતોની પૂજા કરી**
**શી ઉપમાથી સ્તવે-૧**

**જેનું દુષિત જીવન પાપ ભર્યું,**
**જેનું નામ જગે અતિ દુષ્ટ ઠર્યું,**
**જેના કામમાં કાળું કલંક ભર્યું,**
**બીરદાવી એવા બદમાશને બાદશાહ શાહ કહી**
**કવિ ચર્ણ ચૂમે**
**ખમકાવી એવા મહાપાપી પતિતને પૂનિત ને**
**પુણ્યશ્લોક કહે.**
**જેના દ્વારથી પાછો ભિખારી ફરે,**
**કોડી કોડી ગણી જેનાં દિલ ઠરે,**
**સુણી રંકની રીડ ન પાઈ ધરે,**
**એવા સુમતણા સરદારને કર્ણ તણા અવતાર**
**કહી વરણે,**
**અન્નપૂરણહાર કહી અળગો વળગે એવા**
**શ્રીમંતના શરણે.**

**પણ—આ કવિ કેવો છે ?**

**જેની બાનીમાં શૌર્ય અને સત્ય ઝરે,**
**જેના કાવ્યમાં દુઃખીની દાઝ ઠરે,**
**જેની વાણીએ શારદ વાસ કરે.**
**જેણે રાયથી રંક અધિક ગણી, ગાયાં ગીત**
**ગરીબી તણાં કવને,**
**જેના હૈયામાં ઉની વરાળ ભરી, તપ્યો તાપ**
**ગરીબ તણા તવને,**

**ગાય રંકની રીડ ને રાજા રીઝે,**
**પરપીડ વિદારવા વાણી વીંઝે,**
**માગી ન્યાયની ભીખ જેનાં દિલ સીઝે.**
**જ્યારે રાજ રીઝે ત્યારે જાત ભૂલી માગે ચારણ**
**ઉદ્ધારનો ભાગ મીઠો,**
**ભૂલી સ્વાર્થ રમે પરમારથમાં પરદુઃખ નિવારણ**
**ચારણ કાગ દીઠો.**

આમ મારી અને કવિરાજની પ્રેમની ગાંઠ બંધાણી અને દિનપ્રતિદિન બળવત્તર થતી ગઈ. અમારો નિયમિત પત્રવ્યવહાર મુખ્યત્વે કાવ્યોમાં થતો હતો. શ્રી મેરૂભાઈ ગઢવીને કવિરાજ પરોક્ષ જાણતા હતા પણ પ્રત્યક્ષ પરિચય મેં કરાવ્યો અને એ બંનેની જોડી જામી. બન્ને તેમના દેહાંત સુધી મારા મિત્રો રહ્યા અને આ પત્રવ્યવહાર પછી ત્રણ જણા વચ્ચે વર્ષો સુધી ચાલતો રહ્યો.

હું ઉના હતો ત્યારે ઈ. સ. ૧૯૩૬માં કવિરાજ મારા મહેમાન થયા. મેં ઑફિસર્સ કલબમાં કાર્યક્રમ ગોઠવ્યો. ઉના પંથકમાં તે એક ભક્ત કવિ તરીકે જાણીતા હતા તેથી સભ્યો ઉપરાંત બીજા પણ સારી સંખ્યામાં આવ્યા. ઉનાના વયોવૃદ્ધ અને વિદ્વાન વકીલ શ્રી પીરભાઈએ કહ્યું : "ભક્તરાજ અમને ભક્તિરસમાં

ભીંજવો.” હું એ સમયે યુવાન હતો એટલે મેં કહ્યું : “ના, ના, પીરભાઈ સાહેબ, રસાસ્વાદનો અધિકાર અમારો પણ છે.” દાઢી ઉપર હાથ દઈને કવિરાજે કહ્યું : “હું ભક્ત નથી. મને લોકો નકામો ભક્ત કહે છે. અને જુવાન પણ છું. હજી વૃદ્ધ થયો નથી પણ તમારું બંનેનું કહ્યું કરીશ. હાંઉં ?” એમ કહી તેમણે “ચુડીની ચીપેરે” કાવ્યથી સાંજે સાતેક વાગે શરૂઆત કરી અને રાત્રે બાર વાગ્યે રામાયણના રસમાં તરબોળ બની દાયરો વીખાણો.

તે દિવસની તેમની જુવાનીનું જોમ, હુંકાર કરતી છાતી, તેમનો બુલંદ કંઠ, તેમની વૃદ્ધાવસ્થામાં ઝંખવાણો–કંઠ તો હજી એવો ને એવો રહ્યો પણ “કાયા કુમળી થઈ” ત્યારે તા. ૨૧–૩–૧૯૫૯ના રોજ તેને ઉદ્દેશી લખેલા કાવ્યમાં લખ્યું કે

**“જીભે તારી શારદા બેઠી ને કમળા કલમે રહોય,**
**કોયલ થઈને કવિતા કંઠે ટહુકા કરતી હોય,**
**એવું હું જેમ વિચારું આવે યાદ જોબન તારું.”**

ઈ. સ. ૧૯૩૭માં હું કુતિયાણા હતો ત્યાં શ્રી મેરુભાએ એકવાર આવીને કહ્યું કે “ભગતબાપુ પોરબંદર આવ્યા છે અને કાલ સવારમાં અહીં આવશે. આખો દિવસ રહેશે અને સાંજે છત્રાવા જશે” અમે રાત તો વાતો કરીને માંડ માંડ કાઢી પણ સવાર થયું, બપોર થયો પણ કવિરાજ ન દેખાણા. પછી ખબર આવી કે કવિરાજ પોરબંદરથી પરબારા ગયા. શ્રી દોલતસિંહ રાયજાદા, શ્રી અહમદમીયાં શેખ વગેરે તેમના પ્રશંસકો આખો દિવસ કામ છોડી બેઠા રહ્યા અને પછી નિરાશ થઈ ઘેર ગયા ત્યારે મેં તેમને બાર દુહા લખ્યા—

**તેં ગિરમાં ચારેલ ગાય તને વનની રમતું આવડે,**
**ઈ તાળી દઇને જાય એમાં કાંઈ નવાઈ નહિ કાગડા,**
**કાગાના શું રાગ એને ઝાડે ઝાડે ઝુંપડા,**
**કંઠ ઉજળો તન દાગ તેં કરી બતાવ્યું**

કાગડા–વગેરે

વળતી ટપાલે જવાબ આવ્યો. એવો જ નિર્દોષ અને નિખાલસ. નિર્મળ હૈયાના અરીસાના પ્રતિબિંબ જેવો. તેમને જવાનું કારણ વાજબી હતું અને જેને સમાચાર આપવા કહેલું તે ભૂલી ગયો હશે પણ તેમણે લખ્યું કે હું શ્રાવણ માસમાં જરૂર આવીશ અને જે શિક્ષા કરશો તે સહન કરીશ.

શ્રાવણ ગયો. તે પછી અધિક માસ હતો તે પણ ગયો પણ કવિરાજ આવ્યા નહિ. પછી મેં લખ્યું કે

**“વિત્યા શ્રાવણના વાયદા અધિકે ખેંચી આંખ,**
**પણ પેખી ન ફરકી પાંખ કયાંય કાળી તારી કાગડા.”**

એવામાં એકવાર આંગણકાના ગીગુભાઈ કવિને કવિરાજે મારા ઉપર ચીઠ્ઠી લખીને મોકલ્યા. આ કવિરાજે દશ-બાર દિવસ દાયરા કર્યા. ખૂબ સુવાણ કરાવી. જતી વખતે તેમણે કહ્યું કે કવિરાજને કાંઈ સંદેશો આપવાનો છે ? મેં ત્યારે જ લખી આપ્યું.

**“વિપિનથી સાથી તજી હાથી અળગો પડયો**
**રાજદ્વારે એણે મીટ માંડી,**
**છત્રને ચમર ઢોળાય શિર રાજના**
**ચાલતો મદભરી ચાલ ગાંડી.**
**સુસવતે શિયાળે વન તણાં હાથીડાં**
**યાદ કરતાં એને ચીસ પાડી,**
**રાંજ ગજરાજ શું સાવ ભૂલી ગયો**
**એક દિ' આવ અહિંયા અગાડી.**

**પુષ્પધન્વાએ વન પુષ્પથી વેરીયું**
**કુસુમાકર તણાં બાણ છાયાં,**
**હંસ હિમાલયેથી હજી ના વળ્યો**
**વસુ પર વસંતના વાયુ વાય.**
**માનસર મોતીચર વન તને કાં ગમે**
**કુમળી થઈ હવે તારી કાયા,**
**અમરના નગરના સુખમાં શું ભૂલ્યો**
**રંક મિત્રો તણી પ્રેમ માયા.**

**વરસી વર્ષા અને વીજળી ચમકી ગઇ**
**વૃષ્ટિના વારિમાં ખલક બુડી**
**અંબરે રંગના સાથીયા પૂરતી**
**મૂકી સંધ્યા ગઇ રાત રૂડી.**
**કલાપી વૃંદ કેકારવે કકળતાં**
**વિરહની વેદના કાંઈ ઊંડી**
**રાજ અટારીએ ટહુકતા મોરલા**
**સુણી ગહેગાટને આવ ઉડી.'**

કવિરાજે પ્રેમભર્યો ઉત્તર પાઠવ્યો કે

**અવસર આવે આવશું, તને મળવા તારે ઘેર:**
**કરશું લીલા લ્હેર, પેટ ભરી પાટણના ધણી.**

ઈશ્વરની કૃપાથી મારા નાના ભાઈ સોમેશપ્રસાદનાં લગ્ન આવ્યાં. તા. ૩-૫-'૩૮ના રોજ મેં કંકોત્રી સાથે એક કાવ્ય લખ્યું. કવિરાજને આ કાવ્ય બહુ પ્રિય હતું. તે વારંવાર બોલ્યા કરતા.

મારે ઘેર આવજે દુલા-દુલો મારે ઘેર આવે તો
ઝુલાવું ખાટને ઝુલા.

આમ અમારો સંબંધ ગાઢ થતો ગયો. તેમનાં કાવ્યો મારી જીભે રમતાં થયાં. લગભગ આખી કાગવાણી કંઠસ્થ થઈ ગઈ પણ મને જે આકર્ષણ હતું આ સોરઠી ધરાના અડીખમ શાયરનું એ એના વિશિષ્ટ સદ્‌ગુણોનું. જે વિચારે તે બોલે, જે બોલે તે પાળે અને ચમરબંધીને પણ જેવું હોય તેવું સ્પષ્ટ સુણાવે. કોઈની ખુશામત નહિ, કોઈને હાજી હા નહિ. હૃદય પણ અરીસા જેવું સ્વચ્છ. વાણી ગંગા જેવી નિર્મળ અને મન દરિયા જેવું વિશાળ.

આઝાદી આવી અને જૂનાગઢની આરઝી હકુમતનાં સૈન્યો જૂનાગઢ ઉપર ચડયાં. સૌરાષ્ટ્રના શાયરોને સો વર્ષ પછી યુદ્ધ જોવાનો અને યુદ્ધે ચડતા મહારથીઓને ખમકારવાનો વારો આવ્યો. કવિરાજ કેમ મૌન રહે ? તેમણે શામળ બાવની લખી અને મને જૂનાગઢમાં સ્વ. શામળદાસ ગાંધીને બંગલે આપી. મેં ત્યાં જ વાંચી. છેલ્લે પાને એક દુહો લખી તેમને વંચાવ્યો. ગંભીર વાત કરતા હતા ત્યાં વાંચી તે ખડખડાટ હસ્યા. તેમના હાસ્યના પડઘા પડયા.

△ △ △ △

સૌરાષ્ટ્ર સરકારના મુખ્ય મંત્રીશ્રી સ્વ. ઢેબરભાઈ તથા પ્રધાનમંડળના અન્ય સભ્યોમાં તેમનું માન અતિ ઘણું હતું અને પોતાના આ સંબંધનો ઉપયોગ તે જેમને અન્યાય થયો હોય કે થતો હોય તેને દૂર કરાવવામાં કરતા. ઊંચી ડાળે કાગ બેસે પછી નીચે વાળાને તેનો મેળાપ થાય નહિ. અત્રે અમે જૂના મિત્રોને મળવાનો પણ વારો આવે નહિ. એમાં એકવાર હું રાજકોટ ગવર્નમેન્ટ ગેસ્ટ હાઉસમાં ઉતરેલો અને કવિરાજની સવારી આવી. પણ ભેગા પંદર વીસ માણસ. એક ને એક કામ. બીજાને બીજું. કવિરાજ ત્રણ દિવસ રહ્યા પણ અમારે ભેગા બેસીને વાત કરવાનો વારો જ આવ્યો નહિ. દિવસ આખો ઑફિસોમાં. રાત્રે પ્રધાનશ્રીઓજ ત્યાં દાયરામાં. જતી વખતે તેમણે મને કહ્યું :

**"રોકાણા રાજકોટમાં ત્રણ દિવસ ને ત્રણ રાત,**
**પણ વેળુ ન કરવા વાત આવી નહિ એક અધઘડી."**

હું પણ કોચવાણો હતો. મેં થોડા દુહા લખી આપ્યા.

**સતયુગમાં સીતા સતિ એના રામ પતિ પરમેશ**
**એમ એકય પહેલાં એકનો તું કાગ હતો કવેશ**
**પણ દ્વાપરમાં થઇ દ્રૌપદી એને પાંચ પતિના પ્રેમ**
**એવી તારી ગત થઇ કાગા કહેને કેમ."**

મજાદર જઈ તેમણે જવાબ લખ્યો એ અહીં આપતો નથી પણ તેમણે મારો કટાક્ષ સ્વીકારી લીધો.

કવિરાજે "બાવન ફુલનો બાગ" લખ્યો. મને નકલ મોકલી. પૂઠું ઉઘાડતાં જ વાંચ્યું કે "સર્વ

હક્ક સ્વાધીન" મેં તરત ચાર-પાંચ દુહા લખ્યા કે

**બાવન ફુલના બાગમાં ફક્ત ફોરમ લેવાની છૂટ**
**પણ મોટી માથાફૂટ જો તોડયું કે જોડયું કાગડા.**

એલા, એ સોરઠી શાયર, તુલસીદાસે રામાયણના હક્કો સ્વાધીન રાખ્યા છે? સુરદાસે કે મીરાંએ, નરસિંહે કે કબીરે રાખ્યા છે તે તમે રાખો! તરત જ જવાબ આવ્યો કે "મારું ધ્યાન ન હતું. ભૂલ થઈ છે તે સુધારી લીધી છે. જેટલી પ્રતો પડી છે તેમાં આ શબ્દો ઉપર ટીકડી ચોડાવી દઉં છું."

આવો જવાબ કવિ દુલા કાગ જ આપી શકે. તેમના વિશાળ હૃદયમાં હેતુ મિત્રની સૂચના સારા અર્થમાં જ લેશે. તે ધારે તો મને ખુલાસો લખી શકે કે વિરોધ કરે, પણ નહિ આ તો સાગરપેટો, અસલ સોરઠી શાયર હતો. પોતાની ભૂલ થાય એ સ્વીકારવી તેમાં તેને કોઈ નાનપ ન હતી. પોતાનાં કૃત્યોને કોઈ વખોડે તો ક્રોધ ન કરતાં વિચારે અને એમાંય મિત્રોના કડવાં વેણ એને મધથી મીઠાં લાગતાં.

એક પ્રસંગ યાદ આવે છે. ઈ. સ. ૧૯૫૨માં લીમડીમાં સ્વ. કાકાસાહેબ ફતેહસિંહજીએ નવરાત્રી ઉત્સવ ઉજવેલો. કવિરાજ પણ હતા. અમે ઉતારે બેઠા બેઠા લાખ લાખની હાંકતાં હતા ત્યાં કાકાસાહેબ આવ્યા અને પ્રાસ્તાવિક વાતો કરતાં કરતાં કવિરાજે મારો પરિચય આપતાં કહ્યું: "કાકાસાહેબ, આપ શંભુભાઈને એક અધિકારી તરીકે ઓળખો છો પણ અમે તેને અમારા એક તરીકે ઓળખીએ છીએ. માર્ગ ભૂલતા ચારણ કવિને નિર્ભિક થઈ મોઢા મોઢ કહી દે એણે મારાં તો અનેક ગીતો, કવિતો, દુહાઓ લખ્યા છે." કાકાસાહેબે મને કહ્યું કે "આ તો ખબર નહિ, હવે કાંઈક સંભળાવો." મેં કહ્યું એ જે લખાયું છે તે મિત્રો વચ્ચેની પ્રેમભરી વાત છે. એ બીજાને સંભળાવાય નહિ અને હું કાગ કવિ માટે જ કહું. બીજા માટે નહિ. કોઈને ગમે. કોઈને ન ગમે–"પણ કવિરાજ પોતે જ આગ્રહ કરવા માંડયા અને મેં કહી શકાય એવા બે ચાર દુહા કહ્યા અને બાકી થોડી વાતો કરી. મોઢામોઢ પ્રશંસા સાંભળવા સહુ કોઈ તૈયાર છે પણ સામા ચાલી ટીકા સાંભળી આનંદે એવા કવિરાજ દુલા કાગ જેવા તો લાખે એક પણ નહિ હોય!

△ △ △

ઈ. સ. ૧૯૫૯ના માર્ચમાં કવિરાજ બિમાર પડયા. હું તેમની ખબર કાઢવા જવાનો હતો ત્યાં સમાચાર મળ્યા કે હવે ઠીક છે તેથી મેં લખ્યું કે

**નાંગર નાવ તારું નાવિક નાંગર નાવ તારું રે**
**કિનારો કળાણો સામે નાંગર નાવ તારું રે.**

તેનો ઉત્તર પણ તેવો જ મળ્યો. પોતાની ઇચ્છા ખરેખર નિવૃત્તિ લેવાની હતી પણ સમાજ તેમને નિવૃતિ લેવા દે તેમ નહતો. મન તો મુક્ત હતું પણ શરીરને સંસારનાં બંધનોમાં જકડી રાખવું પડતું.

ઈ. સ. ૧૯૬૫માં પોતે ધોળકે ગયેલા ત્યાંથી માંદા પડી અમદાવાદ આવ્યા. શ્રી રતિકુમાર વ્યાસને ત્યાં ઉતર્યા. મને સમાચાર મળતાં હું તેમને મળવા ગયો. શરીર નખાઈ ગયેલું પણ એ જ હસતી આંખો અને એ જ રણકતો કંઠ. મને તેમણે ઉમળકાભેર આવકાર આપ્યો ત્યારે મે કહ્યું:

**મૂકને માથાફૂટ તું દુલા બેસી રહે ઘરમાંય,**
**કાયા તારી કામ કરે નહિ જ્યાં ત્યાં દોડયો જાય,**
**ભલો થઇ માન તું મારું કવિ નાવ નાંગર તારું,**
**અગર સળી આપ બળે ને અન્યને આપે સુવાસ,**
**મીણબત્તી જો જાત જળાવી પાથરી રહે પ્રકાશ**
**એવું તારું જીવન સારું શરીર શું કરે બીચારું.**

શીઘ્ર કવિએ તરત જ જવાબ આપ્યો.

**"કર્મવાદી બધાં કર્મ કરતાં રહે**
**તેહને ઉંઘવું કેમ ફાવે!"**

એક વાર થાન પોટરીમાં હું ગયો હતો. ત્યાંના મૅનેજર શ્રી દેવ સાહેબ ચિંતામાં બેઠેલા. કવિ માનદાનજી પણ બેઠા હતા. જાણવા મળ્યું કે દાયરો ગોઠવાયો છે પણ કવિ કાગ આવતા નથી. પત્ર લખ્યા, તાર કર્યા અને માણસ મોકલ્યો છતાં નાની ના જ કહે છે. મેં પેન્સીલ હાથમાં લઈ લખ્યું :

**"માન દઇ તને થાન બોલાવે**
**તું ધ્યાન ન દે અભિમાન ધરાવે**
**તું રસપાન ન કાગ કરાવ તો**
**કોણ બીજો રસપાન કરાવે**
**તું ભવતારણ ચારણ દેવ જે**
**આપ તરે અને અન્ય તરાવે**
**'પરવશ' સાદ કરી કરે યાદ તો**
**કેમ કહો કવિ કાગ ન આવે!**
**તું બડભાગ થયો કવિ કાગ**
**તું દીપક ચારણ કુળ ગણાયો**
**કાવ્યની જ્યોત તેં રાખી જ્વલંત**
**ભૂતળમાં વળી ભક્ત ભણાયો.**
**સોરઠી ગૌરવ ગુણ ખમીર**
**પ્રચારક પાલક તું જ જણાયો**
**'પરવશ' તેમ છતાં કવિ નાયક**
**લોભમાં લાયક કેમ તણાયો?"**

આ પત્ર તા. ૨૭-૭-૧૯૬૦ ના રોજ લખ્યો અને કવિરાજ મારી વિનંતીને માન આપી સમયસર આવી ગયા.

સુરેન્દ્રનગરમાં લોકસાહિત્ય સંમેલન થયું મને આમંત્રણ ન હતું પણ શ્રી જયમલ્લભાઈ આગલે દિવસે મોરબી આવેલા. આગલે વર્ષે જૂનાગઢમાં આવું સંમેલન થયું હતું અને આવતી કાલે કવિ દુલા કાગના અધ્યક્ષસ્થાને સંમેલન મળે છે તેમાં આવવા આગ્રહ કર્યો. હું જઈ શકું એમ ન હતો પણ એક પત્ર લખ્યો. પત્ર તો બહુ લાંબો છે પણ ભાંડ-ભવાયા-ભુવા-ભરાડી-જંતરીયા અને ભગરીયાના સંમેલનના પ્રમુખ થવા માટે મેં મારો રોષ વ્યક્ત કરી લખેલું કે

**કહ્યું હતું કવિ કાગે સોના જેવું ગીત એક**
**હૈયે મારે રહી ગયું સાચે કંઇક સાલથી**
**ત્યાગી માનસર જ્યારે હંસ બેઠો બગલામાં**
**કહ્યું કોકે બગ મારો આવ્યો કોઇ તાલથી**
**વિવેકથી થતાં ભ્રષ્ટ વિનિપાત શતમુખી**
**શાસ્ત્રકારે સમજાવ્યું બંધુઓને વહાલથી**
**ચારણ અજાચી દેશ દીપક તું દુલા કાગ**
**ચણોઠીની સાથે કેમ બેસાય પ્રવાલથી."**

નિયમ મુજબ તરત પ્રત્યુત્તર આવ્યો કે "વાત સાચી. હવે સંમેલનો થશે પણ પ્રમુખ કોઈ બીજું હશે."

મારી અમરેલી બદલી થઈ. મજાદર અમરેલી જિલ્લામાં અને કાગ મજાદરમાં એટલે હું ત્યાં જવા તૈયાર થયો ત્યાં પોતે આવી પહોંચ્યા. અમે વાતે વળગ્યા. શું વાતો કરી, કેટલા સમય કરી તેનું કાંઈ ભાન રહ્યું નહિ. ગંગોત્રી ઉપરથી ગંગાનો પ્રવાહ પડતો હોય એમ કાગનો વાણીપ્રવાહ વહેતો હતો. હું ઝીલતો હતો. ઘણી વારે મારું ધ્યાન પડયું તો બંગલાની ઓસરીમાં મેદની નમી ગઈ હતી. અને એ પાગલ માણસો જ સાંભળી રહ્યા હતા. કોઈ અધિકારીએ કહ્યું કે એક કલેકટર અને એક કવિ! આવા ભાઈબંધો કેમ થયા હશે?

તા. ૯-૬-૧૯૬૫ના રોજ ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્ય મંત્રી શ્રી બળવંતભાઈ મજાદર આવ્યા. બંને એક બીજાના પ્રશંસકો હતા. મારે

તો મુખ્ય મંત્રીશ્રી મારા જિલ્લામાં આવે એટલે જવું પડે. વળી સ્વ. બળવંતભાઈ મારી ઉપર કૃપા રાખતા હતા. પણ કવિરાજે સંદેશો મોકલ્યો કે થોડા વહેલા આવી જજો. હું ગયો.

રાતે વાળુપાણી કરી ફળિયામાં ગોઠવાયા. મેં કહ્યું : "મારે અને કવિરાજને ત્રીસ વર્ષનો નાતો અને મને અનેકવાર મજાદર આવવાનો તે આગ્રહ કરતા પણ આપ પધાર્યા એ પ્રસંગે જ આવવાનું થયું—" બસ સ્વ. બળવંતભાઈ કાંઈ કહે તે પહેલાં કવિરાજે રામાયણનો પ્રસંગ આ વાત ઉપરથી ઉપાડ્યો કે રામનું બાણ છૂટયું એમાં કેટલાં કામ થયાં. એક કારણનાં કેટલાં પરિણામ આવે એ લોજીકના સિદ્ધાંતને તેમણે સુંદર રીતે રજૂ કર્યો અને પછી ઘડિયાળના કાંટા ફરતા ગયા પણ ડાયરામાંથી કોઈ હલ્યું ચલ્યું નહિ. અડધી રાત્રે સહુ સૂવા ગયા.

હું નિવૃત્ત થયો અને કવિરાજ વચ્ચે અંતરનું છેટું પડયું પણ અંતર છૂટાં પડયાં નહિ. એક વાર જૂનાગઢ કોઈના કામે ચેરીટી કમિશ્નર પાસે "મનો-રંજન"માં આવ્યા. બહુ મોડું થઈ ગયેલ એથી મને મળ્યા સિવાય ગયા પણ મને ખબર પડી ગઈ કે તરત જ લખ્યું કે

**'મનોરંજન' અને 'ઓજસ' વચ્ચે ફક્ત બસો ગજનો બાગ કયાંથી આવે કાગ શું એનું દિલ ચોરાણું**
**દુલીયા.**

તરત જ નિખાલસ ખુલાસા સાથે ઉત્તર આવ્યો અને થોડા દિવસ પછી પાછા આવ્યા ત્યારે મારા ઘર 'ઓજસ'માં ઉતર્યા અને આખા ઘરમાં ફરી સર્વેને ખૂબ આશીર્વાદ આપ્યા.

પણ અમારા દીર્ઘકાળનો સંબંધ તેમના દુઃખદ નિધનથી પૂરો થવાનો હશે અને અમારે છેલ્લાછેલ્લા રામ રામ કરવા હશે કે કોણ જાણે કેમ ! આઈ સોનલમાએ તા. ૩૦–૩૧ મે ૧૯૭૪ના રોજ જૂનાગઢમાં ચારણ સંમેલન ભર્યું અને તેમાં આ ચારણકુમાર કવિનું સન્માન કરવાનો કાર્યક્રમ થયો. મારે પ્રમુખસ્થાન સંભાળવું એવી આઈની આજ્ઞા થઈ. કવિઓ, વિદ્વાનો અને સાહિત્યના પારખુ ચારણોની ત્રીસ હજારની સભા પાસે કવિરાજે વાણીપ્રવાહ વહેતો મૂકયો. શ્રોતાઓની આંખો અને કાનો જાણે તેના ઉપર જડાઈ ગયાં. જીવતી જગદંબા જેવાં આઈ સોનલમાના સાંનિધ્યે જાણે શારદા સ્વયં આવી કવિરાજની જીભે બેઠી બેઠી બોલતી હતી એમ સહુને લાગ્યું.

આ પ્રસંગે કવિરાજ સહકુટુંબ જૂનાગઢ પધાર્યા. પોતે મારા ઘરની પડખે મોઢ બોર્ડિંગમાં ઉતર્યા અને પૂ. આઈ વગેરે મારે ઘરે ઉતર્યા. સભા પહેલાં અને પછી કવિરાજના પગે ચલાય નહિ છતાં કષ્ટ વેઠી મારે ઘેર 'ઓજસ'માં આવે અને રસની ઘૂંટા ઘૂંટ કરે. મેં આ પ્રસંગે વાતેવાત કહ્યું કે સ્વ. શ્રી મેઘાણીભાઈના અપવાદ સિવાય તમે આજના અન્ય કવિઓની કૃતિઓ કદી ગાઈ નહિ કે કદી ગવરાવી નહિ." કવિરાજ હસ્યા. તેમણે કહ્યું : "આ અન્યાય થાય છે. કવિતા ચારણોની મોનોપોલી નથી. ચારણો પોતાની કૃતિઓ ગાય છે અને બીજાની યોગ્ય જણાય તો જરૂર ગાય છે અને ગવરાવે છે. તેમણે કહ્યું : "શંભુભાઈનાં ભજન "દીવારે ઠર્યા" ('શારદા' ફેબ્રુઆરી ૧૯૪૦માં પ્રકાશિત)થી આકર્ષાઈ મેં એનો ઢાળ કાગવાણીના એક ભજનમાં લીધો છે. (કાગવાણી ભાગ ત્રીજો પા. ૨૨૪" મેં મારો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો.

ઉપડતી વખતે મોટરમાં બેસી મારો હાથ હાથમાં લઈ કહ્યું : "ઓજસ"માંથી ઉપડીએ પણ અધૂરી રહી ગઈ વાત.

મેં તરત જ જવાબ આપ્યો :

"પણ તમે રોકાઓ રાત (એવું) કરમ કયાંથી અમારું કાગડા."

અને અમારી વાત સદાને માટે અધૂરી રહી ગઈ. તા. ૨૨-૨-૧૯૭૭ના એ ગોઝારો દિવસે મારી પ્રકૃતિ કાંઈક અસ્વસ્થ હતી છતાં પ્રભાસ પાટણમાં પૂ. શંકરાચાર્યજીએ બોલાવતાં શારદામઠમાં ગયો ત્યાં કવિરાજના નિધનનાં દુઃખદાયક સમાચાર વર્તમાન પત્રો દ્વારા વાંચી આંખો સજળ થઈ. અરે! કંઠ રહેલી અને કવિતાની ત્રિવેણી જ્યાં કેન્દ્રિત હતી તે કવિ હવે કયાં મળશે! જેની વાતોમાં રામનું નામ અને વીરતાના પડકારા હતા, જેનાં કાવ્યોમાં ઉનત્ત કલ્પના, મૌલિક ઉપમા, હૃદય સોંસરા ઉતરી જાય એવા ભાવ અને ભવિષ્યવાણી જેવાં વિધાનો હતાં, જેના કંઠમાં ગંભીર ઘેરો છતાં મીઠો રણકાર હતો એવો કવિ ગયો. પણ મારે મન તો તેનું વ્યક્તિત્વ, તેનું વિશાળ હૃદય મારે મન સવિશેષ આકર્ષક હતું. મારો પરમ હિતૈષી, મોટા ગજાનો અને દરિયાવ દિલનો પરમ મિત્ર હવે મારા જીવનની સંધ્યાકાળે કયાં મળશે! પણ, ના-ના-તેનું મૃત્યુ થયું નથી. તેના જ શબ્દોમાં

**"રોશો માં બંધુઓ અને રોશો માં બેનડી**
**દાઢીવાળાને મેં જીવતો દીઠો."**

તુલસીદાસ, સુરદાસ, મીરાં અને નરસિંહ પાંચ પાંચ સદીઓ છતાં આપણાં ઘરેઘરમાં જીવંત છે તેમ કવિ દુલા કાગ પણ અમર રહેશે.

પૂ. શંકરાચાર્યજી મહારાજને કાંઈ અગત્યની વાતની ચર્ચા કરવાની હતી પણ હું બેસી શક્યો નહિ. તેમણે આ સમાચાર સાંભળતાં બહુ રંજ પ્રદર્શિત કર્યો. મારા હૃદયમાં ભાવોની અથડામણ થતી હતી. હજારો કરવતો ચાલતાં હતાં. મારી વ્યથા કોની પાસે વ્યક્ત કરવી! જીવ જરા શાંત થયો અને મેં શ્રી રામભાઈને તાર કર્યો અને પછી પત્ર લખ્યો તેના અંતમાં લખ્યું—

**મજાદરની મજા ગઇ ગયો સોરઠનો શણગાર**
**શારદ નોધારી થઇ તું જાતાં કવિ કાગ!**
**હવે કોને જો કીર્તિ વરે ને કયાં ઠરે કવિતા ઠામ**
**પલ્લા ઝાટકી પરવર્યાં કવિ દુલો ધણીને ધામ**

△ △ △

**હૈયું રહે નહિ હાથમાં ને અંતર સળગે આગ**
**નેણે નીર થંભે નહિ તું જાતાં કવિ કાગ.**
**તેં તો માયા મૂકી દીધી વેધુ થયો વિતરાગ**
**અંતર અજંપો રહ્યો હવે કયાં મળશું કવિ કાગ.**
**હું કોની ગાઉં કવિતા ને કોનાં રાખું રાગ**
**મન ભાંગી ભુક્કા કર્યું તે કેવું કવિ કાગ.**
**કવિતા જો કકળી રહી ને રોવે ધ્રુસકે રાગ**
**હવે કોને કંઠે બેસશું તું જાતાં કવિ કાગ.**
**શારદ રોતી સાંભળી ઝોભી જાતાં મહાભાગ**
**ખોળા એના કોણ ખુંદશે તું જાતાં કવિ કાગ.**
**સર સુકાણું સાહિત્યનું વીરમી વાણી અતાગ**
**હવે શુરવીરને કોણ સંભારશે તું જાતાં કવિ કાગ**
**મારા ગાજે તું મરસીયા એમ હું કહેતો કવિ કાગ,**
**પણ મારાં ભુંડા ભાગ કે મારે કહેવા તારા કાગડા.**

તા. ૪-૩-૭૭ના રોજ મજાદર જઈ તેનાં અંતિમ શૈયાસ્થાનને વંદી આંખોમાં આંસુ ભરી પાછો વળ્યો-અનંતને માળે બેસવા કાગ ઊડી ગયો.



# સુમધુર સંસ્મરણોની યાદમાં

● શ્રી ઈચ્છુભાઈ નરોત્તમદાસ શેઠ

**એમ** કહેવાય છે કે, "જ્યાં ખોવાયું હોય ત્યાં શોધવાથી ગુમાવેલું પાછું મળે છે." પૂજ્ય ભગત બાપુના સુમધુર સંસ્મરણોને શોધવા માટે જે સાહિત્યમાં, જે કાવ્યોમાં તેમનો આત્મા ઓતપ્રોત થએલો છે, ધબકી રહ્યો છે, ત્યાં શોધવાથી ભગતબાપુનાં સ્મરણો જડી શકે છે. એક એક કાવ્યને યાદ કરીએ અને તેની સાથે જોડાએલા બાપુનાં સ્મરણો ઝળહળી ઊઠે છે.

લોકસાહિત્યના પ્રણેતા પૂ. ભગતબાપુનાં સ્મરણો વાગોળવા માટે લોકોના હૃદયમાં, લોકોના જીવનમાં ડોકીઉં કરવું જરૂરી છે. લોકો સાથેનો તેમનો વ્યવહાર અને ઘરોબો સ્મરણક્યારાઓની સુવાસને મહેંકતી કરી મૂકે છે. રસોઈ કરતો રસોયો, વેપાર કરતો વાણિયો, મજૂરી કરતો મજૂર, ખેતી કરતો ખેડૂત, ઉદ્યોગ ચલાવતો ઉદ્યોગપતિ, રાજકારણના આટાપાટા ખેલતો રાજપુરુષ, સેવાના વ્રત ધારણ કરતો લોકસેવક કે આધ્યાત્મિક કક્ષાએ પહોંચેલો આત્મજ્ઞાની–આવી અનેક કક્ષાએ પહોંચેલી વ્યક્તિઓ સાથે ઓતપ્રોત થઈ એના જીવનના મર્મને પિછાણનાર ભગતબાપુ એ માત્ર કવિ ન હતા પણ આર્ષદ્રષ્ટા હતા.

મારો અને તેમનો સંબંધ ત્રણ પેઢીનો અને ખૂબ આત્મીય હતો. મારા તો તે પિતાતુલ્ય હતા. શ્રી. રામભાઈ કાગ ઉપર જેવી મમતા અને પ્રેમ. તેવી જ રીતે મારા ઉપર તેમની મમતા અને પ્રેમ. મારે ત્યાં તેઓશ્રી મારા દાદા નાથાભાઈ શેઠના વખતથી આવતા હતા. નાનપણમાં મને ઘણી વખત વાર્તાઓ કહેતા ત્યારથી જ તેમનામાં મને પિતાતુલ્ય પ્રેમનાં દર્શન થએલાં. ઉપર જણાવ્યા પ્રમાણે સમાજના જુદા જુદા વર્ગના માણસો સાથે તેઓશ્રી એટલા બધા ઓતપ્રોત રહેતા કે આપણને ઘણી વખત એમ લાગે કે બાપુ નાની વાતોમાં પણ કેટલો રસ ધરાવે છે. મારે ત્યાં આવે તો અમારા ઘરના પાંચ વરસની વયથી માંડીને પંચોતેર વરસની વય ધરાવતા કુટુંબના તમામ સભ્યોના હૃદયમાં "બાપુ આવ્યા," "બાપુ આવ્યા" એમ મધુર ભાવ રેલાવા માંડે. અથાણાંની વાતથી માંડીને રામાયણ--મહાભારતની વાતો કહે અને આ વાતો કરે ત્યારે એમ લાગે કે તેઓશ્રી ફક્ત કવિ નહીં, પણ માની મમતા–પિતાનું વાત્સલ્ય–મિત્રના સખ્યભાવના તેઓ પ્રતીક હતા, ઘરે આવે અને પગથિયાં ચડતાં હોય ત્યારે કોઈ બાળક મળે તો લાક્ષણિક ઢબે મમતાથી પૂછે : બાબાભાઈ ને પેંડા ભાવે કે કુલફી ? કિશોર મળે તો ગિલ્લીદંડાની કે ઓળાંબ–કોળાંબની વાત કરે–યુવાન મળે તો ક્રિકેટની અને પ્રૌઢ મળે તો પોતે જ વેપારી હોય તે રીતે ધંધાની ઝીણવટભરી વાતો કરે, બ્હેનો–ભાઈઓને મળે તો ગરમર અથાણાંની કે પાપડવડીની વાતો કરે–અને માજીને મળે તો રામના વનવાસની કે શબરીનાં એઠાં બોરની વાતો કરી રાજી કરે. આવા કવિ અને આત્મજન મેં આજ દિન સુધી મારી જિંદગીમાં જોયા નથી અને બીજા કોઈએ જોયા હોય તેવી વાત સાંભળી નથી. તેઓશ્રીની અનેક કવિતાઓમાં લોકજીવનની આ વાતો પડેલી છે.

ગવર્નરશ્રીના બંગલાની સાહ્યબી માણ્યા પછી પણ તેટલા જ ભાવથી બલ્કે તેના કરતાં વધારે મોજથી કાનાની ઝૂંપડીએ ખાટી છાશ અને ટાઢા રોટલાનો સ્વાદ એટલી જ મીઠાશથી માણે છે. મર્સીડીઝ કારમાં બેઠા પછી "ધીહરા"ની મુસાફરી

પ્રેમથી કરે છે. ("દ્વીહરા" એટલે ગામડામાં સાતી-લાકડાને છેડે નાની ગાદલી નાંખીને કરાતી મુસાફરી)

મને એક વાર બાપુએ કહ્યું હતું કે; આ બધી વાતો કવિતા રૂપે મારા હાથે જન્મ ધારણ કરે ત્યારે પ્રસૂતિની વેદના જેવી વેદના વેઠવી પડે છે. સર્જન હૃદયમાં આપોઆપ સ્ફૂરે અને વાણી રૂપે તેનો જન્મ થાય ત્યારે કવિતા આકાર ધારણ કરે છે.

બાપુ કવિ હતા-વિદ્વાન હતા. સાધારણ રીતે "શ્રી" અને સરસ્વતીનો મેળ બેસતો નથી પણ બાપુ ઉપર બંનેની મહેરબાની હતી. મેં બાપુને પૂછયું કે "શ્રી અને સરસ્વતી બંનેની આપના ઉપર મહેરબાની થઈ તેનું કારણ શું ?" તેના જવાબમાં બાપુએ આકાશ તરફ આંગળી ચીંધી અને હસતાં હસતાં કહ્યું કે, "કુદરત મહેરબાન તો ગધા પહેલવાન." આવા નિર્મોહી -નિરહંકારી આત્મા એ હતા.

અમારા ધંધાના કામ પ્રસંગે હું તથા બર્મા-શેલના સાહેબ વિકટર ગએલા. મને થયું કે પૂજ્ય બાપુ મજાદર હોય તો સાહેબને મુલાકાત કરાવું. મેં તેમને મોટર સડકની નીચે મજાદરને રસ્તે લેવા કહ્યું. સાહેબ મને કહે કે તમે આવા ખરબચડા-આડાબીડ રસ્તે કયાં લઈ જાઓ છો ? મેં કહ્યું : કે આવો તો ખરા. તમોને ભગતબાપુની મુલાકાત કરાવું. મને તેમણે કહ્યું કે મારી આવવાની ઇચ્છા નથી. પણ મારા અતિ આગ્રહને લઈને તેઓ સંમત થયા. અમો મજાદર પહોંચ્યા. પૂજ્ય બાપુ ડેલામાં જ ધોતી અને ઝભ્ભો પહેરીને ઊભા હતા. શ્વેત દાઢી ફરફરતી હતી. માથાના વાળ શંકરની જટા જેમ બાંધેલા હતા. સાહેબે મને કહ્યું કે તમે મને આ મહારાજ પાસે કયાં લાવ્યા ! મેં કહ્યુ કે જરા શાંતિ રાખો. અમો ગાડીમાંથી નીચે ઉતર્યા. પૂ. બાપુએ અમીભરેલી આંખોએ અને નિર્મળ હાસ્યથી પ્રેમપૂર્વક આવકાર આપ્યો. તપો-ભૂમિની યાદ આવે એવા ફળીઆમાં લીમડાના ઝાડ નીચે અમે બેઠા. ઔપચારિક ઓળખવિધિ થઈ. મેં હિન્દીમાં ઓળખાણ કરાવી અને સાહેબની અટક જણાવી. ત્યાં તો એમની અટક ઉપરથી બાપુએ શુદ્ધ હિન્દીમાં સાહેબની જન્મભૂમિ વિષે-તેમની પેઢી અને પરંપરાના ઇતિહાસ વિષે-અને તેમના કૂળમાં જન્મેલા અનેક નામીઅનામી મહાનુભાવો વિષે ઐતિહાસિક વાતો કરી. સાહેબ તો ખુરશીમાં સડક થઈ ગયા-સ્તબ્ધ થઈ ગયા. ત્યાર બાદ જુદા જુદા વિષયોને લગતી અનેક વાતો થઈ. અમો પોણોએક કલાક રોકાઈ ઉભા થયા. સાહેબે જ્યારે અમો આવ્યા ત્યારે શિષ્ટાચાર ખાતર "સાહેબજી" કહેલા પણ જતી વખતે-વિદાય વખતે પૂ. બાપુના પગમાં પડી ગયા. રસ્તામાં મને કહ્યું કે; Ichhubhai, you have done the best thing that you have brought me here. I will never forget this grand old man in my life. Really it is awe-inspiring. (ઇચ્છુભાઈ, તમે મને અત્રે લાવ્યા તે તમે સારામાં સારૂં કામ કર્યું છે. હું આ મહાન બુઝર્ગ આદમીને મારી જિંદગીમાં કોઈ દિવસ ભૂલી શકીશ નહીં ખરેખર અદ્ભુત છે.)

સંસ્મરણો વાગોળવા બેસું તો એક આખું પુસ્તક ભરાય પણ અનેક સંબંધીઓ-મિત્રો-સ્નેહીઓનાં સ્મરણો વાગોળવાનો-માણવાનો લહાવો સૌને મળે તે માટે અત્રે વિરમું છું. અંતમાં આશા રાખું કે તેમના જેવા આપણે ન બનીએ તો પણ તેઓશ્રીએ કંડારેલી કેડીઓ આપણે નિષ્ઠાપૂર્વક સ્વચ્છ રાખી તેમના જીવનના ઉત્તમ ગુણોના અજવાળાં પાથરીને આવતી પેઢીને તેમનો સંદેશો પહોંચાડીએ તો આપણે તેઓશ્રીને યોગ્ય અંજલી આપી ગણાશે. તેઓશ્રીના ભૌતિક દેહને આપણે જોઈ શકવાના નથી પરંતુ પોતાના વિપુલ સાહિત્યથી તેઓશ્રી આપણી વચ્ચે અજરઅમર રહેવાના. તેઓશ્રીનો આત્મા હંમેશાં આપણને રસ્તો ચીંધાડશે જે આપણને ઉન્નતિ અને પ્રગતિના પંથ ઉપર આગળ વધારશે તેવી શ્રદ્ધા સાથે આપણા સૌના લાડીલા ભગતબાપુને કોટી કોટી વંદન. ●

# પ્રેરણાદાયી વાણી

**શ્રી વજુભાઈ દુર્લભજી ગાંધી**

**બાપુનાં** વાણી, વર્તન, વાતો અને અનુભવ ધન્ય બનાવનારાં હતાં.

એક વાર પૂજ્ય બાપુ કુંડલા પધાર્યા. હોકો સાથે હોય જ ! હોકો તૈયાર કરવાનું શ્રી વશરામભાઈને કહ્યું ત્યારે મેં બાપુને કહ્યું કે "બાપુ, મોટા માણસો બીડી, સીગરેટ કે હોકો પીવાની ના પાડે છે, પરંતુ આપને હોકા વગર કેમ ચાલતું નથી ?" ત્યારે બાપુએ કહ્યું કે "દીકરા સાંભળ, પહેલાં ટેવ આપણે પાડીએ, પછી ટેવ આપણને પાડે. એટલે ટેવને પાડો તો ટેવ આપણને પાડી દયે છે.

ભાવનગરના મહારાજા સર કૃષ્ણકુમારસિંહજીએ નક્કી કર્યું કે ધારાસભામાં ધુમ્રપાન કરવું નહીં. પણ તારા બાપુજીને બીડીની ટેવ, અને મારે હોકાની ટેવ એટલે જ્યારે બીડી અને હોકાની તલપ લાગે ત્યારે અમો ચાલુ ધારાસભાએ બહાર જતા રહેતા અને તારા બાપુજી બીડી અને હું હોકો પી લીધા પછી ધારાસભા હોલમાં આવીએ

મહારાજા સાહેબને ખબર પડી કે, શ્રી દુર્લભજીભાઈ અને શ્રી કાગબાપુને બીડીની તલપ માટે બહાર જવું પડે છે, અને ધારાસભામાં જામતું નથી. એટલે અમને બંનેને મહારાજા સાહેબે કહ્યું કે, ધુમ્રપાન સભા સમય પૂરતું છોડો તો જીવનમાં પણ એક દિવસ આ છૂટી જશે. મહારાજાએ આ પછી અમને બીડી–હોકો પીવાની છુટ આપેલી, પણ અમો ધારાસભામાં બીડી અને હોકો ન પીવાનો નિર્ણય કર્યો. અને તારા બાપુજીની તો તે ટેવ સાવ ચાલી ગઈ, મારે પણ હવે આ ટેવને કાઢવી છે."

આ વાતની મારા ઉપર એક નોંધનીય અસર પડી કે, "કોઈ પણ ટેવ પાડો નહીં; નહીં તો ટેવ તમને પાડી દેશે." આ વાક્ય પૂજ્ય બાપુ પાસેથી મને મલ્યું જે જીવનમાં ગૂંથવા જેવું છે.

બાપુ કુંડલા આવે ત્યારે બાપુ પાસે બેસીને પૂછું : "હમણાં શું લખો છો ?" ત્યારે જે જે કાવ્યો, પુસ્તકો કે જે કાંઈ લખતા હોય તેનું સુંદર વિવેચન કરતા. તે સાંભળવાથી ખૂબ આનંદ થતો. એક વખત કહે : "હમણાં તો વિનોબાના વિચારો અને વિનોબાની વાતો ઉપર લખું છું." બીજી એક વખત આવેલા ત્યારે પૂજ્ય યોગીજી મહારાજ માટે લખતા હતા.

પૂજ્ય બાપુની યાદશક્તિ સારી અને જેમના સાથે સંબંધો રાખતા હોય તેમના સાથે કાયમી સંબંધો માટે શું કરવું, તે તેમનામાંથી પ્રેરણા લેવા જેવું છે. જ્યારે જ્યારે કુંડલાના કોઈ પણ જણ મળે ત્યારે પૂજ્ય બાપુ અચૂક 'શ્રી દુર્લભજીભાઈ અને તેમના પરિવારના બધા કેમ છે ?' આ પ્રશ્ન પૂછતા. અમારા પૂજ્ય પિતાશ્રી દુર્લભજી માણેકચંદ ગાંધી વકીલ જીવતા હતા ત્યાં સુધી તો બરોબર છે, પણ અમારા કુટુંબ પ્રત્યેની ભલી લાગણી અને અનેરો પ્રેમ, અમારા પિતાશ્રી ગુજરી ગયા પછી પણ યથાવત રહ્યાં છે.

પૂજ્ય બાપુ એક વખત જીથરી : અમરગઢ : હવાફેર માટે ગયેલા ત્યારે હું અને કુંડલાના શ્રી મહારાજગીરી બાપુ બન્ને ખબર કાઢવા જીથરી ગયેલા. પૂજ્ય બાપુ માટે હું પેંડાનું પેકેટ સાથે લઈ ગયેલો. બાપુએ કહ્યું કે "પેંડાનું પેકેટ તમો લાવ્યા તેથી મને આનંદ થયો પરંતુ અનેરો આનંદ તો એ

વાતનો થયો કે તારા પૂજ્ય પિતાશ્રી, કુંડલાના દરબાર શ્રી ભાણુભાઈ માકાભાઈ ખુમાણ, શ્રી મહા-રાજગીરી, અને જે પેંડા લાવ્યા તે પેંડાના પેકેટ ઉપર જેનું નામ છે તે મારા પ્રિય મિત્ર 'દાસ' જે વનમાળીદાસ દેવચંદ પેંડાવાળા; તારા બાપુજીની આ કંપની! કુંડલાના બધા મહાન માણસો યાદ આવે છે, જ્યારે જ્યારે કુંડલા આવું ત્યારે ત્યારે શ્રી વનમાળીદાસ પ્રેમથી પેંડાનું પેકેટ આપે જ. આ મિત્રની યાદી આ પેકેટથી તાજી થઈ. એટલે પેંડા તો પ્રતીક છે પણ જે પેંડામાં ભાવના, લાગણી અને પ્રેમ સમાયેલાં છે એવા પેકેટને જોઈને આજે હું ખૂબ જ ખુશ થયો છું." પૂજ્ય બાપુનો મિત્ર પ્રત્યેનો પ્રેમ અને કોઈ ભેટ વસ્તુને મહાન અને મોટી કરી બતાવવી, તે પૂજ્ય બાપુ પાસેથી જાણવા મળ્યું.

### પૂજ્ય બાપુનો અતિથિસત્કાર

અતિથિસત્કારનો એક પ્રસંગ મને યાદ આવે છે. વડીયાથી શ્રી દુર્લભજીભાઈ ખેતાણી કુંડલા આવેલા ત્યારે મને કહે: "વજુ, આપણે શ્રી કાગ બાપુને મળવા મજાદર જવું છે. મુંબઈ આવે ત્યારે ઘણી વખત કહે છે કે, ક્યારેક તો મજાદર પધારો." એટલે હું અને શ્રી દુર્લભજીભાઈ ખેતાણી મજાદર આવ્યા. પણ પૂજ્ય બાપુ બહારગામ ગયેલા જેથી મળી શક્યા નહીં. વળતાં મેં કહ્યું કે બાપુના ખાસ સ્નેહી શ્રી કલ્યાણજીભાઈ ડુંગર રહે છે, એટલે ડુંગર ગામમાં શ્રી કલ્યાણજીભાઈને મળ્યા. શ્રી કલ્યાણજીભાઈએ ખૂબ જ આગતા સ્વાગતા કરી. ત્યારે દુર્લભજીભાઈ ખેતાણીએ કહ્યું કે, જેવી સોબત તેવી અસર. સારા માણસોના મિત્રો પણ સારા હોય. કલ્યાણજીભાઈની લાગણી અને અતિથિસત્કારથી શ્રી દુર્લભજીભાઈ ખેતાણી ખૂબ જ ખુશ થયા.

શ્રી દુર્લભજીભાઈ મજાદર આવ્યાને મળાયું નહિ તેનો બાપુને ખૂબ વસવસો થયો. 'અરે! ઘણા સમયથી હું દુર્લભજીભાઈ ખેતાણીને મજાદર આવવા કહેતો. જ્યારે આવ્યા ત્યારે આગતાસ્વાગતા અને અતિથિસત્કાર કરવાનો મને મોકો મળ્યો. પણ હું ઘરે નહીં!' એટલે ખૂબ જ દિલગીરીવાળો અને મમતાથી ભરેલો પત્ર મારા ઉપર લખેલ. હું સમજી શક્યો કે આવી સુંદર લાગણી હોવી જોઈએ, જે ન મળી શકવાથી પત્ર લખ્યો, **આ બાપુની અતિથિ ભાવના બતાવે છે.**

પૂ. બાપુ અમરેલીથી લીલીયા આવેલા. ટ્રેઈનમાં ભેગા થઈ ગયા. મેં કહ્યું કે આજે કુંડલા ઉતરી જાવ. ત્યારે બાપુએ કહ્યું કે "આજે મારે ત્યાં મજાદરમાં મહેમાનો આવવાના છે, એટલે આ વખતે નહીં આવી શકું. પણ કુંડલા જરૂર આવવું છે. કુંડલા તમારે ત્યાં કોણ જાણે શું લેણાદેણી હશે તે ભગવાન જાણે પણ ખૂબ ગમે! તારા બાપુ ગુજરી ગયા પછી, મિત્રોમાંથી શ્રી ભાણબાપુ, શ્રી વનમાળીદાસ, શ્રી મથુરપ્રસાદ આદીત્યરામ, જૂના મિત્રો બધા ચાલ્યા ગયા. એક મહારાજગીરી છે. એમની હવે અવસ્થા એટલે ત્યાં આવું અને આ સર્કલ યાદ આવે, અને મન ભરાઈ જાય. પણ તમે છોકરાવ અને બધાને હું આવું અને બાપુ આવ્યાનો આનંદ થાય, અને ગરમાગરમ રોટલા અને તેમાં ઘી અને રીંગણાનું શાક અને એ દૂધની ભરેલ તાંસળી! જે તાંસળી મારા માટે તારા બાપુજીએ ખાસ બનાવેલી, તે ભાવનાં ભોજનીયાં લેવા કુંડલા જરૂરથી એક આંટો આવીશ."

વચન આપ્યા પ્રમાણે એકવાર રાજકોટથી આવતાં કુંડલા સવારથી સાંજ રહ્યા અને મારી સાથે તેમ જ શ્રી મહારાજગીરી બાપુને બોલાવી તેમની સાથે વાતો કરેલી. આ હતી તેમનામાં મિત્રો-સ્નેહીઓ પ્રત્યે સંબંધ રાખવાની રીતો, જે ખરેખર અભિનંદનને પાત્ર છે.

બાપુના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે; મહુવાની કોલેજો, હોસ્પિટલ તથા સાર્વજનિક સંસ્થા-

એમાં જે જે દાતાઓએ પૈસા આપ્યા હોય તેમનું મુંબઈમાં બહુમાન હતું. જે સભામાં શ્રી જસવંતભાઈ મહેતા તથા મોટા મોટા નેતાઓ, ઉદ્યોગપતિઓ, ઉદાર દાતાઓ તેમ જ સમાજસેવકો અને મહાન માણસો હતા. મુંબઈના 'ફંકશન' ટાઈમસર હોય અને નેતાઓ, દાતાઓ બધાને બોલવાનો મોકો આપવાનો હોય. તેમાં પૂજ્ય બાપુને બોલવાનું કહેવામાં આવ્યું, અને હળવેકથી પ્રમુખશ્રીએ કહ્યું કે બોલવાવાળા ઘણા છે માટે બે મિનિટ! ત્યારે બાપુએ કહ્યું કે "ભલે" અને શરૂ કર્યું: "મહેરબાન પ્રમુખ સાહેબ ભાઈઓ તથા બહેનો! મારે તો એક કહેવાનું છે કે તેજીલી ઘોડી હોય, અને સવાર પણ એવો તેજીલો હોય, અને જો તેને કહેવામાં આવે કે આ તેજીલી ઘોડીને ઓસરીમાં દોડાવી દો. તો બે મિનિટમાં શું કહું અને શું ન કહું, છતાં એટલું તો કહીશ જ કે **જનની જણ તો ભક્ત જણ કાં દાતા કાં સુર નહીંતર રહેજે વાંઝણી મત ગુમાવીશ નૂર,,** આમ કહી બાપુએ એટલું જ કહ્યુ કે, "પારેખને એમની માતાએ એવો પેદા કર્યો છે કે, જેણે માતા–પિતાનું નામ રોશન કર્યું છે" આટલું કહ્યું અને બીજા ઘટતા રૂપિયા પણ બધાએ વધારી આપ્યા. અનેક દાતાઓએ ધનનો ધોધ વરસાવ્યો. આવી હતી કવિની શક્તિ!

મિત્રો પ્રત્યેના ગુણ અંગે બાપુનો એક પ્રસંગ છે. અમારા બહેનના વેવિશાળ પ્રસંગ અંગે બન્યું એવું કે હું ભાવનગર અમારા પૂજ્ય પિતાશ્રીના મિત્ર પરશોત્તમભાઈ છત્રભુજ વકીલને સાથે લઈને તેમ જ અમારા કુંડલાના શ્રી પ્રભુદાસ હેમાણીભાઈ સાથે ભાવનગર શ્રી જમનાદાસ નાનચંદભાઈ કોન્ટ્રાકટરને ત્યાં શ્રી ચંદ્રકાંતને જોવા ગયા. અમને પસંદ પડયું એટલે કુંડલા આવવા આમંત્રણ આપ્યું. શ્રી જમનાદાસભાઈએ કહ્યું: "હું કયાંય જોવા જતો નથી અને જ્યાં જાવ છું ત્યાં ચાંદલા કરવા હોય તો જાઉ છું." એટલે તેઓશ્રીએ ડુંગર શ્રી કલ્યાણજીભાઈ ઉપર ફોન કરેલ અને ત્યાં દુલા બાપુ કાગ તે સમયે બેઠેલા. તેમણે કહ્યું કે બન્નેના અહોભાગ્ય હોય તો બન્ને માટે સારું છે. શ્રી કલ્યાણજીભાઈએ કહ્યું કે શેઠને કહો કે કુંડલા ચાંદલા કરવા જાય. એટલે શ્રી કલ્યાણજીભાઈએ બાપુને કહ્યું કે, તમો શેઠને કહો એટલે શ્રી જમનાદાસભાઈ શેઠને કહ્યું કે, શ્રી દુર્લભજીભાઈની દીકરીને જોઈ છે, દીકરી સંસ્કારી, સારી અને સરસ છે તેમ જ તમારા અને શ્રી દુર્લભજીભાઈના અહોભાગ્ય હોય તો શ્રી ચંદ્રકાંતભાઈ માટે ખૂબ જ સારું છે. એટલે તુરત જ મોટર લઈને કુંડલા જાઓ અને ચાંદલા કરો. શ્રી શેઠે ચંદ્રકાન્તભાઈ અને ચંપકભાઈને મોકલ્યા, અને પોતે આવ્યા. અને ચાંદલા કર્યા. આ છે કવિની ભાષા. પૂજ્ય બાપુએ આ લગ્નમાં પણ હાજરી આપી. આ છે મિત્રભાવનાનું પ્રતીક.

સત્સંગનો પ્રભાવ અંગેનો એક પ્રસંગ હમણાંનો યાદ આવે છે. સારાને સારાનો સંગ હોય તો તેમને પણ સારા મળે છે. હમણાં લોકસભાની ચૂંટણી પહેલાં મારા મિત્ર કુતીયાણા અને પોરબંદર ગયેલા ત્યારે મારા મિત્રને શ્રી મેરુભા ગઢવી મળેલા. અને તે વાતો કરતા હતા ત્યારે શ્રી મેરુભા ગઢવીએ મારા મિત્રને કહ્યું કે આપ કુંડલાથી આવો છો તો સાવરકુંડલામાં હું શ્રી દુર્લભજીભાઈ વકીલને ઓળખું છું. શ્રી દુર્લભજીભાઈને ત્યાં ભગતબાપુ દુલાકાગ સાથે જઈ આવ્યો છું. શ્રી દુર્લભજીભાઈના કેટલા દીકરા વગેરે ખબર અંતર પૂછાવ્યા. અને રામ રામ કહેવરાવ્યા. આ છે સારા મિત્રોનો લાભ! શ્રી મેરુભા ગઢવી તેમ જ મહાકવિ શ્રી શંકરદાનજી તથા કવિ ત્રાપજકર બાપુને લીધે અમારે આંગણે આવી ગયા છે. જે જાણી ખૂબ આનંદ થયો. પૂ. બાપુ કહેતા

કે સારાથી સારાનો લાભ મળે. શ્રી મોહનલાલ મોતીચંદ ગઢડાવાળાએ તારા બાપુજી સાથે મિત્રતા કરાવેલી એટલે સારાથી સારા જ મળે છે. તેઓ કહેતા : "આપણે સારા તો આખું જગ સારું, જીવનમાં ચારિત્ર્ય એ જ મુખ્ય વસ્તુ છે. ચારિત્ર છે તો બધું જ છે, અને જીવનમાં ચારિત્ર નથી તો કાંઈ નથી !" એમની વાતો ખૂબ જ સમજવા જેવી હોય છે.

પૂજ્ય કાગબાપુની વાણી કોઈ અલૌકિક અને અજર અમર છે. તેઓશ્રી અનેક વાતો જે રામાયણ, મહાભારત તથા અનેક અનુભવોની કરતા ને સમજવા જેવી હતી અને એમાંથી થોડું જો લઈએ તો પણ આપણું જીવન પાવન થઈ જાય. ખરેખર માતા સરસ્વતીજીની પૂરી કૃપાથી વાણીમાંથી શુભ વાતો જ નીકળતી જે ઈશ્વરની કૃપા હતી.

પૂજ્ય બાપુને સૌથી વધારે પ્રેમ રામાયણ અને રામાયણનાં પાત્રો ઉપર હતો. રામાયણની વાર્તાના અનેક અર્થો અનેક રૂપાંતરો કરતા. અનેક રીતે સમજાવી શકતા. દાખલા દલીલો અને સમજાવવાની શક્તિ તથા ગાવાની શક્તિ કોઈ અજોડ હતી. કુદરતી કંઠ અને તેમની સાથે તાલ જે ગાતા હોય ત્યારે આંગળીથી બીજા હાથ ઉપર આંગળીને મારે અને તે તાલ એવી રીતે સુર પુરાવતો હોય કે કોઈ પણ વાજીંત્ર કરતાં તે વિશેષ સુંદર લાગતો. ક્યારેક ક્યારેક ચપટી વગાડતા અને ચપટી એવી રીતે વગાડતા કે સાથે વાજીંત્ર ન હોય એટલે સુર અને તાલનો મિલાપ જે ગાતા હોય ત્યારે જોઈએ તે વાજીંત્ર વિના પોતાના હાથની આંગળી અને ચપટીથી જે તાલ મિલાવતા તે ખૂબ જ મીઠું ગીત લાગતું અને આનંદવિભોર બની જતાં. તેઓશ્રી જ્યારે ગાતા ત્યારે માણસોને સ્તબ્ધ કરી દેતા. રામાયણ ઉપરની વાતો જેમાં રાજા દશરથજીનું વચનપાલન, શ્રી રામની પિતા પ્રત્યેની ફરજ, સિતાજીનો રામ પ્રત્યેનો પ્રેમ અને શ્રી રામનું પ્રજા પ્રત્યેનું કર્તવ્ય અને આ બધામાં પૂજ્ય બાપુ કહેતા કે, વાલ્મીકીજીએ લક્ષ્મણજીની ધર્મપત્ની માટે થોડું ઓછું શા માટે લખ્યું હશે ? શા માટે પક્ષપાત કર્યો હશે ? તે બાઈનો ત્યાગ અજોડ ગણાય. ઉર્મિલાનો : લક્ષ્મણજીના ધર્મપત્નીનો ત્યાગ. ગાય અને વાતો કરે ત્યારે છક કરી દે. આ પાત્ર બાપુને બહુ પ્રિય હતું. માણસને સમજવા માટે, ફરજ અદા કરવા શીખવું હોય તો રામાયણ વાંચો, શીખો અને મનન કરો તેમ પૂજ્ય બાપુ કહેતા. અને છેલ્લે એટલું લખીશ કે પૂજ્ય બાપુને રામાયણ ખૂબ જ પ્રિય અને તેમાં રામ અતિ પ્રિય એટલે બાપુએ એમના સુપુત્રનું નામ રામ પાડયું છે. પૂજ્ય બાપુ ધાર્મિક જીવન જીવનાર અને સાચા માણસનું પ્રતિબિંબ છે. તેઓનું જીવન સુવાસમય અને તેમના જીવનમાંથી કંઈક લઈએ તો આપણું જીવન પણ સાર્થક થાય. તેઓશ્રીનું ધાર્મિક જીવન અને તેમનાં કાવ્યો તથા લખાણો જે આજે પણ મઘમઘે છે. મનુષ્યનું શરીર એક દિવસ જવાનું છે પણ ગયા પછી સુવાસ એ જ જીવન છે. ધાર્મિક મનન અને ચિંતન કરનાર બાપુ અજર અમર છે. ●

# સનાતન સત્યના ઉપાસક

• શ્રી કનુ બારોટ

**પરમ** વંદનીય પૂજ્ય ભગતબાપુનાં ૧૯૪૭માં અમદાવાદ મુકામે પ્રથમ દર્શન થયાં. પ્રાચીન ઋષીમુનિઓની કથા શાસ્ત્રોમાં વાંચેલી. એવા સાક્ષાત ઋષીનાં દર્શન તે દિ થયાં.

અમારા એક આહીર યજમાન અર્જુનભાઈ ડાંગરને ત્યાં હું રહેતો. તે બહુ જ નાના માણસ, ડ્રાઈવરની નોકરી કરે. ખોરડું બહુ જ ખાનદાન.

મને રંગભૂમિનાં ગીતો ગાવાનો શોખ. લોક-સાહિત્ય શું છે તેની કાંઈ જ ખબર નહિ. અર્જુન-ભાઈએ કહ્યું, "પૂજ્ય ભગત બાપુ દુલા કાગ અમારા શેઠને ત્યાં પધાર્યા છે. ચાલ, તને દર્શન કરાવું."

અમે ગયા. બાપુને હું પગે લાગ્યો. બાપુએ અમીભરી નજર નાખી. ખબરઅંતર પૂછ્યા.

અર્જુનભાઈએ કહ્યું : "આ છોકરો આપનાં ભજનો બહુ જ ભાવથી ગાય છે." મને ગાવાનું કહ્યું, બાપુનું રચેલું ભજન "કળા અપરમપાર વાલા ત્યાં પહોંચે નહિ વિચાર" ગાયું. બાપુએ મારા કંઠની પ્રશંશા કરી કહ્યું : "પૂર્વ જન્મમાં સાચાં મોતીનાં દાન કર્યાં હોય તેને સારો કંઠ મળે. હવે તું મારી પાસે મજાદર આવ. ત્યાં બે માસ રોકાજે. તને આનંદ આવશે."

પણ હું સંજોગ કહો કે ભાગ્ય કહો બાપુ પાસે જઈ શક્યો નહિ. પણ તેમનાં ઉજળા અંતરની આશિષ તો મને ત્યાં જ મળી ગઈ.

બીજો પ્રસંગ રાજકોટ મુકામે લોકસાહિત્ય સંમેલન વખતનો છે. ઘણા કલાકારો ભેગા થયેલા. મારે ભાગ ખારવા જ્ઞાતિનાં લોકનૃત્યો રજૂ કરવાનું આવેલું. થોડાં ગીતો મળ્યાં. પણ મને સંતોષ ન થયો. મનમાં થયું લાવને થોડાંક લખી નાખું ! ત્યાં કોને ખબર પડવાની છે ! આવો હું અબૂધ હતો. આવ્યા આવ્યા વલ્યા તુંના વાણજો નાવ્યા નાહોલીયા તારાં નાવડાં, રજૂ કર્યું.

પૂજ્ય બાપુ તરત જ પારખી ગયા. મને કહે, "તું સારું લખે છે. ભાવ મજાના છે. પણ આને લોકગીત ન કહેવાય. લોકઢાળનું ગીત કહી શકાય. બને ત્યાં સુધી લોકોમાંથી ગીત લેવાં.

લખવું જ હોય તો મારી પાસે આવ, તને ખામી ને ખૂબીની ખબર પડશે. ત્યારે મજા આવશે." બાપુની દિવ્ય અંતરની ઉદારતાથી હું એક શબ્દ ન બોલી શક્યો. ક્ષમા માગી ત્યારે હસી પડ્યા.

મને કહે ગાંડા ! આપણે તો બધા સનાતન સત્યના ઉપાસક છીએ. કેડો ચાતરી જઈએ તે કેમ ચાલે ? ●

# ગેબી આત્મા

• મુળુભાઈ પાલિયા

**લીંબડીમાં** સને ૧૯૫૩માં નવરાત્રિ પ્રસંગે રાજ્યની કલબમાં કવિઓનો ઉતારો. ત્યાં સાહિત્ય અને પિંગળડીંગળની ચર્ચા કિરણબાપુ, પૂ. શંકરબાપુ, પૂ. ભગતબાપુ, પૂ. મેરુભાભાઈ, પૂ. રામદાનજી વગેરે વચ્ચે થતી જોઈ. ભગતબાપુએ પિંગળ અને ડીંગળનાં શાસ્ત્રો રામાયણ–ભાગવત વગેરેના ભેદ બતાવ્યા. કાકાસા. કુમારશ્રી હાજર હતા. હું પણ ત્યાં હતો. વાતોની ચર્ચાના અંતે શંકરદાન બાપુ બોલ્યા : "વાહ પ્રભુ તારી ગતિ ! આ તો ભવ ભવનો કોક ગેબી આત્મા આ ગરીબ જ્ઞાતિમાં ઉતર્યો છે. વાહ પ્રભુ તારી કૃપા" આ શબ્દો સૌના હૃદયમાં ચોંટી ગયેલા.

મેં જણાવેલા મોટા કવિઓના મનમાં હતું કે, દુલાભગત પિંગળ ભણેલ નથી અને પોતે પિંગળના પારંગત અભ્યાસીઓ છે એવો દાવો હતો તે ભગત બાપુએ ભેદી ભ્રમ ભાંગી નાખ્યો. આ કવિઓને થયું કે ભગત તો પિંગળનો પ્રણેતા કે પિતા છે. પણ આજ સુધી અમારા જીવનના સંધ્યાકાળ સુધી અમને સૌને અંધારામાં અને ભ્રમમાં કાં રાખ્યા ? આ ચર્ચાની જે મજા એ કવિઓને આવી તેના અંતે શંકરદાન બાપુ ઉપરના શબ્દો હૃદયપૂર્વક ઉચ્ચારી અચંબો પામી ગયેલ. •



# તુલસીશ્યામના માર્ગે

• મહંત હરિકૃષ્ણાચાર્ય

**૧૯૬૦ની** સાલમાં હું જૂનાગઢ જિલ્લા લોકલ બોર્ડનો પ્રમુખ હતો. આ અરસામાં શ્રી ભગતબાપુ જૂનાગઢ ખાતે ચાલતી લોકસાહિત્ય વિદ્યાલયની મુલાકાત વખતોવખત લેતા. આવતાંની સાથે જ ગામમાં રહેતા પોતાના નિકટવર્તી વ્યક્તિઓને ખબર આપી મળવા બોલાવતા. આવનારાઓના ખબર-અંતર પૂછતા. આ વિધિ પૂરો ન થાય ત્યાં સુધી પોતાનો પ્રવાસ તેમને અધૂરો લાગતો. આ લિસ્ટમાં મારું નામ પણ હતું. મહંતો, મહારાજો અને સાધુ-સંતોને ભગતબાપુ હંમેશાં આદરપૂર્વક જોતા. આ લોકો સાથેનો વર્તાવ પોતાના નિકટના સંબંધીઓ જેવો હંમેશાં રાખતા.

આ સાલના માર્ચ મહિનાની શરૂઆતમાં પૂ. રવિશંકર મહારાજ જૂનાગઢ પધારેલા હતા, તેમને મળવા શ્રી ભગતબાપુ ઓચિંતા નીકળી આવ્યા. તેમના આગમનના ખબર મળતાંની સાથે જ રાબેતા મુજબ મળવા ગયો. ભગતબાપુએ લાગણીપૂર્વક બાલ-બચ્ચાંના ખબર-અંતર પૂછીને મને કહ્યું કે, "આચાર્ય ! આવતી કાલે વહેલી સવારે તુલસીશ્યામ જવા માટે મારી ઇચ્છા છે." તુલસીશ્યામ ખાતે ગૌ શાળાનું અને અન્ય બાંધકામ શ્રી રતુભાઈ અદાણીએ એકઠા કરેલા સાર્વજનિક ફંડમાંથી ચાલતું હતું. તે જોવાની તેમની ઇચ્છા હતી. વધારાના કામ માટે આયોજન કરી ભવિષ્યની વ્યવસ્થા ગોઠવવા માટે પોતાને અંગત માહિતી મેળવવી હતી. તુલસીશ્યામના વિકાસ માટે ભગતબાપુની આગેવાની નીચે એક અવિધિસરની કમિટિ હતી, જેની સાથે હું પણ સંકળાયેલો હતો. વિશેષમાં અહીં ખાતે જિલ્લા લોકલ બોર્ડ તરફથી પથિકાશ્રમ અને કોઝ-વેનું બાંધકામ ચાલુ હતું તે પણ વખતોવખત તપાસવા જવાની મારી ફરજ હોઈ આ સંસ્થા અને તેની પ્રવૃત્તિ સાથે મારો સંબંધ નજદિકનો હતો. મને અનુકૂળતા હોય તો તુલસીશ્યામના પ્રવાસમાં ભગતબાપુ સાથે જોડાવું તેવી તેમની ઇચ્છા હતી. જે મેં સ્વીકારી અને પ્રવાસમાં સાથે જોડાવા સંમતિ આપી. વળતા દિવસે અમે સવારે જૂનાગઢથી તુલસીશ્યામ જવા માટે નીકળ્યા.

ભગતબાપુની શારીરિક સ્થિતિ પહેલેથી જ નબળી હતી. તે મારા જાણવામાં હતું. પોતે આડા રસ્તાનો પ્રવાસ સહન ન કરી શકે તે ઇરાદાથી વેરાવળ ઉના મારફત તુલસીશ્યામ પહોંચવાની મેં ભગતબાપુને કરેલી વાત તેમણે ન સ્વીકારી, અને કહ્યું : "આચાર્ય, થાક લાગે કે માંદા પડીએ તેની ચિંતા શ્યામ ભગવાનને સોંપીએ. મેં લાંબા સમયથી ગીર નથી જોઈ માટે આપણે ગીરમાંથી પસાર થતા મારગે જવાનું છે." તેમની ઇચ્છા મુજબ વિસાવદર, સતાધાર, થઈને તુલસીશ્યામ જવા માટેનો પ્રવાસ અમે શરૂ કર્યો.

સતાધારની ધોળી ધજા દેખતાંની સાથે જ ભગતબાપુના આ સ્થાન સાથેનાં સ્મરણો તાજાં થવા લાગ્યાં. મારે ખભે હાથ મૂકી ગદ્‌ગદિત કંઠે કહેવા લાગ્યા, "આચાર્ય, લોકજીવનના ઉત્કર્ષ માટે બાંધવામાં આવેલાં આ સ્થાનકોના પુરુષોની પગરજ જ્યાં પડી હોય તેની હવાથી પણ માનવીના વિચારો પવિત્ર થાય. આનું નામ જ યાત્રાધામ. યાત્રાધામ જન્મતાં

નથી પણ મહાત્માઓ મારફત તેનું સર્જન થાય છે. હિન્દવાપીર આપા ગીગાના નામથી પણ હૃદયમાં રહેલા પ્રેમ અને ભક્તિ ઉપર તરી આવે છે. ધન્ય છે સતાધાર"

મીંચેલી આંખો પ્રફુલ્લીત વદન સાથે ભગતબાપુ સાધુ સંતોના ઉચ્ચ વિશાળ પ્રદેશની ભૂમિકામાં વિચરવા લાગ્યા. તેમની વિચારસમાધિ તોડવા મેં વાત શરૂ કરી : "બાપુ, મને પણ સતાધારનો એક વિચિત્ર અનુભવ થયો હતો!" પોતે મીંચેલી આંખો ચાલુ રાખી ટુંકાણમાં જ કહ્યું, "કહી નાખો."

"મુંબઈ ખાતેના એક મિત્રના સંબંધી સોરઠ જોવા માગતા હતા. તેમને બધાં સ્થળો બતાવવા માટે મુંબઈ ખાતેના મારા મિત્ર તરફથી ખાસ ભલામણ થઈ આવેલ, એટલે તે ભાઈની સાથે મારે સૌ પ્રથમ સતાધાર આવવાનું થયું. આ ભાઈ મૂળ સૌરાષ્ટ્રના. બચપણ હૈદરાબાદમાં વિતાવ્યું. પુખ્ત ઉંમરે પહોંચ્યા પછી મુંબઈમાં ફેરી કરવા લાગ્યા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ગુમાસ્તામાંથી લખપતી બનનારા કેટલાક પૈકીના આ ભાઈ એક હતા. અમે બપોરને સમયે સતાધાર પહોંચ્યા ત્યાં હરિહરનો સાદ પડચો હતો. શ્રી શામજી ભગતે ઉમળકાભેર અમારું સ્વાગત કર્યું, પ્રસાદ લેવા માટે અંતઃકરણપૂર્વક આગ્રહ કર્યો. અમે જમીને નીકળેલ હોઈ પ્રસાદ ન લેવા બદલ તેમની માફી માગી. મંદિરમાં દર્શને ગયા. આવેલ ભાઈને સતાધાર મંદિરનો ઇતિહાસ હું જે જાણતો હતો તે કહી સંભળાવ્યો. પણ તેમનું ધ્યાન બીજા બધા કરતાં ભોજન શાળામાં જમવા બેઠેલા ૨૦૦–૨૫૦ માણસો તરફ હતું. વિચારોમાંથી એકા- એક જાગૃત થઈ વેપારીને સુલભ એવો સવાલ કર્યો કે "આ માણસો જમે છે તેમની પાસેથી થાળી દીઠ કેટલા પૈસા લેવાતા હશે?" મેં જવાબ આપ્યો : "કાંઈ નહિ." આ જવાબ સાંભળતાંની સાથે જ શેઠને અચંબા સાથે આઘાત લાગ્યો હોય તેમ મોટેથી બોલી ઉઠયા :

"મફત!" આથી વિશેષ કાંઈ પણ બોલ્યા વગર તે ઓટલા ઉપર બેસી ગયા. થોડી વાર શાંત રહ્યા પછી પાણીનો ગ્લાસ મંગાવી ખિસ્સામાંથી ગોળી કાઢીને ગળી ગયા. પંદર મિનિટ આરામ લીધા પછી કાંઈ પણ બોલ્યા વગર મને કહ્યું કે "ચાલો હવે રવાના થઈએ." થોડો આરામ લીધા બાદ પ્રવાસમાં આગળ જવાનો શામજી ભગતે કરેલા આગ્રહનો અસ્વીકાર કરી અમે ચાલતા થયા. રસ્તામાં શેઠ મૂંગાં જ હતા. થોડી વાર પછી માત્ર એટલું જ બોલ્યા કે "રેશ- નીંગના સમયમાં અનાજનો કેટલો દુર્વ્યય!"

આ પ્રસંગ સાંભળી ભગત બાપુ મુક્ત રીતે હસી પડયા. વળતે દિવસે જ્યારે અમે તુલસીશ્યામમાં જમવા બેઠા ત્યારે ઉપલા પ્રસંગને યાદ કરી મને પૂછ્યું કે "આચાર્ય, શેઠને અહીં લાવ્યા હતા?" મેં જવાબ આપ્યો : "સતાધાર પછી અમે પરબ, કે તુલસીશ્યામ શેઠને બતાવ્યું હોત તો પાછળથી તેમને હૉસ્પીટલમાં દાખલ કરવા પડત!" કાળા બજારમાંથી નાણાં કમાનાર શેઠને અનાજના ખોટા બગાડથી આઘાત પહોંચે તેવું એમને ન બતાવ્યું.

જેમ જેમ અમે ગીરમાં ઉતરતા ગયા તેમ ભગત બાપુ જાણે પોતાનાં સ્વજનોની દુનિયામાં જતા હોય તેવા ભાવાવેશમાં આવતા હતા. આંબાજળ નદી ઉતર્યા એટલે કાંઠા ઉપરની વનસ્પતિ નદીમાં ગારાનું ખુતાણ ચોમાસામાં કોઈના બાપની શરમ રાખે નહિ તેવી વંકી આંબાજળના ગુણદોષ અને તોછડાઈની ગાથા પૂરી થાય ત્યાં ગાંડી ગીરની ગોદમાં ઊંચે માથે ઊભેલા શેમળાના ઝાડ તરફ નજર જતાંની સાથે જ વાતે વળાંક લીધો, "આચાર્ય! આ જોગન્ધર વરસમાં ત્રણ વખત કાયાપલટ કરે હો! અને આ સાગ, સીસમ ન હોત તો માનવીઓની મઢુલીઓ તકલાદી બનત." સાજડના ઝાડની સાથે જોતા જ ફટકારી : "આચાર્ય! આ કલંધર કામનો

ખરો પણ નગણો કહેવાય" જેના સમર્થનમાં એક દુહો કહી સંભળાવ્યો.

**દેખી તો ડોલરીઓ સુંઘે પણ સોડમ નહિ**
**ઇ ગાંડી ગીરની માહી સાજળ ફુલ્યો સુરના**

આ મહેક વગરના છે. રસ્તાના કિનારે ચરતી ભેંસો જોઈને ગાડી રોકાવી તપાસ કરી. ગોવાળને પૂછ્યું : "આ માલ કેના ?" સામે જવાબ આવ્યો, "ઈ બાજરીયાના નેસવાળા આઇ જાન બાઈનો માલ છે." નામ સાંભળતા જ આઈના કુશળ સમાચાર ગોવાળ મારફત જાણી પોતાના નારણ પાઠવ્યા. "આચાર્ય ! સાવજને ચાર–ચાર વખત ભોં ભેગો કરનાર ભેંસ માંકુનો વેલો ન પાંગર્યો. બાણ નાખવામાં ઈ એટલી તો પાવરધી બની ગઈ કે છેવટે વરોળ થઈ ગઈ. એ વેલો હોય તો માલધારીના ઘરનું ઘરેણું ગણાય."

આમ ગીર, ગીરની, વનસ્પતિ, ગીરનું લોકજીવન, રહેણીકરણી અને સ્થિતિ, નદી, નાળાં તળાવડાં, ડુંગળા, ધારું ટીંબા અને જરની અવનવી માહિતિ અને તેની ખૂબીઓ ઉપરનું પોતાનું કડીબંધ સ્વતંત્ર મંતવ્યવાળી વાતો પૂરી થાય તે પહેલાં અમે ઘોડાવળીના નેસે, આઈ વાલબાઈના વસવાટે આવી પહોંચ્યા.

આઈ વાલબાઈ એટલે ગીરના જંગલમાં મીઠી વીરડી કહેવાય. જ્યાં ભૂખ્યાંને અન્ન, થાક્યાને પાણી અને પાથરો આઈના આંગણે વગર માગ્યાં મળે. તેના દર્શનમાત્રથી થાક ઉતરી જાય. એવી મીઠી વાણીવાળા આઈ વાલબાઈના અમે અતિથિ બન્યા. ભગતબાપુ અને અમને જોતાની સાથે જ માથે ભેરીઓ નાખી આંખમાંથી અમી વરસાવતા આઈ ઝાંપા સુધી સામે લેવા આવી અમારા ઓવારણાં લીધાં મધુરી વાણીમાં ગદ્‌ગદ્‌ કંઠે બોલ્યાં કે "આજ મારું આંગણું પવિત્ર કર્યું બાપ." આવી જ લાગણી અને ઉમળકા સાથે ભગતબાપુએ ઉત્તર વાળ્યો : "જનેતાને વળાવ્યે ઝાઝો વખત થઈ ગયો. તેની યાદી તાજી કરવા આજ નીકળી આવ્યો."

આઈ અને ભગતબાપુ સાથેનું આ સાંનિધ્ય જિંદગીમાં સંઘરાઈ રહેશે. તેની યાદી માત્રથી જીવન વિશેષ સમૃદ્ધ બને તેવો આ પ્રસંગ હતો.

ઢળતે બપોરે આઈની રજા લીધી. આ મહેમાન-ગીરીના મીઠાં સ્મરણો બાંધીને અમે તુલસીશ્યામ જવા માટે રવાના થયા.

જસાધાર આવ્યું. જંગલ ખાતાના થાણા આગળથી ફંટાતા મારગે અમે મીંઢાના નેસે આવી પહોંચ્યા. રસ્તાને કોઠે કોઈ બંધાણી રાહદારીએ બાવળના ગળતીયાં લાકડાં સળગાવી પાડેલા દેવતામાંથી ચલમ ભરવાની તૈયારી કરતો હતો, તે જોઈ ભગત-બાપુની તલબ તીવ્ર બની. ગાડી રોકાવી હાથમાં ખાલી હોકો લઈ તાપણાં પાસે જઈ પહોંચ્યા અને માંગણી કરી કહ્યુ : "ભાઈ, દેવતામાં મારો ભાગ ખરો ?" સામી વ્યક્તિએ ભગતબાપુને ઓળખ્યા હોય કે નહિ તે મને યાદ નથી પણ એક સમાન ધર્મી વટેમાર્ગુની તલબ બુઝાવવાનું પરગજુપણું બતાવી સહાનુભૂતિ વ્યક્ત કરતા ચલમ ભરવા માટે ચીપીયો સામે ધર્યો, જે લઈ ભગતબાપુએ ખાલી ચલમમાં ગળતયા લાકડાના તીખારા ભરી ધૂંટું લેવા માંડી.

તલબ બુઝાય કે ન બુઝાય ત્યાં તુલસીશ્યામના માર્ગેથી આવતા યાત્રાળુઓ સામે ભગતબાપુની નજર પડી. આંખ ઉપર હાથનું નેજવું કરી પાસે આવતા યાત્રાળુઓના સમૂહને જોતાની સાથે જ પોતે શરૂ કર્યું : "આચાર્ય ! આ સામે આવે છે તેમાં આગલા ભાગમાં આવતો પંચોળી ડાયરો છે, ત્યાર પછી કુંભાર જે હાથતાળી લેતા આવે છે તે અને પાછલા જુવાનુમાં આગળ આવે છે તે કોળીના જણ. બાજુમાં ચાર જણ ગોહિલુનાં વયા આવે છે."

આ સાંભળીને મેં સામો પ્રશ્ન કર્યો : "જે લોકો આવે છે તે પૈકીના કોઈને આપ ઓળખો છો ?"

હસતે મુખે જવાબ આપ્યો : "હું કોઈને નથી ઓળખતો, પણ એક વાસણમાં મગ, અડદ અને ઘઉંના દાણા ભલે સેળભેળ થઈ ગયા હોય પણ નજરે જોનાર બધાને અલગ અલગ ન પાડી લે ? તેમ આમાં પણ છે. પેદા કરનારે બધાની ઉપર જુદા જુદા લેબલ મારેલાં તો છે પણ તે ઉકેલતાં આવડવું જોઈએ. અને આ છે કોઠાવિદ્યાનું કામ. જેની ચોપડીઓ લખાણી નથી, કે તાલીમ વર્ગ કોઈએ શરૂ કર્યા નથી. આ વાતો વારસાગત છે બાપ !" અમારો સંવાદ ચાલતો હતો ત્યાં એક પછી એક ટ્રુગું આવવા લાગ્યું. પહેલા પંચોળી ડાયરો હતો જેમાં મહોબતપરાવાળા મગનભાઈ આગળ હતા. પાછલા કુંભારના ડાયરામાં ઉગલાવાળા જીવાભાઈ હતા જેને હું ઓળખતો હતો. બાકીના લોકોની પૂછપરછ કરી તો ભગતબાપુનું વિધાન સાચું હતું. મોઢું જોઈને માનવીઓના મૂલ્યાંકન કરનાર સ્વ. શ્રી ભગત બાપુએ વંકી ભોમમાં વસનારા ધીંગી કોમના રીતભાત અને ખમીરને નોખા તારવીને તળપદી ભાષામાં જે ગુણગાન કરી ભાવી પેઢીઓને લોકજીવનના સાહિત્યની ભેટ આપી છે, તે હવે પછીની આવનાર પેઢીઓ ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. તુલસીશ્યામથી અમે અલગ પડચા ત્યારે મેં માંગણી કરી કે બાપુ સાજડનો દુહો મને લખાવો. આજે પણ એ મારી નોંધપોથીમાં લખાયેલ છે, જે ભગતબાપુની અમર યાદનું પ્રતીક છે. ●

## વેલના નિસાસા

(અહીંથી જાવ તો ભેળાં લઈ જાવ—એ રાગ)

બાગમાં નિસાસા ઊના નાખે......
વનરાની વેલ્યું રે...બાગમાં નિસાસા ઊના નાખે...ટેક

કાતરે કાપીને અમને...પૂતળાં બનાવે વા'લા !...(૨);
કાપી કોરીને સરખાં રાખે...વનરાની-૧

દોરડે બાંધીને અમને...ફાવે તેમ ફેરવે છે, વા'લા !...(૨);
ખીલે જયાં ફૂલ ત્યાં ખૂંટી નાખે...વનરાની ૨

માળીડાને નિરખી અમે...થરથર ધ્રૂજીએ, વા'લા !...(૨);
કાયમ હાથમાં કાતર રાખે...વનરાની-૩

'કાગ' જીવન મારાં...માળીડાંની મરજી...વા'લા !...
ખબરું વિનાનાં ખોદી નાખે...વનરાની-૪

(મજાદર, તા. ૧૬-૧૧-૫૪) દુલા કાગ

# ભગત બાપુ

શ્રી હરિસિંહજી અ. ગોહિલ

**રાજકોટમાં** રાષ્ટ્રીય શાળામાં હિન્દી સાહિત્યના કવિવર દિનકરજીની હાજરીમાં તે દિવસે ભગતબાપુએ ગાયું તો માત્ર સ્વરચીત એક જ ગીત "વાદળી." પરંતુ તેની પૂર્વભૂમિકાએ જ પોણા એ કલાક લીધા. મંત્રમુગ્ધ એવી માનવમેદનીએ ત્યારે તેમના કંઠમાં ઘુઘવતા સાગરનો ગંભીર નાદ સાંભળ્યો, આષાઢીલા મોરલાનો વિયોગી ગહેકાટ સૂણ્યો, વિજોગણ નારીના ઊર્મિભાવના રચાતા ચિત્રના દર્શનનો અનુભવ કર્યો.

ઝાંખા ઝાંખા પણ સ્મરણપટમાં ચીતરાયેલ એ દિનકરજીના શબ્દોનો ભાવ હતો. "માત્ર ગુજરાત જેવા નાનકડા પ્રદેશ અને પ્રાદેશિક ભાષાના એ લોકકવિ માટે 'મહાકવિ' શબ્દ નાનકડો પડે છે. તેમની ઓળખાણ કે સરખામણી તો થઈ શકે શેલી વર્ડઝવર્થ, બાણ કે ભવભૂતિ સાથે!

હીરાને તો ઝવેરી જ પારખી શકે એ ઉક્તિ ઉપરથી સમજી શકાશે કે પદ્મશ્રી ભક્તકવિ દુલાભાઈ કાગ એ કઈ કોટીના કવિમાનવી હતા?

સને ૧૯૪૭ની સાલ. વરસો બાદ ગુલામીની જંજીરોમાંથી મુક્ત થયેલ ભારત. દિલ્હીના મંત્રાલયમાં તે દિવસ ભારતભરમાંથી રાજપુરુષો, દેશભક્તો અને અનેક માનવીઓનો મેળો ભરાયેલ હતો. ભગતજી પણ તે દિવસે દિલ્હીમાં. તે દિવસે એ મહાન મંત્રાલયમાં આ છેડેથી પેલા છેડા સુધી નાના અને મોટા એવા સૌના મોઢેથી બોલાતો એક જ શબ્દ સાંભળ્યો: "લીંબડીવાળા કાકા ફતેહસિંહજી આવ્યા છે." ભય, કુતુહલ, મૂંઝવણ અને સંદિગ્ધતા કોંગ્રેસના મોટા મોટા મહારથીઓના મુખ ઉપર છવાયેલ જોતાં કવિ મરક મરક મલકી રહ્યા હતા. હસતા હતા.

કોઈ નજીકના સ્નેહીએ સહજ ભાવે પૂછી નાંખ્યું :

"ભગતજી! કેમ મોઢા પર મલકાટ છે? એ મલકાટની ઓથે કાંઈ કહેવાના મનોભાવ ભાસે છે?"

"ખરી વાત" ટૂંકો જ જવાબ.

"સમજાવીને કહો તો ખરા જેથી સમજણ તો પડે."

"મલકાટ છે આ જ ભારતના મોટામાં મોટા માનવીનું નામ સૌના મુખેથી સાંભળું છું. શું એ માનવી સાવજ કે દીપડો છે? કોઈ દસ માથાનો માનવી છે? એ માનવી અહીં શું કોઈ મોટું લાવલશ્કર લઈ આવેલ છે? સૌનો ફફડાટ શું છે? તેનો આ મલકાટ છે."

પ્રશ્ન પૂછનાર જવાબમાં રહેલ ગાંભીર્ય ને ટકોરને પારખી ગયા. એવું હતું એ સરસ્વતીના મહાન પુત્રનું વાણીચાતુર્ય.

નવરાત્રીના નવે દિવસ લીંબડીના કાકાસાહેબ ફતેહસિંહજીના બંગલે ભગતજીની વાણી સાંભળવાનો તો એ અનેરો લ્હાવો હતો.

ચારણને ખોળીએ જન્મ. સંપૂર્ણ રાષ્ટ્રભક્તિ અને પ્રભુભક્તિમાં રંગાયેલા એ ભક્તકવિના દિલમાં, હૃદયના ઊંડા ઊંડાણમાં પડેલ ક્ષતિઓ પ્રત્યેની મમતાનાં દર્શન તો તેમની દુઃખભરી છતાં એ ક્ષતિઓને ચાબખા ફટકારતી તેમ જ ખમીરની ખેવના અને રાંકપણાની નારાજગી દર્શાવતી વ્યથા તો તેમના

રચેલ "નવો નવરોજ" ગીતમાં શબ્દે શબ્દે બિંબીત થાય છે. તેની માત્ર એક જ લીટી અત્રે આપું :

**"ચોર ડાકુ બદમાશ બનીયા નહિ;**
**હાય રે ! આજ રાજપુત બન્યા બિચારા."**

હૃદયમા ક્ષત્રિઓ – રાજપુતોને માટે સંઘરાયેલ ભાવના બંધ એ રીતે એકાએક ઉપરની તૂટી વાકધારાના રૂપમાં વહેતા આપણે જોઈ શકીએ છીએ.

આવા હતા પદ્મશ્રી દુલાભાઈ કાગ જેઓ "ભગત બાપુ"ના નામે જાણીતા હતા. ગમે તેટલી બુદ્ધિ ને કલમ ચલાવતાં પણ તેમનું સંપૂર્ણ ચિત્ર આપવું મુશ્કેલ હોઈ તે સ્વર્ગસ્થની પાસે મારા નતમસ્તકે વંદન સહિત જ વિરમું. ●

---

# નિજાનંદ માટે કાવ્યો રચનાર

"રાતે એમણે ફેંટો ઉતારી, ચોટલાના કેશ સમા કરી, પછી પોતાની રચેલી દેવીની, પ્રભુની તેમ જ ચારણ 'આઈઓ'ની સ્તુતિના ઝડઝમકિયા છંદો ગાયા, ત્યારે એમના ઘેરા, ગંભીરા, મંદિર ઘૂમટના ઘંટરણકાર શા કંઠનો પરિચય થયો. છંદોની જડબાતોડ શબ્દગૂંથણીને આસાનીથી રમાડતી એમની જીભની પણ શક્તિ દેખી. વધુમાં વધુ રસની વાત તો એ જાણી કે દુલાભાઈ કોઈ રાજદરબારી કવિ નથી, પણ ઘરધણી ખેડૂત છે, અજાચી ચારણ છે ને નિજાનંદ કાજે કાવ્યો રચે છે.

લોકજીવનના પાકા રંગે એ રંગાયેલા છે. લોકસાહિત્યમાં રહેલી ખૂબીઓની પિછાન થયા પછી પોતે એ ગીતો કથાઓને પોતાના લોહીમાં ઉતારી લીધાં છે. ને વધુમાં એમને નવા યુગની પ્રગતિશીલ દૃષ્ટિ છે. લોકોનાં દુઃખ કોને કહેવાય, એ દુઃખની લાગણીમાં શી શી ઊંડી વેધકતા પડી છે, કવિતામાં એ વેધકતાને ઉતારવા માટે કેવા સંયમભર્યા શબ્દાલેખનની જરૂર છે, વગેરે સાન આ પહાડના બાળને, આ પ્રકૃતિને ખોળે ધાવી રહેલા માનવને ઘણી વહેલી વરી ગઈ છે.

એમણે રચેલાં નવભાવનાનાં ગીતો એ ગીતો નથી પણ ગીતોમાં ગૂંથેલી આખ્યાયિકાઓ છે. ભારતવર્ષના રાષ્ટ્રભાવોને, માતૃભૂમિની મનોવેદનાને દુલાભાઈએ નાનાં કાવ્યાખ્યાનોમાં ઉતારેલ છે. રાષ્ટ્રજાગૃતિનો જે ગંગાપ્રવાહ દેશમાં વહે છે તેની અંદરથી નાની મોટી નહેરો વાળીને લોકનાયકો પોતાપોતાના જનસમૂહોમાં લઈ જાય છે. દુલાભાઈએ રાષ્ટ્રગંગાના એ પુનિત નીરને કાવ્ય-નહેરે પોતાના વતનમાં–લોકજીવનમાં વાળી લીધાં છે.

(કાગવાણી ભાગ ૧ ની પ્રસ્તાવનામાંથી)

**—ઝવેરચંદ મેઘાણી**

---

# લોકસાહિત્યના સ્વામી ભગતબાપુ

● શ્રી ભોગીલાલ તુલસીદાસ લાલાણી

**'ભગતબાપુ'**ના પુનિત નામે પ્રસિદ્ધ લોકકવિ અને લોકસાહિત્યના સ્વામી, રામાયણના અઠંગ ઉપાસક અને લોકભોગ્ય રામાયણના રચયિતા, લોકજીવન ને માનવતાના અમૂલ્ય ખજાનાઓને ખુલ્લાં મૂકનાર, કવિઓના કોહીનૂર અને મા ગુર્જરીના ગૌરવ સમા, મજાદરના મહામાનવ અન્યને મન અદકેરા આદમી હતા, પરંતુ મારે મન તો તે બધું હોવા છતાં એક સ્નેહાળ, કરૂણામૂર્તિ, વાત્સલ્યભાવથી ભર્યા ભર્યા માનવંતા મુરબ્બી અને કૌટુંબિક વડીલ અને આદરણીય આત્મજન હતા. ભક્ત કવિ દુલાભાઈ "કાગ" મારાં માર્ગદર્શક અને ઉત્સાહના ઉગમસ્થાન હતા.

મારી કૉલેજકાળની વિદ્યાર્થી અવસ્થાથી માંડી તેઓશ્રીએ જીવનલીલા સંકેલી ત્યાં સુધીના લાંબા સમયના વિશાળ પટમાં અનેક મીઠાં સંસ્મરણોના મધુર પ્રસંગો પથરાયેલા હોઈ, પ્રત્યેક પ્રસંગને રજૂ કરવા મારી શક્તિ સીમિત છે. છતાં તે પ્રસંગોને મારાં સ્મૃતિપટમાં ઉછાળાં મારતાં હું અનુભવી રહ્યો છું અને તે સ્મરણો દ્વારા દિવંગત મુરબ્બી શ્રી સાથેનું સાન્નિધ્ય ભોગવી શકું છું.

સૌ પ્રથમ પ્રસંગ અને કવિશ્રીનું પ્રથમ દર્શન મને સને ૧૯૩૮માં શામળદાસ કૉલેજમાં થયું. કૉલેજના વિદ્યાર્થીમંડળ અને 'ડીબેટીંગ યુનીયન'ના મંત્રી તરીકે તેઓશ્રીને જે. બી. પંડયાના બંગલે આમંત્રણ આપવા ગયો અને કૉલેજમાં લોકસાહિત્યનો ડાયરો ગોઠવાયો. તેઓશ્રીની ભરયુવાની, કાજળકાળી અણીદાર દાઢી, લોહી તરવરતો ચહેરો, લાંબા કાળા ભમ્મર જેવા વાળ, મીઠી મધુરી વાણી દ્વારા ચારણી સાહિત્યની રસલ્હાણ કરાવવાની તેમની અમાપ શક્તિ અને મંત્રમુગ્ધ શ્રોતાઓની વધતી જતી ભક્તિ અને એકધારા વાણીપ્રવાહ દ્વારા વક્તા અને શ્રોતા વચ્ચેની અભિન્નતા મેં પ્રથમવાર અનુભવી અને માણી.

ત્યાર પછી તો હું તેમનો ભક્ત બની ગયો. ઘણા પ્રસંગો મળ્યા જેમાં તેઓશ્રીના સમૃદ્ધ હૃદયપ્રદેશમાં પ્રવેશ કરવાનો મને દુર્લભ હક્ક પ્રાપ્ત થયો. મહુવા તાલુકાના અનેક સામાજિક પ્રસંગોએ તેઓશ્રીની સાથે રહેવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. હું શિહોરના કંસારા કુટુંબનો દીકરો હોઈ, તેઓશ્રીનો વાસણની 'માંડચ' સજવાનો શોખ પારખી શકયો અને મજાદરના તેમના કાઠિયાવાડી શણગારવાળાં ઘરમાં, મારી અને તેઓશ્રીની સંયુક્ત પસંદગીના ત્રાંબા, પિત્તળ અને કાંસાના હાથઘડતરનાં વાસણોની દેગરડીઓ આજે પણ મારી વાતની સાક્ષી પૂરે છે.

૧૯૬૨માં ગુજરાત રાજ્ય વિધાનસભામાં શિહોર–વલભીપુર–ઉમરાળા વિસ્તારમાંથી ચૂંટણી લડવાનો મને આદેશ થયો. મારા સ્વભાવગત કેટલાંક કારણોથી હું આનાકાની કરતો હતો ત્યારે તેમણે રામાયણ–મહાભારતની અનેક પ્રસંગમાળાઓ યાદ કરાવી મને તૈયાર કરી દીધો અને રાજકારણમાં પરાણે પ્રવેશ કરાવ્યો.

૧૯૬૫માં સપ્ટેમ્બરની ૧૯ તારીખે ગુજરાતના મુખ્યમંત્રી સ્વ. બળવંતરાય મહેતા ભારત–પાકિસ્તાન યુદ્ધ સમયે શહીદ થયા તે પહેલાના દોઢ મહિના અગાઉ મહુવા શહેરમાં એક સંમેલન હતું તે પૂરું થયા પછી સ્વ. મુરબ્બી શ્રી બળવંતભાઈ, કુ. મણી-

બહેન પટેલ, સ્વ. સરોજબેન મહેતા તથા શ્રી ત્રિભોવનદાસ પટેલ (ગુજરાત પ્રદેશ સમિતિના તે સમયના પ્રમુખશ્રી) સાથે સ્વ. દુલાભાઈ કાગના આમંત્રણથી મજાદર જવાનું થયું. તે રાત્રે જે ડાયરો જામ્યો અને લોકસાહિત્યનો રસથાળ પીરસાયો તેના ઓડકાર હજી આવે છે. તે પ્રસંગે શિહોર તાલુકાના થાળા ગામના ચારણોના અણઉકેલ પ્રશ્નોની સોંપણી કરી મને ઉપર વર્ણવેલા મહાપુરુષોની હાજરીમાં મોટાઈ આપી એટલું જ નહિ પણ આગ્રહપૂર્વક મારી પાસે જીવનના અંત સુધી નાના મોટા પ્રશ્નોના ઉકેલ માટે ઉઘરાણી કરી મને મારી જવાબદારીઓ પ્રત્યે સદા જાગૃત રાખ્યો છે તે ઉપકાર હું ભૂલી શકતો નથી.

અને પછી તો અમારું મળવાનું ઈશ્વરે એવું ગોઠવ્યું કે અમારે મળ્યા વિના છૂટકો જ નહિ. કવિશ્રીની નાદુરસ્ત તબિયત–ટી. બી. ની બિમારીએ–અમરગઢની કે. જે. મહેતા ટી. બી. હોસ્પીટલની સ્પેશ્યલ રૂમ નં ૧ તેઓશ્રીનું બીજું મજાદર બની ગયું. મજાદરમાં તબિયત લથડે ને જીંથરી આવે, રહે ને સાજા થઈ જાય. જીંથરીના દેવલક્ષણા સેવા-મૂર્તિ ડૉકટરો અને સ્ટાફના સામાન્ય સભ્યો પણ ભગતબાપુની સેવા શુશ્રૂષા કરવામાં પોતાની જાતને ધન્ય ગણે અને ગૌરવ અનુભવે. વળી જ્યાં રામ ત્યાં અયોધ્યા. દેશના આગલી હરોળના રાજકીય, સામાજિક અને ધાર્મિક આગેવાનો ભગતબાપુની ખબરઅંતર પૂછવા આવે ને અમને બધાંને તેમના સંપર્કનો લાભ મળે. અમરગઢની પોસ્ટ ઑફિસમાં પણ દેશવિદેશની ટપાલોથી થેલો ઉભરાઈ જાય અને અમરગઢથી ભગતબાપુના રોજના ૨૫ કાગળો–સરેરાશ–પોસ્ટ ઑફિસ દ્વારા દેશ વિદેશમાં રવાના થાય. અમને ભગતબાપુનો ખૂબ લાભ મળે. અમે તેમના લાડકાં થઈ જઈએ અને અમને તે લાડ લડાવે, પાનો ચડાવે અને સામાજિક સેવાઓ કરવા માટે ઉત્સાહનો સાગર રેલાવે.

## કાવ્ય સરવાણી

સત્તર વર્ષની ઉમ્મરે ફૂટેલી કાવ્ય સરવાણી પછી અટકયા વગર કદી વેગથી, કદી મંથર ગતિએ વહેતી જ રહી છે. એણે અનેક એકતારાઓને સદા રણઝણતા રાખ્યા છે; અનેક સભાઓને કાવ્ય-ગીતથી ગુંજતી બનાવી છે ને અનેક રાત્રિઓને ભજનભાવથી પવિત્ર બનાવી છે. એ કવિતાએ પાષાણને પ્રફુલ્લાવ્યા છે. આપણે મોડા મોડા પણ ઘરઆંગણાના આ કવિતાસુવર્ણને પિછાણી શું કે હજી પણ કોઈ પરદેશી એનાં મૂલ મૂલવે ત્યાં સુધી રાહ જોઈશું ?

—જયભિખ્ખુ

# પવિત્ર સંભારણાં

**• મહંતશ્રી રામસ્વરૂપદાસજી ગુરુશ્રી શાંતિદાસજી મહારાજ સાહેબ**

**પરમ** કવિવર્ય શ્રીમાન દુલાભાઈ કાગશ્રીનાં પવિત્ર સંભારણાંઓ અનેક લોકોને માટે પરમ શ્રેય-પ્રદ તેમજ માર્ગદર્શક બની રહેશે, તેમાં લેશ માત્ર પણ શંકા નથી.

તેમનો પ્રથમ પરિચય અને મેળાપ મને શ્રી મેરુભાઈ મેઘાણંદભાઈ ગઢવી દ્વારા થયો હતો. પછી તો અવારનવાર મળવાનું થતું. તેમનો મારા પ્રત્યેનો સદ્‌ભાવ, પ્રેમ અપૂર્વ હતા. તેઓ એક પ્રખર લોક સાહિત્યકાર, કવિવર્ય તો હતા જ; પણ તેમની સદ્‌ધર્મ, ઈશ્વર, તથા સંત–મહાત્માઓ પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ તેમજ નિષ્ઠા તો ઓર જ હતાં. તેમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ તથા સ્વમાન, દેશ–જાતિ–સમાજ પ્રત્યેનું ગૌરવ ખૂબ જ ઉત્કૃષ્ટ હતાં. સૌથી વિશેષ તો તેઓ પરમ વિશુદ્ધ ભક્તાત્મા હતા અને ઈશ્વરપ્રેમમાં હંમેશાં તરબોળ રહેતા.

લગભગ પંદરેક વર્ષ પહેલાં તેઓ શ્રી અહીં જામનગર શ્રી કબીર આશ્રમમાં દર્શનાર્થે આવેલા, સાથે શ્રી મેરુભાઈ ગઢવી પણ હતા. જ્ઞાનચર્ચા ચાલી રહી હતી. તે પ્રસંગને અનુલક્ષીને સદ્‌ગુરુ કબીર પરમાત્માની કેટલીક સાખીઓ બોલતા તેઓ ગળગળા થઈ રડી પડયા હતા. અને થોડીક મિનિટો સુધી તો અવાક્ બનીને શરીરભાન પણ ભૂલી ગયા હતા. એવી હતી તેમની આંતરસ્થિતિ અને એવા હતા એ પરમ સંતહૃદયી લોકકવિ સમ્રાટ શ્રી દુલાભાઈ કાગ. આજે ભલે તેમનું પાર્થિવ શરીર નથી. પરંતુ તેમના આવાં તો અનેક સંભારણાંઓ અજરઅમર રહેશે કે જેના દ્વારા જનસમાજને પરમ શ્રેયસ્કર પ્રેરણાઓ મળતી રહેશે.

એ પરમ દિવ્ય આત્માને મારા આત્મભાવે અભિવાદન હો.

# સારસ્વત પુત્રો સૂઈ ન રહે

• શ્રી જયંતિલાલ ત્રિપાઠી

**શ્રી ભક્તવર** કાગ કવિશ્રી માટે કાંઈ પણ લખવું એ તો સુવર્ણને પુનઃ પીળો રંગ ચઢાવવા જેવું છે. સરસ્વતીની સુલભ કૃપાનું આપણા દેશ ઉપર દર્શન કરવાનું મન થાય તો અનેક વિદ્વાનોમાં કવિ કાગશ્રીનો સમાવેશ થાય જ.

વસ્તુના સ્વરૂપને સ્પર્શી, અતિશય સરલતાપૂર્વક ભાવની અભિવ્યક્તિ કરી પ્રાસાદ અને ઓજસ ગુણભરેલી મધુર સરવાણીનાં સર્વતોમુખી અભિવહન કવિવરની સિદ્ધ વાણીમાં નિરખવા મળતાં.

ચારણી વાઙમયને જો સુમૂર્ત કરવાનો યશ કોઈના પણ ફાળે જતો હોય તો તે કવિવરને ફાળે. એમને લેખિની લઈ આકાશના તારાઓ ગણવા ન પડતા અને છાપરાનાં નળીયાં ગણવાં ન પડતાં પરંતુ સ્વયં પ્રસૂતા કવિતા નિઃસ્યંદિની પ્રત્યેકના હૃદયને સ્પંદન દેતી. રઘુનંદન, યદુનંદન નંદયશોદા નંદનની ઝાંખી કરતી વાણી સાંભળતાં મનોનુરાગ સ્વાભાવિક રીતે જ ભગવાનમાં જાગૃત થતો.

કોઈ પણ રસને સ્પર્શીને બોલે. કોઈ પણ વિષયને સ્પર્શીને વર્ણવે ત્યારે તેના તલસ્પર્શથી તે શિખર સુધીના નિરૂપણમાં અખંડ રસધારા સચવાતી અને શ્રોતાના હૃદયને કેન્દ્રિત કરી લેતી.

"કવિત્વ અને વકતૃત્વ" બન્નેનો સુમેળ ભાગ્યે જ કયાંક સચવાય તે ઉભયનો સંગમ કવિશ્રીમાં જોવા મળતો. આમ છતાં વિદ્દાદર અને સૌમનસ્ય ગુણો તો તેઓના નિત્ય પડછાયા સમા સાથે જ રહેતા.

ડાકોરમાં પૂ. શ્રી મોહનદાસજી મહારાજશ્રીના જ્ઞાનસત્રમાં કવિવર અને સંતવર પૂ. શ્રી રવિશંકર દાદાની સાથે અમુક દિવસો સત્સંગમાં ગાળવાનું સૌભાગ્ય મળ્યું. યથા સમય તેઓ બન્ને તત્ત્વશીલ પુરુષો કથામાં બિરાજે અને ભગવદ્ ભાવમાં તન્મય બને.

આંખના પલકમાં પાંચેક દિ પસાર થયા. પૂ. દાદાને અનેક લોકસેવાનાં કાર્યોની વરણીમાં જવાનું એટલે એક 'દિના મધ્યાહ્ને પાટડી દરબારના અન્નક્ષેત્ર-માંના મારા ઉતારે તેઓ પધાર્યા. મધ્યાન્હનો ૨ વાગ્યાનો સમય હતો. મારા ખંડનાં દ્વાર બંધ હતાં. અંદર બેસીને ભાગવત ઉપર ગુજરાતીમાં ટીકા લખી વાણી વિશોધનમાં ડૂબેલ હતો. કોઈ બે વ્યક્તિઓ બહારથી વાત કરતી સંભળાઈ.

કવિવર બોલ્યા "દાદા, મહારાજ પોઢયા લાગે છે હોં !" કવિવરનો લયભર્યા કંઠની હલક મને સ્પર્શી ગઈ. દાદાએ ઉત્તર આપ્યો, "કાગકવિ ! મહારાજ મધ્યાહ્ને ના પોઢે. એ તો કાંઈ કામ કરતા હશે." કાગકવિ બોલ્યા : " પણ બાપુ દ્વાર બંધ છે આપણાથી કંઈ ખખડાવાય !" અને દાદા બોલ્યા. "પોઢયા હોય તો જાગશે."

કાગ બોલ્યા, "બાપલા, જગાડીએ તો પાપ ના લાગે ?" દાદાએ મર્મ વાકય કહ્યું. જાગવા જન્મેલા વિદ્વાન પોઢતા હોય એને જગાડીએ એ તો પુણ્ય કહેવાય." આ વાર્તાલાપ મેં આછો પાછો સાંભળ્યો. હું સમજ્યો નહીં. વળી આ બે જ્યોતિર્ધર સંતો હતા. મારી પાસે એવી કલ્પના પણ નહીં. પરંતુ લાગ્યું કે કોઈ મળવા આવેલ પાછા જતા રહેશે એટલે લેખિની અને ફલક લઈ ઉતાવળો દ્વારે દોડયો. દ્વાર ખાલી જ બંધ હતું. બહારથી દ્વારને ધકેલવું અને

અંદરથી ખોલવું એમ બન્ને સાથે બન્યું અને ત્રણ દૃ છ આંખો ભીની થઈ ગઈ. ક્ષણ મૌને ઘેરી લીધા.

દાદા બોલ્યા : “જુઓ, હું કહેતો હતો ને કે સારસ્વત પુત્રો સૂઈ ના રહે.” અને કવિશ્રી બોલ્યા : “દાદા ! સાચું છે, અમારે જાગતા રહેવું જોઈએ સરસ્વતીની સાધનામાં.”

આ પ્રસંગ પછી તો વારંવાર કવિવર કાગનો સહવાસ થયા જ કર્યો. છેલ્લા કવિશ્રી કાગની શ્રીમદ્ ભાગવત સપ્તાહશ્રવણની નિષ્ઠા હતી. પોતાના માદરે વતનમાં એ અવસર આવ્યો. આ અવસરે અસ્થિસંચિત કવિવરની કાયા નિહાળી. પરંતુ શરીરની પ્રત્યેક નસેનસમાં કવિશ્રીની ભક્તિનો રસ છલકાતો હતો. ક્યાંય નિરાશા નહીં. દેહ-કલેશની વ્યથા નહીં. ત્યારે લાગ્યું કે સરસ્વતીઉપાસના સફળ થઈ છે. ટૂંકમાં એક ભક્તહૃદય કવિવર કાગે ચારણી સાહિત્યને મૂર્તિમંત બનાવ્યું છે. એમની કાવ્યવાટિકા કાયમની સુવાસ છે. એ વાટિકા વિકસિત રહે એ કવિવરની નિત્યસ્તુતિ છે.

# નવપ્રયાણની પગલીઓ

‘સો સો વાતુંનો જાણનારો’ એ ભગતજીનું ગીત સાંભળ્યા પછી મારી આત્મપ્રતીતિ થઈ કે અમે કોઈ હજુ આ કવિની માફક ગાંધીજીવનની બારીક રેખાઓ લોકવાણીમાં પકડી શક્યા નથી. એની ખૂબી તો અનેરી જ છે.

ગ્રામવાણી, જેના પર અર્થઘનતા આણી ન શકવાનો સાક્ષરી આરોપ છે એ ગ્રામવાણી જેને નૂતન ભાવોનાં ઊંડાણો ભેદતાં નથી આવડતું એમ કહો છો એ ગ્રામવાણી અહીં પોતાનું અદ્‌ભુત સામર્થ્ય અજમાવી શકી છે.

ભગતજીની કવિતા નવા યુગના રંગોમાં ઝબોળાતી થકીય પોતાનું ઘટ્ટ, કઢાયેલું કાવ્યતત્ત્વ પાતળું પડવા દેતી નથી. એનાં ગીતોનો શબ્દમરોડ વધુ ને વધુ ચોટદાર, વધુ ને વધુ સંગીતમય, વધુ ને વધુ દ્રવતો બન્યો છે.

સોરઠા-દુહાઓ હરકોઈ પ્રભાતે, પહોર બપોરે અથવા ભાંગતી રાતે મરશિયારંગી ઢાળે નાખીને ભગતજી જ્યારે ગાતા હોય છે ત્યારે એમના કંઠમાં એકતારો મંડાઈ જાય છે. એ દુહાના ગાન ઊર્મિઓના કપાટ ખોલાવે છે. આત્માને જો કોઈ વાચા હોય તો તે આવી દુહા-ગીતની જ ટપકતી વાચા હજો !

દુલા ભગતની નવીન રચનાઓમાં નવ-પ્રયાણની પગલીઓ છે માટે હું એને સન્માનું છું. છતાં જૂનવટના સામર્થ્યનો સુમેળ આ નવીન સર્જનમાંથી એ ચૂક્યા નથી. માટે એ મારા વિશેષ અભિનંદનોની વસ્તુ છે.

(કાગવાણી ભાગ રની પ્રસ્તાવનામાંથી)

—ઝવેરચંદ મેઘાણી

# પ્રિયદર્શીને કોણ પરાયું?

• શ્રી નિરંજન વ્યાસ

**સ્નેહીભરી** નજરથી જોનાર સૌને ગમી જાય છે, મીઠી વાણી બોલનારને કોઈ પરાયું લાગતું નથી. અહીં એક આવા પ્રિયબોલા મહાનુભાવને સ્મરણાંજલિ અપાય છે, જેણે પોતાની વડાઈથી પોતાના કુળને, જ્ઞાતિ-સમાજને, પ્રદેશને અને સમસ્ત ભારત દેશને ગૌરવ અર્પ્યું છે. કોઈના તરફ કશા પક્ષપાત વગર સૌને એકધારી રીતે, પોતાના પ્રેમ-ભક્તિના નિર્મળ ગાનમાં ગુલતાન કરી નિર્ધારિત વિદાય મેળવી લીધી છે.

જેણે કોઈ વાડા કે સંપ્રદાય, વાદ કે પક્ષ, દેરી-ડેલી કે દેવડીના જ અનુયાયી નહીં બની રહેતાં, બહુજના હિત માટે, બહુજના સુખ માટે તટસ્થ ભાવે લોકસાહિત્યની-લોકગીતોની મશાલ ધરી છે. જેણે ગામડાના ધરધણીની ડેલીથી લઈ ને દિલ્હી દરબારના દીવાનખાના સુધી, એકસરખા ઉલ્લાસથી લોકગીતોની જમાવટ કરી સૌને રસ-તરબોળ કરેલ છે. નાનાં કે મોટાં, ગરીબ કે તવંગર; સાક્ષર કે નિરક્ષર, સૌ સાથે મિત્રતા કેળવી છે. સ્નેહ બાંધ્યો અને નિભાવ્યો છે. આદરમાન મેળવ્યાં અને આપ્યાં છે.

કોઈ પણ ચારણના દીકરાને દોહા અને છંદ જોડતાં કે બોલતાં આવડે એવી ઘણાંની સમજણ છે, માન્યતા છે. અહીં એક એવી વિરલ પ્રતિભાને યાદ કરીએ છીએ, જેની પાસે સરળ-સચોટ શૈલી છે. માર્મિક અને પ્રાસાદિક ભાષા છે. પ્રેમ-ભક્તિ, જ્ઞાન અને વ્યવહારકુશળતાથી રચેલાં લોકગીતો છે, જેણે ગુજરાતી લોક-સાહિત્યને વધુ સમૃદ્ધ બનાવ્યું છે. લોક-સાહિત્યના આધુનિક દૃષ્ટા સ્વ. શ્રી મેઘાણીભાઈ અને શ્રી પીંગળશીભાઈ પાતાભાઈની હરોળમાં જેણે ગૌરવભર્યો પ્રવેશ મેળવી લીધેલ છે.

ઊંચો, સ્થૂળ કે પાતળો નહીં તેવો સપ્રમાણ પ્રભાવશાળી દેહ, તેજસ્વી છતાં ભાવવિનમ્ર સાનમાં સમજાવે તેવી આંખો, કંઠમાં કાંસાની ઝાલર સમો મધુર-ગંભીર રણકાર, સ્વચ્છ સુગંધી તાજાં ફૂલ-ઝરતી છટાદાર વાણીની મીઠાશ, કાયમી એકસરખાં સાદાં સ્વચ્છ-સફેદ કપડાં અને મહર્ષિ જેવી લાંબી દાઢીથી સાત્ત્વિક ભાવે ઓપતા છતાં સંસાર-વ્યવહારના આટાપાટાના અચ્છા જાણભેદુ; જરૂર પડે તો ભલભલા ખેલાડીને રમાડી શકે તેવા હતા-સૌના સન્માનિત અને અને મારા આદરણીય ભક્ત કવિ શ્રી દુલાભાઈ "કાગ."

# કેટલાંક મીઠાં સ્મરણો

**• શ્રી ચિતરંજન રાજા**

**કવીશ્રી** દુલાભાઈ કાગ–ભગતબાપુ–એટલે હરતુંફરતું ચારણી સાહિત્ય. ડગલે પગલે સાહિત્યનું એક એક સંભારણું થાય. એમના નજીકના સંપર્કમાં આવનાર આવા સંભારણાથી એટલા સભર થાય કે લખવા બેસે તો સંભારણાની વિપુલતા જ એને હંફાવે. કયું સંભારણું લખવું અને કયું છોડવું ? દરેક પ્રસંગને એનું આગવું પોત. કયો પ્રસંગ ઓછો મહત્ત્વનો અને કયો વધુ મહત્ત્વનો એ નક્કી ન થઈ શકે. ભગતબાપુનાં સંભારણાં લખવા બેઠો છું ત્યારે હું પણ આવી જ મુસીબત અનુભવી રહ્યો છું.

સાલ તો યાદ નથી પણ એક વખત આકાશવાણી તરફથી અખિલ ભારતીય લોકસંગીત ઉપર એક સેમીનાર રાજકોટ મુકામે યોજાયેલ. દરેક પ્રાંતમાંથી આ વિષયના સંશોધકો અને વિદ્વાનો પોતાના નિબંધો વાંચવા આવેલા. પ્રસંગનું પ્રમુખપદ ભગતબાપુને સોંપાયેલું. સેમીનારમાં ભાગ લેનાર તામિલનાડુનાં એક બહેન જેઓ આ વિષયમાં પીએચ. ડી. હતાં, એમણે નિબંધ અંગ્રેજીમાં વાંચ્યો અને વસ્તુના સમર્થનમાં જ તામિલ ભાષાનું એક કવિત ગાયું. બાપુ ભાષા તો નહોતા સમજતા પણ આ કવિત ચારણી સાહિત્યનો એક છંદ જ લાગ્યો. તામિલ ભાષાને અને ડીંગળને કંઈ સંબંધ ખરો ? એ પ્રશ્ન પણ થયો. બાપુને તો આ કવિતમાં એક લઘુનો પણ ફરક લાગ્યો. બહેને જ્યારે પૂરૂં કર્યું ત્યારે ભગત–બાપુએ મારા મારફત એ બહેન પાસે ઉપલી વાત મૂકી. એ બહેનને આ વાત ગળે કેમ ઉતરે ? પણ ભગતબાપુએ કંઈ પણ દલીલ કર્યા વિના ચારણી છંદ ગાઈ બતાવ્યો અને પેલાં બહેનની ક્યાં ક્ષતિ થાય છે એ પણ સમજાવ્યું. ખૂબી તો એ છે કે એ બહેને એ ક્ષતિ કાઢી નાખી ગાયું ત્યારે એમને પોતાને પણ આશ્ચર્ય થયું. તામિલ ભાષાને ડીંગળ સાથે શું સંબંધ એ તો એક સંશોધનનો વિષય છે.

એક બીજો પ્રસંગ યાદ આવ્યો :

આકાશવાણી તરફથી જૂનાગઢથી લોકસાહિત્ય શાળામાં રેકોર્ડીંગ થતું. તેમાં હાજર રહેવું એ એક અનેરો લ્હાવો હતો. એક વાર ચારણી ભવાઈ ઉપર વાત નીકળી. બાપુએ રેકોર્ડીંગ ન કરવાની શરતે ઊભા થઈ જે હળવાશથી અને ભાવપૂર્ણ ગીતો ગાયાં એ આનંદ તો અવર્ણનીય છે.

એક વધારે પ્રસંગ યાદ આવે છે. બાપુ તો ગુજરાતી ભાષાના અને તેમાં પણ લોકકવિ એટલે રાષ્ટ્રીય ફલક ઉપર તેઓ અજાણ્યા રહી ગયેલા. ભાઈ શ્રી ઢેબરભાઈનું આ વાત ઉપર મેં ધ્યાન ખેંચ્યું કે રાષ્ટ્રીય કક્ષાએ કવિશ્રીનું સન્માન થવું જોઈએ. આ વાત ભાઈ શ્રી ઢેબરભાઈને ગળે ઉતરી. તેઓ એ વખતે ઓલ ઇંડિયા કોંગ્રેસ કચેરીના પ્રમુખ હતા. એમણે એ વખતના રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદને ત્યાં બાપુ પાસે રામાયણનો એક પ્રસંગ રજૂ કરાવેલો. બાપુએ એ પ્રસંગ તુલસીદાસજીની ચોપાઈ તેમજ ચારણ શૈલીમાં રજૂ કર્યો. પ્રસંગ હતો રામવનવાસનો જેમાં સીતાજીએ તો સાથે જવા સંમતી મેળવી લીધી પણ ઊર્મિલાને લક્ષ્મણે સંમતિ ન આપી. એટલે તેને પતિથી વિખૂટી પડી ઘેર બેસી રહેવું પડે છે. કવિશ્રીએ આ પ્રસંગનો ઉઠાવ એ રીતે કર્યો કે ત્યાગ કોનો વધે સીતાનો કે ઊર્મિલાનો ? પછી ઊર્મિલા

સાથે આત્મસાત થઈ પોતાની મેધાવી બાનીમાં ઊર્મિલાની મનોવેદના જે રીતે રજૂ કરી તેથી તો શ્રી રાજેન્દ્રબાબુની આંખોમાં ઝમઝમીમાં આવી ગયાં.

આવા અનેક પ્રસંગોના મીઠાં સ્મરણો આપણને આપી જનાર આપણી વચ્ચે નથી એ પણ એક સંભારણું જ છે ને! અલબત દુ;ખદ! ●

# સાચો દેવીપુત્ર

એમની શક્તિ, શુદ્ધ બુદ્ધિ તથા ઉદાત્ત ચરિત્રની મારા મન ઉપર ન ભૂંસાય તેવી આહ્લાદક છાપ પડી છે. મારી એ છાપનો જે સૂર મારા મનમાં ગૂંજે છે તે એ છે કે જિંદગીમાં મેં એક ખરા દેવીપુત્રનું દર્શન કર્યું.

અનેક આધુનિક કવિઓ એવા પણ છે કે જેની કવિતા વાંચી–સાંભળી હૃદય ગદગદ થઈ જાય અને રસાનુભવમાં તરતું લાગે. પરંતુ કાગની શક્તિ ઓર છે. એમની કવિતાનો પ્રાણ એમની સચ્ચાઈ અને યથાભાષી–તથાકારી, એ સૂત્રમાં રહેલો છે.

યથાભાષી–તથાકારીના આ ગુણે 'ભૂદાનમાળા'માં કાંઈક એવું તેજ મૂકયું છે કે કવિશ્રીની બીજી સંખ્યાબંધ આકર્ષક કૃતિઓ કરતાં પણ એ ચઢી જતી હોય એમ મને તો લાગ્યું છે. એક તો માત્ર ભૂતકાળ ઉપર નજર ન રાખતાં વર્તમાનકાળને પારખવો, એ જ અઘરું; અને વર્તમાનકાળને નજર સમક્ષ રાખ્યા છતાં એના ઘડવૈયા યોગ્ય પુરુષ તરફ શ્રદ્ધા વાળવી, એ તેથી ય અઘરું; અને શ્રદ્ધા વાળ્યા છતાં શ્રદ્ધા પ્રમાણે વર્તવું અને બોલવું, એ તો તેથી ય અઘરું. આ બધાં અઘરાં અને દુર્ગમ શિખરો કવિ કાગે સર કર્યાં, તેથી જ આ ભૂદાનમાળા એમની કૃતિઓમાં મૂર્ધન્યપદ પામી હોય એમ લાગે છે.

આ ચારણકવિએ પ્રકૃતિ અને જીવનના એકે એક ક્ષેત્રમાંથી કેટકેટલી વસ્તુઓ પકડી છે; અને એ વૃક્ષો, ગાડાં, વાડી, નદી, પર્વત, પક્ષી, આકાશ આદિ સૃષ્ટિનાં વિવિધ પાસાંને ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક આદિરૂપે લઈને અને એનાં પ્રતીકો યોજીને પોતાનું અમૂર્ત હાર્દ કેવી રીતે મૂર્ત કર્યું છે. પ્રતીકોનો આ એક અખૂટ ખજાનો છે. તેથી એ સાહિત્યિક જગતને સહાયક થવા ઉપરાંત લોકજીવનને નવી જ પ્રેરણા આપે તેવો પણ છે.

એમ લાગે છે કે આ કવિએ તો પ્રાચીન વારસાને બધી રીતે સાચવ્યો છે અને વધારામાં નવયુગનાં આવશ્યક બળો અને સંસ્કારો પણ ઝીલ્યા છે. તેથી એમનાં કવિતા–ગીતો સાંભળી રખે કોઈ માની લે કે એ ચારણકવિ માત્ર જૂનવાણી ચીલે ચાલનાર છે.

(કાગવાણી ભાગ ૬ ની પ્રસ્તાવનામાંથી)

—પંડિત સુખલાલજી

કવિશ્રી દુલા કાગ સ્મૃતિ-ગ્રંથ

# ભારતના લોકકવિ

• શતાવધાની જૈન યતિશ્રી જયંતમુનિ

**સ્વ. ભક્ત** કવિ દુલા કાગનો જન્મ સૌરાષ્ટ્રના નાનકડા ગામમાં થયો અને છતાં તેઓ વિરાટ ભારતના લોકકવિ બન્યા એટલું જ નહિ તેઓશ્રીએ પદ્મશ્રીની પદવી પ્રાપ્ત કરી. ભક્તકવિ દુલા કાગ લોકગીતો રચીને પોતાના સ્વકંઠે ગાઈને લોકહૈયામાં પોતે અપૂર્વ સ્થાન મેળવી અમર બન્યા છે.

સ્વ. ભક્ત કવિ દુલા કાગનો પરિચય લોકગીત ગાયક રતિકુમાર વ્યાસ મારફત થયો હતો તે પરિચય અંગત સ્વરૂપે બની ગયો હતો. તેઓશ્રીની તબિયત સારી હતી ત્યાં સુધી અમારું મિલન-અવાર નવાર થતું તેમજ પત્રવ્યવહાર પણ થતો. મારા ઉપર ખૂબ જ પ્રેમ હતો. જ્યારે મળીએ ત્યારે તેમની રસભરી વાતો સાંભળ્યા જ કરીએ તેમ થયા કરતું.

એક વખત એમણે પોતાના ગામ (મજાદર) આવવાનું મારી પાસેથી વચન લીધેલું, તે વાતને હું ભૂલી ગયો. થોડાંક વર્ષ નીકળી ગયાં. બે વર્ષ પહેલાં તેઓશ્રીએ વિસરાઈ ગયેલ વાતને યાદ કરી ને તે વચન પૂરૂં કરવા મજાદર ગયો. પરવશ શરીર થઈ ગયેલ છતાં મને ખાટલા ઉપર બેસાડી તેઓએ પોતાની ખુરસીને મારી બિલકુલ નજીક લાવી મને ભેટી પડયા. આ જ પ્રેમની સરવાણી આ લખતાં લખતાં મારી નજર સમક્ષ તરી આવે છે. તેઓશ્રીની મહેમાનગતી જોઈ તેમણે "આવકારો મીઠો આપજે"નું લોકગીત રચેલ છે તેટલું જ નહિ જીવનમાં ઉતારેલ છે તેવી ઝાંખી થયા વગર રહેતી નથી.

જૈન સાધુ જીવનમાંથી જૈન યતિ જીવનનું પરિવર્તન અનેક ઝંઝાવાતો ને બદનામ થઈ જવા સુધીના અનેક પ્રસંગો થયા છતાં તેઓશ્રીએ મારી ઉપર ઉદાર દૃષ્ટિ રાખી એ જ અખંડ પ્રેમ–સ્નેહ ને લાગણી રાખી કહેતા કે "તમે નિર્દોષ ને નીડર છો" તેઓશ્રીનાં લોકગીતો મારો કંઠ ન હોવા છતાં મને ગાવાનો ખૂબ જ શોખ. જ્યાં જ્યાં હું પ્રવચન કરવા જાઉં છું ત્યાં પ્રથમ પ્રવચનમાં "છાના કરીશ માં કામ"નું ગીત ભાવ સહિત વિસ્તારથી સમજાવું છું. "મારે સાધુ રે થવું છે જીવતર ખોવા માનવીના ધોવા મેલ રે...જી." આવાં અનેક લોકગીતોની રસલ્હાણ ચાતુર્માસ (પર્યુષણ)માં આપતો રહું છું. ભક્ત કવિ દુલા કાગ આ દેહને છોડી ગયા છતાં અક્ષરદેહે હરહંમેશ આપણી સાથે જ રહેશે ને લોકહૈયામાં ને લોકોના કંઠે ને કર્ણમાં ગુંજતા રહેશે.

**કર્મભૂમિમાં જન્મ લઈને જીવનમાં જીવી જાણ્યું**
**વિચારના અક્ષરદેહને કાવ્યરૂપે પ્રગટાવી જાણ્યું;—**
**દુર્લભ જીવન સાર્થક કીધું; લોકહૈયામાં વાસ કરી**
**લાગણીઓનો ધોધ વહાવી, કીર્તિ ફેલાવી સાવધરહી–**
**કાળને સ્વાધીન બનીને અમર નામના પ્રાપ્ત કરી**
**ગયા મૂકી તમે અમોને યાદી રહેશે હરઘડી.**

# આજ મને મોજ આવી છે

• કાન્તિભાઈ કારિયા

**મુંબઈમાં** મેઘાણીભાઈ અંગેના એક ગ્રંથનું ઉદ્‌ઘાટન હતું. આ વખતે બાપુના નામથી હું પરિચિત પણ અંગત રીતે મારે સંબંધ ન હતો. મને એ પ્રસંગમાં જવાનું આમંત્રણ હતું તેથી ગયો હતો. શ્રી ગગનવિહારી મહેતા પ્રમુખ હતા. એક પછી એક વક્તાઓ બોલતા હતા પણ કોઈને તેમાં રસ ન હતો, સૌ બાપુ સામે તાકી રહ્યા હતા. અને બાપુનો વારો આવ્યો : મેઘાણીભાઈએ ચારણી સાહિત્યની કરેલી સેવા અને ચારણી સાહિત્ય એ વિષે બાપુ એકધારું અસ્ખલિત બોલ્યા. આ વખતે દેશના મહાન કવિશ્રી મૈથિલીશરણ ગુપ્ત હાજર હતા. બાપુના વ્યક્તિત્વ ઉપર આખી સભા મંત્રમુગ્ધ થઈને ડોલી રહી હતી. અને જ્યાં બાપુએ પોતાનું બોલવું પૂરું કર્યું ત્યાં મૈથિલીશરણ ગુપ્ત ઊભા થયા અને બોલ્યા કે "આજ હું તૃપ્ત થયો. ઘણાં વર્ષની મારી ઇચ્છા ચારણી સાહિત્ય સાંભળવાની હતી, તે આજે દુલાભાઈ કાગે પૂરી કરી. અગર આવતે જન્મે અવતાર લેવાની પસંદગી મળશે તો હું ચારણને ઘેર અવતાર લેવાનું પસંદ કરીશ. ધન્ય છે દુલાભાઈ કાગની વાણીને, એના જ્ઞાનને, એના કંઠને, અને શૈલીને હું મારું મસ્તક નમાવું છું."

આ પછી બાપુના પરિચયમાં હું આવ્યો. તે છેલ્લા દશ વર્ષથી પરિચય છે. એટલું જ નહીં પણ ઘરોબો છે. રાજકોટમાં આવે ત્યારે મારે ત્યાં ઉતરતા, સાથે ડાયરો તો હોય જ અને બહારથી મળવા આવનાર પણ ઉભરાય. આખો દિવસ વાતો, વિનોદ અને હોકાના ગુડગુડાટ ચાલતા હોય. બહાર પણ જવાનું હોય, ઉજાગરો તો રોજે થાય જ. આથી મનમાં થાય કે બાપુ આટ આટલો શ્રમ લે છે છતાં આટલી તંદુરસ્તી અને તાજગી કઈ રીતે ભોગવી શકતા હશે ? તેનું રહસ્ય મારે ત્યાં રહ્યા ત્યારે આપોઆપ જાણી શકાયું કે અમારે ત્યાંના વસવાટમાં મારાં પત્ની હરખમાં આવીને જાતજાતની અને ભાતભાતની ખાવાની વાનગીઓ બનાવે. બાપુને પણ પોરસ થાય અને એને અન્નપૂર્ણા કહીને બોલાવે, ક્યારેક બિરદાવે પણ ખરા ! અને મારાં પત્ની પણ પાછું વાળીને જુએ નહીં અને ભાતભાતનાં ભોજન બનાવે. બાપુ જમવા બેસે. બધી જ વાનીઓ પીરસાય પણ બાપુને કોઈ પણ વાની ઉપર આસક્તિ નહિ. જોઈ જોઈને હરખાય પણ તેમાંથી એક કટકી જ ચાલે, પેટ ભરીને કદી પણ ખાતા મેં જોયાં નથી. બહુ આગ્રહ કરીએ ત્યારે કહેશે કે અમૃતનાં બે ટીપાં જ બસ છે. એનાં કૂંડા ભરીને થોડાં જ પીવાય બાપલા ? અને બીજાઓને આગ્રહ કરી કરીને જમાડે. બાપુ નખજમણા હતા અને આ જ હતું એમની તંદુરસ્તીનું રહસ્ય !

બાપુ રાજકોટ આવે ત્યારે અનેક માણસો મળવા આવે, તેમાં જાતજાતની અને ભાતભાતની રુચિ અને ઈચ્છાવાળાં આવે. બાપુ સૌને સંતોષે. આમ એમનો આખો દિવસ ચાલ્યો જાય, પણ અમારી સાથે વાત કરવાની એક મિનિટ પણ મળે નહિ.

એક રાત્રે પથારી કરી સૌ સૂતાં અને અમે બીજા દિવસની તૈયારીમાં રોકાયેલાં હતા ત્યાં આવીને કહે કે બધું કામ પડતું મેલો અને મારી પાસે આવીને બેસો. અમે તો ગયાં અને બાપુની સામે જ બેઠાં. બાપુએ વાતો શરૂ કરી. એકાદ

કલાક થયો હશે અને અમે બાપુને વિનંતિ કરી કે બાપુ આપ થાકી ગયા હશો. હવે આરામ કરો તો કહે કે જુઓ, હવે તમે મને વચમાં વચમાં આરામ બારામ કરવાનું કહેશો નહિ. આજ મને મોજ આવી છે. હું બોલું અને તમે સાંભળો. અને એમણે ચારણી સાહિત્ય શું છે, તેમાં કેટલું બળ છે, તેનું ઊંડાણ કેટલું છે તે બધું બતાવવાનું શરૂ કર્યું અને ગીતા–ભાગવત–મહાભારત–વેદ–પુરાણો અને તે માંહેની કથા–વાર્તાઓનાં રહસ્યો–કાવ્યોને આવરી લીધાં અને ખગ વાળી દીધો. અમે પણ તૃપ્ત થઈ ગયાં. આમ વાતો કરતાં કરતાં સવારનાં પાંચ વાગ્યા ત્યારે બાપુ કહે કે લાવો, દાતણપાણી. અમે કહ્યું કે બાપુ–આજ આપ ખૂબ જ થાકયા હશો. બેએક કલાક આરામ કરો તો કહે કે કાંતિભાઈ, આજ હું ખુશ છું. તમારી સાથે વાતો કરીને આજ હું 'ફ્રેશ' થઈ ગયો છું. બાપુ કયારેક કયારેક અંગ્રેજી શબ્દનો પ્રયોગ કરીને ખૂબ જ રમૂજ કરતા. આ બાબતનો કોઈને અણસાર આવી ગયો હશે ત્યારે બાપુને કહે "બાપુ! તમે આખી રાત કાંતિભાઈ સાથે વાતો કરી અને અમને કોઈને ઉઠાડયા પણ નહિ?" તો બાપુ કહે: "એઓ મારા માટે રાત ને દિવસ ઊભાં સુકાય છે અને મારાં દીકરી મને એવું ભોજન જમાડે છે અને ચા પાય છે કે મેં ભાગ્યે જ કયાંય એવો સ્વાદ લીધો છે તો મારી પાસે જે કાંઈ હોય તે આપવાની મોજ તો આવે ને? મને મોજ આવીને મેં પૂરી કરી. આજ હું ખૂબ જ આનંદમાં અને ફ્રેશ છું."

બાપુના બેનને આંખની તકલીફ. મેં કહ્યું, "બાપુ ચાલોને આપણે એમને વીરનગર લઈ જઈએ?" બાપુ પણ સહમત થયા અને બેનને અમે વીરનગર લઈ આવ્યા. ત્યાં અધ્વર્યુ સાહેબે બાપુનું સ્વાગત કર્યું અને બેન માટે બધી જ વ્યવસ્થા ગોઠવી આપી અને સાથો સાથ બાપુને રહેવા માટે પણ વ્યવસ્થા ગોઠવી. બાપુની ઈચ્છા રાજકોટ રહેવાની. અધ્વર્યુ સાહેબને એમ કે બાપુ અહીંયા રહે તો રોજ ને રોજ કંઈ ને કંઈ લાભ મળે. આમ એમણે પોતાની ઈચ્છા મારી પાસે વ્યક્ત કરી. મેં બાપુને કહ્યું તો બાપુ કહે "આજ તો રાજકોટ ચાલો પછી વિચાર કરશું." મારી પાસે વાહનની સગવડ હતી અને અમે રાજકોટ ગયા. રોજ રાજકોટથી આવજા કરીએ. એક વખત અધ્વર્યુ સાહેબે બાપુને સાંજની પ્રાર્થનામાં ભાગ લેવાનું અને ત્યાર બાદ રાત્રિ ભોજન માટે આમંત્રણ આપ્યું જે બાપુએ સ્વીકાર્યું. પણ વિનંતિ કરી કે તમે આ બાબતની જાહેરાત કરશો નહિ. અધ્વર્યુ સાહેબ કબૂલ થયા પણ એમ કંઈ સૂરજ છાબડે ઢાંકયો રહે? બાપુ વીરનગરમાં આવ્યા છે એવું જાણીને જ રોજ રોજ લોકો તપાસ કરતાં કે બાપુ કયારે લાભ આપવાના છે? આમ લાકડીયો તાર પહોંચ્યો અને સાંજથી જ લોકો આવવા લાગ્યાં.

રાત્રે પ્રાર્થના વખતે હોલ તો અકડેઠઠ ભરાઈ ગયો અને બહાર ચોગાનમાં માણસો ઉભરાવા લાગ્યાં. પ્રાર્થના થઈ અને અધ્વર્યુ સાહેબે બાપુને બે બોલ કહેવા અને અનુકૂળ હોય તો ભાગવત વિષે બે બોલ કહેવા માટે વિનંતિ કરી. બાપુએ બોલવાનું શરૂ કર્યું. બરાબર એક કલાક સુધી એમની અસ્ખલિત વાણીમાં પ્રવચન કર્યું. સાંભળનાર મંત્રમુગ્ધ થઈને સાંભળતા હતા અને રસમાં તરબોળ થતા હતાં અને બોલવાનું પૂરું થયું અને અધ્વર્યુ સાહેબ ઊભા થયા અને કહે કે "આજ દિવસ સુધીમાં ભાગવત અંગેનાં ઘણાં પ્રવચનો સાંભળ્યા છે, વાંચ્યું છે પણ બાપુ પાસેથી સાંભળીને ભાગવત શું છે તેનું રહસ્ય જાણ્યું તેવું કોઈની પાસેથી પણ જાણ્યું નથી. આજ હું કૃતાર્થ થયો. તૃપ્ત પણ." આમ અનેક દિવસનું સાટું બાપુએ એક જ દિવસમાં વાળી આપ્યું. આ પ્રેરણાથી પ્રેરાઈને અધ્વર્યુ સાહેબે એક વખત ઇચ્છા વ્યક્ત કરી કે

રાજકોટમાં દિવ્ય જીવન સંઘનું સંમેલન થવાનું છે તે પ્રસંગે બાપુ જો પધારે તો મને ગમશે. બાપુને આમંત્રણ આપવા હું ખાસ મજાદર ગયો અને બાપુએ એ આમંત્રણ સ્વીકાર્યું. અને બાપુને મજાદર જઈ તેડી લાવ્યો.

બાપુ સંમેલનમાં પધાર્યા. આ સંમેલનમાં પૂ. સ્વામીશ્રી ચીદાનંદજી મહારાજ પણ હાજર હતા અને બીજા અનેક સાધુ સંતો પણ હતા. જ્યાં માત્ર ધાર્મિક પ્રવચનો થતાં હતા ત્યારે મારા મનમાં વિચાર આવ્યો કે બાપુ આ બધા સાધુ-સંતોની વચ્ચે અને જ્યાં આ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની હાજરીમાં શું બોલશે ? ત્યાં તો બાપુને બોલવાની વિનંતી થઈ અને બાપુએ પોતાનું પ્રવચન શરૂ કર્યું અને ધર્મ એટલે શું ? એ વિષે એક કલાક બોલ્યા. શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈને સાંભળતા હતા અને કેટલાક તો આવું પ્રવચન સાંભળવા માટે ધન્યતા અનુભવતા હતા. બાપુએ પ્રવચન પૂરું કર્યું અને તરત જ પૂ સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ ઊભા થયા અને બોલ્યા કે "ઘણા વખતથી ચારણની વાણી સાંભળવાની ઇચ્છા હતી પણ મોકો મલતો ન હતો આજે ભગવાને એ ઇચ્છા પૂરી કરી. ધર્મ વિષે ગહન વિષય આવી સાવ સાદી અને સરળ ભાષામાં સમજાવવાનું વિરલ છે. જે આજ મેં કાગ બાપુ પાસેથી સાંભળ્યું. ધન્ય થયો. હું તો સાધુ મારી પાસે ધન દોલત તો નથી પણ મારા આ બે હાથ છે તેનાથી હુ આ દેવી પુત્રને પ્રણામ કરું છું. આજ હું કૃતાર્થ થયો."

આમ બાપુ કે જેને લોકોએ 'ભગતબાપુ'નું બિરુદ આપ્યું છે એની એક એક પળ સ્મરણિય છે. બાપુ સોરઠી સાહિત્ય અને તેમાંય ભક્તિ સાહિત્યના સાગર હતા, જેનો નિર્મળ પ્રવાહ રાતદિવસ અસ્ખલિત વહેતો રહ્યો હતો અને આબાલવૃદ્ધ-ભણેલાં-અભણ સૌ તૃપ્ત થતાં. એવાં ભગતબાપુનું લખેલું અને પુસ્તકોમાં સંઘરાયેલું તથા રેડિયોમાં બોલેલું સાહિત્ય પણ ચિરંજીવ છે, અમર છે એથી મહેંક્યા કરશે. આજ એમનાં સ્મૃતિ ગ્રંથો છે. જુઓને હમણાં જ બાપુના અવસાન બાદ અચાનક જ રેડિયો ખોલ્યો તો બાપુનો કંઠ સાંભળવા મળ્યો. જાણે ઘોર અંધારામાં વીજળીના ચમકારાથી એક મહામૂલું રત્ન હાથમાં આવી જાય એવો આનંદ થયો અને એમ જ લાગ્યું કે બાપુ હજુ જીવંત છે. એમના કંઠ અને કહેણીમાં અજબ મોહિની ભરેલી છે. મોર તો વર્ષા ઋતુમાં જ ટહુકે ત્યારે જ સાંભળનનાર મસ્ત બને ત્યારે ભગત બાપુ તો કોઈ પણ ઋતુમાં હજી બોલવાની શરૂઆત કરે ત્યાં જ શ્રોતાઓ આનંદવિભોર બની જતા. ઈશ્વરની એમને અનોખી અને મહામૂલી દેણ હતી એમની કલમ અને વાણીમાં ભક્તિ અને ભાવ હંમેશાં નિતરતાં જ હોય એવા સમર્થ બાપુનાં કયાં સંભારણાં સંભારવાં અને કયાં વિસારવાં એની મૂંઝવણનો તો જેને અનુભવ થાય તેને જ ખબર પડે !

મજાદરમાં એક વખત સૌ ડાયરો બેઠો હતો. અને હું પણ ત્યારે હાજર હતો. ત્યાં હાથમાં રાવણહથ્થો લઈને મારવાડી જેવી બે વ્યક્તિ ડેલીમાં દાખલ થઈ અને રામ રામ કરતાં ડાયરામાં બેઠી, બાપુએ પણ રામ રામ ઝીલ્યા. પાણી આપ્યું અને ખબર અંતર પૂછ્યા તો જાણવા મળ્યું કે, મારવાડથી આવે છે અને દેશાટન કરીને રાવણ-હથ્થા ઉપર ભજનો ગાતાં ગાતાં જીવન નિર્વાહ કરે છે. ભગતબાપુનું નામ સાંભળી અહીંયાં સુધી આવ્યા છીએ. બાપુએ રામભાઈને આ બે ભાઈઓને બે ધોતિયાં આપવા માટે કહ્યું અને અપાયાં પણ તે લેવાનું મન માને નહિ અને કહે કે બાપુ, આખું કુટુંબ છીએ, બૈરાં છોકરાવ સાથે છે આ બે ધોતી

કોણ પહેરે અને ન પહેરે ? સરોવરમાંથી પાણીનાં બે ખોબા લઈ જઈએ તો કોની તરસ છીપે બાપલા !

બાપુએ રામભાઈને કહ્યું : "આને છ ધોતી અને છ સાડીઓ આપો." આવનાર ખુશ થયા. પણ કહે કે બાપુ, ટાઢે ઠરીએ છીએ કંઈક ઓઢવાનું મળે તો કૃપા કરો. ત્યાં ડાયરામાંથી એકાદ જણ બોલી ઉઠયું કે બાપુ આ લોકો આ બધો માલ જેમ આવશે એમ વેચી નાંખશે. આ કપડાંનો કોઈ સદ્-ઉપયોગ થશે નહિ. ત્યાં વળી બાપુનો હુકમ છૂટયો કે રામભાઈ, એમને એક રજાઈ આપો. ત્યાં વળી કોઈ બોલ્યું કે બાપુ, બીજુ તો કંઈ નહિ આ રખડું ટોળી છે. અને આટલું કાપડ નવું અને રજાઈ નવી જોઈને તેના ઉપર વહેમ લાવશે અને હેરાન કરશે. ત્યાં તો બાપુનો પાછો હુકમ છુટયો કે રામ ! જાઓ પાદર જોઈ આવો. જેટલા જણ તેટલી રજાઈ અને બાળકોને ચાદર અને ખમીસનું કાપડ આપો. સૌ ચૂપ થયા અને છ રજાઈ, છ ચાદરો, છ ધોતી, છ સાડી અને ખમીસનું કપડું આપવામાં આવ્યાં. કાપડનો ઢગલો થયો અને બાપુએ લખી આપ્યું કે આ ભાઈઓ મારવાડના છે અને તેઓને મેં આ બધું નવું કાપડ તથા રજાઈઓ આપેલાં છે તો તેને કોઈ હેરાન ન કરે. આવનાર તૃપ્ત થઈ ગયાં અને એક કવિત બોલ્યા અને રાજી થતાં વિદાય થયા. બાપુની ઉદારતાને અમે સૌ વંદી રહ્યાં.

# સાધુતાની છાંટથી છંટાયેલું ગૃહસ્થનું કલેવર

'દુલા ભાયા કાગ' આ છ અક્ષરમાં સૌરાષ્ટ્રના એક ખમીરવંતા માનવીનું આખું નામ છપાયેલું માત્ર વંચાતું નથી; પણ એમાંથી સંભળાય છે, કાળજૂના સૌરાષ્ટ્રની સબળ અને સુકોમળ, મીઠી અને બુલંદ તથા ભવ્ય અને ભાતીગળ કવિતાનો હૈયાને હલાવતો એક અજબ રણકાર.

દુલાભાઈ એટલે સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ ચારણી સાહિત્યની એક સારીય સંસ્થા. દુલાભાઈ એટલે નકરી સજ્જનતાને વરેલી એક અણીશુદ્ધ કવિતા. દુલા કાગ એટલે સાધુતાની છાંટથી છંટાયલું એક ગૃહસ્થનું કલેવર. ભક્તકવિ દુલાભાઈ એટલે લાલિત્યનો ગજરો, કલાનો કટકો, સુગંધનો ટુકડો ને માનવતામાં મળેલી સરસતાનો એક રમણીય ફુવારો.

દુલાભાઈની કવિતાનું મૂલ્ય આંકવાનો પ્રયાસ કરવાનો અવસર જ્યારે સામે જ આવીને ઊભો છે, ત્યારે તેને વધાવવાને ખપતું 'વખતનું કંકુ' મને મળતું નથી. કાગવાણી ! ઓ કાગવાણી ! તને વધાવનારા બે શબ્દ જ્યારે ઊભા ઊભા જ આલેખી રહું છું, ત્યારે માત્ર એટલું જ લખીને પૂરું કરું કે ગુજરાતી સાહિત્ય તારા 'વિશ્વકર્મા'નું સદાય ઋણી હશે.

(કાગવાણી ભાગ ૩ની પ્રસ્તાવનામાંથી) —શામળદાસ ગાંધી

# સર્વ હિતકારી

• શ્રી અમરદાસ ખારાવાળા

**કીરતિ ભનિતી ભૂતિ ભલિ સોઈ**
**સુર સરિ સમ સબકર હિત હોઈ**

**કીર્તિ**, કાવ્ય અને ઐશ્વર્ય એ ત્રણેયની શ્રેષ્ઠતાની પરીક્ષા એકસરખી જ લેવાય છે, જે ગંગાજીના સમાન સર્વનું હિત કરે તો જ એ પાસ થયા ગણાય.

સબ કર હિત એમાં સર્વમાં વિદ્વાન અને સાધારણજનનો સમાવેશ થવો જોઈએ. ઘણા વિદ્વાન માણસોની કૃતિ એવી હોય છે જે સાધારણ જનસમૂહને સમજવા માટે મુશ્કેલ થઈ પડે છે.

ત્યારે શ્રી ભગતબાપુની કવિતા વિદ્વાન અને ગામડાના એક અદના માણસને આનંદ આપે એવી ગંગાના વહેણ જેવી વાણી છે.

એમનો પ્રથમ પરિચય લીંબડીમાં શ્રી ફતેહસિંહજી કાકા સાહેબના દરબારગઢમાં નવરાત્રી ઉત્સવ વખતે થયો.

એઓશ્રીની લોકસાહિત્ય માટેની પ્રચારલક્ષી દષ્ટિ અને અન્ય કવિઓની કૃતિ માટે ઉદાર વલણ જીવનભર યાદ આવશે.

કાર્યક્રમના બીજે દિવસે પોતાને ગમે તેવો થાક હોય તો પણ પોતે રાત્રે રજૂઆત કરેલા પોતાનાં કાવ્યો કે બીજા કવિના દુહા છંદ વગેરે ગમે ત્યારે ગમે એ કોઈ લખવા માગે ત્યારે એ વખતે તુર્ત જ લખી લેવાની અનુમતી આપી દે. આવી હતી એમની ઉદાર વૃતિ.

આજથી પચીશ વર્ષ પહેલાંનો સમય જરા જુદો હતો. 'મારી કવિતા, મારી વાર્તા, મારા બોલેલા દુહા બીજાને ન આવડવા જોઈએ.' આવા સંકુચિત કાળમાં એઓશ્રીએ જે લોકસાહિત્ય પ્રત્યે ઉદાર વલણ અપનાવ્યું હતું જે બીજે જોવા મળ્યું ન હતું.

ભાવનગર, લાઠી, લીંબડી વગેરે દરબારોના આતિથ્યમાં એ બિરાજતા હોય ત્યારે, અને અન્ય સન્માન સમારંભો, ડાયરાઓ કે પછી ધરધણીનો કાર્યક્રમ હોય એ દરેક સ્થળે એમના વર્તનમાં એકજ રંગ દેખાતો. એ જ બોલામણી, એ જ ભાવ, એ જ આદર !

લીંબડીના ઉત્સવમાં એક વખત કડીથી યોગી-સંત સંન્યાસી મહારાજ પધારેલા. એમણે ભગત–બાપુના કાવ્યથી પ્રભાવિત થઈ કહ્યું કે, ભગતબાપુ હજી એક ભજન સંભળાવો.

સંતની માગણીનો આદર કરીને તુરત સ્ટેજ પર આવ્યા અને પ્રેમથી ભજન ગાયું. પછી સ્વામીજીની પાસે જઈ વંદન કરીને કહ્યું : "આપના જેવા સંતોએ મને 'દુલા કાગ' કહેવો, ભગત કહેવો, પણ ભગતબાપુ સંબોધન કરો એ મને યોગ્ય લાગતું નથી." આવા નિરાભિમાની તેઓ હતા.

છેલ્લે જીંથરી મળ્યો ત્યારે તો કોઈ સંત જેમ સમસ્ત વાસનાઓને સંકેલીને ઈશ્વરના ચરણમાં ચિત્ત લગાવી બેસી જાય એવો ભાસ થયેલો.

બિલખા આનંદ આશ્રમમાં મારું રામાયણ પ્રવચન ચાલે, સવારમાં છાપામાં વાંચ્યું કે ભગતબાપુ ભગવાનના ધામમાં પધાર્યા. શ્રી જોબનપુત્રા સાહેબે અઠવાડિયા પહેલાં આવેલ બાપુનો પત્ર બતાવ્યો. તેમાં આગમ ભાખેલ કે 'સાંજ પડી ગઈ છે, પંખી ઊડવાની તૈયારીમાં છે. •



# અંજલિ

## ત્રિવિધ આશીર્વાદ

**આપણા** કવિવર દુલાભાઈ ભાયાભાઈ કાગ આટલા વહેલા ચાલ્યા જશે એવું સ્વપ્નમાં પણ ધાર્યું નહોતું.

તેમને ચારણજ્ઞાતિમાં જન્મ મળ્યો તે સાથે જે પરંપરાગત પ્રસાદી પરમાત્મા તરફથી મળી હતી તેને પોતાના જીવનમાં ઘણી ઉત્તમ રીતે વિકસાવી બતાવી હતી.

તે સાથે તેમણે પૂજ્ય રવિશંકર મહારાજ જેવા ગુરુવર્યની સત્સંગતિ દ્વારા જ્ઞાન અને દેશભક્તિનો લાભ મેળવ્યો હતો. સ્વ. મેઘાણીભાઈ જેવા મિત્ર-વરની મૈત્રીમાંથી પણ પોતાના જીવનમાં ઘણું કીમતી ભાતું મેળવ્યું હતું.

આ રીતે તેમણે ત્રિવિધ આશીર્વાદને જીવનમાં પચાવી તેના સારરૂપ મહામોંઘું કાવ્યામૃત ગુજરાતને આપ્યું છે.

સ્વ. દુલાભાઈ અવારનવાર અમારા આશ્રમમાં પધાર્યા હતા અને તેમના કંઠની પવિત્ર વાણી અમારી મંડળીને સંભળાવી ગયા છે, તે હજુ અમારા કાનમાં ગુંજ્યા કરે છે.

સ્વરાજ આશ્રમ —જુગતરામ દવે
**વેડછી**
તા. ૮-૪-૭૭

* * *

## મારી જીવન ઝંખનાનો વિસામો

પ્રિય ભાઈ રામભાઈ,

તું મને ધન્યવાદ દે તે તો હદ જ કહેવાયને? ચારણને નાતે પણ ન ચાલે. કારણ કે આપણો સંબંધ એવો છે. જગતે જોયેલ વિચારેલ એવી અમારે આંતરે ગાંઠ્યું હતી. ભગતબાપુ મને મિત્ર અને માર્ગદર્શકથી વિશેષ માનતા. પણ એના જતાં તમો પરિવારનો જ નહિ, અમારો પણ બાપ ગયો છે. મારી જીવન ઝંખનાનો એ વિસામો હતા.

૧૯૫૧માં ઘરખેડના પ્રશ્નથી અમે દરેક પ્રવૃત્તિમાં ભેગા હતા. પછી લોકસાહિત્યમાં, પછી વિદ્યાલયમાં, પછી ચારણ બોર્ડિંગના પ્રશ્ન, પછી નશાબંધીમાં, પછી ગુનો થઈ ગયો એવાઓને ગુના છોડાવીને મહારાજને પગે લગાડવામાં, પછી અમારી સામે જે કાંઈ નાના-મોટા પ્રશ્નો આવે તેના ઉકેલના પ્રવાસોમાં ખુનામરકી અને હદપારીના પ્રશ્ને પણ :

૩૦ વરસથી આ બધી વાતું મેં કદી પ્રગટ થવા નથી દીધી. હવે ન કહું તો ભગતબાપુનો આત્મા મને માફ ન કરે. એકબીજાના અંતરને ઠાલવવાની વસ્તુ તો જેમ એ ભેગા લઈ ગયા તેમ હું પણ ભેગી લઈ જઈશ. સમુદ્રમાં તરતા મહાકાય બરફના પહાડો સપાટી ઉપર તો માત્ર ટપકા જેવડા જ દેખાતા હોય છે. એમ જીવન-સાગરમાં તરતા બરફના પહાડોને જગત જોઈ શકતું નથી. એને જગતની પરવા નથી હોતી, પણ પ્રવૃત્તિ સંબંધી અમારી લાગણીઓ જરૂર વ્યક્ત થવા દઈશ.

મોટા ભાયા કાગથી કાગનું ખોરડું જાજરમાન ગણાતું આવ્યું છે. પણ અમારે તો ૧૯૩૫માં ભાવનગર નહિ જેવો પરિચય થયો. ૧૯૩૯માં રાણપુરથી એ સંબંધ વધતો ગયો. અમે ભૂગર્ભ પ્રવૃત્તિમાં ૧૯૪૨માં પડ્યા તે ઠેઠ ૧૯૫૭માં થોડો પત્રવહેવાર થયેલ. ૧૯૫૦માં 'ફૂલછાબ' સાપ્તાહિકનું સુકાન મેં સંભાળ્યું ત્યારથી છેલ્લી ઘડી સુધી એ વણાતો રહ્યો. કાળના ઓળાએ અમને આઘા ફેંકી દીધાથી એ આંતરગાંઠ ખેંચાઈને વધુ દઢ થઈ. જગત જોતું એ

સિવાયના અદીઠ આંતર પ્રવાહોમાં અમે ધુબકિયું દેતા રહેતા. ભાઈની પાછળ બેન પછડાટું ખાવામાં બાકી મેલે? મારાથી થાય તે ન કરું તો મારો જીવ મને જંપવા ન દે.

ડાબે પગે ને જમણે હાથે આર્થ્રાઈટીસને કારણે હું બહાર હરી ફરી શકતો નથી, એટલે નથી આવી શક્યો. કાગનું ખોરડું સુમેરૂ જેટલું ઊંચું રાખવું એ હવે તારા ઉપર આધાર રાખે છે.

રાજકોટ તા. ૧૩-૩-'૭૭ **—જયમલ્લ પરમાર**

* * *

## જીવનમુક્ત પુરુષ

સદ્‌ગત શ્રી ભગતબાપુ સાથે મારે ઘણા લાંબા સમયથી પરિચય હતો. જૂનાગઢ લોકસાહિત્ય વિદ્યાલયના પોતે પ્રમુખ હતા, જેથી વરસમાં ત્રણ ચાર વખત જૂનાગઢ પધારતા. એ વખતે બે ચાર દિવસ સાથે રહેતા. એકાદ દિવસ ભગવદ ગુરુ આશ્રમમાં ડાયરા સહિત ભોજન રખાતું. સૌ સાથે બેસીને જમતા, વાતો અને વિનોદનો આનંદ લેતા.

ઘણા લાંબા પરિચયે ભગતબાપુના જીવનમાંથી મને આટલું જાણવા મળ્યું છે કે પોતે જનકરાજાની માફક જીવનમુક્ત પુરુષ હતા. સુખ-દુઃખ, હાનિ-લાભ, નિંદા-સ્તુતિ આદિ દ્વંદ્વથી પોતે મુક્ત હતા, જેમ જનક વિદેહી એ "જોગ ભોગ મંહ રાખેઉ ગોઈ"-રાજવૈભવમાં રહ્યા છતાં ભોગમાં જોગને ગુપ્ત રાખતા હતા. તેવું જ સદ્‌ગત ભગતબાપુનું જીવન હતું.

**જોગ ભોગમેં ગોઈ કે રાખ્યો જનક સમાન,**
**ઐસે કવિવર કાગકે કરત સ્વર્ગ સુર ગાન.**
**લચ્છન સબ સ્થિતપ્રજ્ઞ કે મૈં દીખે કવિ માંય,**
**નિજ સ્વરૂપમેં મગ્ન હૈ અવિનાશી પદ પાય,**

કલોલ **—મહંત ત્રિકમદાસજી ભગવતદાસજી**

* * *

## સંસ્કૃતિના જ્યોતિર્ધર

"અહીંયાં મળવા આવેલ એક ગુજરાતી ભાઈ પાસેથી વાતચીત દરમિયાન શ્રી દુલાભાઈ કાગના અવસાનના દુઃખદ ખબર મળેલા.

ખરેખર આ સમાચારથી મને મર્માહત દુઃખ થયું છે. તમારા પરિવારમાં તો શોક છવાઈ જાય એ તો સાવ સ્વાભાવિક. પણ મારે મન તો પરિવાર કે એવી બીજી કોઈ સીમા શ્રી દુલાકાગનું વ્યક્તિત્વ કદીયે સીમિત કરી શકે નહિ. સમગ્ર ભારતવર્ષને-અદ્‌ભુત પ્રતિભાશાળી, તેજસ્વી, ઋષિતુલ્ય લોકકવિ શ્રી દુલા કાગની વસમી ખોટ કાયમને માટે સહન કરવાની રહેશે. મેં તેમને પરમ ભક્ત તરીકે જોયા છે એટલે તેમનો પરલોકગત આત્મા અભીષ્ટ લોકને પામશે-ઈશ્વરી રૂપ સાથે તદ્‌રૂપ થઈ જશે-એવો મારો દૃઢ વિશ્વાસ છે.

તેઓ આપણા દેશની અભિજાતિક સંસ્કૃતિના જ્યોતિર્ધર-પ્રતિનિધિ હતા. મારા જીવનમાં એવી ખૂબ અલ્પ સંખ્યક વ્યક્તિઓના સંપર્કમાં આવ્યો છું. પણ સૌથી વિશેષ તો તેમનું વિરાટ વ્યક્તિત્વ મારા હૃદયને સ્પર્શ કરે છે. ગંભીર અંતર્દૃષ્ટિ, એકાગ્ર ભગવદ્‌ભક્તિ, નિજસ્ય સંસ્કૃતિ ઉપર અખૂટ શ્રદ્ધા-પ્રીતિ-એવું વિરલ સદ્‌ગુણસંપન્ન વ્યક્તિત્વ ક્યાં સ્ફૂરેલું જોવા મળશે? તેઓ પોતે એક પ્રેમિક હતા. તેમના પ્રેમથી જ હું મુગ્ધ થયો છું.

પરમહંસ શ્રી રામકૃષ્ણ દેવ પ્રતિ તેમની કેવી ગંભીર ભક્તિ હતી, એ હકીકત તો ઘણાં ઓછા માણસોની જાણમાં છે. જ્યાં સુધી મને યાદ છે—એપ્રિલ-૧૯૬૭માં શ્રી રામકૃષ્ણ આશ્રમ-રાજકોટના વાર્ષિકોત્સવ-ઉપલક્ષ્યે આશ્રમના પ્રાંગણમાં શ્રી રામાયણ કથાનું તેમની અમૃતવર્ષી વાણીમાં ગાન કર્યું હતું-તેના ફલસ્વરૂપે સમસ્ત રાજકોટ શહેરના નાગરિકો ઉપર એ કથાની અસર થઈ હતી. ફરીથી તેમને આશ્રમમાં નિમંત્રણ આપીને એમની અમૃત કથાની લ્હાણ પીરસવા વારંવાર આગ્રહ થયો હતો. જ્યારે તેઓએ મારી પાસેથી સાંભળ્યું કે આશ્રમમાં જે સ્થળે તેમણે કથા કરી, તે જ જગ્યાએ શ્રી રામકૃષ્ણદેવનું મંદિર ઊભું થવાનું છે ત્યારે ભાવભીની વાણીમાં કહ્યું હતું, "એ મંદિરના જરૂરી પૈસાની ચિંતા કરશો નહિ. સ્વામીજી, મુંબઈ અને બીજાં સ્થળોએ ફરીને હું જાતે પૈસા એકઠા કરી આપીશ." પરંતુ પછી નાદુરસ્ત તબિયતને કારણે એ કાર્ય શક્ય ન બન્યું.

ફરી એક વાર આશ્રમમાં આવ્યા ત્યારે વિનંતી કરેલી : "તમે મારે ગામ આવો; મારું ઘર એક-વાર પાવન કરો." ૧૯૭૫ના પ્રારંભે પત્ર દ્વારા અવારનવાર લખવા લાગ્યા : "હજી સુધી તમારું વચન પૂરું નથી કર્યું ? તમારા પગલાં મારે ઘેર થયાં નથી-મારું શરીર અસ્વસ્થ છે...બહાર નીકળ-વાનું તો ક્યાંથી બને ? હવે તમે તમારું દીધેલું વચન જલદી પૂરું કરો..."

તેમના આવા આગ્રહથી મારું મન ચંચળ થઈ ઊઠયું. એક દિવસ હું આશ્રમના કેટલાક સાધુ-બ્રહ્મચારીઓને લઈને પોર્ટવિકટર પહોંચ્યો. અમે અચાનક પહોંચ્યાં-શ્રી રામભાઈ ઘરે નહોતા. અમને જોતાંવેંત જે આહ્‌લાદ અને આનંદ તેમના ચહેરા પર જોઈ શક્યો-એ હું શબ્દોમાં વ્યક્ત કરી શકું નહીં. એટલી ગભીરતા, એટલી આંતરિકતા, એટલી શ્રદ્ધા હતી-તેમના હૃદયમાં. તેમની એક વાત સારા જીવનભર હું યાદ કરીશ :

એક વાર ઓચિંતાં મને કહેવા લાગ્યા : "સ્વામીજી ! તમે કેટલા મોટા !"

"તમે આ શું બોલો છો ? હું કેવી રીતે મોટો ! ? ! હું તો શ્રીરામકૃષ્ણ-સંઘનો એક સામાન્ય સેવક-સંન્યાસી ?"

"ના, સ્વામીજી ! તમારું ઓઢણું મોટું !"

"તમે વાતનો ફોડ પાડો, તો કંઈ સમજાય...

વચ્ચેથી અટકાવીને મને કહેવા લાગ્યા :

"તમારું ઓઢણું-એટલે તમારી છત્રછાયા. એ છત્રછાયા શ્રી રામકૃષ્ણની. શ્રી રામકૃષ્ણનું ઓઢણું ઓઢયું એટલે તમેય એટલા મોટા-શ્રીરામકૃષ્ણની છત્રછાયા તો દુનિયાને સમાવી લે એટલી મોટી એટલે તમે નાના કેવી રીતે, સ્વામીજી ? -તમે ખૂબ ખૂબ મોટા."

એ સમયે શબ્દે શબ્દે નીતરતા ભાવ કરતાંયે તેમની ચમકી ઊઠેલી મુખાકૃતિના તેજ ને તરવરાટ, ઝળહળીયાં ભરેલા ચક્ષુના દર્શન થયાં-તે દિવસથી શ્રીરામકૃષ્ણદેવ પરના મારાં શ્રદ્ધા-ભક્તિ અનેક ગણાં વધી ગયાં છે.

સપ્રેમ નમસ્કાર સાથે,

રામકૃષ્ણ મઠ

બેલુર —સ્વામી આત્મસ્થાનંદ

૧૯-૪-૭૭

* * *

## કૌટુંબિક નાતો

કવિવર શ્રી દુલા ભાયા કાગનો અમારા કુટુંબ સાથેનો સંબંધ લગભગ ૪૦ વર્ષ રહ્યો. જ્યારે જ્યારે તેઓ મુંબઈ પધારતા ત્યારે અમારા મહા-લક્ષ્મીના દામોદર ભુવન નિવાસ સ્થાને રહેતા અને ત્યાં તેમનાં ગીતો, કાવ્યો, ભજનો અને લોકગીતોનો પ્રસાદ મળતો અને મારા કુંટુંબ માટે એ અમૂલ્ય

લ્હાવો હતો. તેમના રચેલાં ગીતો, ભજનો અને લોકગીતો એટલે સરસ્વતીદેવીનો સાક્ષાત્કાર. એમનાં ગીતો અને ભજનો આજે પણ અમારા કાનમાં ગુંજી રહ્યાં છે. એમનાં કાવ્યો એટલે માનવજીવનના તત્વ-જ્ઞાનનો નીચોડ અને ભજનો એટલે ભક્ત હૃદયના મંથનમાંથી નીકળેલું અમૃત. ચારણ સાહિત્યના મુગટસમા શ્રી દુલા ભાયા કાગનું સાહિત્ય ગુજરાતી સાહિત્યમાં સૌથી મોખરે રહેશે.

મુંબઈ —કૃષ્ણરાજ ઠાકરશી

સૌરાષ્ટ્રની જૂની પેઢીનો એક સિતારો ગયો. લોકસાહિત્ય અને સાહિત્યક્ષેત્રે ન પુરાય એવી ખોટ પડી. અનેક લોકોએ પોતાનો રાહબર ગુમાવ્યો. આપણે સૌએ છત્ર ગુમાવ્યું.

એમનું જીવન તો તેઓ ધન્ય કરી ગયા. નવી પેઢી માટે એમની સાધના-એમનું જીવન સદાય પ્રેરણા આપતા રહેશે.

જૂનાગઢ —રતુભાઈ અદાણી

* * *

શ્રધ્ધેય કવિશ્રી દુલાભાઈનું વ્યક્તિત્ત્વ બહુ જ અસાધારણ અને અનેક રીતે અનેરૂં હતું. આપ બહુ જ ભાગ્યશાળી છો કે એમનો અનેરો સંસ્કાર–વારસો આપને વંશપરમ્પરાગત રીતે સ્હેજે મળ્યો છે. એ 'ગુણવંતી ગુજરાત'નું પણ મોટું પરમ્પરાગત ભાગ્ય જ ગણાય. એ માટે હાર્દિક અભિનંદન !

વર્ધા —મદાલસા નારાયણ

**તા. ક.** આપનો ૨૫–૩–૭૭ નો વિસ્તૃત પત્ર પૂ. વિનોબાજીએ ધ્યાનથી વાંચ્યો છે, એમને મેં લખીને પૂછ્યું હતું કે 'ઈન્હે આપકે શુભાશીર્વાદ રૂપ પિતૃસ્મૃતિમેં કયા લિખા જાય?' તો માનસિક રૂપે એમણે ધ્યાનથી જ પોતાના મનોભાવ પહોંચાડેલ છે.

* * *

### ઉચ્ચ કક્ષાના કથાકાર

આમ તો સ્વ. શ્રી દુલાભાઈ કાગ સાથે મારો ઘણો નિકટનો સંબંધ ઘણા લાંબા સમયથી બંધાણો હતો અને એક વખત એમને સાંભળ્યા પછી, જ્યારે જ્યારે તેઓશ્રીની રસલહાણભરેલી અમૃતવાણી મને સાંભળવાનો મોકો મળતો ત્યારે એ માટે હું એમની સામે એકીટસે કલાકોના કલાકો સુધી બેસીને એક ચિત્તે એમના મુખેથી વહેતી શુદ્ધ ચારણી-ભાષામાં, અને વળી લોકસંગીતથી ભરપૂર, એવી અનેક જુદી જુદી કથાઓ પછી ભલેને તે રામાયણ-માંથી હોય કે મહાભારતમાંથી અગર કોઈ ઐતિ-હાસિક પ્રસંગ હોય, એમની પાસેથી એ બધી કથાઓ સાંભળીને હું મારા મનને તૃપ્ત કરતો. હું માનું છું કે આવી ઉચ્ચ કક્ષાના કથા–કીર્તનકાર ભાગ્યે જ બીજે સાંભળવા મળે. કથા સંભળાવવામાં એમની શૈલી અને ઢબ બહુ જ અનોખી હતી અને વર્ણન સચોટ રીતે કરવાની એમની શક્તિ તરી આવતી હતી. ગમે તે પ્રસંગે આપણે સાંભળતા હોઈએ, ત્યારે જાણે ખરેખર એ પ્રસંગ આપણી સામે દેખાતો હોય એવી એમની વર્ણન કરવાની અદ્દભુત શક્તિ હતી. તેઓશ્રી ખૂબ જ ઊંચે સાદે, એક જ શ્વાસે, થાકયા વિના, એમની સાદી અને સરળ કાઠીયાવાડી તળપદી ભાષામાં, ચારણી છંદો, દુહાઓ, શાયરી તેમજ સચોટ અને વ્યવહારુ દૃષ્ટાંતોથી ભરપૂર, અને લોકસંગીતને અંદર ગુંથી લઈને, જ્યારે કથા કહેવા બેસતા ત્યારે એમનો જુસ્સો અને ઉત્સાહ ખૂબ જ તરી આવતો હતો, એવે વખતે શ્રોતાઓને ત્યાંથી બિલકુલ ઉઠવાનું મન થતું જ નહિ.

તેઓશ્રી ઘણી વાર વડોદરામાં લક્ષ્મી વિલાસ પેલેસમાં આવતા ત્યારે હું એમની વાણી કલાકોના કલાકો સુધી એમની સામે બેસીને સાંભળ્યા જ કરતો–

બિલકુલ ધરાતો જ નહિ. મનમાં તો એમ થતું જ કે એમને સાંભળ્યાજ કરીએ–ત્યાંથી ખસીએ જ નહિ–એવી એમની વાણીમાં મીઠાશ ભરેલી હતી. તેઓશ્રી અમારે ત્યાં વડોદરામાં ઘણી વાર આવતા અને એમને સાંભળવાનું મને ખૂબ જ ગમતું અને એ માટે હું હંમેશા તત્પર હતો અને એમાં મને અત્યંત આનંદ આવતો. અવારનવાર તેઓશ્રી અમને પત્રો લખતા અને તેમાંયે પણ એમના અસંખ્ય પોસ્ટકાર્ડોની મને હજુ પણ યાદ આવે છે.

જાફરાબાદ પાસે આવેલા મજાદર ગામમાં તેમના નિવાસસ્થાને તેઓ એક સુંદર પર્ણકુટી ઢબની મઢુલી જેવા પોતાના મકાનમાં સાદાઈથી રહેતા અને હંમેશા પ્રસન્નચિત્તે અને ભક્તિભાવ ભરેલા શુદ્ધ વાતાવરણમાં આનંદથી રહેતા. ભલે એમનું ગામ સૌરાષ્ટ્રના છેવાડે હતું પણ એમને એકલવાયું લાગતું ન હતું કારણ કે એમના અંતિમકાળ સુધી ત્યાં લોકોની અવરજવર ચાલુ જ રહેતી. એમની અંતિમ ઈચ્છા ચારણી સાહિત્યનો જૂનો વારસો ચાલુ રહે અને દેવીપુત્રો આ વિદ્યાનો પૂરેપૂરો લાભ લે અને ભારત દેશની એક જૂની કળા છે તે ચાલુ રહે. એમણે ચાલુ કરેલ કાર્ય એમના વારસદારો ચાલુ રાખશે એવી મને આશા છે.

વડોદરા —ફતેસિંહરાવ ગાયકવાડ

* * *

ભગતબાપુની વિવિધ ક્ષેત્રે સેવા, તેમનું લોકસાહિત્ય અને તેમનો પ્રેમાળ સ્વભાવ સદાય અવિસ્મરણીય રહેશે.

તેઓના જવાથી સમસ્ત ગુજરાતે એક તજજ્ઞ લોકસાહિત્યકાર અને દેવીપુત્ર ગુમાવ્યા છે. આપણે તેઓશ્રીના ગુણોને જીવનમાં ઉતારી તેમનું ઋણ ચૂકવવું રહ્યું.

—લલ્લુભાઈ મો. શેઠ
મંત્રીશ્રી,
સાવરકુંડલા. ગુજરાત રાજ્ય

* * *

કાગબાપુના અવસાનથી ચારણ જ્ઞાતિને તથા ચારણી સાહિત્યને મોટી ખોટ પડી છે. તથા કાઠી, રજપુતોએ પોતાનો હિતચિંતક ગુમાવ્યો છે.

જસદણ. —શિવરાજકુમાર ખાચર
ધારાસભ્યશ્રી.

* * *

સૌરાષ્ટ્રના લોકસાહિત્યનું રાષ્ટ્રીય કવિ શ્રી મેઘાણીએ સંશોધન કર્યું અને તેમની પ્રણાલીએ રાષ્ટ્રીય રંગે રંગાયેલા કવિશ્રી દુલાભાઈએ તે કામ માત્ર આગળ ધપાવ્યું એટલું જ નહિ પણ તેમાં નવા રંગ પૂર્યા અને શોભાવ્યું.

બંને કવિઓએ સૌરાષ્ટ્રના લોકસાહિત્યને વાચા આપી અને એવા સ્વર, નાદ અને લયથી ગાયું કે સાંભળનારના કાનમાં હંમેશ ગુંજતું રહેશે. કવિશ્રી દુલાભાઈએ લોકસાહિત્યમાં રાષ્ટ્રીય રંગ પૂર્યો અને લોકોની રાષ્ટ્રીય ભાવનાને ઉન્નત બનાવી.

જામનગર કે. પી. શાહ

* * *

કવિ બાપુ જીવનમાં પ્રતિષ્ઠા અને સુવાસ મૂકતા ગયા છે. સૌરાષ્ટ્રના લોકસાહિત્યના ઇતિહાસમાં કવિ દુલા કાગનું નામ સુવર્ણ અક્ષરે અંકિત રહેશે. મુ. શ્રી. મેઘાણીભાઈને 'લોકસાહિત્ય'ના સંશોધનમાં તેમણે જે સાથ આપ્યો હતો તે ભૂલી શકાય તેવો નથી.

તેમની 'રાષ્ટ્ર ભક્તિ' અને 'લોકસાહિત્યની સેવા' અમર છે–અમર રહેશે.

મુંબઈ —**રતિલાલ શેઠ (જન્મભૂમિ)**

* * *

રાજવી કાળ, ગાંધીયુગ, રવિશંકર મહારાજ અને વિનોબાની અસરો, આજના સમયના ફેરફારો–બધું નિહાળ્યું. કવિ હૃદય પર તે સર્વની છાપ પડી અને કાવ્યો દ્વારા તે પ્રગટ થઈ. અમારા સર્વ પર તેઓશ્રી–સંસ્કાર, માનવતા, શુદ્ધ ભારતીયપણાના વિચારો મૂકતા ગયા છે. ગુજરાતી સાહિત્ય તેમનાં કાવ્યોથી સમૃદ્ધ બન્યું અને સુંદર સુવાસ ભક્તકવિ મૂકતા ગયા,

જૂની પેઢીનો તેજસ્વી તારો ખરી પડ્યો. પ્રેમાળ, ભક્તિપૂર્ણ હૃદય શોધ્યું પણ આજે મળે એવું નથી. ઊંડું દર્દ સહેવું રહ્યું.

માંડવા–ચાંદોદ —**નરેન્દ્રસિંહ મહીડા**
જિ. વડોદરા

* * *

મેઘાણીભાઈ જતાં કાગબાપુ એક જ એવી વિરલ વ્યક્તિ રહી હતી કે જેના થકી સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિની જાળવણી થઈ. આપણા લોકસંસ્કાર, લોકકલા અને લોકસાહિત્ય તેમના ભગીરથ યત્નો દ્વારા પ્રતિષ્ઠા પામ્યાં. તેમના જવાથી આજના યંત્ર યુગમાં એક વણપુરાયેલી ખોટ રહેશે.

ભવન્સ કલા કેન્દ્ર
મુંબઈ —**નિરૂપમા–અજિતભાઈ શેઠ**

* * *

તેમનો નશ્વર દેહ ભલે નાશ પામ્યો પણ તેમની કૃતિઓ અને લોકસાહિત્યમાં તેમણે આપેલા અમૂલ્ય ફાળા દ્વારા તેઓ સૌના દિલમાં અમર રહેશે.

અમદાવાદ —**શ્રીકૃષ્ણ અગ્રવાલ**

* * *

ચારણી સાહિત્ય અને લોકસાહિત્યના તેઓ મૂર્ધન્ય વિદ્વાન હતા. એમના બુલંદ કંઠ વડે એમણે લોકસાહિત્યને લોકજીવન સાથે અનુસંધિત કર્યું. આજના યુગમાં એમના જેવા પરમ સારસ્વત વિરલ વિભૂતિ ગણાય.

રાજકોટ —**ડૉ. ઈશ્વરલાલ ર. દવે**

* * *

## અહીં તો ગુણીજનો છે

આકાશવાણીના ટેપ રેકોર્ડિંગ માટે જૂનાગઢના ચારણી સાહિત્ય વિદ્યાલયમાં એક નાનકડો ડાયરો મળેલો. આજની શરૂઆત શ્રી મેરુભાભાઈ 'કસુંબીનો રંગ'થી કરે, એવો સૌનો આગ્રહ થતાં મેરુભાભાઈએ તે શરૂ કર્યું, જ્યાં 'બિસ્મીલ બેટા' વાળી કડી આવી ત્યાં ભગતબાપુએ વચમાંથી વેણ ઝડપી લીધુ અને કહ્યું કે 'બિસ્મીલ બેટા' એટલે કેવા? અને 'માતા તારો બેટડો આવે' એ ગીત શરૂ કર્યું. બપોરનું જમવાટાણું ક્યાં વહ્યું ગયું તેની ખબર રહી નહિ.

ડાયરામાંથી એક ભાઈએ પૂછ્યું : બાપુ, આવા તો તમે કયારેય નથી ખીલ્યા, આજ આમ કેમ? ત્યારે ભગતબાપુએ પોતાની માર્મિક વાણીમાં જવાબ આપેલ કે; ભાઈ, કોઈક જલસા કે સભામાં જઈએ અને ગાતા હોઈએ ત્યારે શ્રોતાઓની સામું જોઈને ગાવું પડે. કયારે તાળિયું પડે તેનો ભરોસો નહિ. સભા–જલસા માટે ઊભા કરેલ માંચડા અને ફાંસીના માંચડામાં કાંઈ ફરક નહિ. કયારે ગાળીયા પડે, પાટિયું ખસે ને ચઢી જવાય તે કહી શકાય નહિ! જાહેર કાર્યક્રમમાં આવું થાય. જ્યારે અહીં તો ગુણીજનો જ ભેગા થયા છે. સૌને ઊંડો રસ છે ત્યારે ન ખીલીએ તો કયારે ખીલીએ?

અમરેલી —**શશીકાન્ત ભટ્ટ**
તા. ૬–૪–૭૭

* * *

## સમર્થ વ્યક્તિ

પૂ. કાગબાપુના અવસાનના સમાચાર જાણી મને ઘણું દુ:ખ થયું. એમની સાથે મારે અનેક સ્મરણોથી ભરપૂર ગાઢ સંબંધ હતો. મારા સ્વ. પિતાશ્રીના પણ એ નિકટના પરિચિત હતા. હું દુલાભાઈને રેડિયોમાં ખેંચી લાવ્યો ને ઘણા કલાકોનું અમૂલ્ય રેકર્ડિંગ થયું તેનો મને ઘણો આનંદ છે. મારા આગ્રહને વશ થઈ દુલાભાઈ તૈયાર થયા, પ્રોગ્રામ કમિટીના મેમ્બર પણ થયા. આમ અનેક સુંદર સ્મરણો મારા હૃદયમાં છે.

તેઓ એક સમર્થ વ્યક્તિ હતા ને એમની કલા માટે મને ઘણું માન હતું. હવે એમની જગ્યા કોઈ લઈ શકે એવું નથી, એટલે એમની પ્રણાલિકા અત્યારે તો બંધ થઈ. તમારા માટે એ મહાન વારસો મૂકી ગયા છે. ને આશા છે કે તમો એ સાચવશો ને સમૃદ્ધ કરશો.

ઉના તા. ૩-૩-૭૭ **—બળવંતભાઈ ભટ્ટ**

* * *

વૈદિક ધર્મ પરંપરા અનુસાર ભગવાનના અંશથી જે જે વિભૂતિઓ ઉત્પન્ન થાય છે તે ખરેખર ઐશ્વર્યયુક્ત, કાન્તિયુક્ત, અને શક્તિયુક્ત વિભૂતિ હોય છે. ઈષ્ટની પ્રાપ્તિ વિના જ્ઞાનદાતાઓ પાસેથી જ્ઞાનપિપાસુઓને પણ જ્ઞાન મળતું નથી, અને મળે તો ટકતું નથી. એ પરંપરા અનુસાર કાકભુશુંડિના વિભુતિયુક્ત તત્ત્વની અભિવ્યક્તિરૂપે કાગબાપુ પ્રગટ થયા અને ચારણી શૈલીમાં શ્રીરામચરિતમાનસ કથાનું સમાજને અપ્રતિમ દર્શન કરાવી તિરોધાન થયા.

વઢવાણ **—અચુભાઈ ગઢવી**

* * *

સાહિત્યની દુનિયાએ એક સમર્થ વ્યક્તિત્વ ગુમાવ્યું છે.

સાણથળી **—પુંજાભાઈ**

* * *

સૌરાષ્ટ્રે નામાંકિત જૂની પેઢીના એક સજ્જન ગુમાવ્યા.

બગસરા **—ભાણાભાઈ દાદાભાઈ ગીડા**

* * *

પૂજ્ય ભગતબાપુનો સહવાસ તો મને ૩૦ કરતાંય વધુ વર્ષથી હતો. મને ૮૮મું ચાલે છે. મારી આંખની દૃષ્ટિ નથી, તેથી લખવું-વાંચવું બંધ છે.

મેઘાણી મારા વેવાઈ અને સ્નેહી, ઉપરાંત શ્રી રતુભાઈ અદાણીની સાથે રહીને સૌરાષ્ટ્રની ગ્રામ પંચાયતોનું કામ કરતો તે વખતે ભગતબાપુ તથા મેરૂભા સાથે અવારનવાર મળવાનું થતું. અમરેલી મારા હેમકુંજ બંગલે, તેમ જ રાજકોટના વીરાણી બ્લૉકમાં ઢેબરભાઈના સાંનિધ્યમાં ભગતબાપુના જે ડાયરાઓ ગોઠવાતા તેનાં ઘણાં સ્મરણો મનમાં છે, પણ તે કાગળ પર મૂકવા અશક્ત છું.

મુંબઈ **—ન્યાલચંદ મૂળચંદ શેઠ**

* * *

આપણા વિશાળ પરિવારના મહાન વડલાની શીતળ છાયા ગઈ.

પૂ. ભગતબાપુ ગુજરાતને લોકસાહિત્યનો અમર વારસો આપીને અમર બન્યા છે. તેમનો અવાજ ચિરંજીવ રહેશે. તેઓ દેહ રૂપે આપણી વચ્ચે નથી તો પણ મધુર સ્મૃતિ રૂપે એ ભક્ત કવિનો અવાજ હજારો હૈયાને શાંતિ, સુખ અને રસ આપ્યા કરશે.

શબરીવાડી **—રામનારાયણ ના. પાઠક**
વાળુકડ

* * *

સમસ્ત રાષ્ટ્રના એક પુણ્યવાન કવિ, સારસ્વત અને ગાયકના અવસાનથી માત્ર સૌરાષ્ટ્ર–ગુજરાતને જ નહીં પણ સમગ્ર દેશને ખોટ પડી છે. જે કાવ્યથી ઉલ્લાસ, જુસ્સો, પ્રેમ, લાગણી અને કરુણાના ભાવો નીતરે તેવી કવિતા પૂજ્ય શ્રી. ભગતબાપુના અવસાનથી રાંક બની છે.

સદ્‌ગતને સાચી અંજલિ તો તેઓશ્રીએ જે **સૌરાષ્ટ્ર**ની સંસ્કૃતિને નવો પ્રાણ અને નવો ધબકાર આપ્યો છે તેને ચીર:કાળ સુધી સાચવી રાખવાનો પ્રયાસ કરશો તે જ છે.

જુનાગઢ **—દિવ્યકાંત નાણાવટી**

* * *

પૂ. ભગતબાપુ સમય પારખવાની પોતાની અભૂતપૂર્વ વિચક્ષણ શક્તિને કારણે સમગ્ર સમાજને **પ્રગતિના** નૂતન રાજમાર્ગ પર ચાલવા પ્રેરણા આપી **શક્યા હતા. અમે** સ્વરાજ્યનાં ગીતો લલકારીને ગાંધી–વિનોબાના વિચારોને લોકભોગ્ય કવિતાના **માધ્યમ** દ્વારા જન સામાન્ય સુધી પહોંચાડયા હતા. તેમના જીવનની અનેક સિદ્ધિઓથી તથા તેમના ચિરંજીવ સાહિત્યથી તેઓ લોકમાનસ પર અમર રહેશે.

ગાંધીનગર **—ખોડીદાન ઝુલા**

* * *

'હાની–લાભ, જીવન–મરણ, જશ–અપજશ વિધિ **હાથ**'–એ ન્યાયે ઈશ્વરનો નિર્ણય સ્વીકાર્યેજ **છૂટકો**. રામાયણના આધારે લખું તો **અમુક** વ્યક્તિત્વની વિદાય રૂદન કરવા જેવી હોય છે, પરંતુ અફસોસ કરવા જેવી નહીં. અને એવું વ્યક્તિત્વ પૂ. બાપુ હતા. જેની વિદાયથી સમાજને અને સાહિત્યને–સંસ્કૃતિને અને આખા દેશને એક જબરદસ્ત ખોટ પડી છે.

તેમણે સૌને જે આપ્યું છે તે અપ્રતિમ છે. સમાજ અને દેશ એમનો સદૈવ ઋણી રહેશે. પૂ. બાપુ એમના સાહિત્યદેહથી સદાય અમર છે.

મહુવા **—મોરારીદાસ હરીયાણી**

* * *

અમે તેમનાં દર્શન ન કર્યાં હોવા છતાં અમારાં માટે તેઓશ્રી કુટુંબીજન જેવા જ હતા. આજથી ૨૦ વર્ષ પૂર્વે અમે બધાં–મા, બાપ, છોકરાં, દાદી સાથે બેસી પૂનામાં તેમનાં ભજનો ગાતાં. સૌરાષ્ટ્રના લોકસાહિત્ય પર તેઓ તેમની અમિટ છાપ મૂકતા ગયા છે.

ભાવનગર **—નિખિલ બક્ષી**

* * *

ભારતની જવાહરતમાંથી એક કિંમતી રત્ન ચાલ્યું ગયું. તેઓની ખોટ આખા દેશને જણાશે, કાગપરિવારને સવિશેષ.

પોરબંદર **—નટવરસિંહ**

* * *

માતા ભારતીએ એક લાડીલો અણમૂલો સપુત ગુમાવ્યો છે. સમગ્ર ચારણ જ્ઞાતિનુંએ એક મોઘું જવાહર હતું. **—માધુભાઈ દેવચંદ**

* * *

કવિશ્રી દુલા કાગ લોકસાહિત્યના અમૂલ્ય રત્ન હતા. તેમની વાણી અને રજૂઆતથી તેમણે અનેક શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. લોકસાહિત્યના ઉત્તમ ગાયકને ગુમાવતાં માત્ર ગુજરાત જ નહિ, પરંતુ સમગ્ર દેશ શોકની લાગણી અનુભવે છે. 'આકાશવાણી' સાથેનો તેમનો સંબંધ અને સહકાર હમેશાં સૌજન્યપૂર્ણ રહ્યો છે.

નવી દિલ્હી **—પી. સી. ચેટરજી**
ડાયરેક્ટર જનરલ
ઓલ ઈન્ડિયા રેડિયો

* * *

તેમની વાતો સાંભળી કોઈ અન્ય લોકમાં સ્વૈરવિહાર કરી આવ્યાનો આનંદ, મસ્તી અને સંતોષ મળતો. નાની-મોટી વાતોમાં પણ સાહિત્યના ગંજ ભરેલા હોય તેમ લાગતું. આજે તો દુકાળ પડી ગયો.

બીજા દુકાળ તો થોડો વખત ચાલે પણ આ દુકાળ તો યુગ યુગ સુધી ચાલશે. કોઈ દૈવી અમી-વર્ષા યુગોના અંતે થાય ત્યારે કદાચ દુકાળ ઓગળે.

તેમના મનની મોટાઈ અને છતાં નાના સાથે નાના થઈ કાલાંઘેલાં બોલી સૌનાં મન જીતવાની કળા અનોખી હતી.

સિહોર **—ભોગીલાલ લાલાણી**

* * *

કવિશ્રી દુલાભાઈ ભાયાભાઈ કાગ અવસાન પામ્યા એ 'મુંબઈ સમાચાર'માં વાંચી મનને અતિ દુઃખ થયું. કારણ કે હજી 'કાગવાણી'ના ભાગ ૧-૨ મારી પાસે છે. બીજા મંગાવવાની ત્રેવડમાં હતો ને મારા વહાલા ભક્તરાજ ચાલ્યા ગયા. જીવનમાં એક આશાનું કિરણ હતું કે ભક્તરાજનાં દર્શન કરવા મળે તો સારું જીવન ધન્ય ધન્ય થાય. પરંતુ મા અન્નપૂર્ણાને કબૂલ નહિ હોય.

**—પટેલ કાંતિલાલ ખેતાભાઈ ભોજાણી**

નાગપુર-૮

* * *

ભગતબાપુ વાત્સલ્યમૂર્તિ હતા.

ભગતબાપુ કાવ્યનું વહેતું નિર્ઝર હતા.

ભગતબાપુ સરસ્વતી માતાના પનોતા પુત્ર હતા.

ભગતબાપુ અંતરદષ્ટા હતા, અંતર્મુખી હતા.

ભગતબાપુ મહાન વિદ્વાન અને નમ્રતામૂર્તિ હતા.

ભગતબાપુ મહાકવિ, મહાભક્ત, મહામાનવ હતા.

મહેસાણા **—જી. ડી. વ્યાસ**

૬-૩-'૭૭

* * *

બાપુ ગયા તેથી તમને જ નહિ, સારી આલમને ખોટ પડી છે. મારા ઉપર બાપુનો અત્યંત પ્રેમ હતો. છેલ્લાં મળી ન શકયો એનો વસવસો જિંદગીભર રહેશે. હજી પરમ દિવસે જ બહારગામમાં વસતા મિત્રોમાં બાપુનું ગીત 'રાવણે રામનું રૂપ લીધું' એનો ભાવ હું સમજાવતો હતો અને માણતો હતો.

બાપુના જવાથી મારા જીવનનો એક સુંદર પ્રકાશ-કણ અદૃશ્ય થઈ ગયો. પણ હુંય હવે એંશીને આરે બેઠો છું એટલે એમને મળવા જવામાં બહુ વાર નહિ લાગે!

મુંબઈ **· ગિજુભાઈ કોટક**

૫-૩-૭૭

* * *

કાગ બાપુના નિધનથી ગુજરાતે એનો પ્રથમ કોટિનો ભક્તકવિ, લોકકવિ ખોયો છે. એ એમની ખોટ ન પૂરાય તેવી છે.

અમદાવાદ. **—દક્ષિણકુમાર જોષી અને ધૂમકેતુ પરિવારના સહુ**

* * *

તેમના જવાથી તમારા કુટુંબને જ નહિ, આપણા આખા સમાજને ભારે મોટી ખોટ પડી છે. તેમણે આપણા સાહિત્યની અને બીજી અનેક રીતે આપણા સમાજની સેવા કરી છે. અમારા જેવા લાખો લોકોના હૃદયમાં તેમનો અવાજ હંમેશને માટે ગુંજતો રહેશે. તેમણે આપેલો સાહિત્યવારસો તો અમર જ રહેશે.

કલકત્તા **—મંગળદાસ સંઘવી**

* * *

વરસોથી હું બાપુજીના દર્શન માટે ઝંખના કરતો હતો, તે ધૂળમાં મળી ગઈ. ગયા અઠવાડિયામાં લેસ્ટરથી ટપાલ હતી. તેમાં લખ્યું હતું કે તમો બાપુજીને જઈને મળી આવ્યા કે નહિ? પણ હું કિસ્મતનો જ ભાંગેલો એટલે કાંઈ થયું નહિ, અને મારી આશા મારા મનમાં રહી ગઈ. હું મરીશ ત્યાં સુધી મારાથી આ ભુલાશે નહિ.

વ્યારા **—છોટાલાલ**

* * *

હવે, અમુક વખત તો જાણે સૂનકાર વ્યાપી ગયા જેવું લાગશે. માત્ર તમને જ નહિ, પણ સમસ્ત લોકજીવનમાં જ્યાં જ્યાં તેમની અસર છે ત્યાં સર્વત્ર એવું લાગશે. પરંતુ ધીમે ધીમે એમની અપરંપાર સ્મૃતિઓ અને કૃતિઓ દ્વારા એમના જીવંત સંપર્કનો અનુભવ સૌ કોઈને થવા માંડશે. અને તેનો ઘણા લાંબા વખત સુધી પણ અંત નહિ આવે.

અમદાવાદ **—વજુભાઈ શાહ**

* * *

ચારણ જ્ઞાતિએ એક અમૂલ્ય રત્ન ગુમાવ્યું છે. તેમની જ્ઞાતિ પ્રત્યેની લાગણી અજોડ હતી. તેઓએ ચારણી સાહિત્ય અને લોકસાહિત્યમાં નવા પ્રાણ પૂર્યા છે.

બોટાદ **—વિજયકરણ કવિ**

* * *

બાપુ જતાં આપણી જ્ઞાતિનો મહાન સીતારો આથમી ગયો. એમના ઉગવા સાથે ચારણજાતિના ભાગ્યનો ઉદય થયેલો અને એમણે આથમવાની તૈયારી કરી ત્યાં ચારણજાતિની ઉન્નતિ પણ આથમી જવા લાગી. પૂ. આઈમા તથા ભગતબાપુ રૂપી સૂર્ય-ચંદ્રથી ચારણજાતિનું આકાશ સદા પ્રકાશિત રહેતું. અત્યારે તો ઘોર અંધારું થયું છે.

અને, એકલા ચારણો જ શું કામ? બીજા હજારો લાખોનાં હૃદયોને ડોલાવનાર, કરોડોના જીવનને સ્પર્શી જનાર એમની કવિતા દ્વારા અને એમની અનેકવિધ શક્તિઓ દ્વારા એમણે ભારતવર્ષની પ્રજાને જે આપ્યું છે, તે કોણ આપી શકે? એમને જતું રહેવું લાખોને દુઃખદાયક બન્યું છે.

કણેરી **—પિંગળશી પાયક**

* * *

સાહિત્યસૃષ્ટિનો ભાસ્કર અસ્ત થયો. જીવનભર મા સરસ્વતી ભગવતીની સંન્નિષ્ઠ સેવા કરી સાહિત્યના સર્વતોમુખી દ્રષ્ટા બન્યા. રામાયણ, મહાભારત અને ભાગવતની કઠિન કથાઓ શબ્દ ને સ્વરમાં સરળ બનાવી લોકકંઠે વહેતી કરી.

મુંબઈ **—દેવેન્દ્રવિજય**

* * *

સાચા અર્થમાં તેઓશ્રીએ લોકહૃદયમાં અમરતા પ્રાપ્ત કરી છે. તેમની વાણી એ જ સારાયે ગુજરાતની જનતા માટે હમેશનું મીઠું સંભારણું છે.

અમદાવાદ **—ઠાકોરભાઈ પી. અમીન**

* * *

ક = કવિ
વિ = વીર
દુ = દુહાનો રચનાર-ગાનાર
લાં = લાડીલો
ભા = ભાતીગળ જીવનવાળો
યા = યાદગાર ચારણ કવિ
કા = કામણગારો કંઠ ધરાવનાર
ગ = ગયો (સુવાસ પાથરીને)

મુંબઈ **—વજુભાઈ ઉપાધ્યાય**

* * *

ધૂળના ઢેફામાંથી અમૃત નીચોવી લોકહૈયે માના ધાવણની સરવાણીઓ વહાવી. અને જ્ઞાનીઓનાં જ્ઞાન લાજે—વામણાં દેખાય તેવી પ્રચંડ કલમ દ્વારા લોકોના હૃદયમાં શારડીઓ ફેરવતી જીવતી કવિતાઓ અમર કરી છે. કાગ બાપુને યોગ્ય અંજલિ તે જ ગણાય, જ્યારે આ લોકસાહિત્ય મનોરંજનમાંથી માના ધાવણ તરફ વળે !

મુંબઈ —**વિનોદ મહેતા**

* * *

'મૃત્યુ જેણે સ્વીકાર્યું નથી' એવી લોકવાણીના તેઓ ધૂરંધર પુરસ્કર્તા હતા. ચારણે વાણીને સાચવી છે. વાણીને સાચવનાર ચારણોની યાદી જ્યારે ઈતિહાસ કરશે ત્યારે ભગત શ્રી દુલાકાગનું નામ આગલી હરોળમાં મૂકશે.

મુંબઈ —**જયંતીલાલ દેવીદાસ પારેખ**

* * *

કવિશ્રી તો જીવનમાં ખાટી ગયા છે. તેમનાં કાવ્યો જ તેમને અમર રાખશે. તેમનું ગાયેલું કવિતા ગાવાવાળા તો ઘણા હશે–પણ સ્વયં સ્ફુરણાથી કવિતા કરવી અને તત્ત્વને રજૂ કરવાની તથા ગંભીર-લયબદ્ધ અવાજ સાંભળ્યા જ કરીએ, કદી થાકીએ નહીં, કંટાળો આવે જ નહીં–એવા વિભૂતિ જેવા કવિ આ જમાનામાં દુર્લભ થશે.

તેમણે તો જીવી જાણ્યું છે. આપણે આપણા સ્વાર્થને રડીએ છીએ.

મુંબઈ —**વૃજલાલ પ્રભુદાસ**

* * *

ગુજરાતના લોકલાડીલા અને ભારતભરમાં ખ્યાતિ પામેલા મહાકવિ અને લોકસાહિત્યના પ્રણેતા શ્રી. દુલાભાઈ કાગના અવસાનથી ગુજરાતે ખરેખર એક નરરત્ન ગુમાવ્યું છે.

ખરેખર મર્દાનગીના પ્રતીક સમા નીડર અને નિઃસ્વાર્થપણે જીવન જીવેલા સ્વ. દુલા કાગના અવસાનથી ધરા ગુર્જરીએ પોતાનો એક પનોતો પુત્ર ગુમાવ્યો છે.

સ્મૃતિ સાહિત્ય મંદિર —**પુરુષોત્તમ પી. પારેખ**
વીરાર ઓન. મેજીસ્ટ્રેટ

* * *

તેઓ પરમ મનનશીલ, તત્ત્વચિંતક તેમ જ પરમ વિચારક અને સર્વ પ્રિય લોકકવિ હતા. તેમની કવિતાઓ ભક્તિ, શૌય, સત્ય, નીતિ, કરુણા, ન્યાય તેમ જ રાષ્ટ્રપ્રેમસભર છે. તેમના અવસાનથી ભારત તેમ જ સૌરાષ્ટ્ર-ગુજરાતને જે ખોટ આવી પડી છે તે કદીયે પૂરાય તેમ નથી. તેઓ ભલે આજે આપણી વચ્ચે નથી પણ તેમની પરમ પ્રેરણામયી. કવિતાઓ તો આજે પણ આપણને સત્યમ્, શિવમ્ સુંદરમ્ તરફ જવા પ્રેરી રહી છે. તેમની લોકપ્રિય કવિતાઓ, ભજનો તેમ જ ભક્તિ અને રાષ્ટ્રગીતો અનંત કાલ સુધી માનવજાતિને પ્રેરણા આપતાં રહેશે. અને આ રીતે તેઓ સદાને માટે અમર રહેશે.

શ્રી. કબીર આશ્રમ —**મહંત રામસ્વરૂપદાસજી**
જામનગર ગુરુ શ્રી. શાંતિદાસજી મહારાજ સાહેબ.

* * *

નાનકડા ગામમાં રહી રાજ્યદ્વાર સુધી જેણે કીર્તિ મેળવી એવા સૌરાષ્ટ્રકેસરીના અવસાનથી આપણે બધા ગરીબ બન્યા છીએ.

મુંબઈ —**વેણીશંકર એમ. ઓઝા**

* * *

ભગત બાપુ તો કરુણા, દયા, સ્નેહ, સૌજન્ય અને સદ્ભાવસભર જીવન જીવી ગયા. તેઓ આપણા સમસ્ત દેશ અને વિદેશમાં પણ–જ્યાં ભારતીઓ વસે છે ત્યાં બધે, તેમના શુભ નામ અને કામની

કાયમી સુવાસ ફેલાવી ગયા છે. તેમના લોકભોગ્ય અને ગેય ગીતો જીવનના તલસ્પર્શી અનુભવની *ચાળણીમાંથી ગળાઈ–ગળાઈને ટપક્યાં છે,*

એક જ વ્યક્તિમાં કવિતા રચના, તેનું ગાન અને કથનનો વિરલ ત્રિવેણી સંગમ ગુજરાતને આંગણે વહેલ છે.

કોઈ એક જ વાદ, એક જ પક્ષ, અમુક ડેલી કે અમુક ડાયરાના જ મહેમાન બની રહેવાને બદલે, પોતે એકધારા સ્નેહ–આદરભાવને સતત સિંચન કરવામાં અડગ રહ્યા તે તેમના યશસ્વી જીવનની અણમોલ સિદ્ધિ છે.

ભાવનગર **—કાળીદાસ ત્રિભોવનદાસ વ્યાસ**
**—નિરંજન કાલીદાસ વ્યાસ**

* * *

બાપુ જોડે તેમનો સંબંધ ગાઢ હતો. એમનો પ્રભાવશાળી ચહેરો, વાત અને વાર્તા કરવાની રીત, ભાષામાંની લોકસંસ્કારિતા, એ બધાં અદ્‌ભુત હતાં. એમને ગાતાં સાંભળતાં નાદબ્રહ્મનો રણકો કાને પડતો હોય તેવું અનુભવાતું. ‘કુંભારનો ચાકડો, હજુય કાનમાં ગુંજે છે.

પોરબંદર **—સંતોકબહેન નાનજીભાઈ મહેતા**

* * *

આર્થિક રીતે કાયમ નબળી ચારણ જ્ઞાતિએ પૂ. સોનબાઈમાના અવસાનથી આધ્યાત્મિક આધાર અને કવિ કાગના અવસાનથી સાહિત્યનો મહાથંભ ખોયો. ઈતર સમાજને આપણું ગૌરવ સમજાવવા દેખાડી શકીએ એવું કાંઈ આ ચારણ જ્ઞાતિ પાસે હવે નથી, એટલી હદે અનાથ આ બે મૃત્યુથી બન્યા છીએ.

મુંબઈ ૨૩–૨–’૭૭ **—મનુભાઈ ગઢવી**

* * *

તેમના ભક્તિસાહિત્યના લાખો પ્રશંસકોમાંનો હું એક છું. તેમના જવાથી ગુજરાતી લોકસાહિત્ય *અને ખાસ કરીને ભક્તિસાહિત્ય ખૂબ ગરીબ* બન્યું છે. જેમના સાહિત્ય રસપાનથી રોમેરોમ પુલકાવલી વળે એવો ભડવીર ભક્તકવિ રાષ્ટ્રને મળવો મુશ્કેલ છે.

મુંબઈ **—એચ. વી. સોમૈયા**

* * *

**લોકસાહિત્યના અડાબીડ ટેકણહાર**

લોકસાહિત્યનો મોભ તૂટયો. આમેય આપણું લોકસાહિત્ય તૂટું તૂટું થઈ રહ્યું છે. ભગતબાપુ જેવા અડાબીડ એના ટેકણહાર બનીને ઊભા હતા. એ ટેકો હવે ગયો. લોકસાહિત્યનો ઈમલો કયાં સુધી ટકશે તે જોવાનું રહ્યું.

આમેય લોકસાહિત્ય નિરાધાર હતું. હવે નધણિયાતું બન્યું. લોકવાણી–લોકબોલીને હવે સભાઓમાં ને ડાયરામાં કોણ લાડ લડાવશે ? લોકસંસ્કૃતિનું ઊંડું અને મર્માળું દર્શન હવે કોણ કરાવશે ? લોકસંસ્કૃતિ વિકૃત થવા બેઠી છે. એને મોઢે, ચાડિયાના મોઢે ચડે એવા લપેડા બાઝવા લાગ્યા. ભગતબાપુ જેવા લોકસંસ્કૃતિના ધૂરંધરની એક પીંછી ફરતી ત્યાં એ લપેડા ઉખડી જતા અને લોકસંસ્કૃતિનું મોઢું જોવા જેવું લાગતું. હવે આ વિકૃતિને કોણ રોકશે ?

બાપુ ડાયરે બેસતા ત્યારે ડાયરાની વાણી સડેડાટ વહેતી, ગ્રામજનો હારે ગોઠડી માંડતા ત્યારે ગામઠી વાણી સોળે શણગાર સજીને રમણે ચડતી; વિદ્વાનોની સભામાં બાપુની વાણી આભને ટોડલે રમતી ને સાત પાતાળના તાગ મેળવતી; રજવાડી ચોતરે એમની વાણી અનેક આંટીઘૂંટી ઉકેલતી. મોટા મોટા મા’જન અને મોભીઓ વચ્ચે બાપુ

બેસતા ત્યારે એમની હૈયાસૂઝ–હૈયાઉકલત ભલભલાને આંજતી; બાપુ વાતડાહ્યા હતા, એમને બોલે બોલે વહાલપ વેરાતી. સૌને એ પોતાના કરી માનતા ને રાખતા.

આવા ભગતબાપુ હવે કયાંય ગોત્યા નહિ જડે. લોકસાહિત્ય નોધારું બન્યું ને આપણે બધા નિમાણાં બન્યાં.

બાપુ ગયા. ગોહિલવાડનો પ્રાણ ગયો. ડુંગર પરની દેરડી એ ટમટમતો દીવો રામ થયો, પોર્ટ વિકટરનો કાંઠો રંડાયો ને મજાદરની મજા રાંક બનીને વિકટરના દરિયે જઈને ડૂબી.

ભુજ —ચંદ્રકાન્ત ભટ્ટ

* * *

સૌરાષ્ટ્રધરાની ફોરમ સદાય મહેકતી રાખનાર એક ફૂલ કરમાઈ ગયું છે. તેમણે કરેલી અમૂલ્ય સેવા સમગ્ર સમાજ કદી પણ ભૂલશે નહિ.

ટીંબી —યુવક સેવા મંડળ

* * *

શ્રી દુલા બાપુ કાવ્યશકિત, ભકિત અને લોક-સાહિત્યના પુરસ્કર્તા હતા.

માંગરોળ —શારદાગ્રામ

* * *

## ઝળહળતું કવિરત્ન

કેવળ ગુજરાતને જ નહિ; પરંતુ સંપૂર્ણ ભારત દેશે એક ઝળહળતું કવિરત્ન, શ્રીશારદામાતાનો કૃપા-પાત્ર પ્રિય પુત્ર ગુમાવેલ છે. તેની ખોટ કદી પણ કોઈ પણ રીતે પુરાવાની નથી.

જામનગર —આણદાબાવા સેવા સંસ્થા

* * *

## ભયંકર વજ્રઘાત

જેમના થકી આખા ભારતનો સમાજ ઊજળો બન્યો તેવા શ્રી દુલાભાઈ કાગના અવસાનથી ચારણ સમાજ પર અંધકાર અને દુઃખનાં વાદળો છવાઈ ગયાં છે, સમાજ વધુ દરિદ્ર બન્યો છે. પૂજ્ય આઈ સોનલ માના અવસાન પછી આ ભયંકર વજ્રઘાત છે, જેની કળ વળતા ઘણાં વર્ષો લાગશે.

ચારણ સમાજમાંથી દૂષણો, કુરિવાજો અને અજ્ઞાનને દૂર કરવા તેઓ જિંદગીભર ઝઝૂમ્યા હતા. અને આજના યુગને અનુરૂપ સુધારા—વધારા કરી વાડાકીય ભેદભાવ મિટાવવા જે કાર્ય કર્યું છે, તેનું મૂલ્ય ચારણ સમાજના ઇતિહાસમાં કાયમના માટે સુવર્ણ અક્ષરે અંકિત રહેશે.

મુંબઈ —ચારણ મિત્ર મંડળ

* * *

## કલમ, કંઠ ને કહેણીનું કામણ

સદ્દગતે કલમ, કંઠ અને કહેણીના કામણથી ગુજરાતના લોકહૃદય જીતી લીધાં હતાં. એમણે લોકસાહિત્યની મૂલ્યવાન સેવા કરવા સાથે લોકકેળ-વણીનું મહત્ત્વનું કાર્ય કર્યું છે.

બોટાદ —બોટાદકર કોલેજ

* * *

## નીડર સલાહકાર

જીવનભર અયાચીપણું જેમણે પોતાનું જીવનવ્રત બનાવ્યું હતું, દારૂના દૈત્યને દેશવટો દેવા જેણે કમર કસી, કંઠ અને કવિતાથી જેણે ભારતના માનવી માનવીને ડોલાવ્યાં, એમના નિધનથી સરસ્વતીએ પોતાનો મહાન સપૂત, સૌરાષ્ટ્ર–ગુજરાતે પોતાનો લોકલાડીલો લોકસાહિત્યકાર અને ક્ષત્રિય–ગિરાસદાર

વર્ગે તેમના ભવ્ય ભૂતકાળ તરફ અંગુલિનિર્દેશ કરનાર સાચો ને નીડર સલાહકાર ગુમાવેલ છે.

રાજકોટ —**કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત** ગરાસિયા એસોસીએશન

* * *

**અજાચક ભક્તકવિ**

ભગતબાપુ દેવી સરસ્વતીના અણુએ અણુનો વારસો લઈને જન્મ્યા, જ્ઞાતિની અમીરાત પામ્યા, કુદરતના ખોળે સંસ્કારનું પાન કર્યું અને સંતોની સુવાસનું ચરણામૃત લઈને 'અજાચક ભક્તકવિ' ની અપૂર્વ લોચાહના પ્રાપ્ત કરી ગયા.

મોરબી —**શાશ્વતી: નાટ્ય, સંગીત, કલા સાધના મંડળ**

* * *

**કપરો આંચકો**

ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતના ભાતીગળ પોતને આગવી જબાનમાં મૂકી લોકહૈયામાં જીવંત બનાવનાર ચિંતક, લોકસાહિત્યકાર, સંત અને કવિ-પદ્મશ્રી દુલા ભાયા કાગના અવસાનથી ગુજરાતને કદીયે ન પૂરાય એવડી મોટી ખોટ પડી છે. આ આંચકો ગુજરાતના સંસ્કારજીવનને માટે જીરવવો કપરો છે.

અમદાવાદ —**વિવેકાનંદ કોલેજ**

* * *

છેલ્લાં બસો વર્ષમાં આવો પ્રતિભાશાળી ચારણ ઈતિહાસમાં જોવામાં આવતો નથી.

મૂળી —**મૂળીના ચારણ ભાઈઓ**

* * *

કવિશ્રી દુલા ભાયા કાગ લોકસાહિત્યના તેમ જ ચારણી સાહિત્યના મહાલયના આધારસ્થંભ હતા. એમનો બુલંદ ઘેરો અવાજ હજુ આપણા કાનમાં રણકી રહ્યો છે. કંઠ, કહેણી ને કાવ્યનો સમન્વય એમનામાં હતો. સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિને વિદ્વદ્જનો સમક્ષ એમણે રજૂ કરી લોકોના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ચારણી સાહિત્યને જીવંત રાખનાર એક યુગ જતો રહ્યો.

વલ્લભ વિદ્યાનગર —**સૌરાષ્ટ્ર સાંસ્કૃતિક મંડળ**

* * *

કવિશ્રી કાગે લગભગ અર્ધી સદીથીયે વધારે સમય સુધી ગુજરાતી લોકસાહિત્યની અનન્ય સેવા કરી, લુપ્તપ્રાય: સાંસ્કૃતિક વિરાસતના પુનર્જાગરણનું પુણ્ય-કાર્ય કરી ગુજરાતના સંસ્કૃતિ ઈતિહાસમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. લોકસંગીત, લોકકથા ને લોકકવિતાના વિસરાતા જતા વારસાની સાચવણી એમના જેવા અધિકારી સાહિત્યસંસ્કારસેવીને હાથે થવા પામી છે તે સૌરાષ્ટ્રની પરંપરામાં ચિરસ્મરણીય રહેશે.

જામનગર —**ડી. કે. વી. કોલેજના શોકદર્શક ઠરાવમાંથી**

* * *

સદ્‌ગતે આ પ્રદેશના પ્રજાજીવનની આબાદી અને પ્રગતિ માટે આપેલો અમૂલ્ય ફાળો હંમેશા યાદગાર રહેશે. આ શાળાઓ સાથે તેઓશ્રી સ્વજનના નાતે સંકળાયેલા હતા.

ડુંગર —**કુમાર શાળા/કન્યા શાળા**

* * *

લોકસાહિત્યકાર દુલા કાગના નિધનથી લોક-સાહિત્યને ઘણી મોટી ખોટ પડી છે. સદ્‌ગતે ચારણી સાહિત્ય દ્વારા લોકમાનસને જીવંત રાખવામાં બેનમૂન ફાળો આપ્યો છે. એ અર્થમાં તેઓ માત્ર સૌરાષ્ટ્રનું જ નહીં, પરંતુ ભારતભરનું મોંઘું રતન હતા.

આવા વિલસતા જીવન વિશે શો શોક કરવો ! એમનો આત્મા દિવ્ય ચેતનામાં ભળ્યો છે. અક્ષર દેહે તેઓ આપણી વચ્ચે ચિરંજીવ રહેશે.

અલિયાબાડા
જિ. જામનગર — **દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય**

* * *

સદ્દગતે ચારણી સાહિત્ય દ્વારા લોકમાનસને જીવંત રાખવામાં બેનમૂન ફાળો આપ્યો છે. એ અર્થમાં તેઓ માત્ર સૌરાષ્ટ્રનું જ નહિ પરંતુ સમગ્ર ભારતનું મોંઘું રતન હતા.

અલિયાબાડા **—ગંગાજળા વિદ્યાપીઠ પરિવાર**

* * *

ઝવેરચંદ મેઘાણી પછી લોકસાહિત્યના ઊંડા અભ્યાસી, મરમી અને સર્જક શ્રી કાગ બાપુ સાચા અર્થમાં ગાંધીવાદી હતા. તેમનું જીવન સરળ અને ધાર્મિક હતું. ગુજરાતને આવા લોકસાહિત્યકાર મળવા દુર્લભ છે. તેમનું સાહિત્ય વર્ષો સુધી લોક-સાહિત્યના સંશોધકો માટે ઉપયોગી નીવડશે.

મહુવા **—આર્ટ્સ-સાયન્સ કોલેજ**

* * *

પૂ. મહાત્મા ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજ જેવા સંત પુરુષો અને આપણા દેશના ઉચ્ચ કોટિના નેતાઓ પર પૂર્ણતઃ પ્રભાવ પાડનાર આપણા પૂ. ભગતબાપુ આપણા સમાજના એક મહાન પ્રતિભાશાળી, દૈવી કલ્પનાના કવિ અને દ્રષ્ટા હતા.

કચ્છ–માંડવી **—શ્રી લક્ષ્મણ રાગ ચારણ બોર્ડિંગ**

* * *

સ્વર્ગસ્થ દુલાભાઈ કાગ એક લોક-ગાયક, કવિ અને કલાકાર તરીકેની ચિરસ્મરણીય યાદનું ભાથું મૂકતા ગયા છે. જ્યાં સુધી ધરતી પર કવિતા અને કવિત્વનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી તેઓશ્રીની યાદની મહેક પ્રસરતી રહેશે.

મહુવા **— લાયન્સ કલબ મહુવા**

* * *

પૂજ્ય આઈમા તથા પૂજ્ય ભગતબાપુએ આપણી જ્ઞાતિ માટે કરેલ કાર્યોનું ઋણ આ જ્ઞાતિ ક્યારેય પણ ચૂકવી શકવાની નથી. પૂજ્ય આઈમા દેવ થયા પછી તેઓ આપણા સાચા માર્ગદર્શક હતા.


**—શ્રી સોનલ શક્તિ ગઢવી સમાજ**

આદિપુર (કચ્છ)

* * *

આકાશવાણી સાથે પૂજ્ય કાગબાપુનો ઘનિષ્ઠ ઘરોબો રહ્યો છે. આકાશવાણીએ રેકોર્ડ દ્વારા સાચવેલી એમની વાણી જનસમાજની મહામૂલી સંસ્કાર મૂડી બની રહેશે. એમની વિદાયે લોકસાહિત્ય રંક બન્યું છે અને અમે મુરબ્બી, મિત્ર અને માર્ગદર્શક ગુમાવ્યા છે. ગુજરાત અને રાષ્ટ્રના લોકસાહિત્યને એમના જવાથી ન પૂરાય તેવી ખોટ પડી છે. ગુજરાતનું લોકસાહિત્ય જ્યાં સુધી જીવશે ત્યાં સુધી તેમની યાદ ચિરંજીવ બનશે.

રાજકોટ **—કેન્દ્ર નિયામક**
**આકાશવાણી**



**કવિશ્રી દુલા કાગ સ્મૃતિ-ગ્રંથ**



## કાવ્યાંજલિ

# કાગ ટહુકી ગયો કાગવાણી

( ઝૂલણા )

ભારતી ભોમના, ગુર્જરી વ્યોમમાં, ચમકતો એક, ઊગ્યો સિતારો,
ધરા સૌરાષ્ટ્રની, ચમકતી રહી ને, ચમકતો કચ્છ કેરો કિનારો;
કળાયલ કંઠથી, કાગ દૂલા કવિ, લોકવાણી કરી રાજરાણી,
શારદા માતનો મધુરો મોરલો, કાગ ટહુકી ગયો કાગવાણી ...૧

કાગના વેશમાં, આજ આ દેશમાં, માનસરવર તણો હંસ આવ્યો,
મધુર ટહુકારથી, રાગ રણકારથી, ભલો તે સર્વને મન ભાવ્યો;
લોકના થોકમાં, લોક સાહિત્યની, મુક્ત મનથી કરી મુક્ત લહાણી,
શારદા માતનો, મધુરો મોરલો, કાગ ટહુકી ગયોનું કાગવાણી ...૨

કવિની અનેરી, કાવ્ય સેવા તણી, કેન્દ્ર રાજ્યે કરી કદરદાની,
'પદ્મશ્રી'ની નવાજેશથી, કવિની પરાભક્તિ પ્રતિભા પિછાણી;
દૂધ દીપાવિયું, કચ્છ-સૌરાષ્ટ્રનું, * તેં જ પરખાવિયું તેજ પાણી,
શારદા માતનો મધુરો મોરલો, કાગ ટહુકી ગયો, કાગવાણી ...૩

શ્વેત ને સાફ વસ્ત્રો મહીં વિચરતો, શુભ્ર ફરતો ફિરસ્તો ગયો ક્યાં ?
કમળની પાંખ શી, આંખ ભીની લઈ, આપ હસતો જ હસતો ગયો ક્યાં ?
શબ્દ સંગે સદા, ખેલતો ગેલતો, રેલતો પ્રેમનાં પૂર પાણી,
શારદા માતનો, મધુરો મોરલો, કાગ ટહુકી ગયો, કાગવાણી ...૪

સોરઠી સાદથી, મેઘના નાદથી, ગગનને ગજવનારો ગયો ક્યાં ?
પુરાતન ચારણી વાણીનાં અમોલાં, મૂલ મૂલવનારો ગયો ક્યાં ?
અમરતાને વરી, કાગ વાણી અને, કાગના રાગની રસ-કહાણી,
શારદા માતનો, મધુરો મોરલો, કાગ ટહુકી ગયો, કાગવાણી ...૫

* કવિ કાગના વડીલો કચ્છમાંથી સૌરાષ્ટ્રમાં આવેલા.

ભક્ત અવિભક્ત તું, રામના નામનો, રામાયણ તાહરે કંઠ રમતી,
મહા ભારત તણી, ભવ્યતા વીરતા, ધીરતા કંઠ કલ્લોલ કરતી,
રાગ રસરાજ બીજલ + તણે વારસે, ગીત સંગીતની રીત જાણી,
શારદા માતનો મધુરો મોરલો, કાગ ટહુકી ગયો, કાગવાણી ...૬

સંતની સાધના, ભક્તની ભાવના, નામની નામના, તેં જમાવી,
કાગ કવિરાજ તેં, કીર્તિના કોટ પર, કનકનો કળશ દીધો ચડાવી;
જુગોના જુગો વહી જાય, લૂંટાય ના, કવિ ! તારી અમોલી કમાણી,
શારદા માતનો, મધુરો મોરલો, કાગ ટહુકી ગયો, કાગવાણી ...૭

ગગનગામી ગિરિરાજ ગિરનાર શો, વ્યોમ સંગે વિહરતો હતો તું,
ધનુષ-ટંકાર શા, શબ્દ-ટંકારથી, કાવ્ય લલકાર કરતો હતો તું,
મૃત્યુને મારીને, જંગ જીતી ગયો, વીર ઉપડી ગયો, તંગ તાણી,
શારદા માતનો, મધુરો મોરલો, કાગ ટહુકી ગયો, કાગવાણી ...૮

અમદાવાદ

—દુલેરાય કારાણી

## સરી ગયા સંસારમાંથી

બાપુ, તમ વિના ઉજ્જડ અમારો બાગ,
બુઝાવે કોણ અમ હૃદયે લાગેલી આગ ?

સ્વર્ગભૂમિના હવે થયા આપ સેવક;
સરી ગયા સંસારમાંથી જોઇને લાગ.

ચિરંજીવી સ્મરણો જ રહ્યાં હવે આપનાં,
અને રહ્યા 'કાગવાણી'ના સાતે ભાગ.

ડુંગર

દિલીપ ભટ્ટ

+ કાગ કવિના વડીલ બીજલ ચારણે પોતાની સંગીત કળાથી જૂનાગઢના રા'દયાસનું માથું માગી લીધું હતું.

## મહાસાગર આજ સુકાઈ ગયો

(છંદ : દુર્મિલા)

જિન કંઠ અમીત ભર્યું હતું કામણ ગીત ખુબી ભર્યાં ગાઈ ગયો,
કંઈ યુક્તિ ભરી રચનાઓ કરી ખુદ પાન ખુમારીનાં પાઈ ગયો.
સૂર ચારણ જ્ઞાતિ મહીં પ્રગટ્યો પ્રસરાવી પ્રભા અથમાઈ ગયો
કવિ કાગ જતાં લોક સાહિત્યનો મહાસાગર આજ સુકાઈ ગયો. ૧...

હરતાં ફરતાં મધુરાગ સુણી ઢળતાં જન હેરી ઢુંગે વળતાં,
ઘંટનાદ સમા ઘુઘવાટ સુણી ચિતરાઈ જતાં ઢીંગલાં ધુણતાં.
નિરખી મન મોદ ભરી મૂરતી ગણ દેવ ગણી પગમાં પડતાં,
ગુજરાતનું ગીત અનાથ બન્યું, રવીનાથ સમો કવિ કાગ જતાં. ...૨

કંઈ શાસ્ત્ર પુરાણોની વાત કથી કથી વાતરૂ દાંપત્ય જીવનકી,
કથી દેશની દાઝરૂ વીર કથા કથી બ્રહ્મ કથા રઘુનંદનકી,
કથી ત્યાગરૂ ભક્તિ ભવેશ્વરકી કથી વીર કૃષિકાર નંદનકી.
કથી સોરઠના સત્કાર ભણી અનુરાગ ભરી સંત સજ્જનકી. ...૩

લખિયાં ગીત શારદ માત તણાં લખિયાં ગીત આદિયા શક્તિ તણાં.
લખિયાં ભવસાગરને તરવા મળવા પ્રભુમાં પ્રભુભક્તિ તણાં.
લખિયાં દિલ્હી દરબાર જઈ અપના ધ્વજના અરમાન તણા,
ભૂમિદાન તણા સન્માન તણાં અભિયાગતને અન્નદાન તણાં. ...૪

કહિયે કુલભૂષણ જન્મ ભયો યશભાગી મહા શુભ રાત મહીં,
વરસાવતો અમૃતની વરસા ઈક નાની શી વાતની વાત મહીં.
પ્રણવું મતિવાન પ્રરાક્રમી પૂરન સુકવિ ચારન જાત મહીં,
મળવો મુશ્કેલ છે કાગ સમો ગરવો નરવો ગુજરાત મહીં. ...૫

પ્રિય રાગ તણા રણકાર ગયા ગીત ત્રિકુટના જાણકાર ગયા,
દિલ ડાયરાના શણગાર ગયા જાણે પ્રાણ તણા ધબકાર ગયા.
અવકાશ ધ્વની પર ઝીલતા'તા નિત્ય હા મેરૂભા પડકાર ગયા,
કવિ કાગ જતાં સૌરાષ્ટ્ર તણા લોકસાહિત્યના લલકાર ગયા. ...૬

દિલકી દઢતા ગિરિ મેરૂ સમી હતી શીતળતા સુ હિમાલય સી,
ગહરાઈ સમંદર સાત સમી સમતા ગુરુદેવ દત્તાત્રય સી.
ખમકાર ગિરા કરતી વહતી રસધાર મંદાકિની કે પય સી,
કુલ ચારણમાં પ્રગટાવી પ્રભા કવિ કાગ સદા સૂર્યોદય સી. ...૭

નથી સૂર કબીર કવિ તુલસી નથી ઈસર કે રવિ ભાણગુરુ,
નરસિંહ મીરાં કે મેઘાણી નથી નથી જીવણ કાન્ત કલાપી અરુ.
નથી આમ એ કોઈ સદેહે ભલે છતાં છે નિત્ય અક્ષર દેહ ધરી,
વિશ્વાસ છે "પિંગલા" કાગ બધે મળશે જુઓ ગામહી ગામહી ફરી.

જામનગર —**પિંગળશી મેઘાણંદ ગઢવી**

## રૂઠી જ્યાં વિધાતા

"કંઠ ગયો કહેણી ગઈ, ગયા છત્રીસ રાગ
અધવચ મૂકી એકલા, કયાં સંતાયા કાગ."
સત સંગ અને રંગ ભક્તિ તણા, જ્યાં તંબુર તારે તોળાતા,
છંદ સવઈ ને છપ્પયનાં રોજ, કાવ્ય કસુંબાં ઘોળાતા.
આંગણીએ આવકાર તણા, સુર હજીય છે સંભળાતાં,
કયાં જઈને નાખી એ ધાવ કે કરીએ રાવ–રૂઠી જ્યાં વિધાતા.
અજબ રચના રામ તણી–એમ ગાતી રસના આજ રડે,
સીતા હરણ કે હરણકશીપુનાં આજે થડડડ થંભી ગડે.
શક પડે છે મનમાંય હજી મને–વેણ હજુ નથી વિસરાતા,
કયાં જઈને નાખીએ ધાવ કે કરીએ રાવ–રૂઠી જ્યાં વિધાતા.
મોતીદામ, ચર્ચરી, સારસી–રેણાંકિ–ત્રોટક સૌ રડતાં,
ડીંગળ, પીંગળ–દુહા સોરઠા–હાલ્યા કેમ મૂકી પડતાં.
કોણે ધડયા ભગવાન–ભલા આ જીવનમરણ કેરા નાતા?
કયાં જઈને નાખીએ ધાવ કે કરીએ રાવ–રૂઠી જ્યાં વિધાતા–
અમ અંતર કેરી અંજળીયું, આજ આંખડીયુંમાં ઉભરાતી,
મૂકી કોયલ મોરનાં કંઠ, રહેશે 'કાગવાણી' દુનિયા ગાતી.
કળા છે અપરંપાર આ 'કેશવ' ભેદ નથી કંઈ સમજાતા,
કયાં જઈને નાખીએ ધાવ કે કરીએ રાવ રૂઠી જ્યાં વિધાતા.

—કેશવ રાઠોડ

## કાગ વીશી

[કેટલાક પિતૃ કે માતૃભકતો પોતાના માવતરની હયાતિમાં 'જીવતું જગતિયું' કરે એવી ભાવનાથી પ્રેરાઈને ભાઈ મીઠાભાઈ પરસાણાએ બાપુને સંબોધીને '૭૫ના સપ્ટેમ્બરમાં મરશિયા લખીને બાપુને મોકલેલ. જે અહીં રજૂ કર્યા છે]

### દુહા

ભજન દુહા ને છંદનો, મધમધતો તુજ બાગ;
કૈંક ભ્રમર ગુંજન કરે, તુજ કુંજે ઓ કાગ.

પટણીથી પાટે ચડયો, કૃષ્ણે બંધવી પાગ;
મેઘાણીએ મોંઘો કર્યો, તને હો દુલા કાગ.

જગમાં કોઈ ન માનતું, ભગત હોવે બગ કાગ;
(પણ) કળિયુગમાં તું અવતર્યો, હે ભુપંડી કાગ.

આંખો જ્યારે માંડતો, પ્રશાંત પાણીદાર,
વશીકરણથી બાંધતો લોકો લાખ હજાર.

વિદ્વાનો ને લેખકો નમે કલમ તુજ આજ,
આફ્રીન તુજ ઉપર સહુ જે સંભાળે તાજ.

દુનિયા ડોલાવી રચી કાગવાણીના ભાગ,
બુઢાં નાનાં બાળ સહુ ગાય રસીલા રાગ.

વંકી તારી પાઘડી ને વંકા તારાં વેણ,
કુટલને તેં ધગધગાવી માર્યાં પાકાં રેણ.

હણવા દારૂ દૈત્યને તેં લલકાર્યા ફાગ,
જળ મેલ્યા બંધાણીએ તુજ સમીપે કાગ.

ચારણ ધારણ કેમ ધરે હાલ્યો ઘરનો મોભ,
તું વિણ આડો કોણ દીએ, દખને આભે થોભ ?

તું ચારણનો દેવતા ચારણ માટે માગ,
તેં તેને ઉંચા લીધા ભલે હો દુલા કાગ.

મક્કમ ડગલાં માંડતો, નિર્ણય લઈ તત્કાળ,
તારૂં ઉથાપે નહિ ચારણનો કોઈ બાળ.

ગાયો ચારી બે જણે કાનુડો ને કાગ,
એકે લીધી બંસરી, બીજે છેડયો રાગ.

દીન દયાળુ વાસમાં દીવો કરી તું જાગ,
ગડથોલાં લેનારને દોર્યાં અંધારે કાગ.
ખળખળ વહેતાં વહેણ સમ મેં ગંભીરો નાદ,
ચપટીએ ચેટક કરી, (કયાં) ગયો લગાડી સ્વાદ ?
આકાશવાણીએ ઉચ્ચર્યો લોકકવનના રાગ,
રામાયણ રમતી કરી તેં ભુષંડી કાગ.
તારા એ રસથાળમાં નવ રસ સ્વાદ અથાગ,
જમનારા નરવા કર્યા, હે તેં દુલ્લા કાગ.
તારાં ગીત કવિતથી રહી લોકભાષાની લાજ,
લોકગીતોના ડાયરા, સુના પડી ગ્યા આજ.
સૌને લઈ સત્કારતો (લઈ) ભૂજપાશના લાગ,
પાણ પાયાં ખમીરના અહો તેં દુલા કાગ.
જગને દેતાં શીખવ્યો ભાવ ધરીને ભાગ,
ટેલીયો વિનોબા તણો કહું તને હું કાગ.
રાય રંક રાજી કર્યા ગાઈ સુરીલા રાગ,
હાડ નીચોવી હાલીયો હવે તું દુલ્લા કાગ

રાજકોટ —મીઠાભાઈ પરસાણા

## કવિ કાગને શ્રદ્ધાંજલિ

કાળા રંગે કાગડા, કામણ કર્યા કમાલ
શબ્દે આવ્યો શામળો, વેણે કુટયા વ્હાલ

•

કાગા શબરી રામની નિતનિત જોતી વાટ
પગ ધોવાને વ્હાવરો, કેવટ ગંગા ઘાટ

•

કવિતા કોયલને તજી ઉડી ગયો કયાં કાગ
વડલો પણ વાણી તણો, લઈ બેઠો વૈરાગ

•

કાગા ઘર ઘર બોલજે, ઘર ઘર આવે મીત
પાંખડીએ પણ પાંગરે ને કાંટે કોળે પ્રીત

જામનગર —હરકિશન જોશી

## વંદું તુંને ભાગ્યવિધાતા

(મરશિયા)

જનની ધન ધાનબા જાયો.
'દુલા' જેડો દીકરો ડાયો
ભાગ્યવંત તાત જે ભાયો...

છોટી વયે સુરંભીયું સેવી, ગીતાનું મેળવ્યું જ્ઞાન,
વ્રત અજાચક પાળીયું વંકા, ભૂલ્યો નહીં કુળ ભાણ.
રાખી રૂડી સંત જયું રીત્યું,
આવી નહીં ઉર અનીત્યું......
જવામર્દ મનને જીત્યું......

વા, કવાયુ કળીનો વાતાં દુલા ના લાગ્યો ડાઘ,
સંત મોટા મુની કે સપડાયા, તું કરમી જીત્યો કાગ.
ત્રિવિધ તાપને તોડી,
હાંકી ભવ સાગરે હોડી......
સાચી મીટ સાંઈ શયું જોડી...

ભોમ અરપી ભુદાનમાં તે તો, દધિચી સમવડદાન,
પદ્મશ્રી પદ મેળવ્યું પોતે, મેળ્યું ઈલા પર માન;
ભાવે પુચ્છે વિનોબા ભાવી;
અવનીમે ભલે ગ્યો આવી...
પુરાણ ગ્યો કિરતી પાવી...

ઇચ્છતા પ્રેમે ઓફિસરો રે કાંઈ, ભરત ખંડરા ભુપ,
મનથી માને મીનીસ્ટરો મોટા, રાષ્ટ્ર તણું ગ્યું રૂપ,
મર્માળુ કવિશ્વર મોટો,
તેને પડયો દેશને તોટો...
જેનો નથી જગમાં જોટો...

છંદ સપાખરાં સોરઠા સુંદર, ગુણનાં ભરીયલ ગીત,
રૂડી બતાવી રાષ્ટ્ર તેં તો, રામાયણની રીત.

એવા કલાકાર કે આવે
ગળાં મેલી મોકળાં ગાવે...
પરૂ દુલા કાગ નો થાવે...

આપ અમાપ રઈ માપથી માપી, તેય લીધો જગ તાગ;
વેદુ જનો તો વારણાં લેવે, કોટી વંદનથી કાગ;

તપેસર મોહને ત્યાગી;
લગણી મહેશથી લાગી રે...
ભાયા સુત ગયો બડભાગી...

ગયું નાણું ગુજરાતનું સાચું, ખરી રત્નની ખાણ;
કોહીનુર હીરો 'કાગ' વીયો ગ્યો, પારસમણી પરમાણ,

સાવજ ગયો દેશરી શોભા,
મર્દ ગયો કુળરા મોભારે...
થડકલ આભને દેત થોભા...

સત વ્રત આઈ સોનબા ને વળી, હેમુ હલકદાર;
દેવો શંકરદાન મસ્ત મેઘાણી, રચનારો રસધાર;

આણે જગ ફરીથી આવે,
ત્યારે દુલો કાગજ લાવે...
જરૂર પાછાં વૈકુઠ જાવે...

જાયા તે નર જાય જગતમાં, આખર છે અવસાન,
વાસ ચુંવાળ ઉધરોજનો વતની, દેજળ દેવી દાન,

દિલાવર સાંભરે દાતા;
જગતથી રહ્યા જે જાતા રે...
વન્દુ તુંને ભાગ્યવિધાતા

ઉધરોજ (ચુંવાળ) —ઝુલા દેવીસંગ કેશરદાન

# ફાટેલા પિયાલાનો કવિ

(ચાર મુક્તકો)

## ૧. દાઢી

"વિશ્વામિત્ર"ની યાદ દેતી ઠાગોરની દાઢી હતી;
"વસિષ્ઠ"ની યાદ દેતી પટણીની દાઢી હતી.
"પ્યાસા" લોકસાહિત્યના વેદ વ્યાસની
યાદ આપતી ભગત બાપુની આ દાઢી હતી.

## ૨. ભક્તિ

'પ્યાસા' પૂછે સ્વ મનને દુલો કાગ કેવો હતો ?
કોકીલ કંઠી શાયર 'કાગ' તખલ્લુસ રાખી ગયો.
વ્યાસ વાલ્મિકીની યાદ આપી—
ફાટેલા પિયાલાનો કવિ કૃષ્ણમિલને ચાલ્યો ગયો.

## ૩. જામ

કાગ ભુશંડીની છટાથી રામાયણ ગાતો રહ્યો;
વાલ્મિક વ્યાસ ને તુલસીની રાહે જાતો રહ્યો.
"પ્યાસા" મદિરાની પ્યાલીની ઠોકરે દઈ—
ફાટેલા પિયાલામાં ભગત ભક્તિનો જામ પાતો રહ્યો.

## ૪. કાગવાણી

હતાશામાં આશા સિંચતી લોકગીતની લાણી હતી;
મડદાને બેઠા કરતી ભગત બાપુની વાણી હતી.
"પ્યાસા" શરાબી જુગારી દુર્જનના દિલમાં પ્રકાશ,
કરતી "દુલા કાગ"ની "કાગવાણી" હતી.

અમદાવાદ —**જયદેવ એલ. દવે "પ્યાસા"**

* * *

ત્રણ જુગની ભગતિ ચોથા જુગમાં પ્રગટી
કાગ તારી કરણી કલમ થઈ હરણી
સંતના સેવકા રાંકના રજપૂતા
ચારણના અવધૂતા કવિઓમેં કાગડા

નવા અંજાર —**ગઢવી ભુરાભા ખીમરાજ કાટા**

## લોક કામણ

પૂજક મોહનનો પરમ કરી કવિ કુળ ક્રિત
સ્વર્ગે કાગ સિધાવ્યો ગાવા ગાંધી ગીત.
સતિ કવિ ને સાધુજન દેશ ભક્ત દાતાર,
યશોદેહ એનો અમર શોભાવે સંસાર.
તપ અમાપ તપિયલ મુની તુ જન્મેથી તાત
પાવન ચારણ પુન્યની પ્રે ફાટી પરભાત.
જનતાને જાગૃત કરી વાંચી આગમ વાત
યુગ દ્રષ્ટા કવિ પુત્રથી મગદુર શારદ માત.
કાવ્ય કેણી ને કંઠનો તારો રચી ઈકતાર
સુરેખા સંસારનો શોભ્યો સરજાણુહાર.
ચારણ કુળ ગૌરવ ગગન થોભાવણ એ થંભ
દેવી સોનલ ને દુલો દરશનીય વીણ દંભ.
કાવ્ય વાંસળી કાગની સપ્ત સ્વરીલી શુદ્ધ
મોહ્યો મોહન સાંભળી વિશ્વ માન્ય વિભુત.
અજબ વ્યાસનું ભાગવત તુલસી રામાયણ
કાગે વાણી કાગમાં કર્યું લોક કામણ.
દુખથી દિલ લાખો દ્રવ્યા નીરખી કાગ નિધન
આપે છે શોકાંજલી જનતા જનાર્દન.

જામનગર —નારાયણદાસ બાલિયા

* * *

વહેતો ધોધ વાણી તણો, કંઠમાં ઓપે છે કાવ્ય;
ગગન ગોરંભી ગીત, ક્યાં જઈ સાંભળવા કાગડા.

* * *

ગિર સુની વિણ મોર, કોયલ સૂની વિણ ફાગ;
શાયર સૂનો વિણ લહેર, બાગ સૂનો વિણ કાગ.

વલ્લભ વિદ્યાનગરના
સૌરાષ્ટ્ર સાંસ્કૃતિક મંડળે
યોજેલ શોકસભામાં ગવાયેલ

## બધિર ભયી સરસ્વતી

**(છંદ-મનહર)**

ગજબ અપાર પારાવાર હાય હાય હુવો;
કવિ કાગ આજ દેવલોકમેં સિધાયો હૈ,

કાગવાણી સુનનેકો દેવહી અધિર ભયે;
ઈન્દ્રાસન મહીં બાપ, સ્થાન હી જમાયો હૈ.

તુમ બીના રાષ્ટ્ર મેં, બધિર ભયી સરસ્વતી;
જ્ઞાન, ધ્યાન, દાન, પાન સભી બિસરાયો હૈ,

જન્મ લે કે ફીરસે, પધારો બાપ દેશ મહીં;
દયાશંકર દિલમેં નિરાશ રંગ છાયો હૈ. (૧)

* * *

**(છંદ સવૈયા)**

કૈ..કાવ્ય કળા શણધારન કોવિદ, નિરખ્યો આજ મેં નિશ્ચય જ્ઞાની;
ગામ મજાદર દેવહી ચારન, બેશક રીઝમેં આપકો બાની;

દેવ સભી તવ તારીફ કરતે, મૌન રહો નહિ આપ અમાની.
ગુર્જર ભોમ વર્ધારન ગૌરવ, દીપી રહ્યા દુલા કાગ સુદાની (૧)

દેશ કી દાઝકો સાજ સજ્યો નીત, દેશમેં ભક્તિ કો કાવ્ય કર્યો હૈ,
યુદ્ધ સમે તવ શુદ્ધ પ્રચારક, બુદ્ધ તણો ઉપયોગ કર્યો હૈ.

અંજલી દે દયાશંકર નાયક, પુત્ર સમો તવ શિષ્ય સમાની
ગુર્જર ભોમ વધારન ગૌરવ, દીપી રહ્યા દુલા કાગ સુદાની (૨)

પાંચોટ —**કવિ દયાશંકર હ. નાયક**

## ચારણ તુલશ સધીર

કૂટ નીતિજ્ઞ ચારણ કવિ વેદાં ભદે વિદૂર,
ગાંગેય 'ગીત ગંગા' તણો ચારણ તુલશ સધીર.
લોક સાહિત્ય લલાટમાં કલમ સાંચરી કાગ,
લોક ગીતા રામાયણ ભારત કેરે ભાગ.
કાગ રહ્યો કવિતા રહી કાગા ગઈ કડવાસ,
આપ કવિનીં અંજલી સાયર થઈ ગઈ સાત.
રોશો ન બંધુ બેનડી પુત્ર માત પરિવાર,
જનમન અક્ષર જીવતો કાયમ જોને કાગ.
કવિતાથી કવિ તણી સૌ મેળવે છાયું,
બજવું જગ બાપુ દુર્લભ પદ છે દુલિયા.

રાજકોટ —**આપાભાઈ કાળાભાઈ ગઢવી**

* * *

## પલ્લા ઝાટકી પરવાર્યો

હૈયું રહે નહિ હાથમાં ને અંતર જલની આગ
નેણ નીર થંભે નહિ તું જાતાં કવિ કાગ.
તેં તો માયા મૂકી દીધી વેધુ એલા વિતરાગ
અંતર અજંપો રહ્યો હવે ક્યારે મળશું કવિ કાગ !
હવે કોની ગાઉં કવિતા ને હવે કોના રાખું રાગ
મારું મન ભાંગી ભુક્કા કર્યું કેવું તે કવિ કાગ.
કવિતા જો કકળી રહી ને રોવે ધ્રુસકે રાગ
હવે કોના કંઠે કરશું અમે તું જાતાં કવિ કાગ.
શારદ રોતી સાંભળી મોભી જાતાં મહા ભાગ
એના ખોળા કોણ હવે ખુંદશે તું જાતાં કવિ કાગ.
સરિતા સુકાણી સાહિત્યની વીરમી વાણી અતાગ
હવે શુરાને કોણ સંભારશે તું જાતાં કવિ કાગ.
કોને વરશે કીર્તિ હવે તે ક્યાં ઠરશે કવિતા ઠામ
પલ્લા ઝાટકી પરવર્યો ઓલ્યો દુલો હરિને ધામ.

o o o

મારા ગાજે તું મરશીયા એમ હું કહેતો 'પરવશ' કાગ
પણ મારા ભુંડા ભાગ કે મેં તારા લખીયા કાગડા.

જૂનાગઢ —**શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઇ**

## જાતાં દુલા કાગ

ફોરમ ગઈ ફૂલડાં તણી, કરમાયો કવિતા બાગ,
સુવાસ સઘળી જતી રહી, જાતાં દુલા કાગ.
ગૌરવ હતું ગુજરાતનું, પદ્મશ્રી દુલા કાગ,
ચારણકુળ શિરોમણિ, હતા કવિજન કાગ.
પીંપળ પાન ખરી ગયાં, કુંપળ ફૂંટી નૈ,
રડતાં ઊભાં રૂખડાં, આજ કવિતા સ્વર્ગે ગૈ.
સરવાણી સૂકાઈ ગઈ, મુંઝાણા ભજન, કવિત,
રડતાં માતા સરસ્વતી, ઢોળાણાં ગીત નવનીત.
કાળ નગારાં વાગતા, સ્વર્ગે સીધાવ્યા કાગ,
ગીત ભજન મૂકી ગયા, મૂકી હળવા રાગ.
દુખિયાનો દિલાસો ગયો, સુખિયાનો ગયો સત્સંગ,
ભક્ત કવિ દુલા ગયા, છોડી સૃષ્ટિના રંગ.
આવાસમાંથી ઊડી ગયા, કવિતા મૂકીને કાગ;
ગયા પ્રભુના ધામમાં, છોડી સર્વે અનુરાગ.
ગયા પણ ગયા નથી, રહ્યો વાણીમાં વાસ,
જ્યાં લગ માનવ જીવતાં, ત્યાં લગ દુલા પાસ.
કાયામાં હતા કૃષ્ણજી, રૂદામાં હતા રામ;
જીભે માતા સરસ્વતી, દુલા તમને પ્રણામ.
દુલા તુંહી દિલ ભલા, ભલા તુંહારા કામ;
યાવતચંદ્ર દિવાકરૌ, રહેગા દુલા નામ.

—આપા હમીર

* * *

સાહિત્ય કો શૃંગાર ગયો, સુત ગયો શારદ કો;
સાજ કો આવાજ ગયો, પ્રાણ ગયો પરજ કો.
મહેમાનોં કો માન ગયો, મહંત ગયો મજાદર કો;
સ્વર્ગ પંથે યે કાગ ગયો, સાથી હમ સબ કો.

ચલાળા —પ્રજાપતિ વલ્લભભાઇ

## સતૂભાગી કવિ

### (છંદ સારસી)

તેં માતહામા મોહન તણા સિદ્ધાંતને ઉત્તમ ગણ્યા
વળી દેશભક્તો વિરલાને કાવ્યમાં ખાંતે વણ્યા
રજગુણ મન રૂચે નહિ તમો ગુણનો ત્યાગી હતો
સત્વગુણ સાગર ધુઘવતો કવિ કાગ સતભાગી હતો.
નિજ દેશને વિદેશભરમાં પદ્મશ્રી મશહુર હતો
માત કાગલ કુળમાં કવિ કાગ કોહીનૂર હતો
અણડગ હતો અડીખમ હતો નીડર બનીને ભાંખતો
કવિ ભક્ત દુલા કાગ તું શ્રીરામ રૂદે રાખતો.
સ્વર્ગે જતા કવિ કાગનું નિજ દેશને તુટો પડચો
સુવાસ મૂકી સામટી તું સર્વથી છુટો પડચો
કહે મનુ કવિ કાગને પ્રભુ શાંતિ સ્વર્ગે આપજે
કવિ ભક્ત દુલા કાગને તારો કરીને સ્થાપજે.

ગોંડલ —**અંધકવિ મનુભાઈ કે. ચુડાસમા**

* * *

## ભુશંડી તને કાગ કહું

કૃષ્ણ તણી બંસીનો રાગ કહું કે,
બાવન ફૂલડાંળો બાગ કહું ?
કાવ્ય કંઠને કહેણીની ત્રિવેણી ભણું કે,
ગરૂડ ગુરુ ભુશંડી તને કાગ કહું ?
શુદ્ધ શુકદેવ કહું, બુદ્ધ કે ગાંગેય કહું ?
દુહો પંચમ વેદ કહું, કે ભક્તિ અભેદ કહું ?
યોગી અવધૂત કહું, ભારતી સપુત કહું ?
સર્વગુણ સંપન્ન કહું, કે ગાંધીયુગનું સુમન કહું ?
ધાનબાઈનું ધન કહું, કે મેધાણીનું મન કહું ?
ભાયાઉત ભગત કહું, કે જગઢાંકણ 'જયજગત' કહું ?

આસરાણા —**દોલુભાઈ જોશી**

## ગૌરવ ગયું ગુજરાતનું

"દુલો" જતાં દેશથી, ચાલી ચર્ચા કવિયાં ચિત;
મળે નહી ભવ મીત, ગૌરવ ગયું ગુજરાતનું......
પીંગળ—ઝવેર તણી, નીભવી શંકરે નેમ;
'કાગ' જવાથી કેમ ! ગૌરવ ગયું ગુજરાવનું......
આલમે આથમ્યો, સાહિત્યનો સભરી સુર;
નિમર્ળ રેલાવી નુર, ગૌરવ ગયું ગુજરાતનું......
શાયર—શાયર હતો, માયાળુ મહેબુબ;
ખોટ પડી જગ ખૂબ, ગૌરવ ગયું ગુજરાતનું......
કાગવાણી કાવ્ય થકી; બધા જ પિરસી બોધ;
ધરા વહાવી ધોધ; ગૌરવ ગયું ગુજરાતનું......

ઉકરડી —કાન્ત

* * *

## નેક ટેકીલો ગયો

### (૧) દોહા

સોનલ માતા સંભરી, લાડકવાયા લાલ,
ઘેરી વિફર્યો કાલ, કમઠ ધુણ્યો કાગડા.
કોલ કંધ બહુ કમકમી અહિપત બહુ અકળાય,
સદાયની ગઈ રહાય, કણ કણ રોયો કાગડા.

### (૨) છંદ

વરણ ચારણરો વિભૂષિત, જતિ જોગંધર ગયો,
તરણ તારણ તત્ત્વસર, ગીતનો ગાયક ગયો.
કારણ કરણ કર્તવ્યનો સર્વથી સ્હાયક ગયો,
ધારણ ધરણ ધુરંધરો નીતિમૂલક નાયક ગયો.
પ્રારબ્ધ લઈ આયો પૃથ્વી, નેક ટેકીલો ગયો,
અજાચક અણમૂલ સો, ગીરા ગહકીલો ગયો.
વાણી વિમળ, નીતિ ત્રિમળ મયુર ટહુકીલો ગયો,
કાગ એક અદાગ ભાયલ, ચારણ ચમકીલો ગયો.

—કવિ મહેશદાન નારણદાન મિસણ

## (૨) દોહા

દાગ તવ કવિતા તણાં, સુધા વારિ સિંચેલ,
ક્રોડ સરવર કીધેલ. ભર્યાં ભાંભર ભાયાણી.
ચારણ સાડાત્રણ પાડા, એની આંખુ ભિંજાણી,
જડશે ન જોડ જગતમાં, ભૂમિ જાતાં ભાયાણી.

### છંદ

શિરમોર ને સર્વોચ્ચ એવો કાગ હા ! ચારણ ગયો,
પરદુઃખભંજક શો બની, એ સૌનો દુઃખતારણ ગયો.
દિન-રાત મસ્તીમાં હતો એ કાવ્યનાં સર્જન મહીં,
હરદમ મધુરપ છેડતો, કો,બંસરી ધારણ ગયો.
કર્યો અભ્યાસ ધર્મોનો, નિરંતર જિંદગાનીમાં,
કરીને ગાન રામાયણ તણું, એ સત્ય-ઉચ્ચારણ ગયો.
હતી ઇચ્છા પિતાની પુત્રને, ભડવીર કરવાની,
ચાહી ધેનુને પારાવાર, દિલથી આજ ગૌ-પાલણ ગયો.
કરી છે ઉજળી જ્ઞાતિ, જગે ચારણની ચહુ દિશે,
ઉપાસી "શારદા" નિત્યે, માતનું દૂધ ઉજાળણ ગયો.

—ભરત કવિ "ઊર્મિલ" (શેહડીયા)

## (૩) દોહા

દેવે દેવી પુત્રને, દીધેલાં જે દાન,
એને મમતે દીધાં માન, તે ભાવે કરીને ભાયાઉત.
ચીંધ્યો ચારણકુળને, અનોખો મારગ આજ,
તૃપ્તિનો ઈ તાજ, તે ભલો પેર્યો ભાયાઉત.
થયા ઘણા, થાશે ઘણાં, વળી ચારણ વિદ્વાન,
સહુથી નોખી શાન, ભાળી તારી ભાયાઉત.
હો ગાંધીના રેંટિયા કે વિનોબાનું ભૂમિદાન,
સહુનાં તે સન્માન, ભાવે કીધાં ભાયાઉત.
આવ્યો અવનિ ઉપરે રહ્યો સદા અનુરાગ,
તારા ઈ ડાપણનો ત્યાગ ભાળયો ન કોઈએ ભાયાઉત.

—મનહરદાન બારહઠ

[ચારણ સેવા મંડળ-મોરબીએ યોજેલ શોકસભામાં રજૂ થયેલ અંજલિમાંથી]

## ઉર તણી બારી

(ગઝલ)

ઉછેરી ફૂલ બાવનને; રચેલો બાગ કવિતાનો,
તરપિયો ભક્તિના જળથી, સુગંધે ખૂબ મેં કાવ્યો.

ઉચ્ચારી કાગવાણી તેં, કરીને મોટ સમ કેડા,
નવલ કીધું સનાતનને, દઈને પ્રાણના ઠેકા.

કવિત ગાંધી તણા ગાયાં, રચી ભૂદાનની માળા,
દુહા બાવન મહીં ગંઠી, ધરા સોરઠ તણી ગાયા.

કર્યો હીરા તણો ધંધો, કર્યા તેં શબ્દના સોદા,
બન્યો સાચો ઝવેરી તું, કમાયો મૂલ મોંઘેરા.

મહેલો ને મઢૂલીમાં, પ્રવેશ્યો કાવ્યના દેહે,
રમાડયા ભાવ જનઉરના, ભરીને ડાયરા ડેલે.

વહાવી ગીતગંગોત્રી, જઈ આકાશવાણી પે,
બન્યા રસલ્હાણના ભાગી, અમીરો ને ગરીબો યે.

રહે છે પદ્મ સરવરમાં, છતાં નિર્લેપ જળથી જે,
રહ્યો સંસારથી સરસો, ધર્યો શો જોગ અવધૂતે.

દુઃખી કે દર્દીને માટે, ઉઘાડી ઉર તણી બારી,
જનોના મનમહીં પેસી, કરી સુખદુઃખ મહીયારી.

ડુંગર —બચુભાઈ મહેતા

*  *  *

કાગા તારાંય કહેણ, શુકનેય શરમાવે જો;
(પણ) ધન ધન માતા ધાનબા, જેણે જનમ દીધોય કાગડા.

કા કા કરતો કાગડો, જેના મુખમાંય ન હોય રામ;
(પણ) હરિ હરિ સમરતાં, મેં સૂણ્યો મજાદર મોઝાર.

રતલામ —હરગોવિંદ રામી

## ગૌરવ મા ગુર્જરીનું

"કાગ" બનીને કોયલ ટહૂકી, અંધારે વિજલડી ઝબૂકી
દીવ્ય કવનની અગાધ શક્તિ, માનવ દેહે પ્રગટી.
અંતર ઊભરાયું જ્ઞાનભક્તિએ, પ્રગટી અમૃતવાણી
લોકહૃદયમાં પ્રભુ પારખ્યાં, પ્રગટી "કાગવાણી."
રામાયણને મહાભારતની રેલાવી રસલ્હાણ
લોકજીવનને માનવતાનાં ગાયાં અમોલ ગાન.
એ મજાદરના મહામાનવ, સોરઠના શૂર
ગૌરવ મા ગુર્જરીનું અને કવિઓમાં કોહીનૂર
એ ભારતનાં પદ્મશ્રી, એ સંસારી સંન્યાસી
જીવનલીલા સંકેલી, અમને મૂક્યાં પ્યાસી.
ભસ્મ છો તારી પડી મજાદરને સ્મશાન
કિન્તુ ગગનમાં ગૂંજતું તુજ કવન, અમરગાન.
લોક "કાગ" ભલે કહે એ તો છેતરામણું નામ
કૈંક કાગડાં કોયલ બની "કા, કા" કરતાં ફરે
કિન્તુ "કાગ" તારું કુંજન ગગનમાં ગૂંજ્યા કરે.

અમરગઢ —ડૉ. ધીરજલાલ મુનિ

* * *

## ભાણ ગયો

ભોમ તજીને ભાણ ગયો.
ગળાં ગહેકાવણ હાર ગયો,
સાહિત્યનો શણગાર ગયો.
રેડિયાનો રણકાર ગયો,
ઈ ડાયરાનો ભરનાર ગયો.
લોક ગાયકનો મેરૂ ગયો,
સોરઠનો ઈ સંત ગયો.
કહે જેઠવો ચારણકુળમાં તો,
ઈ ભોમ તજીને ભાણ ગયો.

વડોદરા —શામજી અરજણ જેઠવા

## કરમી ચારણ કાગ

બુદ્ધિ બલ બિકસાવ્યો, બરણાં ચારણ બાગ,
મ્હેકે સૌરભ મુલકમેં, કુશલ માલી ભો કાગ,
કુશાગ્ર બુદ્ધિ કાવ્યમેં, આતમ જ્ઞાન અથાગ,
ધન ધન ચારણ યશ ધરા, કરમી ચારણ કાગ.
કંઠ કહેણી કાવ્યમેં, પરખ્યો તીર્થ પ્રયાગ,
ધન ધન ચારણ યશ ધરા, કરમી ચારણ કાગ.
કવિતા વાણી કાગરી, ભોયણ સાતોં ભાગ,
વનવેલી જ્યોં વિકસી, કસબી ઉણુરો કાગ.
પાયો ચંદ્રક પદ્મ શ્રી, ચારણ વરણ ચિરાગ,
ધન ધન ચારણ યશ ધરા, કવિવર દુલા કાગ.
બરનું થારા કિં બિપુલ, ભાયારા બડ ભાગ,
જશનામી જગમેં જરૂ, કવિવર દુલો કાગ.
ગયો હાય દે જ્ઞાતિકો, દિલમેં ચિંતા દાગ,
થંભ બરન થડકી ગયો, કરમી ચારણ કાગ.
ત્રે વિસુ પનરા તુંહી, વર્ષ રહ્યો અળ વાગ,
ડણંક ચિરંજીવ હે દણી, કવિવર દુલા કાગ.
જામનગર —કવિ જબરદાન રોહડિયા

* * * *

પિંજર પૂર્યા હંસલા ! હાલ્યો મૂકી હેત,
કાજળ કોર્યાં કાગડા ! કીધો ના સંકેત.
કેરા (કચ્છ) —શિવાજી કે. બારોટ

* * * *

કાગ બાપુ વિના કોઈ, મને શણગારી ચર્ચે નહિ;
દુલા વિના દુઃખ હોય, હવે કવિતાને કાયમી.
માલપરા —ગિધુ મહારાજ

* * * *

શબ્દવેધુ તમે ચતુર શાણા, ઓળખ શક્તિ અપાર;
રામાયણનો રંગ રૂદામાં, રામ રૂપમાં તાર.
ધારી —સંત કવિ અમરદાસજી

## ચારણ ચતુર સુજાણ

### (સોરઠા)

ચારણ ચતુર સુજાણ, ખેલ્યો શારદ ખોળલે;
પમરે તારો પ્રાણ, 'કાગ વાણી'માં કાગડા.
ભજન ઉપર ભાવ, આરાધક તું આઈનો;
શારદ નો સપાવ, 'કાગવાણી' છે કાગડા.
આંસુ અપરંપાર, સારે ગીતો ને સોરઠા;
પ્રિતાળુ પોકાર, કાને ધરજે કાગડા.
ગુંજે ગામે ગામ છંદો ભજનો ને સોરઠા;
અંતરનો આરામ, કસબી ખોવાયો કાગડો.
ગીતા કેરું જ્ઞાન, રામાયણ હૃદયે રમે;
પ્રેમે કરાવ્યું પાન, 'કાગવાણી'માં કાગડા.
વ્યવહારુ તુજ વાત, અસત્ સામે આથડે;
નારી લેખણ દે લાત, કુડા કરમને કાગડા.
આક્રંદે છે ઉર, વિયોગ વસમો દઈ ગયો;
નેહી હણાયું નૂર, કયાં ઊડી ગયો કાગડો.
બહેકે તારો બાગ, ફોરમ વંતા ફૂલડે;
રોવું તાણી રાગ, કરમાયો કાં કાગડો.
કૃપાળુ હે કાગ! દર્શન તારાં દોહલાં;
રે'મી તારો રાગ, કયાં માણીશું કાગડા.
પાથરું મારા પ્રાણ, આવ્યા હોત અમ આંગણે;
મગનના મહેમાન, (હવે) કયારે થાશે કાગડો.

રૂપાલ —**શ્રીમાળી મગનલાલ**

* * *

કહે રાધા કાનને, સૂણવા સુંદર ગાન
એથી કાયમ થયો મેમાન દુનિયા છોડી દુલિયા

ધારી —**બાબુલાલ પરમાર**

* * *

પધારી કવિ પદમતા, ભયો કળારો ભાણ
જીભાથી તું જશ વર્યો, ચારણ કાગ સજાણ.

પચ્છેગામ —**મીર કવિ નાનુ ફેન્દા**

## શ્રી કવિ દુલાભાઈ ભાયાભાઈ કાગ ભગતબાપુ

શ્રીહરિ હરખે ભજો, છે એક દિવસ જાવું;
કરો કમાણી પૂણ્યની, માયા પામી ન અંજાવું.

વિવેકથી વિચારીને, પ્રભુ પ્રેમમાં ભીંજાવું;
દુનિયા નાશવાન ત્યાં, શું આડંબરે પૂજાવું.

લાગી અગ્નિ મૃત્યુ તણી, બચવા પ્રભુ રીઝાવું;
ભાળી આરમ્ભ દ્વાર ત્યાં, ગગન ઘર ગજાવું.

ઈશ્વર આસરે રહી; દેહ અધ્યાસત જાવું;
ભાવે ભજ ભગવાન, હું મનને સમજાવું.

યાદ કરી ભુતકાળ, ભવિષ્ય હું ઉપજાવું;
ભાળી વર્તમાન મ્હારો, ધર્મની સેવા બજાવું.

ઈચ્છું શ્રીહરિની સેવા. સત પૂણ્ય નિપજાવું;
કાર્ય ધર્મનાં કરતાં, જગતમાં ન લજાવું.

ગરીબ તવંગરને, કહે કાળ હું ધ્રુજાવું;
ભક્ત સત્યનામ સ્મરે, તેનો સુમાર્ગ સજાવું.

ગર્વ ન કરો કદીયે, દુઃખી પર ન ખીજાવું;
તત્ત્વ સમાન આત્મામાં, દ્વૈતમાં ન ઉરજાવું.

બાળક યુવાન વૃદ્ધ, દેહ દેખી ન દજાવું;
પુરાણો પુર્ણપુરુષ, 'શાંતિ'' 'અજ' શું મુંજાવું.

જામનગર **મહંત શાંતિદાસજી ગુરુશ્રી પુરુષોતમદાસજી**

*  *  *

સતયુગમાં વાલમિક હતો,
બીજા યુગે ઈસરદાસ;
કળજુગમાં કવિ કાગ થયો,
ઈ છેવટે ગયા કૈલાસ.

નાના ખૂંટવડા **પ્રજાપતિ માધા વીરા**

# શ્રીમાન કવિશ્રી દુલા ભાયા કાગને અંજલિ

( રાગ : કૃષ્ણ પ્યારે શામળે )

શ્રી રામને સંભારીને, આયુષ્યને સુધારીશું;
દુર્લભ દેહ સફળ થયો, ધન્ય તમારી કમાણીયું.
લાભ આપ્યો વિશ્વને, કાવ્યપ્રસાદી પીરસી;
ભાન કરાવ્યું ભક્ત થઈ, માનવને સમજાવીયું.
યાતના પણ ભોગવી, સમાજને સુધારવા;
કાગ નહિ હંસ બની, પય પાણી જુદું કર્યું.
ગર્વ ન રાખ્યો અંગમાં, કાવ્યશક્તિનો કદી.

ચિત્તળ —**શાંતિલાલ ટપાલી**

*     *     *

## શ્રી દુલા ભગત

**( દુહા )**

શ્રી. થી છોટા રહો આલેખ્યો ઇતિહાસ;
સોરઠ કચ્છ ને કાઠિયાવાડ કેણીયુ રચ્યું કાગડા:

દુ–ર કર્યું દુઃખ રાજાનું નાવીકે પગ ધોઈ
"ખારવા ખારવાની ઉતરાઈ" કદી ન લીયે કાગડા:

લા-ખુને લેવરાવતા; કંઠ છુટામણ લાવ.
હવે ભભકવા છંદ ગીત કોણ ગાશે કાગડા: ?

ભ–જન રચ્યાં ઘણા ભાવથી ખુદ ગાયાં ઘણાં,
"આંગણે પૂછીને આવકારો" કોણ આપશે કાગડા ?

ગ–ળું ગયું ગાનાર ગયો સાહિત્યમાં થયો શોક
દિલાવર સરખો દેહ કાયમ ગયો કાગડા:

ત–ન તમારું આ જગતમાં હવે જોવા મળે ન ક્યાંય
ઇતિહાસમાં અમર લેખ કાયમ રહેશે કાગડા.

જાલણસર —**વજુ ગઢવી**

## કાયમ લીલો કાગ

વ્યાસ ગયે તુલસી ગયે રહા ન ઈસર માધ, કાગ બાની જગ રહ ગઈ કેવલ પદ ગયે કાગ.
સત્ય ઉપાસક શારદા રામાયણ અનુરાગ, કરમીચારણકુળમાં કૃષ્ણભક્ત સત કાગ.
ભક્તબીરદ ભવસીંધુ તરસમ દરશી સદભાગ્ય, તરનતાર ઉધ્ધાર કર અમરઅહર નીશ કાગ.
વાણી અમૃત સિંચીયું બહેકે પુષ્પબાગ, કરમાણો નહી કોઈદી કાયમ લીલો કાગ.
સતરાથી સાઠ્યા લગી દિલે ન લગ્યો ડાગ, હરીગુણ ગાયા હેતથી કરી ન ખુશામત કાગ.
દાયરામાં તું દીપતો સત્યના પેરીને સ્વાંગ, જોટો મળે નહી જગતમે કોડુ નરમેં કાગ.
સદાસર્વદા શોભતો રમણીય મધુરો રાગ અવની ઉપર અમર છે કાયમ દુલો કાગ.
ગુણીયલ ભાષા ગામઠી તારો સાદો નિત્ય સુવાંગ કામધેનુ પાલક સદા કરમે ખેડુત કાગ.

સોડવદરી —કવિ અંબુ નાથાલાલ દવે

* * *

## દુલા ભાયા કાગ

દુર ગયો. એ દુર ગયો, જગની દુગ્ધાથી દુર થયો;
લાખ ચોરાશી ફેરા ટાળી, ભવબંધનથી મુક્ત થયો.

ભાણ હતો જગ જાણ હતો, નિજ જ્ઞાતિ તણો એ પ્રાણ હતો;
યાવત્ તેની કર્મ પ્રભાવના, સત્કર્મ તણો કરનાર હતો.

કાળ ગતિને પારખનારો, પરમ પ્રવીણ કરનાર હતો;
ગતિ ના જાણી તારી કોઈએ, તું કયા લોક તણો રહેનાર હતો ?

બગસરા —મગનલાલ ડી. મોતીવાળા

* * *

## શાંતિ આપો સ્વર્ગમાં

ચારણ કુળના કોટ, હતા સનેહી સરવના,
પડી જગતને ખોટ, ત્રિકમ જાતાં કાગડા

એક અંજલી આજ, ત્રિકમ અરપું તુજને,
અવધપુરીનો રાજ, શાંતિ આપો સ્વર્ગમાં.

કલોલ —મહારાજ ત્રિકમદાસજી ભગવાનદાસજી

# ફરી ગયું છે

ફરી ગયું છે, મનડું મારું એવું ફરી ગયું છે,
કોઈ તમે બોલાવો મા ભાઈ! ભીતરમાં કોઈ મરી ગયું છે,
મનડું મારું ફરી ગયું છે.

ડુંગર ઉપર દવ લાગ્યો ને આભે લાગી ઝાળ રે,
હેડી મારી હાલી ગઈ, મને લાંબો લાગે કાળ રે,
મનમાં કોઈ તરવરી રહ્યું છે,
ભીતરમાં કોઈ મરી ગયું છે.

નવાં સવાંને નીરખતાં, મને હૃદયે લાગે ભાર રે,
ભાંગ્યું હૈયું સાંધી દેજો, લઈને ટંકણખાર રે;
કોઈ મને કરગરી રહ્યું છે;
ભીતરમાં કોઈ મરી ગયું છે.

માઢ મેડિયું મેલી દઈને, ઉજડ આંટા ખાય રે,
મનડું વાર્યું વળે નહિ, ઈ જુનવાણી ઘર જાય રે;
ઘરમાં તો કોઈ ઘરી રહ્યું છે,
ભીતરમાં કોઈ મરી ગયું છે;
મનડું મારું ફરી ગયું છે.

અમદાવાદ —બળદેવભાઈ મહેતા

## રત્ન ગયું રોળાઈ

(છપ્પય)

નાચ્યો આજ નગરાજઃ હિમાલય પીગળી હાલ્યો,
ધ્રુવે છાંડી ધીરઃ સમંદર હલકી ચાલ્યો;
થિર પવનગત થાયઃ રવિ રથ ખેંચી રાખ્યો,
થથર્યું નભ થથરાટઃ નિસાસો વિદ્યા નાખ્યો;
ભયભીત બની માતૃભૂમિઃ વારિ નયન વરસાવીઓ.
કવિ કાગ દુલો સ્વર્ગે જતાંઃ "કાન" ગજબ મોટો થયો...૧

શારદ થઈ સુમશામઃ એક નવ બોલ ઉચ્ચારે,
પુત્ર જતાં પરલોકઃ આંખથી આંસુ સારે;
રત્ન ગયું રોળાઈઃ ન પામું કોઈ ઉપાયે,
હૈયું રહે ન હાથઃ પનોતી અધરે પાયે;
બરબાદ જીવન મારું બધુંઃ કવિ કાગ દુલ્લે કર્યું.
"કવિ કાન" મયુર વાહિનીએઃ ઉગ્ર રુદનને આદર્યું...૨

રડવા લાગ્યા રાગઃ ઢાળ પણ પડિયા ઢીલા,
કવિ સિધાવ્યા કાગઃ સમેટી જીવન લીલા;
આપી રૂડો ઓપઃ લોક સન્મુખ લડાવ્યા,
ગળા મીઠાશે ગાઈઃ રસિકને ખૂબ રડાવ્યા,
થઈ એકમેક અમથી અનેઃ કલાક્ષેત્ર હાંસલ કર્યું.
"કવિ કાન" માન શરણે બધુંઃ કાગ કલાધરને ધર્યું...૩

ગયું મહાગુજરાતઃ તણું અણમોલ ઘરાણું,
ગયો કવિતા પ્રાણઃ ગયું પૂછ્યા ઠેકાણું;
ગયો જ્ઞાતિ શિરમોડઃ ગયું જુનવાણી નાણું,
ગયો ગુણ ભંડારઃ પ્રતીક એ ગયું પુરાણું;
તત્ત્વજ્ઞ જ્ઞાન ચિંતક ગયોઃ જે થયો મજાદર થાનકે.
ફુલ ખર્યું ફોરમ રહીઃ ગદગદીત કંઠ "કવિ કાન" કે...૪

—કવિ "કાન"

## કવિવર દુલા કાગ ગયા છે

કાગ ગયા છે, કાગ ગયા છે, સ્વર્ગ નિવાસે કાગ ગયા છે;
વૈકુંઠવાસે કાગ ગયા છે, વેણુ અમૂલા કાગ ગયા છે,
કવિવર દુલા કાગ ગયા છે.

### કોણ ગયા છે ?

કવિવરના સમ્રાટ ગયા છે,
જન હૈયાના હાટ ગયા છે;
ગીત પ્રાસના લાટ ગયા છે,
મહાકાવ્યનાં માટ ગયા છે.

### કૈંક રૂવે છે

સરિતા સાગર પહાડ રૂવે છે,
ગીર જંગલનાં ઝાડ રૂવે છે,
કાઠી કાઠીયાવાડ રૂવે છે,
ગીત સાવઝની ત્રાડ રૂવે છે.

કનડા કેરી કોર રૂવે છે,
નથી નાચતો મોર રૂવે છે,
સજ્જન શારદ ઓર રૂવે છે,
ચારણ ચારે કોર રૂવે છે.

ગીતોનાં શણગાર રૂવે છે,
સહ કુટુંબ પરિવાર રૂવે છે,

પુરી દ્વારિકા શ્યામ રૂવે છે,
રામાયણમાં રામ રૂવે છે.
કાગ તમારો રામ રૂવે છે !
સાધુ વિદ્યારામ રૂવે છે !

રાજકોટ —**વિદ્યારામ હરિયાણી**

---

## માનો સ્વભાવ

(કર મન ભજનનો વેપાર, ધણી! તારા નામનો આધાર—એ રાગ)

એવો કાં સ્વભાવ, માડી! તને પાછળથી પસતાવ,
માડી! તારો એવો કાં સ્વભાવ જી?—ટેક

રાઘવ જેવા રાજવીને તેં,
અવળા કરીયા ઘાવ જી (૨);
સતી સીતાને રામના કંઈ (૨),
મરતાં ન થયા મેળાવ. માડી! ० ૧

[૧]કાળયવનને નોંતરિયો તેં,
દોયલા માંડ્યા દાવ જી (૨)
શામળિયાને ચોર ગણિયો (૨),
અને ગીતાજી હવે ગાવ. માડી! ० ૨

મર્યા પછી એનાં મંદિર માંડીને,
પૂજ્યા એના પાવ જી (૨);
જીવતાં એને જાણ્યાં નહીં (૨),
તારો કેવોક ભણુવો ભાવ? માડી! ० ૩

સત્ય-ઉપાસક મોહન સામો તારો,
એવો જ છે વરતાવ જી (૨);
તેને જ પાપે જો, જનેતા! તારું (૨),
તોફાને ચડિયું નાવ. માડી! ० ૪

(કાગવાણી ભાગ ૧) —દુલા કાગ

---

૧. કંસનું વેર લેવા બે કરોડની સેના સહિત જરાસંધે કાળયવનને કૃષ્ણ સામે લડવા બોલાવ્યો હતો.



# લેખો

# લોકસાહિત્ય અને સર્જાતું સાહિત્ય

• શ્રી પ્રમોદકુમાર પટેલ

'સર્જાતું સાહિત્ય' એ શબ્દોથી 'અભિજાત સાહિત્ય'ની પ્રવૃત્તિનો ખ્યાલ મારા મનમાં ઊપસે છે. લોકસાહિત્ય અને 'અભિજાત' સાહિત્ય વચ્ચે પ્રગટ કે પ્રચ્છન્નપણે કયાંય કોઈ સંબંધ રહ્યો છે કે કેમ, અને જો એવો કોઈ સંબંધ હોય તો એ બે વચ્ચે કશુંક આદાનપ્રદાન સંભવે છે કે કેમ, એ જાતના રસપ્રદ પ્રશ્નો અહીં ઊભા થાય છે. એક ઊંડા અભ્યાસનું આ ક્ષેત્ર બની શકે એવી મારી તો પ્રતીતિ છે. અહીં પ્રસ્તુત વિષયને સ્પર્શતા એક બે મુદ્દાઓ જ ટપકાવી લેવા વિચાર્યું છે.

એટલું તો હવે સ્પષ્ટ થઈ ગયું છે કે મૂળ પ્રયોજન આકાર-પ્રકાર અને ભાષાશૈલીની બાબતમાં આ બે પરંપરાઓ વચ્ચે પાયાના ભેદો રહ્યા છે અને આજે જેને 'અદ્યતનવાદી' સાહિત્ય કહેવામાં આવે છે તેની ગતિવિધિ તો લોકસાહિત્યથી લગભગ સાચી દિશાની હોય એમ દેખાશે. ઘડી બે ઘડી એમ લાગશે કે આજનું 'અદ્યતનવાદી' સાહિત્ય લોકસાહિત્યથી હંમેશ માટે અલગ બની ચૂકયું છે, પણ હકીકતમાં એમ નથી. 'અદ્યતન' કવિતામાં એક ધારા લોકસાહિત્ય અને લોકગીતની પ્રેરણા લઈ વિકસતી રહી છે. ગીતરચનાના લય, ઢાળ, બાની, ભાવચિત્ર, અભિવ્યક્તિની લઢણ, રૂપકયોજના કે પ્રતીકવિન્યાસ અને લોકકથાનાં રૂઢ ઘટકતત્ત્વો (motifs) નો નવા સંદર્ભે વિનિયોગ–એ બધાં પાસાંઓને લક્ષમાં રાખીને આ બે પરંપરાની કવિતાનો વિચાર થઈ શકે. લોકસાહિત્ય અને 'અભિજાત' સાહિત્ય મૂળભૂત રીતે કઈ કઈ બાબતોમાં જુદું પડે છે તેનો વિચાર કરીએ; તે સાથે જ, બંને પરંપરામાં ભાષા શી રીતે કામ કરે છે તેનો પણ તુલનાત્મક દષ્ટિએ વિચાર કરીએ. મતલબ કે, બંને પરંપરામાં અભિવ્યક્તિનાં આગવાં આગવાં રૂપો શી રીતે રચાતાં આવે છે તેને લગતો અભ્યાસ ઘણો રસપ્રદ બની શકે. પણ લોકસાહિત્ય અને 'અભિજાત' સાહિત્ય લોકજીવનની સામગ્રીને શી રીતે પ્રયોજે છે અને ખાસ તો બરડ વાસ્તવિકતાને શી રીતે myth કે દંતકથામાં ફેરવે છે તેનો વિચાર, માત્ર લોકવિદ્યા (folklore)ની દષ્ટિએ પણ ફળપ્રદ બને એમ છે. કહીકતમાં, લોકસાહિત્યમાં પણ પ્રજા–જીવનના સામૂહિક અવચેતન (collective unconscious)ના અંશો જળવાયેલા જોવા મળશે. પ્રજાની આદિમ્ ઇચ્છાઓ, સ્વપ્નો કે ઝંખનાઓ એમાં અમુક અંશે મૂર્તતા પામ્યા હોય છે, એટલે આ ભૂમિકાએથી પણ આજના 'અભિજાત' સાહિત્ય જોડેના એના આંતરસંબંધોની તપાસ થઈ શકે.

'લોકસાહિત્ય' સંજ્ઞા એક રીતે શિથિલ સંજ્ઞા કહેવાય. લોકકંઠે ઉતરી આવતી અનેક રૂપની અને અનેકવિધ શૈલીની રચનાઓ એમાં સમાઈ જાય છે. એમાં એક બાજુ રાસડા, ગરબા, પવાડા કે સતીજતીની લાંબી ચરિત્રકથાઓને સ્થાન છે, બીજી બાજુ હળવાં ફટાણાંઓ કે ઉખાણાંઓ પણ સમાઈ જાય છે. એક બાજુ યોગ અને રહસ્યવાદની ગહન ગંભીર છાયા ઝીલતાં ભજનો આવે છે તો બીજી બાજુ રોજિંદા લોકજીવનની અતિસામાન્ય ઘટનાઓને લક્ષતાં વિનોદગાન પણ એમાં આવે છે. એક બાજુ શૌર્યવીર્ય, સાહસપરાક્રમ અને બહારવટાની ધીંગી કથાઓ છે, બીજી બાજુ મૃદુ કોમળ ભાવનાં હાલરડાં એમાં છે, પણ આ પ્રકારના અપારવિધ ઉન્મેષો છતાંય લોક-

સાહિત્ય મૂળભૂત રીતે તો લોકસમૂહનું સંઘજીવનનું સાહિત્ય રહે છે. લોકમંડળ નાનું હોય કે મોટું, આખાય મંડળની સર્વસાધારણ ઊર્મિઓ (communion of emotions) એમાં પ્રગટ થાય છે. લોકજીવનમાં જોવા મળતાં રોજરોજનાં સુખદુઃખ, વેરઝેર, સ્વપ્નો–સંઘર્ષો, એ બધું એમાં અતિ સરળ અને નિર્વિવાદ રૂપે રેલાઈ આવતું હોય છે. પોતાની આસપાસના જીવનમાં જે કંઈ અનુભવવા મળે છે તેનું તે સીધું ઉદ્‌ગાન કરે છે. લોકગીતનો સર્જક, હશે તો કોઈ વ્યક્તિ જ, પણ સમસ્ત લોકહૃદયના તાલે તાલે તેણે **ગાયું હશે,** હાસ્તો, લોકગીતનો ગાયક લોકજીવનના બધા ભાવો **ગાય છે.** દુઃખના ભાવનું પણ તે ગીત રચી દેવા ચાહે છે. લાગણીઓને ઘૂંટીઘૂંટીને અસાધારણ બળ તેમાં પૂરે છે. પોતાની સામે ઊભેલા શ્રોતાસમુદાયને તેની spinal chord કંપી જાય એ રીતે તે લાગણીઓને ખેંચી રહે છે. લોકગીતની રસનિષ્પત્તિની આ પ્રવૃત્તિ જરા જુદા aesthetics પર મંડાયેલી છે. લોકકવિને ગીત રચવું છે તો લોકહૈયાને હેલે ચડાવે એવો ઢાળ કે રાગ તે ઉપાડી લે છે. (લોકપરંપરામાં રૂઢ થયેલા ઢાળ કે રાગ પાછળ સંગીતશાસ્ત્ર કે છંદશાસ્ત્રની પ્રેરણા હોય તો તે વળી એક સ્વતંત્ર અભ્યાસનો વિષય છે.) આવી રીતે ગવાતી રચનામાં બોલાતા શબ્દનું સહેજે ઘણું મહત્ત્વ હોય છે. આપણે એ વાત સતત લક્ષમાં રાખવાની છે કે લોકગીતો અને લોકકથાઓ પણ કંઠ્ય પરંપરા (oral tradition) રચનાઓ છે. ગીતરચના લાંબી હોય કે ટૂંકી, સીધી અને સોંસરી રજૂઆત તેની મુખ્ય લાક્ષણિકતા છે. આગળપાછળ કશાયનો ઉલ્લેખ કર્યા વિના સીધેસીધો જ તેનો કવિ લાગણીતંતુને પકડી લે છે. ગીતની ધ્રુવપંક્તિ તેની કૃતિની નાભિનાળ સમી છે. સંઘગાનની અપેક્ષા હોય ત્યાં એ સમૂહનું ગુંજન બની રહેતી હશે. એમાં જેમ રાગ કે ઢાળનો વિસ્તાર ધ્યાનપાત્ર ઠરે છે તેમ ચર્વાળું ભાવચિત્ર પણ ધ્યાન ખેંચી રહે. લોકહૃદયમાં સુષુપ્ત રહેલાં ભાવચિત્રોમાંથી જ એકાદું લઈને તે તેનું નવસંસ્કરણ કરે (અથવા ન પણ કરે) લોકસાહિત્ય સાચે જ લોકોની સંપત્તિ છે. એનો કોઈ પણ સર્જક રૂઢ ભાવચિત્રોનો ફરી ફરીને વિનિયોગ કરી શકે છે. લોકમાનસને સ્પર્શી જતી લાગણીઓ, વિચારો, અલંકારો, વર્ણ્યવસ્તુઓ (themes) આથી એમાં ફરી ફરીને સ્થાન પામ્યાં દેખાશે. અનેક કૃતિઓનાં ઓછાવત્તાં પ્રમાણમાં પાઠાંતરોવાળી રચનાઓ કે અમુક કથાઘટકો (motif)ને નવા નવા સંદર્ભે રજૂ કરતી રચનાઓ આવી લોકરુચિની દ્યોતક છે.

લોકકથાના સર્જકની ગતિ પણ આ રીતે નજીકથી જોવા જેવી છે. એમાં લોકજીવનના પ્રસંગોનું ઓછે વત્તે અંશે romanticization થતું હોય છે. પ્રસંગ સતીજતીના જીવનનો હો, બહારવટિયાના જીવનનો હો, રાજવીના જીવનનો હો, એમાં જાણ્યે-અજાણ્યેય પ્રસંગનું ઉત્કટીકરણ (intensification) થઈ જાય છે. એમાં પ્રસંગે ચમત્કારનું તત્ત્વ પણ ભળી જાય. આવી લોકકથાઓમાં સીધી સોંસરી ત્વરિત ગતિની કથનશૈલી યોજાય છે. કશુંય વિગતે વિસ્તારથી કહેવાનો કે વર્ણવવાનો જાણે કે સમય નથી. અને શ્રોતાસમૂહ આગળ એને પ્રત્યક્ષ કથનરૂપે રજૂ કરવાની અપેક્ષા એમાં છે. એટલે દેખીતી રીતે જ વિસ્તારીને રજૂ કરવાને એમાં અનુકૂળતા નથી. એટલે ત્વરિત કથામાં–મહત્ત્વપૂર્ણ પ્રસંગોનું સીધું કથન, અત્યંત લાઘવયુક્ત પ્રસંગનું છટાદાર આલેખન, વચ્ચે પાત્ર કે પરિસ્થિતિને લગતાં અતિ સંક્ષિપ્ત સુરેખ અને મર્માળાં વર્ણનો, બલિષ્ઠ ને ઘૂંટાતી અભિવ્યક્તિની રીતિ–આ બધું તરત ધ્યાન ખેંચે એમ બનવાનું. અલબત, જુદી જુદી લોક–

કથાઓનું પોત જુદું જુદું જોવા મળશે. પણ સમગ્રતયા એમ કહી શકાશે કે લોકકથાની ભાષામાં બોલાતી ભાષાનું જ પણ અતિ ઘનિષ્ઠ અને બલિષ્ઠ રૂપ જોવા મળે. રૂઢોક્તિ બની ચૂકેલા ભાષાપ્રયોગોનું અસાધારણ સામર્થ્ય એમાં પ્રગટ થાય. એમ પણ જોઈ શકાશે કે લોકકથાના કથનાત્મક ગદ્યમાં વાગ્મિતા (rhetoric)નાં તત્ત્વો બળવાન રૂપમાં સક્રિય બન્યાં હોય છે.

લોકસાહિત્યના નિર્માણમાં પ્રચ્છન્નપણે બે ભિન્ન વલણો એકીસાથે કામ કરી રહ્યાં હોય છે. એક બાજુ પુરાણ, ઇતિહાસ કે પ્રાચીન સાહિત્યનાં ગૌરવવંતાં લોકોત્તર પાત્રો કે અસાધારણ પ્રસંગોને લોકકવિ પોતાને પરિચિત સામાન્ય લોકજીવનના સંદર્ભે એવી રીતે યોજે છે કે એનું 'સામાન્ય' રૂપ પ્રગટ થાય. મૂળની પ્રતિમાની લોકોત્તર ઝાંય ઓછી થાય. બીજી બાજુ, લોકજીવનનાં અતિ સામાન્ય પાત્રો અને પ્રસંગોને વારંવાર તે રોમેન્ટિક સ્પર્શ આપી તેમાં નવી લોકોત્તર ઝાંય અર્પે છે. એક લોકગીતમાં સીતાને એની સાસુ ઠપકાનાં વેણ કહે છે ત્યારે એ પ્રસંગની આખી રજૂઆત સામાન્ય સંસારજીવનમાં જોવા મળતા સાસુ–વહુના સંબંધની નિર્દેશક બની રહે એવી લૌકિક સ્તરની જોવા મળશે. બીજી બાજુ, મોટાં ખોરડાંની વહુ સાસરિયાંની પ્રતિષ્ઠાને ધોકો લગાડે એવી વાત કરે છે એ પ્રસંગ રજૂ કરતાં એનો લોકકવિ એને 'ગોરાંદે' તરીકે વર્ણવે છે, અને એની સોનલવર્ણી કાયાનું લોકોત્તર રૂપ પ્રગટ કરી આપે છે. પતિના હાથે વખડાં પી જતી 'ગોરાંદે'ના આત્મવિલોપનની કથામાં એ રીતે એક અનોખી રોમેન્ટિક આભા વરતાય છે. સમસ્ત લોકસાહિત્યમાં વાસ્તવિક લોકજીવનના ભાવો અને પરિસ્થિતિઓ કેવું રૂપાંતર સાધે છે તેનું અવલોકન એ રીતે ઘણું જ રસપ્રદ બની રહે એમ છે. આધુનિક વિવેચનમાં જેને કઠોર વાસ્તવવાદ કહે છે તેમાં લોકસાહિત્ય બહુ ઓછી વાર બંધાયેલું રહે છે. અલબત્ત, લોકજીવનના કપરામાં કપરા, વિષમમાં વિષમ પ્રસંગોનો સ્વીકાર તે કરે છે, પણ ઘણી વાર તેમાં રોમેન્ટિક તત્ત્વો જાણ્યે અજાણ્યેય ઘૂંટાતાં રહે છે. જે કંઈ અતિપરિચિત અને સામાન્ય છે, તેમાં ચમત્કૃતિનો પુટ બેસે તે રીતે કશુંક દંતકથાનું તત્ત્વ તેમાં ભળે છે કે પછી તેમાં mythનું આરોપણ થાય છે.

લોકસાહિત્યની આ પ્રકારની પ્રવૃત્તિ સામે સર્જાતા 'અભિજાત' સાહિત્યની ગતિવિધિ વિરોધમાં મૂકીને જોઈશું. એ તો સુવિદિત છે કે 'અભિજાત' સાહિત્યની રચનામાં કળા સૌંદર્ય અને સર્જકતાના ખ્યાલો એનાં કેન્દ્રીય પરિબળો રહ્યાં છે. આધુનિક સાહિત્યનો સર્જક હવે સર્વથા અંગત અને વૈયક્તિક સંવેદનને મૂર્ત રૂપ આપવા પ્રવૃત્ત થયો હોય છે. તેમાં યે આ સદીમાં 'નિરપેક્ષ કળા' (Absolute Art)નો આદર્શ કળાના ક્ષેત્રમાં નવી શક્યતાઓ બતાવતો બહાર આવ્યો છે. એમાં સામાજિક પ્રશ્નોનું સીધું અનુસંધાન લગભગ તૂટી જવા આવ્યું દેખાય છે. આધુનિક લેખક લોકસંઘનું 'મુખ' બનતો નથી. બલ્કે, એથી અળગો થઈ તે સ્વકીય દર્શનનું 'વિશ્વ' રચવામાં તલ્લીન બન્યો છે. આસપાસના લોકજીવનનાં સંદર્ભ જો તેની કૃતિમાં પ્રવેશે છે તો એમાંય એક પ્રકારનું તેનું critical attitude કામ કરતું જોવા મળશે. ખરેખર તો પોતાની બહારના અને અંતરના વિશ્વમાં તેને અરાજકતા, વિસમતા અને વિસંગતિનો પરિચય થાય છે. એટલે પોતીકા સત્યની શોધમાં તે પોતાના એકાકી અવાજ (lonely voice)ની શોધ કરે છે. ટોળાંઓનાં સૂત્રોચ્ચારણો, સમૂહ માધ્યમો દ્વારા પ્રસારિત થતાં ખંડિત સત્યો, અને વિતંડાવાદી આભાસી સત્યોથી તે પોતાના અંતરના સ્વરને સુરક્ષિત રાખવા ચાહે છે. આ સાથે, કળા-

પરક નવીન સભાનતા તેને રચનારીતિના અવનવા પ્રયોગો કરવા પ્રેરે છે. એમાં ભાષાવિષયક નવીન તત્ત્વજ્ઞાનની સભાનતા પણ તેના અભિગમને વળાંક અર્પે છે. પોતાના સર્વથા વૈયક્તિક અને વિરલ સંવેદનને વ્યક્ત કરવા વ્યવહારમાં રૂઢ બની ગયેલી ભાષાને તે dislocate કરી દેવા ચાહે છે. એ રીતે સર્જકના સંવિત્નો ઉઘાડ અને ભાષાનું નવવિધાન એ એક જ ચૈતસિક ઘટના બની રહે છે. અદ્યતન સાહિત્યની ચેતના જ આ રીતે અવનવા આકારો રચવા ગતિશીલ બને છે. લોકસિદ્ધ વૃત્તાંતના યથાતથ વર્ણનમાં કશો રસ રહ્યો નથી. પરિચિત લાગતી વાસ્તવિકતાનાં સ્તરોને જુદા જુદા કોણથી ભેદીને અ-પૂર્વ રૂપે પામવામાં તેને કૃતાર્થતા જણાય છે. એટલે કથામૂલક સાહિત્યમાં હવે રચનારીતિનું અનન્ય મહત્ત્વ થવા પામ્યું છે રચનારીતિના વિનિયોગથી સર્જક રૂઢ સામગ્રીનું નવું મૂલ્ય શી રીતે સિદ્ધ કરે છે તે પણ હવે પાયાનો પ્રશ્ન બન્યો છે.

'અભિજાત' સાહિત્યની આ કેન્દ્રીય પ્રવૃત્તિ લોકસાહિત્યથી સામી દિશાની છે એ તો સ્પષ્ટ છે. અને એ બે પરંપરાઓ વચ્ચે આ પૂર્વે ક્યારેય જોવા નહોતો મળ્યો તેવો અવકાશ ઊભો થયેલો દેખાય છે. એ માટે ઝડપથી બદલાઈ રહેલા માનવસંયોગો કારણભૂત છે એ પણ સમજાય એવું છે. આપણે આપણા પ્રજાજીવનનો સંદર્ભ લઈએ તો, આ સદીમાં વિશેષે કરીને સ્વાતંત્ર્યોત્તર ગાળામાં, આપણા લોકજીવનની ગતિવિધિ બદલાઈ રહી છે.. ઔદ્યોગીકરણ, શહેરીકરણ, ટેકનોલોજી, અતિવિશાળ પાયા પર માલનું ઉત્પાદન, હેરફેરી અને વહેંચણી, ઉચ્ચ શિક્ષણનો પ્રસાર, વર્તમાનપત્રો અને અન્ય સમૂહ માધ્યમોનો વિશાળ વિસ્તાર અને રાજકીય પ્રવૃત્તિઓનો છેક નીચલા થરના લોકો સુધીનો પ્રભાવ—આ બધાં પરિબળોએ આપણા પ્રજાજીવનમાં મોટી ઉથલપાથલો આણી દીધી છે. વ્યવસાય અને વેપાર-ધંધા અંગે વસતીનું સ્થળાંતર પણ વધતું રહ્યું છે. લોકજીવનના જૂના આચારવિચાર, જૂના ખ્યાલો અને જૂના કર્મકાંડો જો કે સાવ નષ્ટ થઈ ગયાં નથી પણ મૂળમાંથી તે હચમચી ઊઠયાં દેખાય છે. વ્યક્તિ અને લોકમંડળ જે સંવેદ્યોર્મિ (communion of emotions)થી ગાઢ રીતે જોડાયું હતું, તેના નાજૂક તંતુઓ હવે તૂટતા દેખાય છે. શિક્ષિત વર્ગમાં નવી અસ્મિતા જાગી પડી છે. નવા યુગની આ આકાંક્ષાઓ, સંશયો અને સંઘર્ષો તેમનામાં જામી પડયાં છે. આધુનિક માનવપરિસ્થિતિમાં રહેલી વિષમતા અને વિસંગતિઓનો તેને સાક્ષાત્કાર થવા લાગ્યો છે. તળપદા લોકજીવનની મુગ્ધતા (innocence) વિચ્છિન્ન થઈ રહી છે. જો કે નવા યુગનાં સાધનો અને નવી પરિસ્થિતિ વિશે થોડાં ગીતો કથાનકો વગેરે રચાય છે એ ખરું, પણ ખરી લોકચેતના જેમાં કોળી ઊઠે એવું પેલું વાતાવરણ લુપ્ત થઈ રહ્યું છે. આજના સંજોગોમાં નવા સાહિત્યની રચના માટે એને પ્રેરક અને પોષક 'સામગ્રી' રહી નથી. આજે 'અભિજાત' સાહિત્યમાં માનવીની ઉત્કટ આત્મસભાનતાનું જે રીતે નિરુપણ થવા માંડયું છે તે સૂચક છે. અસ્તિત્વની વિષમતા સામે નિર્ભ્રાન્ત બની જતા માનવીની પ્રતિમા આજના નવલિકા—નવલકથાના સાહિત્યમાં કેન્દ્રસ્થાને જોવા મળે છે.

નવલિકા આદિ કથાપ્રકારોનો ઉદ્ભવવિકાસ મૂળથી જ 'આધુનિક' સમાજના નિર્માણ સાથે સંકળાયેલો છે. લોકસાહિત્યની કથાઓ કરતાં પ્રયોજન અને આયોજનની બાબતમાં એ મૂળભૂત ભેદ દાખવે છે. નવલિકાના તેમ નવલકથાના વિશ્વમાં સમકાલીન સમાજજીવનના સંદર્ભો જરૂર પ્રવેશે છે. પણ લોકસાહિત્યના સંદર્ભો કરતાં એનું સ્વરૂપ અને સત્ય નિરાળું હોય છે. 'આધુનિક' કથાવિશ્વમાં પણ

વિધાન, વસ્તુસંકલન અને રચનારીતિ જાણે કે એના સર્જકની મૂળભૂત સંવેદનશીલતા (prime sensibility)માંથી વિસ્તરે છે. પ્રધાન ગૌણ પાત્રોનું એનું ભાવવિશ્વ સ્વતંત્ર છતાં એના સર્જકના સંવિદ્‌નો અંશ એ દરેકમાં પ્રગટ કરે છે. પાત્રપાત્ર વચ્ચેના કેવળ સામાજિક સ્તરના સંબંધો નહિ, તેથી ગહન સૂક્ષ્મ સ્તરના સંબંધોની તે વ્યાખ્યા કરવા ચાહે છે. એ માટે ટેકનિકના જ એક ભાગ રૂપે ભાષાનાં વિશિષ્ટ રૂપોની યોજના તે કરે છે. પાત્રનું સંવિદ, કે પાત્ર જેનો જીવંત ભાગ હોય તેવી પરિસ્થિતિનો તાગ મેળવવા પ્રતીકોનું સંવિધાન તે કરે કે સ્વતંત્ર myth તરીકે ઊભી રહી શકે તેવું રહસ્યાન્વિત વિશ્વ તે રચે. આ આખી પ્રક્રિયામાં લોકસાહિત્યની કથનરીતિ ભાગ્યે જ ઉપકારક નીવડે છે. મેઘાણીની 'સમરાંગણ' અને 'રા'ગંગાજળિયો' જેવી નવલકથાઓમાં અને મડિયાની 'ચંપો અને કેળ' જેવી નવલિકામાં રૂઢ લોકકથાનું કેટલુંક નવસંસ્કરણ છે. લોકકથાના જ ચમત્કારપૂર્ણ પ્રસંગો, તેની રોમેન્ટિક કથનશૈલી, અને તેનું ઘેરું રંગદર્શી વાતાવરણ એમાં સ્થાન પામ્યું છે. પણ આ જાતનો અભિગમ આધુનિક કથાને ઉપકારક નીવડતો નથી એ એમાંથી દેખાઈ આવે છે. લોકકથાનો સર્જક રોમાંચક વૃત્તાંત પર પોતાનો મદાર બાંધી બેઠો હોય છે. પ્રસિદ્ધ વૃત્તાંતનું સચોટ નિરૂપણ કરવામાં તેને ઇતિશ્રી વરતાય છે. આથી ભિન્ન 'અભિજાત' કથાનો સર્જક પોતાના વિશિષ્ટ સંવિદ્‌ના ઉઘાડમાં ભાવ, ભાષા કે રચનાપ્રયુક્તિના સર્વ રૂઢ અંશોને તોડી નાખી નવું રૂપ અને નવી રચનારીતિ યોજવા ચાહે છે. એટલે કથા–સાહિત્યના સંદર્ભે લોકસાહિત્ય અને 'અભિજાત' સાહિત્ય વચ્ચે ઝાઝા આદાનપ્રદાનને અવકાશ દેખાતો નથી.

પણ કવિતાસાહિત્યમાં. વિશેષ કરીને ગીતપ્રકારમાં. લોકસાહિત્ય કે લોકગીતના સંબંધો તરત ધ્યાનમાં આવશે. કવિ ન્હાનાલાલ, મેઘાણી, રાજેન્દ્ર શાહ, પ્રિયકાંત, પ્રહ્લાદ, બાલમુકુન્દ, વેણીભાઈ, મકરન્દ, સુરેશ, હરીન્દ્ર, રમેશ પારેખ, અનિલ જોષી, રાજેન્દ્ર શુકલ, મનોજ ખંડેરિયા અને માધવ રામાનુજ જેવા અનેક કવિઓની ગીતરચનાઓમાં લોકગીતની પરંપરાનું ઓછુંવત્તું અનુસંધાન જોવા મળશે. આ પૈકી ન્હાનાલાલ કે રમેશ પારેખ જેવા કવિઓની ગીતરચનાઓમાં લોકગીતના બળવાન સંસ્કારો બેઠા દેખાય છે. લોકગીતના લાક્ષણિક ભાવસંદર્ભો અને વસ્તુસંદર્ભો, અભિવ્યક્તિની વિવિધ રીતિઓ, રચના બંધની વિધવિધ પ્રયુક્તિઓ, અમુક ચોક્કસ ભાષાબંધની પદાવલિ, આકાર, ઢાળ અને લય આદિ તત્ત્વોનો તેમણે કુશળ વિનિયોગ કર્યો છે. આ કવિઓ અલબત્ત, લોકગીતનાં રૂઢ રૂપોમાં બંધાઈ ગયા નથી. લોકગીતનાં તત્ત્વોને સક્રીય લાગણી અને કલ્પનાના સ્પર્શે નવી ચમત્કૃતિ તેમણે અર્પી છે. સામાન્ય લોકગીત કરતાં તેમાં ઘણી વધારે સૂક્ષ્મતા અને સંકુલતા સિદ્ધ કર્યાં છે. એમ કહી શકાય કે પરંપરામાંથી પોષણ મેળવીને એ કવિઓએ ગીતરચનામાં આગવી ભાવમુદ્રા ઉપસાવી છે.

'ગીત'ની સંજ્ઞા અલબત્ત આપણે સાવચેતીથી યોજવાની છે. રોજરોજની પ્રવૃત્તિમાં એવી અનેક ક્ષણો આવે છે, જ્યારે આસપાસના વાતાવરણમાં ક્યાંક ને ક્યાંક ગીત લલકારાતું હોય. રેંટિયો કાંતતા વિદ્યાર્થીઓ પણ 'ધીરો ધીરો ચાલે રે, મીઠો મીઠો ગાજે રે, રૂડો મારો રેંટિયો હોજી' એવી જે રચના ગાય છે તેને 'ગીત' તરીકે જ ઓળખતા હોય છે, પણ આવી અસંખ્ય ગીતરચનાઓમાં કવિતાનો ગુણ હોતો નથી અને તેની આપણે અહીં વાત કરતા નથી. તો સાહિત્યની કોટિનું જે ગીત છે તેને અનુલક્ષીને તેનાં લોકગીત જોડે સૂક્ષ્મ સંબંધ છે એમ

કહેવાનું પ્રાપ્ત થાય છે. હકીકતમાં 'અભિજાત' કોટિના 'ગીત'ને લોકગીતમાંથી સતત પ્રેરણા અને પોષણ મળ્યાં દેખાય છે. આપણી છંદોબદ્ધ ઉર્મિ-*કવિતા કે અછાંદસ રચનાઓ લોકગીતથી વિમુખ રહી* છે પણ ગીતને તો નવી પ્રાણશક્તિ મેળવવા જાણે કે ગીત તરફ વળવું પડયું છે. એનું કારણ એ હોઈ શકે કે બંને પ્રકારની રચનાઓ, સી. ડી. લૂંઈ જેને કવિતાપરંપરામાં Singing Line કહે છે તેની મૂળભૂત આવશ્યક્તા સંતોષે છે. એટલે, ગુંજન (musing)ની વૃત્તિ, ગેયતાને પોષક લયનો વિન્યાસ, આંતરિક સંવાદ અને માધુર્ય એ તત્ત્વો તેમાં પ્રેરક નીવડે છે. જો કે 'અભિજાત' ગીતનો સર્જક પોતાની રચનાઓમાં કળાકીય પ્રયોજન પરત્વે ઉત્કટપણે સભાન રહ્યો છે. એટલે ગીતના ભાવ, ભાષા અને રચના રીતિમાં સૂક્ષ્મતા આણવાના, તેની ભાવ-વ્યંજનાનો અનન્ય વિસ્તાર થાય તેવું સમૃદ્ધ પોત સિદ્ધ કરવાના અને તેનું સુરેખ દૃઢ શિલ્પ રચવાના તે સભાન પ્રયત્નો આદરે છે. એ રીતે 'અભિજાત' ગીતની રસસમૃદ્ધિ ઘણી સંતર્પક નીવડે એમ બને, પણ તેથી એમ સમજવાનું નથી કે લોકગીતને રસ-સમૃદ્ધિ નથી. લોકપરંપરાની અસંખ્ય કૃતિઓ પૈકી કેટલીક એમાંના સરળ મૃદુ ભાવના સુરેખ આલેખનને કારણે, કેટલીક મનોહર ભાવચિત્રોને કારણે, કેટલીક બલિષ્ઠ કલ્પનાના અભિનિવેશને કારણે તો વળી કેટલીક માત્ર લયહિલ્લોળને કારણે મનને ભીંજવી જાય છે.

'અભિજાત' વર્ગનાં ગીતોની રસસમૃદ્ધિ લોક-ગીતથી શી રીતે સંવર્ધન પામી એ ખરેખર એક રસપ્રદ વિષય છે. અહીં માત્ર થોડાંક દૃષ્ટાંતો લઈ આ અંગે નિર્દેશ કરીશ.

લોકસાહિત્યમાં અને વિશેષ કરીને લોકગીતમાં કેટલાંક રૂપકો, કલ્પના અને 'ચિત્રો' રૂઢ 'ભાવચિત્રો' બની ગયાં હોય છે. સૈકાઓ સુધી લોકકવિતામાં ઘૂંટાઈ ઘૂંટાઈને એ 'ભાવચિત્રો' લગભગ પ્રતીકની કોટિમાં પહોંચી ગયાં હોય એમ પણ દેખાશે. માનવ *આત્મા માટે 'મોરલા'નું રૂપક એ રીતે જાણીતું છે.*

મોર તું તો આવડાં તે રૂપ કયાંથી લાવ્યો રે
મોરલો મરતલોકમાં આવ્યો.

—આ રીતે રૂપક બની ગયેલો 'મોર' બીજાં અસંખ્ય લોકગીતોમાં જુદા જુદા સંદર્ભે સ્થાન પામતો જ રહ્યો છે. એનું 'કળાયેલ રૂપ' સ્વયં એક અદ્‌ભુત ભાવચિત્ર બની રહ્યું છે.

મોર ! મોર ! કયાં થઈને જઈશ !
કળાયેલ મોરલો રે !
(લો. સા. મણકો-૭, પૃ. ૧૨૯)

અને એ જ 'કળાયેલ મોર' કવિશ્રી ન્હાનાલાલમાં વળી જુદા સંદર્ભે સ્થાન લે છે.

જમનાને કાંઠડે કળાયેલ મોરલો,
મોરલા રે ! ત્હારાં મનગમતાં મૂલ !
રાજમ્હેલને કાંઠડે કળાયેલ મોરલો,
મોરલા રે ! આપુ દિલમાંનાં ફૂલ.
('રસગન્ધા', પૃ. ૨૬)

લોકગીતમાં આવાં અસંખ્ય રૂપકો રૂઢ થઈ ચૂકયાં દેખાય છે. લોકમાનસને આવા રૂઢપ્રયોગોનો કદાચ વાંધો નહિ હોય. વિશ્વપ્રકૃતિ માટે 'આંબા'નું રૂપક પણ તરત જ ધ્યાન ખેંચે છે.

આંબો અખંડ ભુવનથી ઉતર્યો,
વ્રજભૂમિમાં આંબાનો છે વાસઃ
સખિરી, આંબો રોપીઓ,
(લો. સા. મણકો–૭. પૃ. ૧૨૧)

એ 'આંબો' ન્હાનાલાલનાં ગીતોમાં વ્યાપક રીતે પ્રયોજાયો છે. આ સિવાય લોકગીતને અતિ પરિચિત

ચંદ્ર, વીંઝણો, વલોણું, ડુંગર, મંડપ, જટાળો જોગી, કોયલ, વર્ષા જેવાં પરિચિત તત્ત્વો પણ તેમની રચનાઓમાં વારંવાર પ્રવેશી જતાં દેખાશે. કંઈક અચરજ થાય એવી વાત તો એ છે કે કેટલાક ચાલુ ભાવચિત્રો કે કલ્પનો લોકગીતમાંથી જાણ્યે અજાણ્યે અર્વાચીન ગીતમાં ઊતરી આવતાં દેખાય છે.

ઓતર દખણ રે ચઢી ઝેણી વાદળી
ઝરમર વરસે મેહ મારા વ્હાલા.
(લો. સા. મણકો-૨, પૃ. ૩૧)

ઝરમર ઝરમર વર્ષા વરસતી રે;
ભાભીનાં ભીંજાય ચીરરે...વણઝાર પાળે ઊભી.
(લો. સા. મણકો-૬, પૃ. ૫૦૧)

હવે સરખાવો ન્હાનાલાલની પ્રસિદ્ધ પંક્તિઓ :

ઝીણા ઝરમર વરસે મેહ
ભીંજે મારી ચુંદડલી;
એવો નીતરે કૌમારનો નેહ
ભીંજે મારી ચુંદડલી.
('રસગંધા', પૃ. ૧૧૨)

તળપદા લોકગીતમાં ઝાંખું રહી જતું 'ભાવચિત્ર' અહીં કવિશ્રીની પ્રતિભાના બળે નવું તેજસ્વી રૂપ ધરી રહે છે. ન્હાનાલાલમાં ભાવ, ચિત્ર, લય, આકાર આદિ સર્વ બાબતે લોકગીતનાં તત્વોનું કેવું નવ-સંસ્કરણ થયું છે તે ખરેખર તો વિગતે અભ્યાસ માગી લે તેવું છે.

રમેશ પારેખની ગીતરચનાઓમાં સોરઠી લોકગીતોના અંશોનો એટલો જ સુભગ વિનિયોગ થયો છે. તેમની 'સોનલ' શ્રેણિની રચનાઓમાં જોવા મળતી દંતકથાના પાત્ર શી સોનલ લોકગીતોમાં તો જુદા જુદા રૂપે જુદા જુદા સંદર્ભે મળે જ છે. પણ અહીં પોતાની વિશિષ્ટ ભાવસંપત્તિને રજૂ કરવા અનન્ય કળાદષ્ટિથી તેનો વિનિયોગ કર્યો છે. 'ઓલા અવતારે સોનલ...' રચનામાં, લોકકથામાં પ્રસિદ્ધ ભવભવની સ્મૃતિકથાના રૂઢ ઘટકાંશોનો જ પણ સમર્થ રીતે તેમણે વિન્યાસ સાધ્યો છે.

ઓલા અવતારે સોનલ, તમે હતાં પંખણી;
ને અમે રે ભેંકારે મ્હોર્યો રૂખડો હોજી.
તમે ડાળે આવીને લીલું બોલતાં હોજીઃ
થાવું હશે તે ઊઠ્યા એવા વંટોળિયા કે,
તરણાની તોલે અમે ઊખડ્યા હોજી.
તડકા લાકડપંખી-શું અમને ઠોલતા હોજી.
('ક્યાં' પૃ. ૩૫)

રમેશની ગીતરચનામાં પરંપરાપ્રાપ્ત લોકસામગ્રી અદ્યતન કળાતત્ત્વોના રસાયનમાં ભળી નવું જ રૂપ, નવું જ સૌંદર્ય ધારણ કરે છે, તે અહીં બરોબર સ્પષ્ટ થઈ જશે. લોકગીતનું જ આવું એક ભાવસમૃદ્ધ ચિત્ર તેમની બીજી એક કૃતિના હાર્દમાં ઊતરી ગયું છે.

આંગણે આશોપાલવનાં ઝાડ,
કે બગલાં બેસી ગયાં રે લોલ.

બગલાં ઊડી ગ્યાં પરદેહ,
કે પગલાં પડી રીઆં રે લોલ.
(લો. સા. મણકો-૧૦, પૃ. ૨૦૧)

લોકગીતનું આ ચિત્ર તેમની 'પગલાં પડી રહ્યાં' કૃતિના વચ્ચેના એક ખંડકમાં અનોખી ભાવવ્યંજના સાથે વિસ્તરી રહે છે.

કે બગલાં ઊડી ગયાં
ને પગલાં એનાં પડી રહ્યાં રે લોલ
આંગણુ આસોપાલવ ઝાડ
ને બગલાં ઊડી ગયાં રે લોલ
બગલાં ઊડી ગયાં અંકાશ
ને પગલાં પડી રહ્યાં રે લોલ
ન જોયો દાદાએ કૈં દેશ
ન જોયો દાદાએ પરદેશ
ને દીકરી દઈ દીધી રે લોલ...

('ક્યાં', પૃ. ૮૪)

લોકગીતનાં બીજાંકુર ધરાવતાં રૂપકો કે પ્રતીકો આજના કવિના ભાવવિશ્વમાં કેવી રીતે રોપાઈ જાય છે તેનાં બીજાં એક બે દૃષ્ટાંતો જોઈએ :

એક લોકગીતમાં અલૌકિક તરુવરની સુંદર કલ્પના કરવામાં આવી છે :

હા મૂળ વના રે એક તરોવર રચિયા,
ફૂલ ફળ લાગ્યાં રે જી.
(લો. સા. મણકો–૨, પૃ. ૫૯)

એ સાથે આજના બે કવિઓની નીચેની પંક્તિઓ સરખાવો.

(૧) મારા વાલમની ડાળીએ રે
એક ફૂલ ખીલ્યું છે !
એની ક્યાંયે કળાયે ના ડાળ રે
એનું ક્યાં રે હશે મૂળ ?
એક ફૂલ ખીલ્યું છે !
(પ્રહ્લાદ : 'બારી બહાર', પૃ. ૧૦૭)

(૨) વણવાવ્યો ને વણચીંધ્યો
મારા વાડામાં ઘર પછવાડ રે
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.
(બાલમુકુન્દ: 'પરિક્રમા', પૃ. ૭૧)

લોકગીતોમાં રાગ, ઢાળ અને લયનું વૈવિધ્ય પણ અત્યંત ધ્યાનપાત્ર છે. અર્વાચીન ગીતોમાં એ પૈકી થોડાક જ રાગ, ઢાળ કે લયનો પ્રયોગ થયો દેખાય છે. આજનો કવિ ગીતરચનાનું તંત્ર જાળવીને તેમાંથી ગેયતાનો લોપ કરવા ચાહે છે. કૃતિના ભાવ અને અર્થના વિકાસમાં ગેયતા અવરોધક ન બની જાય તે માટે તે પ્રયત્નશીલ રહ્યો છે. કેટલીક વાર તે રાગ કે ઢાળને ત્યજી માત્રામેળી બીજનું પુનરાવર્તન કરે છે. એ રીતે આજની ગીતરચનાઓ એના ગેયતત્ત્વોને, કહો કે સંગીતમય અંશોને ગાળી કાઢવા ચાહે છે. છતાં લોકગીતના સંદર્ભોને તે સર્વથા ત્યજી દે છે એવું પણ નથી: લોકગીતના રૂઢ ભાવ સંદર્ભો કે ભાવચિત્રોને નવા જ પરિવેશમાં તે યોજી આપે છે.

'અભિજાત' સાહિત્ય અને લોકસાહિત્ય વચ્ચે આમ ગીતની ભૂમિકાએ માર્મિક સંબંધ જોવા મળે છે. આપણા સાહિત્યમાં ગીત સિવાય લોકસાહિત્યના બીજા પ્રકારોનો ખાસ નોંધપાત્ર ઉપયોગ જોવા મળતો નથી. પણ લોકકવિતાના 'મરશિયા' જેવા પ્રકારોનો, નવી કવિતાના સંદર્ભમાં મર્માળા વ્યંગ સહ ઉપયોગ નોંધી શકાય. સ્વ. રાવજીની કૃતિ 'હુંશીલાલની યાદમાં' તેમ જ રમેશની 'રાણી સોનાંદેનું મરશિયું' એ રીતે ધ્યાનપાત્ર છે. રાવજીનું 'મિસ જુલીયટીનું પ્રણયગીત' પણ એ વિષયના એક પ્રસિદ્ધ લોકગીતની parody છે, એ પણ એક રસપ્રદ મુદ્દો છે.

આરંભમાં સૂચવ્યું છે તેમ, અધ્યયન માટે આ ઘણું વિશાળ ક્ષેત્ર છે. કોઈ અભ્યાસીએ એમાં મંડી જવું જોઈએ.

★

# આર્ષદૃષ્ટા ભક્તકવિ

● શ્રી રામનારાયણ ના. પાઠક

શેત્રુંજી કિનારે તરવડામાં અમારી રામવાડી ભક્ત-કવિ દુલાભાઈ કાગના આગમનથી પાવન થઈ હતી. એમની એ ઢાલ ચઢેલી તેથી તેઓ તેમને ગામ મજાદર આવવા મને લખ્યા કરતા હતા. એક વાર તેમના કવિહૃદયની પ્રસાદીરૂપ પત્ર મળ્યો. તેમાં અંતે લખ્યું હતું :

દશરથ સુત જ્યોંહી મિલે
શુચિ શબરી કે ધામ;
મજ–આદરમેં કબ મિલે
કાગ કવિ કો રામ !

થેલો ખંભે મૂકીને હું મજાદરને માર્ગે ચાલી નીકળ્યો. ડુંગરથી પરમાર્થ પરાયણ સ્નેહી શ્રી કલ્યાણજી-ભાઈની સાથે મજાદર પહોંચ્યો. ખૂબ ભાવથી ભેટયા. આંગણામાં લીંમડાની છાયા નીચે જ બેઠક જમાવી બપોરના ભોજનનો અને જમ્યા બાદ 'અન્ન દેવતાને પોઢાડવાનો' થોડો સમય બાદ કરતાં સવારથી સાંજ સુધી સાહિત્ય રસાસ્વાદ માણ્યો.

ભક્તકવિ પોતાની એક કાવ્યકૃતિ સંભળાવે અને પછી કહે ''આવું જ કોઈક સંસ્કૃત સુભાષિત કાઢો''. શાળાનો અભ્યાસ નહીં જેવો છતાં કવિશ્રી દુલાભાઈ સંસ્કૃત સાહિત્યના શોખીન અને જ્ઞાતા હતા. અમારો સ્નેહસંબંધ એકદમ આટલો નિકટનો કેમ બન્યો તેનું કારણ એક વાર તેમણે શોધી કાઢયું.

જુનાગઢના લોકસાહિત્ય વિદ્યાલયમાં એકવાર મિલન થયેલું ત્યારે તેઓ શ્રી જયમલ્લભાઈ જેવા મિત્રને પૂછ્યા કરે. આખરે એક વહેલી સવારે ઉતાવળા આવ્યા અને બોલી ઊઠયા.

''શોધી કાઢયું.''

હું આશ્ચર્યથી સામે જોઈ રહ્યો.

''તમારા પિતાશ્રી સાવરકુંડલા હતા ?''

''જી હા''.

''બસ, હું તેમની પાસે ''ચંપુ ભારત'' શીખવા જતો.''

મહાકવિ અનન્ત ભટ્ટ વિરચિત ''ચંપુ ભારત'' ચમત્કૃતિ પૂર્ણ સંસ્કૃત સાહિત્યનો અદ્‌ભુત ગ્રંથ છે. કવિશ્રીએ તેનો ઊંડો અભ્યાસ કરેલો તેવી જ રીતે પીંગલ, પંચદશી, પુરાણો વગેરેનો અભ્યાસ પણ ખરો. એટલે તેમનાં ઉત્તમ કાવ્યો સાંભળીને હું સંસ્કૃત સાહિત્યમાંથી તેવા જ ભાવાર્થનું કોઈક સુભાષિત કહું ત્યારે બહુ રાજી થાય.

કવિશ્રી દ્વારકા રણછોડરાયજીનાં દર્શને ગયા હતા. એની વાત કરી. ભગવાનની મૂર્તિ સામે બેસીને એકતાર બનેલા એ વખતે ભક્ત હૃદયમાંથી ગંગાના પ્રવાહની પેઠે આપોઆપ વહી નીકળેલું કાવ્ય સજળ નયને ગાઈ સંભળાવ્યું.

''વહાલા તમે સુખડાં દીઠાં કે સંતાપ
જનમીને જદુકુળમાં હોજી.''

ભક્તિભાવપૂર્વક આખું કાવ્ય ગાયા બાદ ઘણીવારે સ્વસ્થ બન્યા. આજે પણ મને એમનું અશ્રુપૂર્ણ મુખારવિંદ નજરે તરે છે.

થોડીવાર રહીને મેં કહ્યું : ''આવું સમકાવ્ય તો મહાકવિ ભવભૂતિના ઉત્તર રામ ચરિતમાં જોવા મળશે. ભવભૂતિ કહે છે;

''દુ:ખ સંવેદના યૈવ, રામેચેતન માહિતમ્‌ !''

કવિવર રવીન્દ્રનાથે એક વાર કહેલું.

"માનવીને માથે કલ્પી શકાય એટલાં બધાં જ દુ:ખ (ગાંધીજીએ) સામે ચાલીને અન્યને માટે સહ્યાં છે.

મહાપુરુષોનાં જીવન લોકહિતાર્થે સમર્પિત થયેલાં હોય છે અથવા એમના મનુષ્ય જન્મનો એ જ હેતુ હોય છે.

એમાંથી દ્રૌપદી ચીરાકર્ષણની વાત નીકળી. ભક્તકવિએ સ્વરચિત કાવ્ય સંભળાવ્યું. ધર્મની માનેલી બહેનની વહારે શ્રીકૃષ્ણ દોડી આવ્યા. ગીત પૂરું થયું એટલે કહે "ચંપુ ભારતમાં આનો શ્લોક છે તે સંભળાવો."

ચંપુકારે પણ એવું જ સુંદર વર્ણન કરેલું છે :

તસ્યા સભાયાં હ્રિયમાણ વસ્ત્રા
તન્વ્યા નિતમ્બાત્ સહસાવિરાસીત્ !
કંસારિ કારૂણ્ય પય : પયો ધે :
કલ્લોલ માલેવ દુકુલપંક્તિ : ॥

કૌરવોની એ સભામાં, દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચવાની તૈયારી થઈ તે જ વખતે એમના કટિ ભાગમાંથી, શ્રીકૃષ્ણ પરમાત્માની કરૂણાના ક્ષીર સાગરનાં મોજાં ઉછળતાં હોય તેમ મૂલ્યવાન વસ્ત્રોનો મહાસાગર હિલોળા લેવા લાગ્યો.

કવિ કાગે પોતાનાં કાવ્યમાં દ્રૌપદીનાં વસ્ત્રો પૂરવા ભગવાનને આવવાનું કારણ દર્શાવતાં શેરડી કાપતાં હાથે લાગેલી પાળીની કથા લખેલી છે એને માટે એક હિંદી કવિનું કાવ્ય યાદ આવ્યું, જેમાં દ્રૌપદીએ મોટાભાઈને હાથે પાટો બાંધવા હીરકોરી ચીર ફાડયું હતું. એમાં ત્યાગ નહીં પણ ભ્રાતૃપ્રેમ હતો.

બડે ભાઈ ઘનશ્યામ ! આપ હુ જો આવે કામ,
નિકાલ દઉં નસેં તમામ, યે તો રેશમ કે ધાગે હૈ.
ધાગે ભી પુરાને, યામેં દુર્લભ હમ માને કહા ?
દુલ્હન કે જોડે થા દુલ્હા કે વાધે હૈ ?
મૈંને નહીં ફાડા ચીર, ધાગે દેખતે હૈ પીર;
હો કે અધીર મેરા ચીર છોડ ભાગે હૈ.
યે હૈ અભાગે જો બદે નહીં આગે.
કવિ અંગુલી પર લાગે, ભાગ્ય ઊન્હીંકે જાગે હૈ.

ત્યાર બાદ કવિશ્રીએ મેઘ અને મેઘના મિત્ર મયૂર ઉપરના હૃદયંગમ કાવ્યો સંભળાવ્યાં અને એવાં સંસ્કૃત કાવ્યની માગણી કરી, કવિશ્રીને સાંભળવામાં એક રસ બનેલું ચિત્ત તૃપ્ત થતું ન હતું. જાણે યુગો સુધી સાંભળ્યા જ કરીએ પણ કવિશ્રીની આજ્ઞાનુસાર તેમનાં કાવ્યોમાં રહેલો ઊંડો ભાવ વ્યક્ત કરતું મયૂર અન્યોક્તિનું કાવ્ય સંભળાવ્યું :

કેકા કર્ણામૃત તે કુસુમિત કબરી કાન્તિહારા : કલાયા : ।
કણ્ઠચ્છાયા પુરારેર્ગલરુચિ રુચિરા સૌહૃદં મેઘસંઘૈ ॥
વિશ્વદ્વૈષી દ્વિજિહ્વ સ્કુન્દુરુપિશિતૈ ર્નિત્યમાહાર વૃત્તિ : !
કે: પુણ્યૈ: પ્રાપ્યમેતત્ સકલમપિ સખે ચિત્ત વૃત્તં મયૂર ॥

અમૃત જેવો મીઠો તારો ટહૂકાર, રૂપાળી કલગી, મનોહર કળા દાખવતો કેશકલાપ, વિશ્વકલ્યાણ અર્થે વિષપાન કરનાર મહાદેવના જેવી કંઠની, રૂચિકર, નીલવર્ણી છાયા, અને જગદહિતાર્થે સ્વાર્પણ કરનારા મેઘની મૈત્રી; માનવદ્વેષી સર્પનો આહાર, આ બધી આંતર બાહ્ય સંપત્તિ હે વહાલા મિત્ર મયૂર ! તને એવા તે કયા પુણ્યના પ્રતાપે પ્રાપ્ત થઈ છે ?

આ શ્લોકમાં કવિએ કશું જ કહેવાનું બાકી રાખ્યું નથી. માણસ પોતાના મિત્રોથી ઓળખાય છે. "સમાનશીલ વ્યસનેષુ સખ્યમ્" મેઘનો મિત્ર મયૂર એટલી એક જ ઉપમા તેનું સર્વાંગ સંપૂર્ણ આભિજાત્ય વ્યક્ત કરે છે. અને દ્વેષ તથા ઈર્ષાનાં ઝેરથી વિશ્વને વિનાશના પંથે દોરી જતા બે જીભે બોલનારાનો જ આહાર ! સદાય ઉચ્ચ ભૂમિકા ઉપર સ્થિર રહેનારો, વેર-ઝેરનાં પાન કરનારો, પોતાના ટહુકારથી જગતને આનંદવિભોર બનાવતો, નિજાનંદમાં

મસ્ત બની નાચતો મયૂર આપણને ચૈતન્ય અને રામકૃષ્ણનું સ્મરણ કરાવે છે. મહાપુરુષોની મનોવૃત્તિનું માનવીને પ્રત્યક્ષ દર્શન કરાવવા સારું જ વિધાતાએ સર્જેલી આ મહાન કલાકૃતિ કેટલી આહ્લાદક, મનોરમ અને નયનાભિરામ લાગે છે. આપણાં મનઃચક્ષુ સમીપ જાણે આવીને ઊભો રહેતાં જ સંસારના સર્વ સંતાપ શમી જાય છે. લોકકવિઓને પાગલ કરનારી આ બ્રહ્માની કૃતિ સાચે જ અનુપમ છે.

સાંજ ક્યારે પડી તેની કશી ખબર ન પડી. વિદાય વસમી લાગી. કવિનું અંતઃકરણ નિજાનંદી હતું. ભક્તકવિ તુલસીદાસજીએ "રામચરિત માનસ"ની રચનાનો હેતુ દર્શાવતાં કહ્યું છે તેમ કાવ્યરચનાનો ઉત્તમ હેતુ "સ્વાન્ત : સુખાય" પોતાના અંતરની શાંતિ અર્થે હતો. એમનાં કાવ્યોથી તેઓ અમર છે.

જયન્તિ તે સુકૃતિનો, રસસિદ્ધા : કવિશ્વરા :
નાસ્તિ તેષાં યશઃ કાયે જરા મરણજં ભયમ્

---

## પ્રમાણસર આભુષણોની શોભા

"રામાયણના પ્રસંગો પર અનેક કવિઓએ ભજનો લખ્યાં છે. ગંગા પાર કરતી વખતનો ગુહનો પ્રસંગ રામાયણમાં છે. 'પગ ધોઈ નાવમેં પધારો રે નરના પતિ' એવું એક જૂનું ભજન પણ એ પ્રસંગ પર પ્રચલિત છે. તેમ છતાં 'પગ મને ધોવા દ્યો રઘુરાય' દુલાભાઈના એ ભજને લોકહૈયાંને એ પ્રસંગમાં રહેલ ભક્તિરસમાં જેટલાં તરબોળ કર્યાં છે એટલાં બીજા કોઈએ કર્યાં નથી.

જીવનના કાર્યક્ષેત્રથી માંડીને અધ્યાત્મના વિશાળ પટ વચ્ચે દુલાભાઈનો કાવ્યનાદ વહે છે. પ્રાસાનુપ્રાસ, સ્વરવ્યંજનોનો ઝમેલો અને ઝડઝમકનો અતિરેક તો ચારણી સાહિત્યકારો ને આગવાં વરેલાં હોય છે. તેમ છતાં દુલાભાઈની આ કવિતાઓમાં ક્યાંય એનો ઉભરો દેખાતો નથી. સ્વમાન, મર્યાદા અને લજ્જાના ભાર સાથે પ્રમાણસર આભુષણોથી શોભતી કો' શીલવતીની માફક એમની કવિતા પ્રાસની મીઠાશ, સ્વરવ્યંજનોનો સુમેળ, યમક અને ઝડઝમક જેવી ભાષામાધુર્ય પ્રગટાવવાની બાહ્ય રીતિઓથી લદાયેલી નહિ પણ શણગારાએલી જોવા મળે છે."

(કાગવાણી ભાગ-૪) —નાનુરામ દુધરેજીયા

*

## સાત્ત્વિકતાના વાતાવરણથી ભરપુર

"અહીં ગ્રંથકાર વિદ્વતાનો ઝભ્ભો પહેરીને પોતાના જ્ઞાન કે ભાષાવૈભવથી આપણને આંજી નાખતા નથી, તેમ તેઓ અહીં ઉપદેશકના રૂપમાં ઊંચે આસને બેસીને આપણને આજ્ઞા કરતા પણ દેખાતા નથી. આ ગ્રંથ વાંચતાં આપણને એમ લાગે છે કે આપણા પોતાના હૈયામાં સુંદર વિચારોનાં પુષ્પો મહેંકી રહ્યાં છે અને ગ્રંથકાર એક માળીની અદાથી એ પુષ્પોના છોડવાઓને પાણી પાઈ રહ્યા છે.

આખોય ગ્રંથ સાત્વિકતાના વાતાવરણથી ભરપુર છે. એમાં સનાતન સત્ય કહેતાં મહાવાક્યો, રાજનીતિના બોધપાઠો, દર્શન-તત્ત્વજ્ઞાનનું સરળ નિરુપણ તથા સદાચાર, શીલ અને ચારિત્ર્યની પ્રતિષ્ઠા છે. આ ગ્રંથમાં આપણા ભૂતકાળનું ગૌરવ, વર્તમાનનું કર્તવ્ય અને ભવિષ્યની આશા મૂર્તિમાન ખડાં દેખાય છે. આમાંનું એક એક વચન એક જીવતું પુસ્તક છે. કહેવાની શૈલી સીધી ને સરળ છે તેથી વાચકને થાક લાગવાને બદલે પ્રસન્નતા મળે છે."

(કાગવાણી ભાગ-૫) —પીંગળ પાયક



# કાગવાણી

## ગણપતિ-સ્તુતિ

### દોહા

જય ગણેશ જોગી શતં,
મહાકૃતિ સૌથી મોર;
એક દંત સોહત અતિ,
કરું વંદન કર જોર. ૧

સદ્‌ગુણ કર નિર્મળ સતા, ષટ્‌મુખ બંધુ ધાર
પરથમ જય જય નિધિપતિ, નમું ચરણ લખ વાર. ૨

સિદ્ધિપતિ પરથમ સમરીએ, દૂર કરી મન દ્વેષ;
રિદ્ધિનાથ ભાવે રટું, જયજય દેવ ગણેશ ! ૩

## સરસ્વતી-સ્તુતિ

### દોહા

જય શારદા માતા જપું, કાપો બુદ્ધિ કરૂર;
ગુણખાની મા જય ગિરા, ધરું મસ્તક પદ ધૂર. ૧

વાણી અમળ આપો વદું, કૃષ્ણ સુગુણ કર જોરી;
તુમ બોલાવો ઇં તવાં, મતિ ન પોંચત મોરી. ૨

બ્રહ્મતનયા ! જયજય ભણું, કરવી માત કૃપાય;
કષ્ટ હરન દૃષ્ટિ કરો, થૂળ પૂરણ મન થાય. ૩

જીભ માત ! મું છે જરા, વણ જીભેં વાચાળ;
આપણી એવી સતા, બ્રહ્મતનયા ! કર ભાળ. ૪

સહુ ગ્રંથારંભ શારદા, શારદે હીં સમરાત;
શારદા પદરજ '**કાગ**' હું, જયજય શારદ માત ! ૫

## ગુરુ-સ્તુતિ

### દોહા

વંદન કરું ગુરુદેવનું, દરશાવી હરિ દીશ;
જ્ઞાન કહ્યું ગીતાતણું, ચરણ ધરું મમ શીશ. ૧

જેની કૃપાથી જાણિયું, નિર્ભય પદ નિરવાણ;
તન મન ધન અરપણ કરું, પદ ગુરુ અરપણ પ્રાણ. ૨

કોટિ કોસ વે'તા કરો, ધરણી જળ ન ધરાય;
નીર મેઘ વરસ્યું નહિ, ભૂમિ તૃપ્ત નવ થાય. ૩

જેમ શ્રેષ્ઠ નખતર શશિ, રુદ્ર શ્રેષ્ઠ શિવરાય.
તેમ મંત્ર અરુ તત્ત્વમાં, ગુરુવર શ્રેષ્ઠ ગણાય. ૪

જેમ શ્રેષ્ઠ સુર સુરપતિ, સરિતા સુરસરી શ્રેષ્ઠ;
તેમ મંત્ર અરુ તત્ત્વમાં, ગુરુ–આખર દુહિ જેષ્ઠ. ૫

પરમાનંદ ગુરુ રૂપ હૈ, નિત આનંદ નિરવાણ;
**'મુક્તાનંદ'** ગુરુ તત્ત્વ મહ, ક્ષમા દયા ધન ખાણ. ૬

## ભેળીઆળી

(દાદાજીનો માંડવો...એ રાગ)

ભેળીઆળી તારાં ભામણાં !
માડી, તારાં વારણાં લઉં વીશ ભુજવાળી રે...ભેળીઆળી ૦ ટેક.

માડી, કૈંક કોઠાનાં પડેલાં ખાલી કોડિયાં,
માડી, એમાં દીવડાની જગવી તેં જ્યોત રે...ભેળીઆળી ૦ ૧

માડી, તેં તો ઉજ્જડ ઉઘાડ્યા જૂના ઓરડા,
માડી, એને રૂદિયે વસાવ્યા સીતારામ રે...ભેળીઆળી ૦ ૨

માડી, એવા ભવના ભૂલેલા એદી આતમા,
માડી, એને ખોળલે ખેલાવી પંથડાં ચીંધ્યા રે...ભેળીઆળી ૦ ૩

માડી, તેં તો ખારાં ખેતરડાંને ખેડિયાં,
માડી, એમાં લીલીયું મોલાતું લેર્યે જાય રે...ભેળીઆળી ૦ ૪

માડી, તારે ધીંગા ધમળા રે ધોરી ધોંસરે,
માડી, તારાં ખેતરડાં કુડિયાના કાળજાં જેવાં રે...ભેળીઆળી ૦ ૫

માડી, તારાં ગોરસડાં ઉજળાં કરણી સંતની,
માડી, તારાં વલોણાં ધૂધવે રે પેલે પોર રે...ભેળીઆળી ૦ ૬

માડી, તારાં સબદ મોતીડાં મોંઘાં મૂલનાં,
એને કોઈ બાંધશો નહિ કામળની કોરે રે...ભેળીઆળી ૦ ૭

માડી, તારી દયાનો દીવડો રે જીવડો 'કાગ'નો,
કોઈના કેડાને અજવાળી ઓલવાઈ જાય રે...ભેળીઆળી ૦ ૮

## અર્થ

ચારણોના અપાર હેતના આ જુનવાણી શબ્દો છેઃ 'તારાં ધાંધળાં લઉં'' ધાંધળાં એટલે મીઠડાં, દુખણાં. એવી જ રીતે 'ભામણાં' શબ્દ પણ છે, અને 'વારણાં'નો પણ એ જ અર્થ છે.

જીવ જ્યારે જીવ મટે છે ત્યારે શિવ બને છે. કોઈ પણ માનવી જ્યારે પોતાના ઈષ્ટદેવ રૂપ બની જાય છે ત્યારે તે સ્વરૂપને પામે છે. એમ માનો ઉપાસક પુરુષ શક્તિની પર પહોંચી માતૃશક્તિરૂપ બની જાય છે અને માને વિનવે છે કે હે જનેતા ! તારાં ઓવારણાં લઉં છું. હે મા ! તારા ઉપર અનેકવાર વારી જાઉં છું. ઓળઘોળ થઈ જાઉં છું. કારણ કે હે જનેતા ! ઘણાંનાં હૃદયરૂપી કોડિયાં સાવ ખાલી પડેલાં એમાં તેં માણસાઈના દીવા પ્રગટાવ્યા છે. ૧

જેનાં હૈયાં ઉજ્જડ બની ગયેલાં, જેનામાં માનવતાનો એક પણ છાંટો ન હતો એવા કાળજૂના અસુરી ઓરડા ઉઘાડી એના હૈયામાં શ્રીરામ અને મા સીતાની સ્થાપના કરી તેની અક્કલની આંખ તે ઉઘાડી દીધી. ૨

સંગદોષ અને પોતાના કર્મદોષે કરીને જે સંસારમાં તદ્દન ભલા પડેલા એવા પાપી અને પતિતો સામે કોઈ મીટ પણ ન માંડે તેવા અધમ જીવોને તેં તારે ખોળે બેસારી માનવતાનો માર્ગ બતાવ્યો. ૩

હે મા ! પાપકર્મથી જેનાં હૃદયરૂપી ખેતર ખારાધૂધવા બની ગયેલાં એનાં ખોળિયાંને તેં મીઠાં બનાવી દીધાં અને એના હૃદયખેતરમાં ભક્તિ, દયા, અહિંસા, શ્રમ અને સત્યનો બગીચો બનાવી દીધો. ૪

હે જોગમાયા ! તેં મહેનતની પ્રતિષ્ઠા કરી. આજિવિકા માટે ખેતીને ઉત્તમ ગણી. ધીંગા બળદો રાખ્યા અને પોતે મહેનત કરી અન્ન ઉત્પન્ન કર્યાં. હે મા ! તારા ખેતરમાં દાંત ખોતરવા જેટલું પણ ઘાસ નથી. તારા કાળા ખેતરને શી ઉપમા આપું ? માંજેલ પાટી કે કુડા માનવીનું કાળજું ! ૫

હે મા ! તેં ગાયો અને ભેંસોનું સુંદર રીતે પાલન કર્યું છે. જાતે ઘાસ નીરવું, જાતે ખાણ દેવું, પશુની બધી બરદાસ્ત પોતે જાતે જ કરવાની. પ્રભાતે એનું ગોરસ એટલું ઊજળું લાગે છે કે જાણે કોઈ સંતની કરણી. (આચરણ) હે મા ! વહેલી સવારે તો તારે આંગણે છાશ તૈયાર થઈ જાય છે. ૬

હે મા ! તું બહુ બોલતી નથી. બે ચાર મોતીના દાણા સહુને ભેટ આપે છેઃ **આળસ તજો મહેનત કરો. સત્ય શીખો. કોઈને દુઃખી ન કરો. વિદ્યા ભણો.**

હે માનવીઓ ! હે માના છોરુ હોવાનો દાવો કરનાર ચારણો ! આ ઉપદેશમોતીને કોઈ ધાબળામાં બાંધીને ગાંઠ ન વાળશો; નહિતર ગાંઠ છૂટી જશે અને મોતી પડી જશે. ૭

હે મા ! હું 'કાગ' તો તારી દયાનો દીવો છું. ફક્ત એટલું માગું છું કે કોઈ અજાણના મારગમાં અજવાળું કરતો કરતો ઓલવાઈ જાઉં, ભલે બંધ થઈ જાઉં. ૮

## આઈ સોનબાઈ

આઈ સોનબાઈમાં એક ખાસ નવીનતા એ છે કે પોતે ચુસ્ત અહિંસામાં માને છે. જૂની રૂઢિ પ્રમાણે માતાજીને ઘેટાં, બકરાં, પાડા ચડાવાતા તેનાથી પોતે તદ્દન વિરુદ્ધ છે. ખોટાં ધૂણવાં, દાણા જોવા વગેરે વહેમને પોતે તદ્દન ધિક્કારે છે. સાથેસાથ પોતે ઘણાં વિદ્વાન છે. રામાયણ તો જીવનદોરી જેટલી જ પોતાને પ્રિય છે. છંદો બોલવાની રીત, હલક અને સત્વગુણી આવેશ મારા જેવા શુષ્ક માનવીને પણ સાંભળતાં રોવરાવે છે. પોતાની પ્રતિભા અને દૈવત બધા માણસોથી જુદાં તરી આવે છે. કાર્યશક્તિ એટલી કુશળ છે કે દસ હજાર જેટલા માણસોને મઢડા જેવા નાના ગામમાં કંઈ પણ અવ્યસ્થા સિવાય પોતે સાચવી શક્યાં હતાં. તેમનામાં સહુથી મોટી વાત તો એ છે કે,

**વ્રત લીધું વરૂડી તણું, દન દન દેવા દાત;**
**લેવાના હેવા નહિ, ધન ધન સોનલ માત.**

પોતાને ચરણે કંઈ પણ ભેટ પોતે સ્વીકારતા નથી. એ જગદંબાની ઝૂંપડીએ હજારો મહેમાનો ભોજન પામે છે.

આ કલિયુગમાં મા સોનબાઈ એ વૈષ્ણવી શક્તિનો અવતાર છે, એમ હું માનું છું. સાથેસાથ પોતે સમાજના અપૂર્વ સુધારક છે. કન્યાવિક્રય ન કરવો, બીડી, તમાકુ વગેરે વ્યસન છોડી દેવાં, એવો એમનો ઉપદેશ છે. ચારણ બાળકો કેમ ભણે, કેમ સારા કવિ અને વિદ્વાન બને, એ માટે પોતે કાયમ મહેનત અને ચિંતા કરે છે. ભાવનગર ચારણ બોર્ડિંગમાં પોતે પધારે છે, ત્યારે આનંદ ઉત્સવ પ્રગટે છે. વિદ્યાર્થીઓને એમ જ લાગે કે સગાં મા તેમની સંભાળ લેવા આવ્યાં છે. તેમની હાજરીમાં આનંદની છોળો ઊડે છે.

મઢડા ગામે સંવત ૨૦૧૦ ના વૈશાખ શુકલ અક્ષય ત્રીજને દિવસે આખા હિન્દુસ્તાનના ચારણોનું સંમેલન માતાજીએ ભર્યું. સમસ્ત ભારતવર્ષના હજારો ચારણો, હજારો ચારણ માતાઓ અને બહેનોએ તેમાં હાજરી આપી.

'કોઈએ માગવું નહિ,' એ ઠરાવ પ્રથમ હતો, પછી કેટલાક જ્ઞાતિસુધારાના ઠરાવો થયા, પણ એ વખતનો મઢડાનો દેખાવ, ચારણોની ઠઠ અને આઈમાનો ઉમંગ, તે મારા જેવો પામર માનવી કેમ કહી શકે ? છતાં—

**तदपि कहे बिन रहा न कोई**

—એમ માતાજીએ જેમ કલમ ચલાવી તેમ આકડા લીમડાનાં ફૂલ ચડાવ્યાં છે. યોગ્ય હશે તો પોને માન્ય કરશે.

## દોહા

શક્તિરી શક્તિ ગતિ, કવિ મતિ કથી ન જાય;
પદરજ મેં મતિ પાથરી, તદપિ કહોં બણાય...૧

બે હજાર દશ સંવત્સર, વિમળ માસ વૈશાખ;
અક્ષય ત્રીજ મઢડે અયા, ચારણુ લાખમલાખ...૨

કચ્છ, પારકર, માળવા, વાગડ, ધર વઢીયાર;
મારવાડ, મેવાડ લગ, લાગી લાર કતાર...૩

સોરઠ ધર નીમાડ લોં, ગઢ પાવો ગુજરાત;
ટિડ દળાં સમ આવગી, સઘળી ચારણુ જાત...૪

જો હમીર ઘર હોત ના, સોનલરો અવતાર
તો દરિયે ચારણુ તણા, બૂડત બેડા બાર...૫

પત ચારણુ પંચાળીરા, જુગ જુટંતા ચીર
કૃષ્ન રૂપ લજા રખણુ, સોનલ જાઈ હમીર...૬

ઉગ્રસેન ચારણુ સકળ, કંસ કળી બળવીર;
ગોકુળ મઢડા ગામમેં, સોનલ જાઈ હમીર...૭

ક્રોડ કાપડી પોષીઆ, નવઘણુ દળ નવ લાખ;
એ જ વરૂડી અવતરી, સોનલ પૂરી સાખ...૮

છંદ સારસી

નવ લાખ પોષણુ અકળ નર હી, એ જ સોનલ અવતરી,
મા ! એ જ સોનલ અવતરી.
અંધકારની ફોજું હટી, ભેંકાર રજની ભાગતી,
પોફાટ હામા સધૂ પ્રગટી, જ્યોત ઝગમગ જાગતી;
ત્રણુ તિમિર મેટણુ સૂર સમવડ, કિરણુ ઘટઘટ પરવરી,
નવ લાખ. ૧

જે દિને મઢડે માંડે મેળો, નાત સઘળી નોતરી
પોષવા લાખાંય લાર પંગત, હસત વદને હૂકળી;
તે વખત વાધી માત બ્રેમંડ આભ લેતી આવરી...
નવ લાખ. ૨

ડરપીઆ સમદર નીર હટીઆં, રંધાડે આંધ્રણ ધરે,[૧]
દરીઆવી સળવાંતણા ભરીઆ,[૨] ભગતરા બેડા તરે;
તાગ લીયણ તારુતણી ટોળી, મા'જળે બૂડી મરી[૩]...
નવ લાખ. ૩

પ્રહલાદ ચારણ કળી હરણ્ય, મોતનોબત ગડગડી,
નિઃશંક આસુર થંભ થડકીયા, બાળ હણશે આ ઘડી;
અણવખત ગરજી ખંભસે, નરસિંહણી બણી નીસરી...
નવ લાખ. ૪

બ્રહ્મલોક મઢડા હમીર ભગીરથ, શિવ સોરઠ શિર ધરી,
વહ ધાર ખળખળ નીર નરમળ, આઈ ગંગા અવતરી;
ઓધારવા તન સગર-ચારણ, નેસડામાં નીસરી...
નવ લાખ. ૫

ધાબળી ધરણી, ઉજળ વરણી, સંકટ હરણી, ચારણી !
ભંડાર ભરણી, મંગળ કરણી, દધિ-તરણી, તારણી;
ધરી શીશ ધરણી, 'કાગ' બરણી, આઈ અન્નપૂર્ણેશ્વરી...
નવ લાખ. ૬

દોહા

સોનલ વાણી સાંભળી, ચિત્ત ના'વે સંતોષ;
કાં તો પાપી આતમા, કાં દૈવ તણો સર દોષ...૧

સોનલને પરચ્યા પછી, પંડના હટે ન પાપ;
કાં બેરો કાં આંધળો, કાં અક્કલડાયો આપ...૨

સોનલને પરચ્યા પછી, ઉર રહે અહંકાર;
કાં દિન ઊઠયો એહનો, કાં રૂઠયો કિરતાર...૩

સોનલને પરચ્યા પછી, મન ખીલે ન બંધાય;
(એને) સો સો સાંકળ બાંધશો, તો યે છટકી જાય...૪

---

૧. ભોજનના આંધણનું એટલું બધું પાણી જોતાં સમુદ્રને પણ ડર લાગ્યો.
૨. 'સળુ કરવું' -જમ્યા પછી હાથ ધોવા. એ હાથ મોં ધોવાયાનું પાણી એટલું હતું કે જાણે મોટો સમુદ્ર.
૩. માતાજીની શક્તિ કેટલી છે એનો તાગ કાઢવા જનાર તરવૈયાનો સમૂહ સાગરમાં ડૂબી ગયો.

મઢડા વાળી માતને, મુખથી ભણે મનુષ;
તે નર પામર પાપીઓ, પશુ વિહોણો પૂછ...૫

સોનલને શરણે ગયે, રમે ન ઉરમાં રામ;
તો જીવડો ભૂલો પડ્યો, ગયો ન મઢડા ગામ...૬

સોનલ સોનલ સમરતાં, સઘળા ટળે કલેશ;
આ ભવને ભવ આવતે, વાધે લાભ વિશેષ...૭

વ્રત લીધું વરૂડી તણું, દન દન દેવા દાત;
લેવાના હેવા નહિ, ધન ધન સોનલ માત...૮

કર ખાલી ભરીઆ ઘણા દરીઆ સમવડ દાત;
કર નીચા કરીઆ નહિ, ધન ધન સોનલ માત...૯

પુરૂષ રૂપી રૂપિયો, રહે ન તો ઘર રાત;
પગ પડતાં પાછો ફરે, ધન ધન સોનલ માત...૧૦

મુખ ગંગા, ચખ સરસતી, ધાબળીએ જમના;
વાધ્યો મઢડા પ્રાગવડ, ધન ધન સોનલ માત...૧૧

અવળા નવગ્રહ આવતાં, ઝઝકી ચારણ જાત;
તેં કરીઆ હામા બણી, સવળા સોનલ માત...૧૨

મઢડા ટીંએ માત તું, હેક ન જનમી હોત;
તો સોનલ ! ચારણ તણું, નામ હોત કે નો'ત...૧૩

રંધાડા ભરીઆં રહે, રજકે દ્વિવસ રાત;
પૈયાં હે–ઠઠ પોષણી, ધન ધન સોનલ માત...૧૪

લટ પકડી લખમી તણી, આંગણ આંટા ખાત;
ફાંટે ધનને ફેળતલ, ધન ધન સોનલ માત...૧૫

છબી હ્રદામાં ચિંતવું, તનમાં ટાઢક થાત;
જગદંબા નમું જાગતી, મઢડાવાળી માત...૧૬

સમદરમાં ચારણ તણું, વાણ વમોયું જાત;
સઢ ખેંચ્યા સફરી તણાં, ધન ધન સોનલ માત...૧૭

પડી વ્રણ ચારણ પરે, ઘોર અંધારી રાત;
પ્રે વાસી મઢડે પ્રગટ, ધન ધન સોનલ માત ..૧૮

તેં સધને પોષી સકળ, વર્ણ વીશોત્રે નાત;
અવતારી અન્નપૂર્ણા, ધન ધન સોનલ માત...૧૯

જુગ જુગની જગદીશ્વરી, આઈ દહાણુ ઉતપાત;
નમો નમો નારાયણી, મઢડાવાળી માત...૨૦

માનવ કો' પડશો નહિ, કપટ તર્કને કૂપ;
તર્ક રહિત નિર્મળ સદા, સોનલ બ્રહ્મ સ્વરૂપ...૨૧

## આઈ મા સોનલનો ભાવ

આ કાવ્યનો ભાવાર્થ નીચે મુજબ છે.

આઈ સોનબાઈમા બધા ચારણોને કહે છે કે :—

"ચારણો આવા હોવા જોઈએ: મને એવા પુત્રો બહુ ગમે છે, જે ધીરજવાન હોય, જેમના મન ઠેકાણે હોય, જે કદી પાપના ભાગીઆ ન બનતા હોય, અને જેમના હૃદય કાચ જેવા ઊજળાં અને નિર્મળ હોય. એમની વાણી એવી હોય કે જેને સાંભળી પ્રાણી માત્ર રાજી થાય. જે મનના ઉદાર હોય, સુંદર કવિતા રૂપી ફૂલ જેમના મોઢામાંથી ઝરતાં હોય. જેમણે ક્રોધને જીત્યો હોય, જે આળસુ ન હોય, પોતાના કામમાં ચીવટવાળા અને પુરુષાર્થી હોય, કોઈનું સારું દેખીને જેમને કંઈ પણ દુઃખ ન થતું હોય, અને કોઈના દોષ પોતે કદી પણ જોતા ન હોય. પોતાની સંપત્તિ તો ગરીબોને આપે, સાથે સાથે પોતાની બુદ્ધિ પણ બીજાને સુખી કરવામાં વાપરતા હોય. ઈશ્વર તથા પોતાના બે હાથ સિવાય કોઈની જેમને આશા ન હોય. વળી, બુદ્ધિનો પાશલો બાંધી થોડી બુદ્ધિવાળા નિર્બળ માનવીઓનો જે કદી શિકાર ન કરતા હોય. જેમને આંગણે દરરોજ મહેમાનો આવતા હોય, ખોટાપણાને જે ધિક્કારતા હોય અને રામાયણ તથા ગીતાના ગાનારા હોય, તથા જે બીજાનાં દુઃખ ટાળવા માટે પોતાના પ્રાણ આપવા પણ તૈયાર હોય. જે કોરા અહિંસક સાધુ જેવા ન હોય, પણ લડાઈના મેદાનમાં જ્યારે શૂરવીરો દુશ્મનોથી પાછા ભાગતા હોય, તે વખતે આગળ ચાલી વીર રસના ગીત ગાઈને એ શૂરવીરોને પાછા ફરતા અટકાવે અને ધર્મ તથા દેશને કારણે મરી ફીટવા લલકારે એવા હોય. દુઃખી તથા ભયભીતને જે આશરો આપતા હોય તેવા વીર અને ભક્ત ચારણોને ઘેર અવતાર લેવાની માતાજીને પણ ઈચ્છા થાય છે."

આઈ સોનબાઈમા કહે છે કે "હે પુત્રો ! વાણીરૂપી મારા દૂધની ધાર તમે ઝીલી લેજો ખૂબ પીજો અને પચાવજો. એટલી ટેક રાખશો તો તમામ ચારણ પુત્રીઓ વરુડી જેવી જ હશે, અને ચારણ પુત્રો ઈશ્વરદાસજી સમાન બનશે." માતાજી એક બીજી પણ બહુ સુંદર વાત કહે છે કે, "હે ચારણો ! હવે એકલા જમવાનો સમય નથી. ધન, દોલત, સંપત્તિ અને બુદ્ધિમાં લાખો દરિદ્રનારાયણોનો ભાગ છે. સંપત્તિનો ઉપયોગ લોભીઆની માફક પોતે જ એકલા કરશો, તો એવા ભોજનનું તમને અજીર્ણ થશે, અને તે અજીર્ણના ખાટા ઓડકાર આવતાં શરીરમાં મહા રોગ પેદા થશે. એટલે કે તમો બળવાન હો, બુદ્ધિશાળી હો,

કે ધનવાન હો, તો કુટુંબ, ગામ અથવા કોઈ પણ ગરીબને ઊંચે લાવવા, એનો ઉપયોગ કરો.'' માતાજી છેવટે આશીર્વાદ આપે છે કે, ''હે ચારણો ! તમે સૌ સુખી રહો, પણ જગદંબાના દીકરા કહેવાઓ છો માટે એની કુખ ઉજળી કરજો.''

(પાયે તોય વીપળી લાગું...તે રાગ)

છોરુને માત સમજાવે, આવા કોઈ ચારણો આવે...ટેક

ધીર–ગંભીરા, ધારણવંતા, પાપમાં જેના ન પાવ; (૨)
એ...ઊજળાં હૈયાં, વાતના વેધુ, દિલ જેના દરિયાવ.
છોરુને...૧

વેણમાં જેના ફૂલડાં ફોરે, નેણમાં ના'વે રોષ; (૨)
એ...ઉદ્યમવંતા ને આપદાહીણા, દેખે ન કોઈના દોષ.
છોરુને...૨

અક્કલ સૌના સુખમાં આપે, આપ રળ્યું જમનાર; (૨)
એ...બુદ્ધિ કેરા પાશલા બાંધી, નવ ખેલે શિકાર.
છોરુને...૩

અન્નના દાતા જૂઠપે તાતા, ગાતા રામાયણગાન; (૨)
એ...પારકી પીડા ટાળવા પોતે, પાથરી આપે પ્રાણ.
છોરુને...૪

ભાગલી ફોજુ ભેડવે એવા, થડકયાં આવે થોભ; (૨)
એ...ઝૂંપડે જેને ખેલવા રાખે, લોબડીઆળી લોભ.
છોરુને...૫

વાણીરૂપી મારાં દૂધડાં કેરી, ઝીલજો ધોળી ધાર; (૨)
એ...વરૂડી જેવી ધીડીઉં, બેટા ઈસરના અવતાર.
છોરુને...૬

એકલા ખાશો તો રોગીઆ થાશો, પસ્તાશો વિહા પાર; (૨)
એ...જીરવ્યા કોઈથી જાય નહિ એવા અજીરણ ઓડકાર.
છોરુને...૭

ચારણોને કહે સોનલ માતા, સહુને વાધો સુખ; (૨)
'કાગ' જાયા તમે જગદંબાની, કોઈ લજવતા ન કુખ.
છોરુને...૮

## અંબા

દોહો

શાંતિકરણ જગભરણ તું, ઘડણ ઘણા ભવઘાટ;
નમો આદ્ય નારાયણી, વિશ્વરૂપ વૈરાટ.—૧

છંદ ભુજંગી

નમો બ્રહ્મશક્તિ મહાવિશ્વમાયા,
નમો ધારની કોટિ બ્રહ્માંડ કાયા;
નમો વેદ વેદાંત મેં શેષ બરની,
નમો રાજકા રંકપેં છત્ર ધરની.—૧

નમો પૌનરૂપી મહા પ્રાણદાતા,
નમો જગતભક્ષી પ્રલે જીવ ધાતા;
નમો દામની તાર તોરા રૂપાળા,
નમો ગાજતી કાલિકા મેઘમાળા.—૨

રમે રાસ તું વ્યોમ બાળા હુલાસી,
પૂરે સાથિયા કેંક રંગે પ્રકાશી;
સહે તાલ બ્રહ્માંડ એકી અવાજે,
તુંહારાં અનોહાંહ વાજિંત્ર વાગે.—૩

નિશા શામળી કામળી ઓઢ કાળી,
તું હી કાળરાત્રિ નમામિ કરાળી;
તું હી તારલે જ્યોત ઝીણી ઝબૂકે,
ફરે આભકા પંથ ફેરા ન ચૂકે.—૪

પ્રભા ભાનુમેં માત તોરી પ્રકાશે,
લખી ઉગ્રતા ઓઘ અંધાર નાશે;
તું હી ચંદ્રિકા રૂપ વ્યોમે હસંતી,
ધરી ઓઢણી શ્વેત આભેં લસંતી.—૫

દિશા કાલ કે ભેદ તોરા ન દિસે,
નમો સેવ્યની બ્રહ્મ રુદ્ર હરિસે;
તું હી આભ ઔકાશ કેતા નિપાવે,
મથે માનવી થાહ તોરા ન પાવે.—૬

તું હી સાથરા નીર ગંભીર ગાજે,
ભીડે આકડા વાંકડા નાટ સાજે;
ધકે હાલતા લોઢ લેતા હિલોળા,
કરંતી જળાં બોળ અંગે કિલોળા.—૭

તું હી વાદળાં પા'ડ માથે પછાડે,
સરિતા બની ધૂધવે ઘોર ત્રાડે;
અષાઢે સુ નીલંબરં અંગ ઓઢી,
તું હી જાણિયે પાણિયાં સેજ પોઢી.—૮

હેમંતે અનોધા હિમાળા હલાવે,
તુંહી પૌનમાં શીતળં ગીત ગાવે;
વસંતે તુંહી માત હેતે હુલાસી,
લતા ઝાડમાં ફૂલ ફૂલેં પ્રકાશી.—૯

ભડી દાનવાં સાથ બુઢ્ઢી ભુજાળી,
અખાડે અરિ આમળા દીધ ટાળી;
પવાડે ટલા કેતરી વાર લીધા,
રણે દોખિયાંરે સરે રેશ દીધા.—૧૦

કહીં વાર કાળી ધરી હાથ કાતાં,
રંગ્યાં રાખસાં લોઈ બંબોળ રાતાં;
ભવાની અસાં ભારથાં કે'ક કીધાં,
પછાડી ઘણાં દાનવાં રેર પીધાં.—૧૧

તું હી લોહ ખાંડાં ધરી વીશ હાથે,
મંડી બેધ વાઘેશ્વરી દૈત માથે;
વડા પા'ડ શા આવતા રાહ આડા,
ધકી વેઢકે ત્રોડિયાં કાંધ જાડાં.—૧૨

પછાડયો જળાં સોવળાં દૈત ધાતી,
ધરા દીધ રાખી રસાતળ જાતી;
કહે સેવકાં પાહિ તોહિ સરાહી,
નમો વિશ્વગ્રાહી અગ્રાહી વરાહી.—૧૩

તું હી ટેર પ્રેલાદરી સૂણ ક્રોડી,
તમંકી બણી સિંહણી થંભ ત્રોડી;
હણી દીધ તેં રામરો દૈત દ્રોહી,
નમો નારસિંધી અસુરાં વિમોહી.—૧૪

ફતેકાર નેજા તિહારા ફરૂકે,
જપે સુર માળા તુંહી પાવ ઝુકે,
તું હી હેક ચંડી મહા માન ખંડી,
વિખંડી દળાં દાનવાં લોક મંડી.—૧૫

તું હી શ્વાસ-ઉસાસરી હાથ દોરી,
કળા કોણ જાણે તિહારી અઘોરી;
સુણી સાદને અંબિકા ધાય વારેં,
કરો સેવકાં જા’જ માતા કિનારે.—૧૬

તું હી કારણી મારણી મોહ માયા,
તું હી તારણી જે શરે કીધ છાયા;
તું હી જગત નિભાવણી વિશ્વકાયા,
નમો રાજ રાજેશ્વરી યોગમાયા.—૧૭

ભરી પૂર્ણ બ્રહ્માંડમાં પૂર્ણ ભાસે,
અણુ બીજમાં તું અનેરી પ્રકાશે;
તું હી જોગણી ભોગણી જીવ જાયા,
નમો સાત દ્વીપેશ્વરી વજ્ર કાયા.—૧૮

તું હી બ્રહ્મવિદ્યા અવિદ્યા પરેષી,
તું હી તુલ્ય દૃષ્ટિ તું હી ઉગ્ર દ્વેષી;
પરા પશ્યતી મધ્યમા વૈખવાની,
ન જાની ગતિ જાય ગંભીર જ્ઞાની.—૧૯

ખનું એક તું કે’ક બ્રહ્માંડ થાપે,
ખનું એકમેં કે’ક લોકાં ઉથાપે;
તું હી તું તું હી તું તું હી તું જ જાની,
મતિ હૈ યથા મોરી એતી બખાની.—૨૦

નમો માત કાગેશ્વરી ભદ્રકાળી,
કળા સોળ ધારી રૂપાળી કૃપાળી;
દયા દીઠસે દાસ અંગે નિહારો,
ભરોસો મુંહી એક અંબા! તિહારો.—૨૧

છપ્પય

સંવત શ્રેષ્ઠ ઉગનીસ, સાલ નેવું સુખદાઈ,
શુકલ બીજ બુધવાર, માસ વૈશાખ સુહાઈ;
સ્નેહપુરી કરિ વાસ, અતિ હિયમેં હુલસાયો,
લક્ષ્મીનાથકે ભવન, મુનિ રહી કે ગુન ગાયો.

તન વ્યાધિ હરન તારનતરન,
જળ થળ રૂપ જિણુરો બાણ્યો;
'કાગ' લગ્યો તૂટે નહિ,
તાર એક અંબા તણો.

## અર્થ

હે અંબા! તું શાંતિ સ્થાપવાવાળી છો. શાંતિ કોણ સ્થાપી શકે? જેનું સ્વરૂપ શાંતિમય હોય. શાંતિ એ અભયની પુત્રી છે અને અભય એ નિર્દોષતાનું બાળક છે. હે દેવી! તું તારા આચરણ અને આશીર્વાદથી સઘળા દોષને નિવારનારી છો. જ્યારે માનવીમાં દોષ હોતો નથી ત્યારે આપોઆપ અભય જન્મે છે. ખોટા વિવેકમાંથી ખુશામત, જૂઠી ક્ષમામાંથી નબળાઈ, કંજુસતામાંથી ચોરી, અપરાધમાંથી ભય અને ભયમાંથી રાજશાસન જન્મે છે. વળી, હે મા! તારી જગતશક્તિ સર્વનું ભરણપોષણ કરે છે. એટલે તું થાળી લઈને ઘરોઘર ફરતી નથી પણ પંચતત્ત્વનું જે યંત્ર બનાવ્યું છે તે આપોઆપ અન્ન, ઘાસ, ફળ વગેરે સમયસર તૈયાર બનાવી આપે છે. સઘળાં બીજને ઢાંકી તારી મહાશક્તિ અણુ અને પરમાણુરૂપે રહી છે.

પ્રાણી માત્રને સહુથી વધારે જરૂર પવનની છે. તો એ વાયુ વિના મૂલ્યે રંક-શ્રીમંત, કીટ-પતંગ અને મચ્છર-ગરુડને મળ્યા કરે છે; તેમ જ વનસ્પતિને પણ જ્યારે જેટલો જોઈએ ત્યારે એ પવન મળ્યા કરે છે. બીજી જરૂર પાણીની. પાણી વિના એક ઘડીમાં પ્રાણી મરતું નથી, જેથી એ જરા દૂર રાખ્યું. તેમાં માનવીને ચેતન અને શ્રમવંતો બનાવ્યો, નદીથી, કૂવાથી; તળાવથી, ગમે ત્યાંથી પાણી ભરી લાવે. પછી જરૂરિયાત આવી અન્નની. બીજ તો તેં બનાવ્યાં પણ ધરતી માનવીએ ખેડવી જોઈએ, વરસાદ તેં વરસાવ્યો પણ માનવીએ ખેતરમાં સુંદર વાવણી કરવી જોઈએ. પછી બીજ ઊગે, જીવનશક્તિ ડોકિયું કરે, ત્યારે માનવીએ એની ચારેક માસ રક્ષા તથા સારવાર કરવી જોઈએ. આ અપાર સિદ્ધિ વચ્ચે મનુષ્ય ભૂખ્યો રહેતો હોય તો તે આળસુ, વ્યસની અને થયેલા જ્ઞાનમાં જેને ધ્યાન નથી હોતું તે જ રહે છે.

આધુનિક જમાનાનું સાધન મોટર છે. તેને કેમ હાંકવી એ બરાબર જાણી લીધું હોય પણ મોટર ચલાવતી વખતે એ જ્ઞાનની સાથે જો ધ્યાન નહિ હોય, તો એ જ્ઞાન કાળને નોતરશે. કોઈ પણ જીવન અને જગતના જ્ઞાન સાથે ધ્યાન ન હોય તો એ જ્ઞાન ફક્ત નાશને નોતરવાનું જ સાધન બનશે. માનવીએ સદા સાવચેત રહી કોઈ વિચાર પ્રથમ કરવા જેવો અને પળે પળે સંભારવા જેવો હોય તો તે, થયેલા જ્ઞાનનું ધ્યાન રાખવું, તે છે.

કોઈ કહે કે મા ક્યાં ખાવા આપે છે? એ તો અમે ઉત્પન્ન કરીએ છીએ. રાંધીએ છીએ અને ખાઈએ છીએ. ના, એમ નથી. કોઈ પણ માનવીની શક્તિ ઉત્પાદક શક્તિના સીમાડા સુધી પહોંચી નથી. માનવી જે અન્ન, ફળ વગેરે ખાઈને તૃપ્ત બને છે એનાં બીજક એણે બનાવ્યાં નથી અને બનાવી પણ શકતો નથી. તેમ શરીરમાં જે અનંત શક્તિ રહેલી છે તેને પોતે લાવી શકતો નથી; એ શક્તિ એને મહાશક્તિમાંથી મળ્યા કરે છે. એટલે હે મા! તું શાંતિની માતા છો તથા પ્રાણી માત્રનું આ રીતે પોષણ કરવાવાળી છો.

વળી, હે મા! અનંત બ્રહ્માંડોના અનંત ઘાટ પણ તેં જ ઘડચા છે. કેટલાં બ્રહ્માંડો છે? કેવી રીતે એ ગોઠવાયાં છે? ક્યારે ઉત્પન્ન થયાં છે? કેવી રીતે અને ક્યાં સુધી એ રહેવાનાં છે? એનો પાર માનવી પામી શક્યો નથી. ધરતી અને ગ્રહો વગેરે બ્રહ્માંડો તો ઠીક પણ નજરથી ન દેખાય એવા કીટનાં બ્રહ્માંડોથી માંડી પશુ–પંખી–માનવી સુધીનાં જુદાં જુદાં બ્રહ્માંડોની તેં અદ્‌ભુત ગોઠવણી કરી છે–ઘડણ ઘણા ભત્ર ઘાટ.

હે મા! તને નમસ્કાર શા માટે કરું છું? ઉપર કહેલાં કારણો માટે. હે નારાયણની મહાશક્તિ! નજરથી દેખાતો અને મનથી કલ્પના થતો તારી શક્તિનો ભાગ બાદ કરીએ તો પાછળ શું રહેતું હશે? એની કલ્પના કરવાની બુદ્ધિ અને શબ્દો માનવયંત્રને મળ્યા નથી. પંચભૂત તારાં છે, શરીરો તારાં છે, એમાં ચેતનશક્તિ તારી છે, એને દૂર કરીએ તો પાછળ શું રહેતું હશે? તું કે ભગવાન! એનું વર્ણન, એની ભક્તિ, એની લીલા શરીર અને શરીરમાં રહેલી શક્તિ વિના કેમ થશે!

**મીઠા વિનાનું અન્ન લૂખું કે,**
**જાગતી જોગમાયા;**
**એમ શક્તિ વિનાનું ખોટું ખોખું,**
**જોરાળી જોગમાયા.**

આટલો અર્થ પ્રથમ દોહાનો થયો.

હે આદિ બ્રહ્મશક્તિ! હે આ વિશ્વની અપાર માયારૂપ! તને હું નમસ્કાર કરું છું. હે મા! તું માતામાં હેતરૂપે છો, બહેનમાં કરુણારૂપે છો, પત્નીમાં પ્રેમરૂપે છો, અને બીજમાં સુષુપ્તરૂપે સૂતી છો. જગતની એક એક ક્રિયામાં તારી સર્વ સત્તા વિલસી રહી છે. વિષ્ણુ અને દેવતાઓને સગુણ બનવું હોય ત્યારે તારો આશ્રય લેવો પડે છે; પંચીકૃતભૂતની તારી પાચે યાચના કરે છે.

ઈશ્વરના અનેક અવતારો થયા, તેમાંના ભગવાન શ્રીકૃષ્ણે ચોખ્ખે ચોખ્ખું કહ્યું છે કે હું મારી માયાનો આશ્રય કરી અવતાર ધારણ કરું છું. હે મા! તું કેટલી મહાન છો! કે, તારે અવતાર લેવો હોય ત્યારે કોઇ દેવોનો આશ્રય લેવો પડતો નથી.

સુની સહુ દેવનકો ભય સાદ
પ્રગટ્યં આપોય આપ પ્રસાદ.

હે મા ! તારી સર્જનશક્તિ તારાથી જુદી પડતી નથી, કારણ કે અનેક બ્રહ્માંડોને તેં જ ધારણ કર્યાં છે. વળી એ બધાંને કેવી રીતે ધારણ કર્યાં છે એ મંત્ર તું એક જ જાણે છે. હે મા ! વેદ, વેદાંત, ઉપનિષદ અને પુરાણો વર્ણન કરતા બંધ થઈ જાય છે ત્યાંથી તારી અનિર્વચનીય શક્તિનો પ્રારંભ થાય છે. ઋષિઓ, મુનિઓ અને સાક્ષાત્ બ્રહ્માજી પણ આપની રચનાનો પાર પામી શક્યા નથી.

કર્મ અને શરીર, બીજ અને વૃક્ષ, માતા અને પત્ની, પુત્ર અને પિતા: આ ચાર શબ્દદ્વંદ્વોમાં કોણ કોનું કારણ ? આ કોયડો, આટલા આ આઠ જ શબ્દો વિચારવંત વિદ્વાનો અને યોગીઓને પણ અકળાવી મૂકે છે. એનો ભેદ એક તું જ જાણે છે. હે મા ! તારી અપાર લીલાના અંતમાં જવા કરતાં એ લીલા ગાવામાં, ભજવામાં ને એમાં શ્રદ્ધા રાખવામાં મોટી લહેર છે. હે મા ! ક્યારેક રંક રાજા બની જાય છે, ક્યારેક રાજા રંક બની જાય છે; ક્યારેક આખા વિશ્વ પર સત્તા ચલાવનાર એક દિનની સત્તાનો આશ્રય શોધે છે, અને ક્યારેક ભટકતો અને જીવનપંથમાં આમતેમ અફળાતો ગરીબ સમ્રાટના મહાછત્રનો અધિકારી બને છે. આ બધું હે જોગમાયા ! કર્મ અને કૃપાના તારા કાયદે જ બને છે. પણ, અજાણ લોકો આવા ઓચિંતા મહાન ફેરફારો જોઈ સ્તબ્ધ બને છે: એટલે કોઈ કોઈ વખત તારાં આવાં ચરિત્રને જોઈ અબુધ માનવીઓ મોહને પ્રાપ્ત થાય છે. ૧

હે મા ! વ્યાન, સમાન, ઉદાન, અપાન, પ્રાણ, નાગ, કૂર્મ, કકલ દેવદત્ત, ધનંજય આ દસે વાયુનાં નામ લેવાં તો સોયલાં છે. જેમ વિદ્યાર્થી પાઠ ગોખે છે તેમ કોઈ વિદ્વાન ગોખી જાય છે. પણ એ બધા વાયુની ઉત્પત્તિ, એનું સ્વરૂપ, એની સ્થિતિ, આગમન અને પ્રયાણ એને કોઈ જાણી શકતું નથી. કારણ કે આ બધી વિધ વિધ રૂપે શરીરયંત્ર ચલાવતી તારી શક્તિઓ છે અને એ બધી શક્તિઓની અધિષ્ઠાત્રી પ્રાણશક્તિ છે. તે શક્તિ પ્રથમ તારી આજ્ઞાને સાંભળીને જગતમાં તેનો અમલ કરે છે; પણ ખરી યુક્તિ તો એ છે કે શરીર માત્રને હે મા ! તું પ્રાણ આપવાવાળી છો. આ બધી તારી શક્તિઓને માનવી પ્રાપ્ત કરી શકતો નથી, પણ એ શક્તિના અવલંબનથી જીવનપંથ ખેડી રહ્યો છે.

નમો જગતભક્ષી પ્રલે જીવઘાતા

એટલે, પ્રલય વખતે તું સર્વનું ભક્ષણ કરી જવાવાળી છો. પ્રાણીમાત્ર સ્થાવર, જંગમને ચૂલે ચડાવી રાંધીને ખાઈ જવાવાળી નહિ, પણ આ બધાં તત્ત્વોની રચના એવી છે કે એકબીજાં એકબીજાંમાં મળી જાય છે. સૂર્ય રાતનું ભક્ષણ કરી ગયો કહેવાય છે, પણ તે કંઈ રાત્રિને ખાઈ જતો નથી. અંધકાર હતો તે પ્રકાશ બની ગયો, તેમ મહાપ્રલયમાં સર્વ તત્ત્વો, સર્વ પ્રાણો, સઘળું તારી શક્તિમાં સમાઈ જાય છે.

વિરાટના વર્ણનથી જેની બુદ્ધિ થાકી ગઈ છે એવો કવિ હવે મા પ્રત્યે વળે છે. પોતાની દૃષ્ટિથી તેને ક્યાં ક્યાં અને કેવી કેવી રીતે જોઈને કૃતકૃત્ય બને છે તે જોઈએ.

હીંડોળે હીંચકી રહેલી માને ખોળે બેસીને કવિ પ્રકૃતિના અપાર રૂપમાં એ માનાં દર્શન કરી રહેલ છે. વર્ષાઋતુ આવે છે. દુર્જનના કાળજા જેવા વાદળાં આભને સાંકડો કરે છે. જાણ્યા છતાં ભૂલેલા માનવીના

હૃદયમાં જેમ પાપના થર સંઘરાયા હોય તેમ સાતથરાં વાદળ ભીડાઈ રહ્યાં છે. એ કાળાં વાદળોની ખીણમાં, ચોકમાં અને એના આંગણમાં વીજળીએ નાટારંભ માડચો છે. આ તેજના ક્ષણિક ઓઘ ક્યાંથી આવ્યા ? એ વીજળીને નીરખતાં કવિ સાત સાગરમાં પહોંચી જાય છે. ત્યાંથી ઠેકડો મારી સૂર્યના ઘર સુધી દોડી જાય છે, ત્યાંથી પાછો ફરી એ વાદળદળમાં ફરી વળે છે. પછી પાછો ધરતી પર બેસી વીજળીનો ચમકાર જુએ છે ને એને મહાયોગમાયા નજરે ચઢે છે. આ વિશાળ સૂર્ય અને સમુદ્રનું યંત્ર, એ યંત્ર દ્વારા થતી વાદળાંની બનાવટ અને એ વાદળામાં જ્યારે વીજળી જુએ છે ત્યારે કવિ એમાં માનાં દર્શન કરે છે. હે વીજળીરૂપે તું જ છે. બીજી કોઈ શક્તિનું આ ગજું નથી.

વીજળીમાં યોગમાયાને જુએ છે ત્યાં તો આકાશના અવકાશને અને ધરતીના પટને કંપાવી નાખનાર કડાકો વાદળાંની ખોપરીમાં થાય છે. એ ગાજતી મેઘમાળામાં સર્જકશક્તિ માની હાકલ સાંભળી કવિ તે જ વખતે નમી પડે છે. ૨

હે મા ! તું બાળ સ્વરૂપે વર્ષાઋતુમાં આકાશના ચોકમાં રમતી લાગે છે. મેઘધનુષ્યના સાત સાતરંગી સાથિયા પૂરી તું વ્યોમરૂપી ઘરને શણગારતી દીસે છે. તારાં ગહન વાજિંત્રતાના ગડગડાટથી આખું બ્રહ્માંડ ગાજી ઊઠે છે. મેઘગર્જનારૂપી તારાં વાજિંત્ર સામે બ્રહ્માંડમાં પડછંદા બોલી ઊઠે છે, જાણે કે તારાં દૈવી વાદ્યના તાલ ઝીલાઈ રહ્યા છે. ૩

હે મા ! પ્રકાશમાં તો તારાં સહુ કોઈ દર્શન કરે છે, પણ કાળી રાતના ઘોર અંધકારમાં પણ તારાં દર્શન થાય છે. કાળી મેશના અર્કમાંથી સર્જેલી વર્ષાઋતુની કોઈ અમાસની રાત તેં જાણે કાળી કામળી ઓઢી હોય એમ લાગે છે.

અંધકાર એ પ્રાણીમાત્રને ડરાવનાર છે. એવાં હે કાળરાત્રિરૂપી મા ! તને હું નમસ્કાર કરું છું. હે મા ! એ કાળરાત્રિમાં આકાશ તરફ મીટ માંડું છું ત્યાં કાળી કામળીમાંથી તારી અનંત તેજ ઝરતી આંખ્યુંના દર્શન થાય છે. એ નવલખ તારલિયારૂપી આંખવાળી અને તારી પ્રકૃતિના નિયમને કદી પણ ન ભૂલનારી એવી હે વિરાટ જનેતા ! તને નમસ્કાર કરું છું. ૪

હે મા ! સૂર્યમાં જે તેજ છે તે તારું છે. શરીરમાંથી જેમ પ્રાણશક્તિ બાદ કરીએ તો બાકી કશું ન રહે, તેમ સૂર્યમાથી તેજશક્તિ લઈ લઈએ તો પાછળ કંઈ પણ રહેતું નથી. એ તેજશક્તિનાં દર્શન અંધકારના સમૂહો કદી કરી શકતા નથી. આવી ઉગ્ર તેજવાળી હે આદ્યશક્તિ ! ક્યારેક તો તું અપાર કોમળ અને શીતળ ભાસે છે. કોઈ શરદ પુનમની રાતે ધોળાં વસ્ત્રો ધારણ કરી તું સચરાચરને હસાવતી અને હસતી દીસે છે. ૫

દેશ, કાળ અને વસ્તુનો ભેદ આપને લાગુ પડતો નથી. તું ક્યાં છો અને ક્યાં નહિ, આમ કહી શકાય નહિ. વિષ્ણુ, બ્રહ્મા અને સદાશિવ જેનું સેવન અને આરાધન કરી રહ્યા છે, એવી હે યોગમાયા ! તને નમન હજો.

કવિશ્રી દુલા કાગ સ્મૃતિ-ગ્રંથ

અવકાશનો નાશ અને ઉત્પત્તિ બંને બુદ્ધિમાં આવી શકતાં નથી. બીજાં ચાર તત્ત્વોની ઉત્પત્તિ અને યુક્તિથી જાણી શકાય છે. દાખલા તરીકે પૃથ્વીનું જળમાં ડૂબી જવું, જળનું અગ્નિમાં બળી જવું, અગ્નિનું વાયુમાં મળી જવું. વાયુનું આકાશમાં લીન થવું. પણ પોલાણનો વિનાશ બુદ્ધિગમ્ય નથી, કે પોલાણ ન હોય પછી શું હોય! આ અપંચીકૃત વિષય મન અને કલ્પનાથી બહુ દૂર છે. હે મા! આવાં અનેક આકાશો તું સરજી શકે છે. આ તારી શક્તિના અંશને પામવા માનવી કાયમ મથી રહ્યો છે. પણ હજુ એનો પાર લઈ શક્યો નથી. ૬

હે મા! સાગર જાણે તારો નાવાનો હોજ હોય એવો લાગે છે. એ સાગરનાં દર્શનમાં તારા રાસનાં દર્શન થાય છે. પાણીના લોઢ એ નવ લાખ લોબડીવાળી શક્તિઓના હાથ હોય અને સામસામા રાસડાના તાલ લેતા હોય એમ લાગે છે. એ સાગરની વીળ (ઓટ) વખતે જાણે તું ડૂબકી મારે છે, એટલે કાંઠા પરનાં પાણી પાછાં જવા માંડે છે. અને તું તળિયેથી જ્યારે બહાર નીકળે છે, ત્યારે સમુદ્રમાં ભરતી થાય છે. આમ હે મા! સાગરમાં તું ડૂબકીડોળ રમતી હો તેવું લાગે છે. ૭

વાદળીઓના છેડા પકડી પહાડો માથે એને તું પછાડે છે અને પછી નદી બનીને ઘોર ગર્જના કરતી સાગર તરફ જાય છે. અષાઢ મહિનામાં આકાશમાં ચડી હું નીચે મીટ માંડું છું ત્યારે જળરૂપી પલંગ પર લીલી ઓઢણી ઓઢી તને શાંતિથી નિદ્રાધીન થએલી દેખું છું. ૮

હે મા! હેમંત ઋતુમાં જાણે હિમાલય ઉપર બેસીને તું શીતળ ગીત ગાઈ રહી હો એવું લાગે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં તારું સંગીત સંભળાય છે, અને વસંત આવતાં વૃક્ષેવૃક્ષની ડાળીએ ફૂલ ફૂલમાં તારાં દર્શન થાય છે. ૯

પ્રકૃતિમાં વિલસી રહેલ માના આ વિરાટ દર્શનના વર્ણન પછી કવિના ચિત્તમાં ઇતિહાસની યાદ સળવળી ઊઠે છે. જ્યારે અનેક દાનવો ધર્મનો લોપ કરી ત્રિલોકને ત્રાહિ ત્રાહિ પોકરાવવા માંડેલા ત્યારે માત્ર લીલારૂપ ભયંકર સ્વરૂપ ધરીને હે મા! તેં એ અહંકારી મહાન રાક્ષસોને રણમાં રોળી દીધા હતા. આવા તારા અનેક યુદ્ધોનાં વર્ણન ઋષિ, મુનિ અને ચારણોએ કરેલ છે. ૧૦

હે મહામયી! તારી તલવારને તેં અનેક વાર દુષ્ટ રાક્ષસોના લોહીમાં રંગેલી છે. અનેક યુદ્ધો તેં કરેલ છે, અને ધર્મધ્વંસી અનેક દૈત્યોનાં લોહીથી તેં તારું ખપ્પર ભરેલ છે. ૧૧

હે ભવાની! હજારો અને લાખો હાથે ખાંડાં અને ખડગ ધારણ કરી તેં દાનવકુળનો સંહાર કરેલ છે. મહાન પર્વતાકાર રાક્ષસો જેણે ધર્મના માર્ગને રોકેલો હતો એના કંધો તેં તોડી નાખ્યા છે. ૧૨

હે માહેશ્વરી જ્યારે હિરણાક્ષ નામનો દૈત્ય પૃથ્વીને રસાતળ લઈ જતો હતો ત્યારે તેં વારાહ ભગવાનમાં તારી શક્તિ મૂકી ધરતીનો ઉદ્ધાર કર્યો હતો, અને જળમાં યુદ્ધ કરી ભયંકર રાક્ષસને માર્યો હતો. તને સેવનારો વર્ગ તારું શરણ ઇચ્છે, તારાં ગુણગાન કરે છે, એવી હે અનંત જગતને ધારણ કરવાવાળી મા વારાહી! તું કોઈથી ગ્રહણ થઈ શકે તેવી નથી ૧૩

હે યોગમાયા! પ્રહ્લાદનો આર્તનાદ સાંભળી તું ઉતાવળે દોડી આવી, એવી નૃસિંહને ધારણ કરનારી હે નારસિંહી! વિકરાળરૂપે તેં સ્થંભમાં દર્શન આપી હિરણ્યકશિપુને પછાડી તેના પ્રાણ હર્યા હતા. કારણ કે એ દાનવ રામનો–સત્યનો વિરોધી હતો. ૧૪

હે સર્વેશ્વરી ! તારો કદી કોઈનાથી પરાજય થતો નથી, કારણ કે તને હાર પમાડે એવું કોઈ તત્ત્વ બ્રહ્માંડમાં નથી. જીવન–મરણ સુખ–દુખ, હાનિ–લાભ અને બંધ તથા મોક્ષ એ સર્વ તારા ઉત્પન્ન કરેલાં છે. અને એને માટે 'પોતાનાં જ કર્મોને આધીન' નો અટલ નિયમ તેં કરેલો છે. એટલે જ સર્વ દેવ, સિદ્ધ, ચારણ, વિદ્યાધર કિંપુરુષ અને સજ્જન માનવી તારી આજ્ઞા અનુસાર જીવન જીવે છે, તારા નામનો અખંડ વિશ્વાસથી જાપ જપે છે, તને જ નમસ્કાર કરે છે.

હે મા ! તારા સરખી તું એક જ છો. કારણ કે, જડ અને ચેતનમાં તારી શક્તિ ભાસે છે, લાકડા જેવી વસ્તુમાંથી જ્યારે શક્તિ (કસ) જતી રહે છે ત્યારે એ લાકડું સડી જાય છે, અને લોટ બની જાય છે. પથ્થરમાં દઢતારૂપે રહેલું તારું સત્ત્વ જ્યારે ચાલ્યું જાય છે ત્યારે એની ઘનતા મટી બળહીન બની જાય છે. તને સર્વ પાપોમાં અહંકારરૂપી પાપનો વિશેષ તિરસ્કાર છે, એટલે જેને જેને અભિમાન થાય છે એનું માનમર્દન કરવામાં તું જરાપણ ઢીલ કરતી નથી. દાનવકુળોને છિન્નભિન્ન કરનારી તથા અનંત બ્રહ્માંડોને રચવાવાળી એવી હે જનેતા ! હું તારે શરણે છું. ૧૫

હે મા ! તારી અનંત અને ભયંકર નહિ પણ સર્જક અને પાલક શક્તિ, અનંતરૂપે અને અનંત રીતે કામ કરી રહી છે. અનંત વૃક્ષો, અનંત ફળ, અનંત સ્વાદ, અનંત ફૂલ, અનંત જળસૃષ્ટિ, અનંત અનંત તારા, અનેક નક્ષત્રો, અનેક સૂર્યો, અપાર ચંદ્રમા, (જે બધાં બહુ દૂર હોવાથી ચાંદરડાં જેવાં લાગે છે) તેં બનાવ્યાં છે. એક અણુ જેટલા જળબુંદમાં આંખ, નાક, હાડ, માંસ, લોહી વિકાર, ઇચ્છા, આશા, ભૂખ, તરસ, બાળપણ, યુવાની, વૃદ્ધત્વ અને મરણનું તેં નિર્માણ કરેલ છે. તારા સ્વરૂપનું વર્ણન તો ક્યાંથી થાય ! પણ તારી સૃષ્ટિ અને એના નિયમોનું વર્ણન ગણપતિ, વ્યાસ અને દેવતાઓના ગુરુ બૃહસ્પતિ લાખો વર્ષ કરે તો પણ મણમાં પૂણી કાંત્યા જેવું થાય છે. બળવાનમાં બળવાન માનવી હોય, એક જ ક્ષણમાં જગતને બાળી ખાખ કરી નાખે એવો બળવાન હોય, પણ શ્વાસની ગતિ રુંધાય તો એ અશક્ત થઈ જાય છે, અને એ શ્વાસદોરી ચલાવવા શક્તિમાન થતો નથી. આવી હે સર્વશક્તિમાન મહામાયા ! અમારા સંકટ વખતે સહાય કરજે, અને સંસારસાગરમાં કામ, ક્રોધ, લોભ, ઈર્ષા, દંભ અને વિઘ્નોએ આ જીવનરૂપી વહાણ ડૂબે તો એને કિનારે કરજે. ૧૬

હે મા ! સર્વ જગતનું તું આદિકારણ છો. આ સૃષ્ટિ એ તારી ઈચ્છાનું પરિણામ છે. સંત પુરુષોએ બતાવેલ શ્રદ્ધા અને સુંદર યુક્તિથી જે તને ભજે છે એને તું આસુરી ભાવનામાંથી બચાવી લે છે.

આ જગત એટલે જડચેતન, એનું તું યથાયોગ્ય પાલન કરે છે. જેને માટે જે નિર્માણ કરેલું છે તેને તે આહાર તું જ આપે છે, અને સર્વ વિશ્વને તારા એક જ રોમમાં તું ધારણ કરે છે. હે મા ! જેના પર તારી કૃપા ઉતરે છે એ તારી મોહક માયાને તરી જાય છે. હે મા ! તને ઉપમા આપવા માટે બાવન અક્ષરો શક્તિહીણ બની જાય છે, છતાં સંબોધન કર્યા સિવાય રહેવાતું નથી. એ સંબોધન તે આ છે: હે રાજરાજેશ્વરી ! ! તને મારા નમસ્કાર હજો. ૧૭

હે યોગિની ! આ બ્રહ્માંડની અપાર રચનામાં કંઈ પણ અપૂર્ણ દીસતું નથી. સર્વ પૂર્ણ જ છે. આસપાસ વ્યાપી રહેલા પવનમાંથી થોડોક પવન એક રબ્બરના દડામાં ભરી લઈએ તો પણ એ પવન પૂર્ણ

છે. એ દડો હજારો ગાઉ લઈ જઈએ તો એ વાયુ પણ પૂર્ણ છે. દડામાંથી પવન કાઢી નાખીએ તો એ પ્રભંજન પણ પૂર્ણ છે. જેમ આકાશનું પોલાણ ઘડામાં ભરો, ઘડો ફોડી નાખો, એ બંને કાળમાં આકાશ પૂર્ણ જ છે, કદી અપૂર્ણ થતું નથી, તેમ દેખાતી આ દશ્ય સૃષ્ટિનાં અનંત રૂપાંતરો થવા છતાં, એની પૂર્ણતા નાશ પામતી નથી. આ બધો વ્યાપાર તારી અણુમાત્ર એક જ શક્તિ કરી રહી છે. એક માણસ ખેડૂત હોય, કવિ હોય, વેપારી હોય, અને માલધારી હોય; તો એ માનવી કાવ્ય લખતો હોય, વાવણી વાવતો હોય, વેપાર કરતો હોય અને ગાયભેંસને દોતો હોય ત્યારે માણસ તો એકનો એક હોવા છતાં તેની જુદી જુદી શક્તિઓ કામ કરે છે; તેમ આ સૃષ્ટિ તો તારી લીલાનું પરમાણું છે, અને તારી નાની એવી એક જ શક્તિ એની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છે.

હે મા ! અણુ જેવા બીજમાં તું કેવી રીતે રહી છો ? એ અનાદિ કાળથી જોવા છતાં હજુ સુધી કોઈ કવિ કે પંડિત બીજની વિસ્તાર શક્તિનો પાર પામી શકયો નથી કે બીજમાં જીવનશક્તિ કેમ પ્રગટ થાય છે, અને બાજરો, જુવાર, ચોખા, લીંબડો, આંબો વગેરે વિવિધરૂપે કેમ વિસ્તરે છે ? હે મા ! ભોગ પદાર્થો ઉત્પન્ન કરી અને ભોગવનારી પણ તું જ છો. જેમ પંખી માળો બાંધે, જેમ માણસ ઘર બનાવે, એમ વિશ્વરૂપી ઘર બનાવી એની ભોકતા પણ તું જ છો. રામકૃષ્ણ પરમહંસ દેવે ગાયું છે તેમ-તોમાર કર્મ તુમિ કરો મા-તું જ બધું કરી રહી છો, એવી સાત દ્વીપની અધિશ્વરી ! તને નમસ્કાર હજો. ૧૮

હે મા ! અવિદ્યા પણ તું જ છો, અને બ્રહ્મવિદ્યા પણ તું જ છો. અવિદ્યા એટલે જન્મમરણને આપનારી અને વિદ્યા એટલે બંધમાંથી મુક્તિ આપવાવાળી. એ બ્રહ્મવિદ્યાનો વિસ્તાર વેદના સારરૂપ આ પ્રમાણે કહેલો છે, જેને જ્ઞાનની સાત ભૂમિકા કહેલી છે. શુભેચ્છા, સુવિચારણા, તનુમાનસા, સત્વાપત્તિ, અસંશક્તિ, પદાર્થાભાવિની અને તુર્યા.

શુભેચ્છા એટલે વિવેક, વિવેક એટલે સત્યઅસત્યનું જ્ઞાન. એ જ્ઞાન પછી વૈરાગ્ય, વૈરાગ્ય એટલે ભોગ પદાર્થની અનિચ્છા. પછી વિષયોથી મનનું પાછું વળવું. આવા પાછા વળેલા મનને અને ઇન્દ્રિયોના સમૂહોને તત્ત્વ તરફ વાળવા ગુરુવાકય અને વેદવાકયમાં અટલ વિશ્વાસ. એ પછી મનની ચંચળતાનું સ્થિર થવું, જે સાધનથી આશા-તૃષ્ણા, લાભ-હાનિ, જશ-અપજશ અને મમતા ઉત્પન્ન થાય તે સાધન અને કર્મ બંનેનો ત્યાગ, એવી ઉપરામવૃત્તિ તડકો-ટાઢ, સુખ-દુઃખ, ભૂખ-તરસ એ દ્વંદ્વોને સહેવાની સહનશક્તિ અને છેલ્લે બંધન પામેલા સંસારના દોરડાથી છૂટું થવું, એટલે મુક્તિ. આ બ્રહ્મવિદ્યા પણ તું જ છે. અને હે મા ! સંસારચક્રમાં ગડથોલાં ખાતા આ જીવની મુક્તિ પણ તું જ છે. ૧૮

હે મા ! તું સમદષ્ટિ છો, છતાં બાળકને ગૂમડું થાય તો જેમ મા એને સારા વૈદ પાસે કપાવી કે ચીરાવી નાખે છે; તેમ કોઈ કોઈ વખત અસુરોની રોગરૂપી વૃત્તિ છોડાવવા અને સજ્જનોને શાંતિ આપવા તું મહાન ઉગ્રતા પણ ધારણ કરે છે. હે મા ! ચાર પ્રકારની વાણી પણ તું જ છે. એ વાણી કયારે અને કેમ પ્રગટ થઈ, કયારે શબ્દોનાં દ્વંદ્વ રચાયાં ? એની મહારાણીઓને પણ ખબર નથી. ૧૯

હે મા ! તારી અનંત શક્તિઓ એક જ ક્ષણમાં અનેક સૃષ્ટિઓ રચે છે અને એટલી જ વારમાં અનંત બ્રહ્માંડોનું ઉત્થાપન પણ કરી શકે છે. હે વરદાયિની ! તું કેવી છો એ તો ખરેખર તું જ જાણે

છે. બાકી તો ઋષિઓ, કવિઓ અને પંડિતો પોતાની વાણી પવિત્ર કરવા તારા સ્વરૂપને વખાણે છે. મેં પણ એ રીતે મારી મતિના છાબડામાં તારા ગુણગાનનો તોલ કરેલો છે. ૨૦

હે કાગની ઈશ્વરી ! હું તારા ચરણે નમસ્કાર કરું છું. તારું કાળીરૂપે પુરાણો વર્ણન કરે છે. પણ કાળી એટલે જીવઘાત કરવાવાળી નહિ પણ ભદ્રકાળી; એટલે કલ્યાણ કરવાવાળી હે જનેતા ! તું સોળે કળાથી સદાએ પૂર્ણ અમોઘ રૂપવાળી અને કારણ વિના પ્રાણી માત્ર પર દયા કરવાવાળી છો. કારણ કે, પશુ પંખીને એનાં બાળકોમાં કોઈ સ્વાર્થ હોતો નથી, છતાં એના પર અપાર સ્નેહ વર્ષાવે છે. માનું સ્થાન જ અદ્‌ભુત છે. ત્રણે કાળમાં જેની કૃપા નાશ નથી પામતી એનું નામ માતા. હે મા ! તારી મારા પર અપાર દયા છે છતાં તારી વિશેષ કૃપાનો હું પાત્ર બનું એવા મારા અખંડ વિશ્વાસનું પોષણ કરજે. ૨૧

સંવત ૧૯૯૦ની સાલ વૈશાખ સુદ બીજ ને બુધવારે ભાવનગરમાં અતિ પ્રસન્નતાથી, શ્રી. લક્ષ્મીનાથ શિવનાથ વ્યાસ જેનું મકાન ઘોઘાગેટ સામે છે અને એ મકાન સામે મેરૂ ખવાસનાં સ્થાપેલ અંબાજી છે, જેની મહા સૌમ્ય મૂર્તિ છે, તેને સંબોધી આ ભુજંગી છંદ ૨૧ કડીનો બનાવેલ છે. મારું શરીર ત્યારે સ્વસ્થ ન હતું, પણ આ સ્તુતિ પછી તરત જ મંદવાડ ચાલ્યો ગયો. હે મા ! તું સકળ આધિવ્યાધિને હરવાવાળી છો, સંસારસમુદ્રને તારનારી છો, જળમાં અને સ્થળમાં તારો ઠેકઠેકાણે વાસ છે. હે જનેતા ! આપના વિશ્વાસનો એવો મજબૂત તાર લાગેલ છે કે કદી એ દૃઢતા ટળશે જ નહિ.

## નંદરાણી

મારા અત્યાર સુધીમાં લખાયેલાં ગીતોમાં ક્યાંયે માતા યશોદાનું નામ આવ્યું ન હતું, એ વિચાર આવવાથી આ કૃષ્ણ અવતારના ગીતો લખવાં શરૂ થયાં. એમાં 'માતા યશોદાનું આંગણું' એ ભાવ બધાં ભજનોના આત્મા સમાન છે, ભગવાન કૃષ્ણ સવારમાં તોફાન કરે છે છાશ ફેરવવાનો સમય થઈ ગયો છે, ગાયોની ધકબક લાગી રહી છે, વાછરુ કૂદી કૂદીને માતાઓને ધાવવાં લાગ્યાં છે, એવે સમયે દેવનારીઓ જુદાં જુદાં રૂપ લઈ છાશ માગવા નંદરાણીને આંગણે આવેલ છે. જેને ત્યાં છાશ લેવા જાય તેના ઘરનું થોડુંક કામ એ છાશ માગનારી બાઈઓ કરી આપે. આ બાઈઓના ટોળામાં લક્ષ્મીજી પણ આવેલાં છે. તે નંદરાણીની હેલ લઈને પાણી ભરવા લાગ્યાં છે. ઇંદ્રાણી છૂપે વેશે માટીની કુલડી લઈ લાંબો હાથ કરી કહી રહી છે કે, 'માતા ! મને છાશ આપો...' આ બધી ધમાલ વચ્ચે ભગવાન શ્રીકૃષ્ણનું તોફાન વધી જાય છે. માતા યશોદા ખીજાઈને એક દોરડાથી તેને મોટા ખાંડણીઆ સાથે બાંધી દે છે. અહો ! ધનભાગ્ય માતા યશોદાનાં ! કે, જેની અલ્પ માયાએ અનેક બ્રહ્માંડોને બાંધી લીધાં છે, એવા ભગવાન આજે એના દોરડા વતી બંધાઈ જાય છે. 'હે માતા યશોદા ! તારું ઘણા દિવસથી લેણું હતું, ચોપડા પણ બાંધીને અભરાઈએ ચડાવી દીધેલા હતા; તે કરજ આજે ચૂકતે થઈ ગયું છે. સૃષ્ટિના સકલ જીવ માત્રમાં હે મા ! તારા જેવાં કોનાં ભાગ્ય વખાણું !" 'કાગ' કહે છે કે, 'હે માતા ! ઉઘાડે પગે જગતનો નાથ જે આંગણાંમાં ઓસરીમાં અને પગથિયાં પર ખેલે છે, એ પગથિયાંનો એક નાનકડો પાણો તે વખતે હું સરજાયો હોત તો પણ કૃતાર્થ બનત."

માડી ! તારી કેટલા જનમની કમાણી રે ?
—નંદરાણી ! તારાં આંગણાં રે જી…જી;
મુરારિ કહે છે મુખથી માજી,
તારે હુકમે ભણે છે હા…જી, હા જી;
બાપુ બધાનો તારો બેટો રે,
માતાજી ? તારાં માગણાં રે જી…માડી. ! ટેક
ઊભેલી અજાણી નારી, લખમી લોભાણી; (૨)
એને પ્રીતેથી ભરવાં છે તારા પાણી…રે માતાજી. ૧
કરમાં લઈ કુલડી ને ઊભી ઇંદ્રાણી; (૨)
ભીખ છાશુંની માગે છે બ્રહ્માણી…રે. માતાજી. ૨
જેના મોહ બંધનમાં, દુનિયા વીંટાણી; (૨)
એની દેયું તારી દોરડીએ બંધાણી…રે. માતાજી. ૩
બેઠી જુગ જુગ, માડી ! ચોપડા તું બાંધી; (૨)
(આજ) તારી બધી પતી ગઈ ઉઘરાણી…રે. માતાજી. ૪
'કાગ' તારા ફળિયામાં, રમે અળવાણો; (૨)
તારે પગથિયે સરજ્યો નઈ હું એક પાણો…રે. માતાજી. ૫

## દાઢીઆળો બાવો

ભગવાન શંકર શ્રીકૃષ્ણના દર્શન માટે ગોકુળ આવ્યા. નંદબાવાને આંગણે મોટી ધૂણી ધખાવી, ત્રિશૂળ ખોડીને બેઠા. સાથે દશ બાર ભૈરવોની ટોળી. વિચિત્ર વેષ, મોટી મોટી જટા, ગળામાં સાપ, હાથમાં ડમરુ, સિંહના ચામડાં પહેરેલાં, શંખ તૂઈ અને શીંગડાના અવાજ. આવો આ બાવાજીનો વેષ જોઈને માતા યશોદા ધ્રૂજવા લાગ્યાં. બધી બાઈઓને બોલાવી કરગરીને કહેવા લાગ્યાં કે 'હે બહેનો ! આ બાવાનું ડમરું સાંભળું છું, ત્યાં મારું કાળજું કંપી ઊઠે છે, મને એનાં દર્શનનો એટલો અણગમો આવે છે કે વાત નહિ. એની લાલચોળ આંખો, રાખનું મર્દન, ગળામાં મોટા મોટા કાળા નાગ; આવા ઘોર વેષવાળા આ બાવાને બીજે ક્યાંય મોકલી આપો. એની ધૂણી મારે આંગણેથી ઉપડાવો. એ જે માગે તે એને તુરત આપીને પણ અહીંથી દૂર કરો.'

'દોડો દોડો, બધી બહેનો આવો, ચાર ચોકની ધૂળ લાવી કૃષ્ણ ઉપરથી ઉતારી, ધૂળમૂઠડી કરો, અને નજર ન લાગે એવો દોરો મંત્રાવીને જલદી લાવો. આ બાળક બહુ જ બીએ છે. ગમે તે ઉપાયે આ સાધુડાને ક્યાંક લઈ જાઓ.' બધા પ્રયત્ન કર્યા પછી એક બહેન આવીને કહેવા લાગી કે, 'હે યશોદાજી ! બાવો કોઈ

રીતે ખસતો નથી, એણે તો એક જ હઠ લીધી છે કે "શ્રી કૃષ્ણને મારે જોવો છે. માટે મને એનાં દર્શન કરાવો, ત્યાર પછી જ જઈશ.'

માતાજી કહે કે, બીએ મારો માવો રે;
દાઢીઆળો બાવો આવીઓ રે...જી. ટેક
વાગે એનું ડમરુ ત્યાં, હૈડામાં થથરું; (૨)
આવે છે અઘોરી કેરો અભાવો રે...દાઢી૦ ૧
કંઠે ફણીધર કાળા, માથાં કેરી માળા (૨)
(એને) બીજું કોઈ આંગણીઉં બતાવો રે...દાઢી૦ ૨
ધૂણી ધખાવી એના, ધામા ઉપડાવો; (૨)
શીખું આપીને કોઈ સમજાવો રે...દાઢી૦ ૩
આવો સહુ બેનડી! કરો ધૂળ મૂઠડી; (૨)
નજરુનો દોરો મંતરી લાવો રે...દાઢી૦ ૪
'કાગ' સમજે નહિ બાવો, ઘણું સમજાવ્યો; (૨)
નંદના લાલાને આયા લઈને આવો રે...દાઢી૦ ૫

## ધોવા દ્યો

કોઈ હિંદી ભાષાનું કાવ્ય સાંભળેલું કે ગુહ ભીલને હોડીમાં બેસાડી ઉતારવાનું ભાડું લેવાનું કહેતાં શ્રીરામને નાવિક-ભીલે ઉત્તર આપ્યો કે, "મહારાજ ! આપણે તો ધંધાભાઈ કહેવાઈએ. હજામે હજામ, ધોબીએ ધોબી સામસામું મહેનતાણું લેતા નથી, તો—

**'કાગ' લ્યે નઈ ખારવાની, કદી ખારવો ઊતરાઈ"**

અને ગુહરાજ-નાવિક એમ દલીલ કરે છે કે—

**"હું તમોને અહીં તારું છું. અને તુમ કેવટ ભવસાગર કેરે'**

એ હિસાબે આપણે બેઉ એક જ ધંધો કરનારા છીએ."

(કર મન ભજનનો વેપાર જી–એ રાગ)

"પગ તમે ધોવા દ્યો રઘુરાયજી...
પ્રભુ મને શક પડ્યો મનમાંય, પગ મને ધોવા" ૦–ટેક
રામ લખમણ જાનકી એ, તીર ગંગાને જાય જી (૨);
નાવ માગી નીર તરવા (૨),
ગુહ બોલ્યો ગમ ખાઈ. પગ મને ૦ ૧

"રજ તમારી કામણગારી, નાવ નારી થઈ જાય જી (૨);
તો અમારી રંક જનની (૨).
આજીવિકા ટળી જાય. પગ મને ૦" ૨

જોઈ ચતુરતા ભીલ જનની, જાનકી મુસકાય જી (૨);
"અભણ કેવું યાદ રાખે (૨),
ભણેલ ભૂલી જાય !" પગ મને ૦ ૩

"આ જગતમાં, દીનદયાળુ ! ગરજ કેવી ગણાય જી (૨);
ઊભી રાખી આપને પછી (૨),
પગ પખાળી જાય." પગ મને ૦ ૪

નાવડીમાં બાવડી ઝાલી, રામની ભીલરાય જી (૨);
પાર ઉતારી પૂછીયું "તમે (૨),
શું લેશો ઉતરાઈ.' પગ મને ૦ ૫

"નાયીની કદી નાયી લ્યે નઈ, આપણે ધંધાભાઈ જી (૨);
'કાગ' લ્યે નહિ ખારવાની (૨),
ખારવો ઉતરાઈ." પગ મને ૦ ૬

## રામરાજ્ય

રામરાજ્યની ટૂંકી વ્યાખ્યા આ પ્રમાણે છે કે–સર્વ પ્રજાને સુખ અને જેમાંથી સુખશાંતિ ઉત્પન્ન થાય, તે સઘળાં સાધન સૌને સ્વતંત્ર હતાં.

પ્રથમ તો મોટામાં મોટું સુખ, અનાજ ઉત્પન્ન કરવાનાં સાધન. માગ્યા વરસાદ. સૌને ઘેર ઉત્તમ પ્રકારની ગાયો અને ગોધા. સૌસૌને કામ. કોઈ આળસુ થઈને બેસી ન રહે. ક્યાંય ભૂખમરો નહિ. કોઈને રોગ નહિ અને જ્યારે કોઈ માંદુ ન પડતું હોય ત્યારે વૈદ્યની જરૂર ક્યાંથી હોય ?

સૌ અભય. સૌ નીતિવાન. ઘરોઘર ઉલ્લાસ અને આનંદ. કોઈ કોઈનું પડાવી લેવાની અને એકલા ધનવાન થવાની કોઈની ઇચ્છા પણ ન થાય.

બાળકોને શિક્ષણ આપવાવાળા શિક્ષકો આત્મજ્ઞાની, સમભાવી, ત્યાગી અને તપસ્વી. એમની પાસેથી સ્વાર્થ રહિત મળેલી જે વિદ્યા, તે જગતનું કલ્યાણ કરતી. અને કોઈ બાળકોને મદ ઉત્પન્ન ન કરતી. તમામ બાળકો એ વિદ્યાપીઠમાંથી નમ્ર અને વિનયવંત થઈ નીકળતા અને જીવનભર એ જ રીતે વર્તતા.

ઘરના રાજા, ઘરની પ્રજા, ઘરનું રાજ ચારે વર્ણની વ્યવસ્થા અને હદ. એ બાંધેલા સમાજ અને રાજવ્યવસ્થાના હક્કો ભોગવવા સૌ સ્વતંત્ર અને કોઈની આબરૂ કોઈ લઈ શકે નહિ.

રામરાજ્યની સૌથી વધારે ખૂબી તો એ હતી કે–કોઈની સુંદર શક્તિ ન રૂંધાઈ રહેતી કે ન એનો દુરુપયોગ થતો.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર–અતિશૂદ્ર, વાનર, રાક્ષસો એ બધાંની જ્યાં જેની યોગ્યતા હોય, ત્યાં રાજનું કામ કરવા નિમણુક થતી. એમાં ભેદભાવ, કોમભાવ કે ધર્મભાવ રાખવામાં ન આવતો.

જૂની કહેવત છે કે–ઝાઝા કાયદાવાળા સ્વર્ગમાં રહેવા કરતાં થોડા કાયદાવાળા નરકમાં રહેવું વધારે સારું છે. જીવનવિચાર અને કાર્યક્ષેત્રોને જે રૂંધી રાખે એવા કાયદા પ્રજાને માયકાંગલી અને શક્તિહીણ બનાવે છે.

પગલું ભરવું અને કાયદો, શ્વાસ લેવો અને કાયદો, વિચાર કરવો ત્યાં પણ કાયદો. સ્ત્રી–પતિ, છોરૂ–માવતર, ભાઈ–બ્હેન અને કુટુંબ; એ બધું તંત્ર કાયદામય બનેલું હોય અને કુટુંબભાવ નાશ પામ્યો હોય, એવું જે કાયદામય જીવવું એ નાશને નોતરે છે.

રામરાજ્યમાં કાયદા બહુ ઓછા હતા. ન્યાયમાં પક્ષ ન હતો. દૂધ, દહીં, ઘી અને તેલ આદિ રસ-પદાર્થ, કપડાં અને અનાજ એની બધી વ્યવસ્થા પ્રજા યોગ્ય રીતે કરતી. એમાં રાજ્ય કશી હકુમત ન કરતું.

રામની રાજ્ય સભામાં નાનાં મોટાં અને જેટલા પક્ષ હતા તે બધાંને બેસાડવામાં આવતા અને એની સાચી વાત પર વિચાર કરી અમલ કરવામાં આવતો.

એક અપવાદમાં કવિ કહે છે કે મારી બુદ્ધિ કામ કરતી નથી. માતા સીતાને મળેલો વનવાસ તે ન્યાય કે અન્યાય ?

એવું હતું રામચંદ્રજીનું રાજજી

રામચંદ્રજીનું રાજ, તપતો રઘુકુળનો તાજ– એવું–ટેક.
સૌને ધેનુ, સૌને ગોધા, સૌને સૌનાં કાજજી (૨);
ભૂખ ન મળે, રોગ ન મળે (૨), ન મળે વૈદ સમાજ–એવું–૧

અભય ઘર ઘર, નીતિ ઘર ઘર, મંગળ ઘર ઘર સાજજી (૨);
કાળી લખમી ભેળી કરવા (૨), ઉઠે ન કયાંય અવાજ–એવું–૨

ગુરુ સઘળા ગોવિંદ જેવા, કૈંક હતા રૂષિરાજ જી (૨);
વિનયવાળી વિદ્યા મળતી (૨), કરવા રૂડાં કાજ–એવું–૩

રાજા ઘરના, દેશ ઘરનો, સૌને ઘરનાં કાજજી (૨);
સૌની હદમાં સૌ સ્વતંતર (૨), સૌની સાબૂત લાજ–એવું–૪

ભીલ, નિશાચર, વાનર, પંખી, રૂષિ, સંત, સમાજજી (૨);
ગુણ પ્રમાણે અધિકાર મળતા (૨), કરતા રાજનું કાજ–એવું–૫

થોડા ધારા, ન્યાય નિરમળ, વસ્ત્ર, રસને અનાજજી (૨);
એનો વહિવટ રૈયત કરતી (૨), વચ્ચે ન પડતું રાજ–એવું–૬

રામ સભામાં છોટાં મોટાં, સૌનો હતો અવાજજી (૨);
'કાગ' સીતાને સંકટ મળીઉં, કાજ ગણો કે અકાજ–એવું–૭

# ગાંધીડો મારો

શ્રી હરિપુરા મહાસભામાં હું આમંત્રણથી ગયેલો. તા. ૧૫-૨-૩૮ અને ૧૬-૨-૩૮ એમ બે દિવસ પ્રાર્થનામાં મારો બોલવાનો કાર્યક્રમ હતો. અગાઉ પૂ. મહાત્માજીને મારાં ગીતો મેં સંભળાવેલ હતાં. સાંભળી તેઓ ખુશી થયા હશે એમ મને લાગ્યું હતું. આ વખતે વ્યાસપીઠ પરથી સ્તુતિસમયે મેં ''મોભીડો'' ગાયેલું, જે સાંભળી હજારો માનવીઓ ખુશી થયેલ. ભાવ એવો છે કે હિંદ અને બ્રિટાનીઆ બે બહેનો મળે છે. બ્રિટાનીઆ પૂછે છે કે ''મોહન મોહન એમ ઝંખ્યા કરો છો તો તે તમારા દીકરાને મારે શી રીતે ઓળખવો ? એનાં એંધાણ કહો.''

(રાગ-હીંચનો)

સો સો વાતુંનો જાણનારો,
મોભીડો મારો ઝાઝી વાતુંનો ઝીલનારો.-ટેક
ડગલે ડગલે હાલ્યા કરે છે. ઊંચાણમાં ન ઊભનારો (૨);
એ...ઢાળ ભાળીને સૌ ધ્રોડવા માંડે,
(ઈ તો) ઢાળમાં નવ ધ્રોડનારો મોભીડો ૦ ૧

ભાગ્યા હોય એનો ભેરુ થનારો, મેલાં ઘેલાંને માનનારો (૨);
એ...ઉપર ઊજળાં ને મનનાં મેલાં એવાં,
ધોળાને નહિ ધીરનારો. મોભીડો ૦ ૨

એના કાંતેલામાં ફેદો ન ઊમટે, તાર સાદા એકતારો (૨);
એ—દેયેં દૂબળિયો (પણ) ગેબી ગામડિયો,
મુત્સદ્દીને મૂંઝવનારો મોભીડો ૦ ૩

પગલાં માંડશે એવે મારગડે (એની) આડો ન કોઈ આવનારો (૨);
એ...ઝેરના ઘૂંટડા જીરવી જશે ઈ તો,
બોલીને નૈ બગાડનારો મોભીડો ૦ ૪

નાનાં બાળક જેવો હૈયે લેરીલો, શરુમાં આથડનારો (૨);
ઈ...કૂણો માખણ જેવો સાદો ને સોયલો ઇ,
કાળને નોતરનારો મોભીડો ૦ ૫

ઝીણી ઝૂંપડીએ ઝીણી આંખડીએ, ઝીણી નજરથી જોનારો (૨);
એ...પોતે ચણેલામાં પોલ ભાળે તો તો,
પાયામાંથી જ પાડનારો મોભીડો ૦ ૬

આવવું હોય તો કાચે તાંતણે બંધાઈને આવનારો (૨);
એ...ના'વવું હોય અને નાડે જો બાંધશો તો,
નાડાં તોડાવી નાસનારો મોભીડો ૦ ૭

રુડા રુપાળા (આખા) થાળ ભરીને, પીરસે પીરસનારો (૨;)
એ...અજીરણ થાય એવો આ'ર કરે નૈ કદી,
જરે એટલું જ જમનારો. મોભીડો ૦ ૮

આભે ખૂતેલી મેડી ઊજળિયુંમાં, એક ઘડી ન ઊભનારો (૨);
એ...અન્નનાં ધીંગાણાની જૂની ઝૂંપડીયુંમાં;
વણ તેડાવ્યો જાનારો મોભીડો૦ ૯

સૌને માથડે દુઃખ(ડાં) પડે છે. દુઃખડાંને ડરાવનારો (૨);
એ...દુઃખને માથે પડ્યો દુઃખ દબાવીને એ તો,
સોડ તાણી સૂનારો મોભીડો૦ ૧૦

કાળ જેવાને મહાકાળ લાગે છે, આભને બાથ ભીડનારો (૨);
*સૂરજ આટાં ફરે એવડો ડુંગરો,
(ઇ) ડુંગરાને ડોલાવનારો મોભીડો૦ ૧૧

ઓળખજો એનડી એ જ એંધાણીએ,
એ મારા ખોળાનો ખૂંદનારો (૨);
મારો મોહનજી એ ઝાઝેરું જીવો મારા,
ઘડપણનો પાળનારો. મોભીડો૦ ૧૨

## ભોમકા સૌની સૈયારી

આ ગીતનો ભાવાર્થ એવો છે કે કોઈ એક મહાપુરુષને જોવા, એમની સાથે રહેવું, પિછાણવા, એમનાં સિદ્ધાંતોને અનુસરવું અને એમના મય બની જવું, એ બધા જુદા જુદા પ્રકારના ભેદ છે. કવિ આ બધા ભેદોમાંથી એક જ શબ્દનો ઉચ્ચાર કરીને એના ઉપર ભાર મૂકે છે કે, "ઓળખજો." આપણી જૂની માન્યતા છે કે, આસુરી વૃત્તિના અતિરેક વખતે તેનો પ્રતિકાર કરવા માટે ઈશ્વરના અંશરૂપે કોઈ મહાપુરુષ જન્મે છે અને વિનાશ પંથે જતાં માનવીઓને એ પાછાં વાળે છે. શ્રી રામ અને શ્રી કૃષ્ણને લેશ પણ પિછાણ્યા ન હતા, એવાં મનુષ્યો એમના કાળમાં પણ હતાં. આ બધા થએલા અનુભવ ઉપરથી જગતના સર્વ માનવીઓને કવિ કહે છે કે :– "ઓળખજો, આ બાવો અવતારી."

* અંગ્રેજી કહેવત છે કે—અંગ્રેજના રાજ માથે સૂરજ કદી આથમતો નથી. એવો અંગ્રેજીરૂપી જે ડુંગરો, તેને ડોલાવનારો.

સંત વિનોબા આત્માની જીભથી બોલી રહ્યા છે અને સમજાવી રહ્યા છે કે, "આકાશ, પૃથ્વી, તેજ, જળ અને વાયુ-પંચભૂતોનો કોઈ માલિક ન હોય. સૂર્યે ખારાં પાણીને સમુદ્રમાંથી ખેંચીને મીઠાં બનાવ્યાં અને મેઘને સોંપ્યાં. મેઘે પ્રાણીઓનાં જીવન માટે તે જળને વરસાવ્યાં. એ પાણી ભરીને મનુષ્યે ગોળામાં નાખ્યાં. એની કંઈ પણ કિંમત આપી નથી, માટે હાંડો ને ગાગર એ ભલે તમારાં હોય, પણ એ પાણી કોઈની મિલકત નથી. હે માનવીઓ! દિવાસળીનો સંઘરેલો અગ્નિ કે જામગરીમાં પડતો તણખો ક્યાંથી આવે છે? એની માલિકી કોની છે? ચૂલામાં ભારેલો અગ્નિ એ પણ તમારો નથી. કારણ કે તમે એનો સ્પર્શ પણ કરી શકતાં નથી: આ તો જીવન જીવવા માટેની ઈશ્વરી બક્ષિસો છે. હા, તમારી માલિકી રાખ પર હોય તેમ બને ખરું. ચોતરફ વંડો બનાવીને મોટી ડેલી મૂકીને તમે એમ નક્કી કર્યું કે, ફળિયાની અંદર રહેલું આકાશ તે તમારી માલિકીનું છે. પણ એ ભ્રમ છે, કારણ કે જીવન જીવવા સિવાય એ આકાશનો તમે કંઈ ઉપયોગ કરી શકતા નથી. એટલે કે તમારો કબજો તમે આકાશમાં કર્યો છે અને તમે આકાશ કબજામાં લાવ્યા છો, એ વાત મિથ્યા છે. હે માનવીઓ! દોરી અને પંખા દ્વારા પવન મેળવવાની તમે ગોઠવણ કરી એ બધી ચતુરાઈ અને હોશિયારી તમારી છે, એ વાતને હું કબૂલ કરું છું. પણ તમે પવનના માલિક નથી. તમે પવનના ખરેખર માલિક હો, તો તમારા શ્વાસમાં આવતા પવનને પાંચ-સાત મિનિટ હૃદયમાં રોકી રાખો, તો જ તમારો માલિકી હક સાબિત થાય. પણ એ માલિકી હક પુરવાર કરવામાં રખેને પવન ભેળો પવન ન વળી જાય (મૃત્યુ ન થાય) એનું ખાસ ધ્યાન રાખજો. આકાશ, પૃથ્વી, તેજ, વાયુ-એ બધાં તત્ત્વો પ્રાણીઓને જીવાડવા માટે છે, એમનો માલિક ભગવાન છે, કૃત્રિમ વીજળી વગેરે સાધનો બીજાને આપીએ છીએ, ત્યારે એનું વળતર લઈએ છીએ, તેમ પ્રકાશ, વરસાદ અને પવન જેવી અમૂલ્ય વસ્તુઓ વાપરવાની કિંમત જો ઈશ્વર માંગે, તો કેટલી થાય? પણ આવી અમૂલ્ય વસ્તુઓ આપનાર-આવા દીનદયાળુ ભગવાનની બક્ષિસો જેવી વસ્તુઓ માથે માલિકી હક જમાવવો, એ કેટલું ભયંકર છે? તેનો વિચાર કર્યો? ધરતીનો ધણી તો ભગવાન છે. અને ધરતી એ પ્રાણીઓની માતા છે. એનું ધાવણ ધવાય, પણ એના ધણી ન થવાય." અવતારી પુરુષ વિનોબાજી પુકારી રહ્યા છે કે:-"ભોમકા સૌની સૈયારી."

*

(ભોજા ભગતના ચાબખાનો – હીંચનો – રાગ)

આ બાવો અવતારી...ઓળખજો...આ બાવો અવતારી...
ભાખે છે એ તો 'ધરણી નથી તમારી' ...ઓળખજો...ટેક

દરિયે દીધાં...સૂરજે લીધાં...મેઘે વરસાવ્યાં વારી...(૨),
એ...ગોળમાં નાખ્યાં...નથી તમારાં ગાગર ભલે હોય તમારી–
ઓળખજો...૧

કોની દિવાસળી? કોના દેવતા? ક્યાંથી આવી ચિનગારી?...(૨),
એ...ભારેલો અગ્નિ...નથી તમારો...ભભૂતિ ભલે હોય તમારી–
ઓળખજો...૨

ફળિયામાં તમે પૂરેલો આભને...આડી ડેલી ઉતારી...(૨),
એ...આભ ઊંડળમાં...કોને ન આવ્યું...ભૂલ કરેલી તમે ભારી–
ઓળખજો...૩

કોની ભોમકા ? કોણે બનાવી ?...કોણ રહ્યું છે એને ધારી ?...(૨),
એ...'કાગ' કહે તમે આજથી માનજો કે...**'ભોમકા સૌની સૈયારી'** ઓળખજો...૪

(મજાદર તા. ૨૧–૭–૫૬)

**

## શ્રી કૃષ્ણ

ભગવાન શ્રીકૃષ્ણે પોતાની તથા કુટુંબની નિર્ભયતા માટે ગોકુળ–મથુરાં છોડી દીધાં અને એ ભાગ્યા હિંદુસ્તાનને આથમણે કાંઠે; અને ઠેઠ દરિયાકિનારે જઈને વસ્યા. ત્યાં પણ જરાસંધ રાજાનાં સૈન્ય એમને મારવા આવ્યાં હતાં. યાદવોની હસ્તી એ શ્રીકૃષ્ણ ભગવાનને લઈને જ હતી, છતાં સત્રાજિત યાદવનો મણિ ચોરાયો: એ ચોરી શ્રીકૃષ્ણ પર ઢોળી દેવામાં આવી હતી. અને છેવટે તેઓ ભીલના બાણથી વીંધાઈને પોતાનો દેહ છોડી સ્વધામ પધાર્યા; જગતનું હિત કરનારની માણસોએ આવી દશા કરી છે! માટે, હે કાગ, તું તો શું ? તારે કદી કોઈનો ધોખો ન જ કરવો. પ્રાણીમાત્રમાં સ્વાર્થ રહેલ છે. અરે, જડ, ચેતન સર્વ સ્વાર્થમય જ છે.

દીવો દિવેલ વિનાના પાત્રને છોડી દઈને અંધારાની ઓટે સૂઈ જાય છે. ફળ વિનાનાં વૃક્ષોને પક્ષીઓ છોડી દે છે. વૃદ્ધ પિતાને દીકરાઓ ત્યાગી દે છે. પરમ મિત્ર હોય તે પણ સ્વાર્થ ન સરે ત્યારે છોડી દે છે, એટલું જ નહિ પણ કદાચ દુશ્મન પણ બને છે. પોષક પિતાનું મડદું હજુ પડયું હોય, ત્યાં યુવરાજને કપાળે રાજતિલક થાય છે. આ તે મરણનો શોક કે હર્ષ ? જગતના તબેલામાં હાથી અને ગધેડો બંને બાંધ્યા છે. ક્યારેક જગત હાથી પર બેસાડી ખમકાર કરશે અને ક્યારેક અવળે ગધેડે બેસાડી ધૂળ ઊડાડશે. એમાં, હે કાગ! હસવા અને રોવા જેવું કંઈ જ નથી. સ્વાર્થ વિના જીવનો સગો એક જ શ્રીકૃષ્ણ છે.

(છંદ–હરિગીત)

આ લોકના સાગર વિષે કોઈ નાવથી તરશો નહિ,
દુનિયા તણા દો–રંગના ધોખા કદી ધરશો નહિ.

જગદંબા માતા જાનકી ધિક્કારથી ધોબી તણા,
શ્રીરામની મહારાણીએ જંગલ વિષે પુત્રો જણ્યા;
મન કંપતી આશાવતી પૃથ્વી તળે પેસી ગઈ,
રાઘવ–ચરણ સેવા તણી એક આશા દિલમાં રહી ગઈ. ૧

ગોકુળ તજી, મથુરાં તજી, સાગરકિનારે જઈ વસ્યા,
ત્યાં પણ પ્રભુને મારવા જોદ્ધા જરાસંધના ધસ્યા;
મણિ કાજ મોહનને જુવો સૌ નાતથી નોખા કર્યા,
અંતે હરિના પ્રાણને જો ભીલને ભાલે હર્યા. ૨

દિવેલ દેખે ત્યાં લગી ઝાંખો એ જરીયે થાય ના,
તળિયે ન ભાળે તેલ તો દીપક પછી દેખાય ના;
પાલક પિતાનો જીવ જ્યારે કાળથી ઝડપાય છે,
મુડદું પડયું, યુવરાજને ભાલે તિલક ત્યાં થાય છે. ૩

ભ્રમરો ભમે ફૂલઝાડમાં ત્યાં સ્નેહથી બંધાય છે,
પુષ્પો વિનાના વૃક્ષને છોડીને ચાલ્યા જાય છે;
ફળ-ઝાડ પર પંખી તણાં સંગીત-સૂરો સંભળાય છે,
નિષ્ફળ થતાં, નાતો ગયો, પંખીગણો ઊડી જાય છે. ૪

સ્વારથ સર્યે સારો કહે, સજ્જન કહે,
મુખ મિત્ર કહી મલકાય છે,
જ્યારે સરે ના સ્વાર્થ ત્યારે દોસ્ત દુશ્મન થાય છે;
હાથી તણા હોદ્દા ધરે, પછી ખર વળી તૈયાર છે,
રોતો ન હસતો 'કાગ' તું, સ્વારથ તણો સંસાર છે. ૫

[લીંબડી, તા. ૨૭-૧૦'૪૬]

## મૂર્ખના ધોખા શું ?

મૂર્ખ અથવા અજ્ઞાનીના સારા કે ખરાબ કામ પ્રત્યે હર્ષ અને દુઃખ બેઉ ન ધરવાં. જેમ કિનારાના ખેતરમાં કોઈ વખત પાણી ભરીને નદી ફાયદો કરે છે અને કોઈ વખત જમીનનો બધો કસ ધોઈ નાખી ખરાબ બનાવી દે છે, એમાં નદીનો કોઈ ઇરાદો હોતો નથી, તેમ મૂર્ખ પગે પણ પડે મારી નાખવા પણ તૈયાર થાય, એને સારું કે નરસું એવી કોઈ ગણતરી જ નથી હોતી, કારણ કે વિધાતારૂપી કુંભારે એનો એવો જ ઘાટ ઘડયો હોય છે, અને એનો આત્મા પાપના વાદળથી ઘેરાઈ ગયેલો હોય છે, માટે એના ધોખા શું? કેવળ સાધુપુરુષો કે મહાપુરુષો એટલે કે માનવી એકલો જ નહીં, પણ ચંદનવૃક્ષ, ધરતી વગેરે મહાતત્ત્વો છે, તે પણ સજ્જન છે, ઉચ્ચ કોટિનાં છે. સાપ ચંદનને વર્ષો સુધી લપટી રહે છે, છતાં એનું ઝેર જતું નથી, તેમ હળાહળ વિષવાળા સર્પને ચંદન તરછોડતું પણ નથી. છતાં એ સાપના કોઈ દુર્ગુણ ચંદનમાં આવતા નથી. સોના પર એરણના ઘા પડે, અને અગ્નિમાં નાખવામાં આવે, ધમણથી એ ધમાય, એવાં કંઈક સંકટમાંથી પસાર થયા પછી એ હેમનો રંગ વધારે ઊજળો અને તેજસ્વી બને છે. અને પોતાના મેલને ધોનાર અગ્નિ, ધમણ અને ઘણનો એ કદી દ્રોહ કરતું નથી. દૂધના ઉત્તમ શરીરને એક છાશનું ટીપું અભડાવે છે; એનું સ્વરૂપ ફેરવી

નાખે છે. રૂપફેર થાય પછી પણ એ ગોરસ પોતાપણું વીસરતું નથી. એને મંથન કરવામાં આવે છે, પછી માખણને ચૂલે ચડાવી ઊનું કરવામાં આવે છે, એટલા દુઃખ પછી પણ એ ખરાબ બની જતું નથી. અને બધી આકરી કસોટીમાંથી નીકળીને એ તો છેવટે નારાયણરૂપ બની જાય છે. માણસ પૃથ્વીને ખેડે છે, ચીરે છે, છતાં એનો રોષ કર્યા સિવાય ધરતી મનુષ્યને જિવાડવા અન્ન ઉત્પન્ન કરીને આપે છે. આવા સ્વભાવના મહાપુરુષોને મારા નમસ્કાર હજો !

△

(જનુની જીવો ગોપીચંદની–એ રાહ)

મૂરખના ધોખા રે, સાધુ નવ ધરે જી,
વિધિએ ઘડેલો એવો ઘાટ જી;
પાપે રે ઘેરાણો એનો આતમો,
આઠે પોર અંગડે ઉચાટ જી. મૂરખના૦ટેક.

ચંદને તરછોડ્યા નહિ સાપને,
રાખ્યા એને રુદિયા મોઝાર જી;
નાગનાં વિખડાં રે એને નવ નડ્યાં રે,
ચડ્યાં એ તો હરિને કપાળ જી. મૂરખના૦ ૧

એરણું ઝીલે ને ઘણના ઘા પડે જી,
હૈયે એનો નવ રાખ્યો દાવ જી;
આગ્યુમાં ઓરાણાં કુંદન નિતનવાં રે,
એવો એના કુળનો સ્વભાવ જી. મૂરખના૦ ૨

અંગડાં અભડાવ્યાં છાશે દૂધનાં જી;
મથ્યા એની દેયું કેરા ચ્રમ જી;
ચૂલે જ્યાં ચડ્યાં ત્યાં છાશું કોરે ખસી,
પંડ એના થયાં પરબ્રહ્મ જી. મૂરખના૦ ૩

માનવીએ વેધ્યાં રે ધરણી માતને,
તોય એણે ક્ષમા ન કરી ત્યાગ જી;
અનડાં આપ્યાં રે પ્રાણીને પોષવા,
કરું એને નમણું હું ‘કાગ’ જી મૂરખના૦ ૪

[ભાવનગર જતાં ટ્રેનમાં. તા. ૪–૮–’૪૨]

## અજવાળું

પ્રકાશ કેટલો નિરમાની અને પરોપકારી છે ! બીજાનું ભલું કરવા માટે હર કોઈ પળે એ તૈયાર રહે છે. કોઈ બોલાવે કે એક પળની પણ વાર લગાડયા સિવાય તુરત દોડી આવે છે. કોઈ કાઢી મેલે કે તુરત ભાગી જાય છે. રસ્તામાં, ખેતરમાં, બજારમાં સૂઈ રહે છે. કોઈ છત્રીપલંગ પર પોઢાડે તો ત્યાં પણ પોઢે. ખુલ્લા દ્વારમાં એ કાયમ આવે છે. દ્વાર બંધ કરો તો રહેવાની રકઝક કરતો નથી. વળી દરેકનાં દ્વાર આગળ જેમ પગારદાર બેસી રહે, તેમ હાજર રહે છે. બોલાવે, કે તુરત આવે છે. ગામઠી ભાષામાં આપણે એને અજવાળું કહીએ છીએ. એને બોલાવવું એટલે બારીબારણાં ખુલ્લાં કરવાં અને રજા આપવી એટલે બંધ કરવાં, એવો આ ગીતનો ભાવાર્થ છે.

(રાગ-ભૈરવી, આશાવરી છાયા)

તમારાં દ્વાર ખોલો તો આવું,
બાર તમારે કાયમ બેસું (૨),
યાદ કરો તો આવું...તમારાં ટેક

માન નથી, અપમાન નથી મન,
હર્ષ શોક ના લાવું...;
સાદ કરો તો દોડી આવું (૨),
કાયમ ફરજ બજાવું...તમારાં-૧

કદિએ મારા મનમાં નાં'વે,
ઉપર પડતું જાવું...;
દિલ પ્રમાણે ડગલું માંડું (૨),
ઈંચ ન આગળ આવું...તમારાં-૨

કાઢી મૂકો એનું કદિએ,
દિલમાં દુઃખ ન લાવું...;
સેજ તળાઈએ પોઢું નહિ તો (૨),
શેરીમાં સુઈ જાઉં...તમારાં-૩

'કાગ' નિયમ છે કાયમ એવો,
ખુલ્લા દ્વારમાં જાવું...;
હું અજવાળું જગ અજવાળું (૨)
બાર નહિ ખખડાવું...તમારાં-૪

સંતની સાધના, ભક્તની ભાવના, નામની નામના, તેં જમાવી,
કાગ કવિરાજ તેં, કીર્તિના કોટ પર, કનકનો કળશ દીધો ચડાવી;
જુગોના જુગો વહી જાય, લૂંટાય ના, કવિ ! તારી અમોલી કમાણી,
શારદા માતનો, મધુરો મોરલો, કાગ ટહુકી ગયો, કાગવાણી

ગગનગામી ગિરિરાજ ગિરનાર શો, વ્યોમ સંગે વિહરતો હતો તું,
ધનુષ-ટંકાર શા, શબ્દ-ટંકારથી, કાવ્ય લલકાર કરતો હતો તું,
મૃત્યુને મારીને, જંગ જીતી ગયો, વીર ઉપડી ગયો, તંગ તાણી,
શારદા માતનો, મધુરો મોરલો, કાગ ટહુકી ગયો, કાગવાણી



આવરણ તથા આર્ટપ્લેટ : નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ · રાયપુર · અમદાવાદ. · ફોન નં. ૩૬૧૪૩૪